૧૪૦૨

श्री १।

चोराशी वैश्नवनी वारता·

गोस्वामीजीनी आज्ञाथी

વ્રજ ભાષામાંથી ગુજરાતીમાં તરજુમો કરનાર

શાસ્ત્રી પ્રાણવલ્લભ ભગવાનજી.

પુષ્ટીમાર્ગના વૈશ્નવોને બોધને સારૂ

છપાવી પ્રસીધ કરનાર

બુકસેલર મગનલાલ વરજભુખણ

—❀—

अमदावादमां

માણેકચોક આગળ કાગદીઓળની સામે શા૦

હીરાભાઈ પુંજાસાના મકાનમાં અમદાવાદ "ટાઈમ્સ પ્રેસ"માં શા૦ કાળીદાસ સાકળચંદે

તથા હીતેચ્છુ પ્રેસમાં પટેલ જેશંગ

મુળજીએ છાપી.

સંવત ૧૯૩૭ સને ૧૮૮૧

કીંમત રૂ૧—૮—૦

प्रस्तावना.

આ ચોરાશી વૈશ્નવની વારતાનું પુસ્તક મુળ વ્રજ ભાષામાં હતું અને તે વૈશ્નવ ધરમના શેવકોને ઘણુંજ ઉપયોગી અને જાણવા જોગ હોવાથી અમારા કેટલાક વૈશ્નવ ભાઈઓએ અમને ગુજરાતી ભાષામાં કરાવી છપાવા ભલામણ કરેલી તે ઉપરથી તેનો બાહોળો ફેલાવ થવાના હેતુથી અમોએ તે પુસ્તક એક વિદ્વાન પંડીત પાસે ગુજરાતી ભાષામાં કરાવી છપાવી પ્રસિદ્ધ કર્યું છે તેથી અમારા વૈશ્નવ ભાઈઓ આશરો આપવા ચુકશે નહી.

સહી. મગનલાલ વ્રજભુખણદાસ.

अनुक्रमणिका.

વારતા. આચારનાજી શેવક.

૧ દામોદરદાસ હરસાણીની.

૨ ક્રશ્નદાસ મેઘનની.

૩ કનોજના દામોદર સંભવાલની.

૪ કનોજીઆ બ્રાહ્મણ પદમનાભદાસની.

૫ પદમનાભદાસની પુત્રી તુલસાની.

૬ પદમનાભદાસના છોકરાની વહુ પારવતીની.

૭ પારવતીના પુત્ર રૈગનાથદાસની.

૮ રજોક્ષત્રાંણીની.

૯ કાશીના રેહેવાશી પુરશોતમદાસ ક્ષત્રી ચોપડાની.

૧૦ પુરશોતમદાસની પુત્રી રૂક્ષમણીની.

૧૧ પુરશોતમદાસના દીકરા ગોપાળદાસંની.

૧૨ રામદાસ સારસ્વત બ્રાહ્મણની.

૧૩ કડાના રેહેનાર ગદાધરદાસ બ્રાહ્મણની.

૧૪ બાબાવેણુ તથા ક્રશ્નદાસ ગાગરીઆ સારસ્વત બ્રાહ્મણ તથા જાદવદાસ ખવાસની.

૧૫ ઉત્તમ શ્લોકદાસ સાચોરા બ્રાહ્મણની.

૧૬ ઈસરદવે સાચોરા બ્રાહ્મણની.

૧૭ એક રજપુતાણીની.

૧૮ ક્રશ્નદાસ અધીકારીની.

૧૯ જગતાનંદ બ્રાહ્મણની.

૨૦ એક બ્રાહ્મણી અડેલમાં રેહેતી હતી તની.

વારતા. આચારજીના શેવક.
૨૧ એક સુતારની.
૨૨ આચારજી માહાપ્રભુજીની.
૨૩ શીહાનંદની ક્ષત્રાણી સાસુ વહુ ગોરજા તથા સભરઈની.
૨૪ સુરદાસની.
૨૫ શ્રીઆચારજી અયોધ્યા પધાર્યા તેની.
૨૬ આંદદાસ તથા વાસંભરદાસ ક્ષત્રી બે ભાઈની.
૨૭ શ્રીઆચારજીના એક શેવકની
૨૮ કમદાસ બ્રાહ્મણની.
૨૯ ઠઠાના નારણદાસ લવાણાની.
૩૦ નોડાના રેહેના ગોપાલદાસની.
૩૧ સોરઠના દામોદરદાસ કાયથની સ્રી વીરબાઈની.
૩૨ માહાવજી પટેલ તા. તેમની સ્રી વીરમનાની.
૩૩ સીંહાનંદનાં સ્રી ભરથારની.
૩૪ આનોરાના સદુ પાંડે, તથા તેમની સ્રી ભવાની, તથા છોડીનરોની.
૩૫ વ્રજવાશી ગોપાલદાસ જટાધારીની.
૩૬ આગરાના રેહેવાશી, સંતદાસ ચોપડા ક્ષત્રીની.
૩૭ પુશ્કરણા બ્રાહ્મણ બાદરાયણની.
૩૮ કવીરાજ ભાટની.
૩૯ સીંહાનંદની રેહેનાર એક ક્ષત્રાણીની.
૪૦ કનોજીઆ બ્રાહ્મણ પરમાનંદ સ્વામીની.
૪૧ કુમનદાસ ગોરવા બ્રાહ્મણની.

વારતા. આચારજીના શીવક.
૪૨ સારસ્વત બ્રાહ્મણ વાસુદેવ છકડાની.
૪૩ માધવદાસ તથા વેણીદાસ બે ભાઈની.
૪૪ બનારસના રેહેવાશી હરીવંશ પાઠક સારસ્વત બ્રાહ્મણની.
૪૫ થાનેસ્વરના વાશી ગોવીંદદાસ ભલાની.
૪૬ કડાના રેહેનાર અમા ક્ષત્રાણીની.
૪૭ આગરાના રેહેનાર ગજાનંદ ધાવનની.
૪૮ નારણદાસ બ્રહ્મચારીની.
૪૯ એક ક્ષત્રાણી માહાવનમાં રેહેતી હતી તેની.
૫૦ ક્ષત્રી જીદાસ સુરાભાઈની.
૫૧ ક્ષત્રી દેવા કપુરની.
૫૨ દીનકરદાસની.
૫૩ કાશ્મીરના દીનકરદાસ મુકંદરાયની.
૫૪ અરોડાના ક્ષત્રી પરભુદાસની.
૫૫ સીંહાનંદના વાશી પરભુદાસની.
૫૬. આગરાના પુરશોતમદાસની.
૫૭ શેરગઢનાવાશી કાયથ ત્રીપુરદાસની.
૫૮ આમલાના રેહેનાર પુરણમલ જેમલની
૫૯ પાંચેંદ્રદાસ કુંભારની.
૬૦ ગોસાઈદાસ સારસ્વત બ્રાહ્મણની.
૬૧ કાશીના માધવભટની વારતા.
૬૨ વાંસવાડાના રેહેનાર ગોપાળદાસની.
૬૩ અડેલના સાચોરા બ્રાહ્મણ પદમરાવળની.

વારતા. આચારજીના શેવક.
૬૪ સાચોરા પુરશોતમ જોશીની.
૬૫ જેરાળુના જગનનાથ જોશીની.
૬૬ જગનનાથ જોશીની માની.
૬૭ જગનનાથ જોશીની તથા નરહરદાસની.
૬૮ રાણા વ્યાસની.
૬૯ સાચોરા બ્રાહ્મણ રામદાસની.
૭૦ સાચોરા બ્રાહ્મણ ગોવીંદદવેની.
૭૧ વાડાલીનાવાશી રાજાદવે ને માધવદવે બ ભાઈની
૭૧ એક ક્ષત્રાણીની.
૭૨ ક્રશ્નદાસી ખવાસાણીની.
૭૩ મીરાંબાઈના ગોર રામદાસની.
૭૪ રામદાસ ચુહાણ રજપુતની.
૭૫ થાનેશ્વરના રેહેનાર રામાનંદ પંડીત સારસ્વતજ.
૭૬ વિશ્નુદાસ છીપાની વારત.
૭૭ શીંહાનંદના ક્ષત્રી જીવણદાસ કપુરની.
૭૮ પટણાની પાસે હાજીપુરના રેહેનાર સારસ્વત બ્રાહ્મણ ભગવાનદાસની.
૭૯ શ્રીનાથજીના ભીતરીઆ ભગવાનદાસની.
૮૦ સનોડીઆ બ્રાહ્મણ અચ્યુતદાસની.
૮૧ ગોડબ્રાહ્મણ અચ્યુતદાસની.
૮૨ કડાના રેહેનાર ગોડ બ્રાહ્મણ અચ્યુતદાસની.
૮૩ અંબાલયના નારણદાસની.
૮૪ નારણદાસ ભાટની
૮૫ પરચુરણ વારતાઓ.

ચોરાશી વૈશનવની વારતા*

श्री गोपीजन वल्लभाय नमः

શ્રી આચારજીના સેવક દામોદરદાસ હરસાણીની

વારતા ૧ લી.

એક સમે શ્રી આચારજી વ્રજમાં પધાર્યા હતા ત્યારે દામોદરદાસ સાથે હતા ત્યાં શ્રી આચારજી દામોદરદાસને દમલા કહેતા હતા અને કેહેતા કે આ મારગ તા હારે મારે પ્રગટ કર્યો છે શ્રી આચારજી એમને એવું કેહેતા હતા.

શ્રી આચારજી ગોવિંદઘાટ ઉપર એક ચોતરો હતો ત્યાં વીશ્રામ કરતા હતા તે ઠેકાણે ઉપર શ્રી દ્વારકાંનાથજીનાં મંદીર થયાં તહાં શ્રી આચારજી પોહોડ્યા છે. તે સમે શ્રી આચારજીને મહાચિંતા થઈ જે શ્રી ઠાકોરજીએ આગના આપી છે જે જીવને બ્રહ્મસંબંધ કરો તથી શ્રી આચારજીએ વિચાર્યું જે જીવ તો દોષનો

ભરેલો છે અને શ્રી પુરૂષોતમ તો ગુણનું નીધાન છે એને કેમ સંબંધ થાય? તે સમે શ્રી ઠાકોરજી તતકાળ પ્રગટ થયા તેમને શ્રી આચારજજીએ પુછ્યું જે જીવનો સંબંધ તમે જાણોછો જીવ તો દોષનો ભરેલો છે તો તમારી સાથે સંબંધ કેમ થાય? તે સમે શ્રી આચારજીને શ્રી ઠાકોરજીએ કહ્યું કે તમે જીવને બ્રહ્મસબંધ કરાવો તેને હું અંગીકાર કરૂં તમે જીવને નામ આપશો તેથી તેના સઘળા દોષ નીવરત થશે માટે તમે જીવને અંગીકાર અવશ્ય કરો. એ વાત શ્રાવણ શુદ એકાદશીને દીવશે થઈ. પ્રાતઃકાળ પવીત્રા એકાદશી હતી તેથી પવીતરૂ સુતરનું શીધ કરી રાખ્યું હતું તે પવીતરૂ તે સમે શ્રી પુરૂષોતમને ધરાવ્યું સાકરનો ભોગ ધર્યો તે સમેની વાતના અક્ષર જેવા હતા તેનો શ્રી આચારજીએ સિધાંત રહસ્ય ગ્રંથ કરયો તે સમે દામોદરદાસ થોડે વેગળા સુઈ રહ્યા હતા તેથી શ્રી આચારજીએ દામોદરદાસને પુછ્યું જે દમલા તેં કાંઇ સાંભળ્યું તેવારે દમલાએ કહ્યું જે શ્રી ઠાકોરજીનાં વચન સાંભળ્યાં પણ કાંઇ સમજ્યો નથી. તેવારે શ્રી આચારજીએ કહ્યું જે મને શ્રી ઠાકોરજીએ આજ્ઞા આપી છે કે તમે જીવને બ્રહ્મસંબંધ કરાવો તો હું તેનો અંગીકાર કરીશ એટલે તેના સઘળા દોષ નીવરત થશે તેથી બ્રહ્મસંબંધ અવશ્ય કરવો અથવા કરાવવો.

વળી શ્રી આચારજીએ શ્રી ઠાકોરજીની પાસે એવું

માગ્યું જે મારા આગળ દામોદરદાસની દેહ છુટે નહી, ને આપ દામોદરદાસ થકી કશું છાનું રાખો નહી વળી શ્રી આચારજી શ્રી ભાગવત અહરનીશ પાઠ કરતા કથા કેહે તા. વળી કેહેતા જે ઘણી વાર થઇ શ્રી ઠાકોરજીની વારતા કરી નથી તે એકાંત છાના વારતા કરતા અને દામોદર દાસથી છાનું રાખ્યું નહી. ખાજું મારગનો સિધાંત ભગવત લીલા છાની વાત શ્રીઆચારજીએ દામોદરદાસના રદયમાં આપી, વળી એક સમે શ્રી ગોસાઇજી જે દામોદરદાસથી એકાંત બેઠા હતા તે સમે શ્રી ગોસાઇજીએ પૂછ્યું જે તમે શ્રી આચારજીને શું કરી માનો છો તેવારે દામોદરદાસે કહ્યું જે અમે તો શ્રી આચારજીને જગદીશ સંસારમાં કેહેછે જે મોટા જગદીશ ઠાકોર છે તેથી શ્રી આચારજીને અધીક કરી જાણીએ છીએ ત્યારે શ્રી ગોસાઇજીએ દામોદરદાસને કહ્યું જે તમે એવું કેમ કોહોછો જે ઠાકોરજીથી મોટા? ત્યારે દામોદરદાસે કહ્યું જે મહારાજ દાન મોટુ કે દાતાર મોટો? ફરી દામોદરદાસે કહ્યું કે મહારાજ કોઇ પાસે ધન બહુ છે તોપણ શા કામનું જે દાન આપે તેને ધનવાન જાણીએ તેથી શ્રી આચારજીને સરવસ ધન તો શ્રીનાથજી છે તેથી આપે અમને જીવનું દાન કર્યુંછે. તેથી અમે શ્રી આચારજીને સરવ કરતાં મોટા કરી જાણીએ છીએ એવું દામોદરદાસે શ્રી ગોસાઇજીના આગળ કહ્યું તેથી શ્રી આચારજી માહાપ્રભુ સરવ કરતા મોટાછે.

એક સમે શ્રી ગોસાંઇજી પોતે પોતાની ઇછાથી બેઠા હતા તેવારે ત્યાં બે ચાર વઇશ્નવ પાસે એકાંતે બેઠા હતા. હસવા રમવાવાળા વૈશ્નવો પાસે હતા. આપ એમની સાથે હસતા રમતા મશ્કરી કરતા, એજ પ્રસંતામાં બેઠા એમની સંગાથે રમવાની વારતા કરતા હતા તે સમે દામોદરદાસ આવ્યા તેવારે શ્રી ગોસાંઇજીએ તેમને ઘણુંક આદરસન્માન દીધુ અને બેસારયા. પછી દામોદરદાસ દંડવત કરીને બેઠા તેવારે શ્રી ગોસાંઇજીને દામોદરદાસે કહ્યું જે માહારાજ આ મારગ નીરાંતનો નથી આ મારગ છે તે અતી કષ્ટ દુઃખનો ભરેલો છે ત્યારે શ્રી ગોસાંઇજીએ દામોદરદાસને કહ્યું જે તમે કહોછો તે વાત સાચી પણ અમને શ્રી આચારજીની કીરપા થશે ત્યારે કષ્ટ આતુરતા થશે આ મારગ શ્રી આચારજીના અનુગ્રહ વિના થાય નહી પછી દામોદરદાસે દંડવત કરીને કહ્યું જે અમારે આચારજીને એકવાર વીનતી કરવી પછી આપ તો પ્રભુછો ભલુ થાય તેજ કરો. પણ આ મારગ એજ રીતનો છે. ત્યારે શ્રી ગોસાંઇજી બહુજ પ્રસન થયા ને બોલ્યા જે અમને આ વાત તમારી દ્વારાએ શ્રી આચારજી કેહેશે ને તમે નહી કહો તો બીજું કોણ કેહેશે અમે તમને જોઇએ છીએ ત્યારે મન અતી પ્રસન થાય છે. આપ એવા શ્રીમુખના સેવક શ્રી આચારજીના જાણીએ છીએ. દામોદરદાસની વારતા સાંભળીને શીક્ષા માનતા તથી તે મા-

ટા તે માટા.

વળી પેહેલું શ્રી આચારજીએ શ્રી ઠાકોરજી પાસે એવું માગ્યુંછે જે માહારા આગળ દામોદરદાસની દેહ છુટે નહી તેનું કારણ એજ. શ્રી આચારજી મહાપ્રભુ આપ સન્યાસ ગ્રહણ કરવાનો વિચાર મનમાં કરતા હતા તેથી તે સમે શ્રી ગોપીનાથજી તથા શ્રી ગોસાઇજી- બે ભાઇ બાળક હતા તેથી મારગની વારતા શ્રી આચારજીએ દામોદરદાસને સમજાવીને આપની થાપણ આપે સોંપી દામોદરદાસના હૃદયમાં મારગ સ્થાપીને કેટલેક દીવશે આપ સન્યાસ ગ્રહણ કરો ત્યાર પછી કેટલેક દીવશે શ્રી ગોસાઇજીએ પોતાની માતાજી અકાંજીને પુછ્યું જે શ્રી આચારજીએ મારગ પ્રગટ કરયો છે તે ઉછવનો શો પ્રકાર છે. અમે તો કશું પણ જાણતા નથી ત્યારે શ્રી ગોસાઇજીને તેમની માતાજીએ કહ્યું કે શ્રી આચારજીએ આપણા મારગના ઉછવનો પ્રકાર સઘળો દામોદરદાસનેજ કહ્યોછે તે તમે તમને પુછો, એટલે તે તમને કેહેશે. ત્યાર પછી શ્રી ગોસાઇજી દામોદરદાસને ઘેર પધારયા ત્યાં દામોદરદાસે તેમને ઘણોજ આદરે સતકાર કરીને, ભકતીભાવે કરીને પધરાવ્યા તે પછી ઉછવનો પ્રકાર સઘળો પુછયો તે દાદામોદરદાસે શ્રી ગોસાઇજીના આગળ કહી બતાવ્યો.

એક સમે દામોદરદાસના બાપનો શરાધનો દીવશ હતો તે દીવશે શ્રી ગોસાઇજીએ દામોદરદાસને શરાધ ક

રાખ્યું ને પછી શ્રી ગોસાંઈજીએ કહ્યું જે મને શરાધ કરાવવાની દક્ષણા આપો ત્યારે દામોદરદાસે કહ્યું જે દક્ષણામાં હું એક વાત કહીશ ને શીધાંત રહશ્યના દોઢ શ્લોકનુ વ્યાખ્યાન કર્યું એવી વાત છે. તેવારે શ્રી ગોસાંઈજી શરમાઈને ચુપ થઈ ગયા પછી દામોદરદાસે મારગની પર નાળીકા સરવે. શ્રી ગોસાંઈજીના આગળ કહી શ્રી આચારજીએ કહ્યું હતું તે સરવે કહ્યું તેવારે પછી શ્રી ગોસાંઈજી દામોદરદાસને દંડવત કરવા દેતા નહી પોતાનું ચરણોદક આપતા નહી પછી શ્રી આચારજીએ દામોદર દાસને દરશન આપ્યું ને આગ્ના કરી જે તું શ્રિ ગોસાંઈજીનું ચરણોદક નીત લે ત્યારે પ્રાતઃકાળે દામોદરદાસ શ્રિ ગોસાંઈજી પાસે આવ્યા અને ચરણોદક માગ્યું તેવારે શ્રિ ગોસાંઈજીએ ચરણોદકની ના કહી એટલે દામોદર દાસે તેમને કહ્યું જે મને શ્રિ આચારજીની આગ્ના થઈ છે તેથી મને ચરણોદક આપો. ત્યારે શ્રી ગોસાંઈજીએ ચરણોદક આપ્યું. પછી દામોદરદાસને શ્રી આચારજી ત્રીજે ત્રીજે દહાડે દરશન આપતા. મારગની વારતા કરતા એવી કૃપા હતી કદાચિત ત્રીજે દહાડે દરશન ન થાય તો પેટમાં બહુ પિડા થતી અત્યંત કષ્ટ પામતા પછી જ્યારે દરશન થાય તેજ વખત કષ્ટ નીવરત થઈ જાય એવી રીતે કેટલાક વરસ પરયંત દરશન આપ્યા એવી કૃપા કરતા જે સઘળી વાતો થતી તે દામોદરદાસ શ્રિ ગોસાંઈજીના આ

ગળ કહેતા. શ્રિ ભાગવતનું અનુક્રમને મારગના પ્રકારની અહરનીશ વારતા કરતા હતા. શ્રિ ગોસાઇજી દામોદરદાસ ઊપર ઘણીજ કૃપા કરતા. ઘણીજ દામોદરદાસની મરયાદા રાખતા ને કહેતા કે દામોદરદાસના હૃદયમાં શ્રિ આચારજી બીરાજે છે તેથી દંડવરત કરવા દેતા નહી ને કહેતા જે દામોદરદાસની વાતનો પાર નથી એવા મારગના ટેક વાળા કૃપાપાત્ર હતા.

વળી પ્રથમ શ્રિ આચારજીએ દામોદરદાસને કહ્યું જે આ મારગ તારે વાસ્તેજ પ્રગટ કરયો છે તેનો હેતુ એજ કે જયાં લગી શ્રિ આચારજીના મારગની સ્થીતી તાં હાં લગી દામોદરદાસની સ્થીતી છાની છે તેથીજ દામોદર દાસે કહ્યું જે મેં શ્રિ ઠાકોરજીનાં વચન સાંભળ્યાં પણ હું કશું સમજ્યો નથી તે સમે શ્રિ આચારજીએ કહ્યું જે તારે હજુ દશ અવતારનો અંતરાય છે તેનો હેતુ એજ કે જ્યાં લગી શ્રિ આચારજીના મારગની સ્થીતી છે ત્યાં લગી દામોદરદાસને ફરીફરી અવતરવું છે. મારગના થાં ભલા પ્રથમ એથીજ કહ્યું કે શ્રિ આચારજીએ દામોદર દાસના હૃદયમાં ભગવત લીલા સ્થાપી તે સંપુરણ શ્રષ્ટિ ને બોધ કરવાનેજ તેનો હેતુ એજ કે શ્રિ આચારજીનો પ્રગટ કરેલો મારગ ચાલશે તાંહાં લગી દામોદરદાસની સ્થી તી રહેશે દામોદરદાસ એવા ટેકવાળા કૃપાપાત્ર ભકત છે એની વારતા કયાં લખીએ એમની વાતનો પાર નથી.

વારતા ૨ જી.

શ્રી આચારજીના શેવક ક્રશ્નદાસ મેઘનની વારતા.

——oOo——

શ્રી આચારજીએ પૃથવીની પ્રદક્ષણા કરી ત્યારે ક્રશ્ન દાસ મેઘન સાથે હતા તે બદરીનારાયણની પેલી તરફ શ્રી રણાટ એવે નામે પરવત હતો ત્યાંથી એક મોટી શીલા પ ડી તે ક્રશ્નદાસે હાથેથી થંભાવી લીધી તે વાતે શ્રી આ ચારજી પ્રસન થયા ને કહ્યું જે માગ્ય શું માગ છ ત્યારે ત્રણ વસ્તુઓ માગી. એક તો મુખની ઓઠી વાણીનો દો પ જાય. બીજું મારગનો શીધાંત -હૃદયમાં આવે, ત્રીજું મારા ગુરૂને ઘેર પધારો, એટલું માગ્યું. તેમા બે વ સ્તુ આપી ગુરૂની અંગીકારવાળી વાત આપવાની ના ક હી. વળી બદ્રિકાશ્રમથી આગળ પધારચા તાંહાં જીવની ગ તી નહોતી તાંહાં વેદમ વ્યાસજીનું સ્થળ હતું તે ઠેકાણે પધાર્યા અને ક્રશનદાસને કહ્યું કે તું આહીઆં ઊભો રહે જે તેવારે વેદમવ્યાસ સામા આવ્યા શ્રી આચારજીને પ ધરાવીને આપના ધામમાં લેઇ ગયા ત્યારે શ્રી વેદમવ્યાસ જીએ પુછ્યું જે તમ શ્રી ભાગવતની ટીકા કરીછે તે અ મને સંભળાવો ત્યારે શ્રીઆચારજીએ ગોપિકાગીત યુગ બાધ્યાયનો એક "વામબાહુક્રત વામકપોળ" એનું વ્યા- ખ્યાન કહ્યું તે ત્રણ દીવશે સંપુરણ થયું તેવારે વેદમવ્યાસ

જીએ વીનતી કરી જે હું ભાવની અવધારણા કરી શકતો નથી તેથી આપ હવે ક્ષમા કરો ને પછી વીદાય થઈને બહાર આવ્યાં તેવારે ક્રશ્નદાસને કહ્યું જે તું શાથી ગયો નથી. તારે ક્રશનદાસે કહ્યું જે હું કયાં જાઉ તમારા ચરણ કમળ વીના માહારે બીજો આશ્રય નથી. એવું સાંભળીશ્રી આચારજી ઘણા પ્રસન થયા અને કહ્યું જે માગ્ય તહારે એજ કરીથી ત્રણ વસ્તુઓ માગી. મુખનો દોષ જાય, શીધાંત સમઝુ ને ગુરૂને ઘેર પધારો. તેમાં બ વસ્તુ આમી ગુરૂને ઘેર પધારવાની ના કહી.

એક સમે શ્રી આચારજી ગંગા સાગર ઉપર પહોડ્યા હતા તાંહાં ક્રશ્નદાસ તેમના પગની શેવા કરતા હતા ત્યાં શ્રી આચારજીના મનમાં એમ આવ્યું કે ધાનના મમરા હોય તો ખાઈએ. એ વાત શ્રી આચારજીના અંતઃકરણમાં હતી તે ક્રશ્નદાસે જાણી એટલામાં શ્રી આચારજીને નીદ્રા આવી તેજ વખત ક્રશ્નદાસ ઉઠીને ગંગાજી પર આવ્યા તાંહાં જુવે તો ગંગાની પાળે એક દીવો બળતો હતો તેની અટકળે ગંગાજી ઉતરીને સામે પાર ગયા તાંહાં એક ગામ હતું ત્યાં ખેતરમાંથી લીલું ધાન કાપી ને તે ગામમાં લાવીને ભાડભુંજાને ઉઠાડીને એક ટકાને ઠેકાણે ચાર ટકા આપીને સારા મમરા કરાવી લાવ્યા અને શ્રીઆચારજીના ચરણારવીંદ દાબીને જગાડ્યા પછી તે મમરા તેમના આગળ ધર્યા કહ્યુ જે માહારાજ

આ મમરા આરોગો પછી શ્રિ આચારજીએ પુછ્યું જે તુ ક્યાંથી લાવ્યો તેવારે તેમણે કહ્યું જે હું નદી પારથી લાવ્યો તેવારે શ્રીઆચારજી ઘણુંજ પ્રસન થયા અને કહ્યું જે માગ્ય માગ્ય તેવારે પણ ઉપરે બતાવેલી ત્રણ વસ્તુઓ માગી તે વખત પણ શ્રી આચારજીએ કહ્યું જે જીવ શું માગી જાણે આ સમે જે માગતે તેજ હું આપતે જો કહ્યું હોત તો શ્રિ ઠાકોરજીનું સ્વરૂપ દેખાડત પછી શ્રિઆચારજી શીરોપાવ ધરત. તહારે ક્રશ્નદાસે વીનતી કરી ને કહ્યું કે ગુરૂને લેઇ આવું? તેવારે શ્રિઆચારજીએ આ ના કરી કે તું એમાંથી ભેદ પાગીશ. પછી આપ એકલો ગયો જ્યારે ગુરૂએ ક્રશ્નદાસને દીઠા તહારે કહ્યું જે બીજો ગુરૂ કેમ કરયો? તહારે તેમણે કહ્યું કે મેં બીજો ગુરૂ ન થી કરયો મહારા ગુરૂ તો તમેજ છો પરંતુ તમારી પ્રસંતા વડે હુ પૂરશોતમનેજ મળ્યો છું તારે એમણે કહ્યું કે પુરૂશોતમ કેમ જાણીએ ત્યારે ગુરૂના આગળ એક સગડી સળગતી હતી તેમાં બે હાથની મુઠી ભરીને અંગારા હાથમાં લીધા ત્યારે કહ્યું જે શ્રિ આચારજી સાક્ષાત પુરૂશોતમ હોય તો હાથ બળશે નહી ને જો બીજી ભરાતી હોય તો મહારા હાથ ભસ્મ થઇ જજોએવું કહી બે ઘડી સુધી અંગારા હાથમાં રાખ્યા ત્યારે એ ગુરૂને ભય લાગ્યો અને કહ્યું કે હવે નાંખી દે એ પુરૂશોતમ ખરા પછી ક્રશ્નદાસના હાથ પકડીને પોતે છોડાવી દીધા પછી ક્રશ્નદાસ

ખેદ પામીને ત્યાંથી ઉઠી આવ્યા એ પ્રસંગે શ્રિવલ્લભાષ્ટકની ટીકામાં શ્રિ ગોકુળનાથજીએ વીસ્તાર કરીને લખ્યું છે. વળી મારગની રહયારૂઢ થયા પછી કદાચિત છાની વાત હતી તો સઘળાની આગળ કહેતા પછી કોઇ વહાંભવે શ્રિ આચારજીના આગળ આવીને કહ્યું કે કૃશ્નદાસ છાની વારતા સઘળાના આગળ કરેછે તેવારે શ્રિ આચાચારજી એ કૃશ્નદાસને પુછ્યુ જે તું છાની વારતા સઘળાના આગળ કેમ કહેછે ત્યારે કૃશ્નદાસે કહ્યું જે માહારાજ તમે એમને પુછો જે મેં શું કીધું તેવારે એ વહાંભવને શ્રી આચારજીએ પુછ્યું જે તમને એણે શી વાત કહી છે? ત્યારે એ વહાંભે કહ્યું જે માહારાજ મને તો કાંઇ શુંભી રહી નથી પછી શ્રીઆચારજી શરમાઇને ચુપ થઇ ગયા.

વળી એક સમે શ્રીઆચારજીને કૃશ્નદાસે એક પ્રશ્ન પુછ્યું જે મહારાજ શ્રિ ઠાકોરજીને પ્રિય વસ્તુ શી છે? ને અપ્રિય વસ્તુ શી છે? તેનો ઉતર શ્રિ આચારજીએ કહ્યો જે શ્રિ આચારજી ઉતમમાં ઉતમ વસ્તુના ભોકતા છે પરંતુ સઉ કરતાં ગોરસ ઘણું વહાલુ છે તે કરતાં ભકતનો સ્નેહ અધીક વહાલો છે તેથી ભગવત્સળ ભગવાન કહેવાય છે અને શ્રિ ઠાકોરજીને ધુમાડા સમાન બીજી અપ્રિય વસ્તુ કોઇ નથી. બીજુ અપ્રિય જે ભકતીમારગનો વીરોધ કરછે ત છે. વળી એક સમે પ્રશ્ન પુછયો જે શ્રી રામચંદ્રજી સંપુર્ણ સૃષ્ટિને લઇને સ્વધામપધારયા પણ દસરથ

રાજાને સ્વરગમાં રાખ્યા તેનું કારણ શુ? ત્યારે શ્રિ આ આરજીએ પ્રતીઉતર કહ્યો કે શ્રિ રામચંદ્રજી તો પરમદયા ળુ છે તથી સ્વરગ આપ્યું નહી તો તેમને સ્વરગની પણ યોગ્યતા નહોતી એથી આપનું વચન સત્ય કરવાને શ્રિ રઘુનાથજીને વનવાસ મોકલ્યા એવું કરમ કર્યું તથી સ્વ રગની પણ યોગ્યતા નહોતી પણ પરમદયાળ છે તે કરેજ નહી.

વળી એક સમે શ્રિ આચારજીને કૃશ્નદાસે પુછ્યું જે ભકત થઈને શ્રિ ઠાકોરજીની લીલાનો ભેદ જાણતા નથી તેનું કારણ શું? તવારે શ્રિ આચારજીએ કહ્યું જે વીચીપુરવક સમરપણ જે કહ્યું છે તે નથી કરતા તે અનુભવ કેમ જાણે વળી ભકતનો સંગ કરતા નથી. જો ભકતનો શંગ કરે તો શ્રિ ઠાકેરજીની લીલાનો ભેદ જાણે તે તો જે યોગ્યતા માન કોઈનો શંગ કરતા નથી ને જે કશું કરે છે તે અંતઃકરણપુરવક કાંઇ કરતા નથી તેથી શ્રિ ઠાકોરજીના સ્વરૂપનો તથા લીલાનો ભેદ જાણતા નથી. જો ઊતમ ભકતનો સંગ કરે શ્રી ભાગવત સુબોધની ગ્રંથનો અહ-નીશ અવગાહન કરે તો ભગવત ભકતને પુછીને ભાવ •હ દયારૂઢ ઊત્પન થાય. શ્રિ ઠાકોરજી પ્રભુ ભકતના ઉપર સદા કાળ પાસે રહેછે તો ત્યાં શેવા કરીને વશ હોય ત્યાં એ તન મારગ વઈભવના -હૃદયમાં બીરાજમાન રહેછે તે વઈશનવ શ્રિ ઠાકોરજીની લીલા જાણે એવાનો સંગ કરવો

ત્યાં જગત આદ વશિનવનું દ્રષ્ટાંત આપ્યું છે જે જેણે ભાવપુરવક શેવા કરી તેના સરવે મનોરથ શીઘ્ર થયા તે થી લીલા વરજભકતનો ભાવ વીચારવો સેવાને એ તનમા રગ જાણવી તેને મળી તેનો ભાવ પુછીને સેવા કરવી તો ભગવત ભાવ ઊતપન થાય. શ્રિઠાકોરજીની સ્નેહ સંયુકત હરીસેવા કરવી તો શ્રિ ઠાકોરજી એને વશ થાય.

વળી શ્રિઆચારજી બદ્રિનાથજીના મંદીર પધાર્યા ત્યારે વેદવ્યાસજી સાથે હતા તારે શ્રિઆચારજીએ વ્યાસજીને પુછ્યું જે ભમરગીતના અધ્યાયમાં વરજભકતની પાસે ઓધવજીને મોકલ્યા તે પ્રસંગમાં એક શ્લોક ઘટે છે તે શ્લોક

श्लोक.

आत्मत्वात् भक्तवश्यत्वात् सत्यत्वाच्य स्वभावत्:

એની ટીકા શ્રિ આચારજીએ પેહેલી કરીછે તે સાંભળીને વ્યાસજી અત્યંત પ્રસન થયા તે પછી શ્રિ આચારજી બદ્રિનાથજીના મંદીરમાં પધાર્યા તે દીવશ વામન દ્વાદશીનો દહાડો હતો તે દહાડે શ્રિઆચારજીના મનમાં વૃત કરવાનો વીચાર હતો ત્યારે શ્રિબદ્રિનાથજીએ આગ્નાઆપી ને ફળાહારની શોધ કરી પણ કાંઇ મળ્યું નહી તેથી તમે રસોઇ કરો નેં શ્રિઠાકોરજીને ભોગ સમરપિને ભોજન કરો શ્રીઠાકોરજીની ઇછા એમજ દેખાયછે એટલે કૃશ્નદાસે આવીને કહ્યું

કે મહારાજ અહીંઆં તો કાંઇ ફળાહાર મળતું નથી પ છી તે દીવસથી આપ વામનદ્વાદશીને દીવશે વરત કરતા નહી ને ઊછવા'તેજ પારણું એ વચન છે તે પ્રમાણે ક રતા. પછી શ્રિ આચારજી બદ્રીનાથજી પાસેથી વીદાય થયા તેવારે કૃશ્નદાસ સાથેજ હતા. વળી પ્રથમ શ્રી આચારજી વેદવ્યાસજીના મંદીર પધારયા ત્યારે કૃશ્નદાસ મેઘનને ક હ્યું જે તું ઉભો રેહેજે પછી આપ ત્રિજે દહાડે પધારયા તાહારે કહ્યું જે તું થાક્યો બેઠો નથી ત્યારે કૃશ્નદાસે કહયું જે આપની આગ્યા નથી તેથી હું બેઠો નથી જે ગુરૂની આગ્યા માને એનું નામ શિશક કહી એવા કૃશ્નદાસ કૃપાપાત્ર હતા. પ્રભુની આગ્યા પ્રમાણે રેહેતા તેથી તે આચારજી કૃ શ્નદાસ ઊપર સદા પ્રસન રહેતા તેથી મુખતાનો દોશ મ નમાં લાવતા નહી એવા આપ ઉદાર હતા જે જીવનોપણી જ વીચાર ન કરતાં આપણી દયાળતા કરી જીવનો અં ગીકાર કરતા એવા ઉદાર હતા કૃશ્નદાસ મારગમાં તથા ઘરમાં સદા પાસેજ રહેતા તેથી તેમની વાત કયાં સુધી લ ખીએ કૃશ્નદાસ એવા ટેકવાળા ભગવદીય હતા એની વા તનો પાર નથી એવા ભગવદીઓ આગળ હતા.

વારતા ૩ જી.

શ્રી આચારજીના સેવક કનોજના દામોદરદાસ સંભવાલ ક્ષત્રીની વારતા.

—oOo—

તે દામોદરદાસને એક ત્રાંબાનું પત્ર મળયું ને એક સ્વપન થયું જે આ પત્રને વાંચે તેને શરણ તું જજે એ પત્ર કોહની પાસે વાંચવા જાય નહી તે કેટલાક દહાડા પછી શ્રિ આચારજી કનોજ પધારયા અને તે ગામમાં ઉતરયા ત્યારે ક્રશ્નદાસ મેઘનને ગામમાં મોકલ્યા અને કહ્યું જે અહીઆં કોહને કહીશ નહી કે શ્રિ આચારજી પધારયાછે. શીધાં સામગ્રી જે જોઈએ તે લેઇ આવ ત્યારે ક્રશ્નદાસ ગામમાં ગયા તે સમે દામોદરદાસ રાજદવારથી આવતા હતા ત્યાં ક્રશ્નદાસને દામોદરદાસે મારગમાં ઓળખ્યા ત્યારે ઘોડેથી ઉતરીને દંડવત કરયો ને ક્રશ્નદાસને પુછ્યું જે શ્રિ આચારજી પધારયા છે? ત્યારે ક્રશ્નદાસે કહ્યું કે આવ્યા નથી. પછી જ્યારે ક્રશ્નદાસ શીધુ લેઇને ચાલ્યા ત્યારે દામોદરદાસ પાછળ પાછળ ચાલ્યા ઘોડો હતો તે ઘેર મોકલી દીધો તાહારે શ્રિઆચારજીએ ક્રશ્નદાસને વેગળેથી દીઠા ને પાછળ દામોદરદાસને દીઠા તાહારે દામોદરદાસે દંડવત કરયો તાહારે શ્રિ આચારજીએ ક્રશ્નદાસને પુછ્યું જે તેં આને કેમ કહ્યું તાહારે દામોદરદાસે કહ્યું જે

માહારાજ એણે મને કહ્યું નથી હું તો એની પાછળ પા
છળ આવ્યો છું ત્યારે શ્રિ આચારજીએ દામોદરદાસને ક
હ્યું જે પત્ર લાવ. ત્યારે દામોદરદાસે વીનતી કરી જે પત્રનું
શું કામ છે પછી પત્ર મંગાવ્યો ત્યારે શ્રિ આચારજીએ
પત્ર વાંચ્યો પછી પત્રનો અભીપ્રાય શ્રિઆચારજીએ દામો
દરદાસને કહ્યો અને નામ સંભળાવ્યું. પછી શ્રિઆચારજી
ને પોતાને ઘેર પધરાવ્યા. પછી સ્ત્રિયે અને પોતે સમરપ
ણ લીધું અને વીનતી કરી કે મહારાજ હવે અમને શી
આગ્નાં છે પછી શ્રિઆચારજીએ આગ્ના કરી કે તમે સે
વા કરો પછી દામોદરદાસે વીનતી કરી કે સેવા શી રીત
કરીએ ત્યારે શ્રીઆચારજીએ કહ્યું કે કાંઇ સ્વરૂપ હોય તો
જુવો. પછી એક દરજીને ઘેર સ્વરૂપ હતું તેને કેટલાક
રૂપઇઆ આપોને સ્વરૂપ પોતે લેઇ આવ્યા અને પોતાના
ઘરમાં સઘળે ઠેકાણે લીપ્યું, વાસણ બદલાવ્યાં પછી શ્રિઆ
ચારજીએ એ સ્વરૂપને પંચામ્રત સ્નાન કરાવ્યું. અને
શ્રી દ્વારકાનાથજી એવું નામ ધરાવ્યું પછી શીંહાસન પા
ઠ બેસાડ્યા દમોદરદસને માથે શ્રિ દ્વારકાનાથજીની સેવા
આપિ પછી ભોગ સમરપ્યો, ભોગ સરાવ્યો અને જ્યારે
બીડા સમરપવા લાગ્યા ત્યારે જુવે તો પાન કાચાં લીલાં
હતાં ત્યારે શ્રિ આચારજીએ દામોદરદાસને કહ્યું જે શ્રિ
ઠાકોજીને કાચાં પાન ન સમરપીએ. શ્રિ ઠાકોરજીને
તો ઉતમમાં ઉતમ સામગ્રિ હોય તે સમરપિયે પ-

છી પોતે ને [illegible]ને જણાં સારી રીતે સેવા કરવા લા ગ્યાં ને સ[illegible]સેવી ઉજળી કરતા જે રૂપાના કટોરામાં ધરે તોય જણાય નહી, જે આમાં કાંઇ સામગરી ધરી મુકી છે. એમ ઉજ્વળ સામગ્રી થતી હતી તેથી શ્રિ આચાર જી એના ઉપર બહુજ પ્રસન રહેતા વળી આચારજી એ આગ્ના દીધી જે ઉતરેલું કાંઇ હોય તો શ્રિઠાકોરજી ના કામમ લેવું નહી પણ ઉતમમાં ઉતમ વસ્તુ કોમળ હો ય તે લેવી જોઇએ કે તે શ્રિઠાકોરજીના કામમાં આવે. તે પ છી દામોદરદાસ એ પ્રકારે સારી રીતે સેવા કરવા લાગ્યા. શ્રિ ઠાકોરજીનું જળ દામોદરદાસ પોતે ભરી લાવે એવે એક દીવસ દામોદરદાસનો સસરો સામો મળ્યો તેમણે ક હ્યું કે તમે જળ લાવો છો તેથી અમને નાતમાં લાજ આવે છે માટે જળ લુંડી પાસે ભરાવો. પછી બીજે દહા ડે એક ઘડો પોતે લીધો ને એક સ્ત્રિના હાથમાં આપ્યો. અને તે બે જણાં સ્ત્રિપુરૂષ તેની દુકાન આગળ થઇને જળ ભરવા નીકળ્યાં. જળ ભરીને આવ્યાં તેવારે તેમનો સસરો પાછળ પાછળ તેમને ઘેર આવીને દામોદરદાસને પગે પડયો અને કહ્યું જે મેં તમને કહ્યુ હતું તે મારી ભુલ થઇ આજથી તમે જળ ભરો પણ સ્ત્રિ પાસે જળ ન ભરાવો પછી આપ જળ ભરવા લાગ્યા એવી રીતે સે વા કરતાં શ્રિઠાકોરજી તેમની સાથે પ્રતક્ષ બોલવા લાગ્યા, જે જોઇએ તે માગે ને વાતો કરે સેવા કરીને એવા વશ

કરચા ત્યારે એક દીવશ શ્રી આચારજીએ કહ્યું જે જેણે રાજા અમરીશ ન દીઠા હોય તો આ દામોદરદાસને જુઓ એ રાજા મરયાદા મારગી હતા આ પુષ્ટિમારગી છે.

વળી એક સમે ઉશ્નકાળનો દીવશ હતો ત્યારે શ્રિ દ્વારકાંનાથજીને [illegible]માં પોઢાડચા ને પોતે જઇને ચોક મા સુતા ત્યારે એક દીવશ ગરમી બહુ થઈ તેવારે શ્રિઠા કોરજીએ કહ્યું કે કમાડ ઊઘાડ મને બહુ ગરમી લાગે છે એવું લુંડીને કહ્યું ત્યારે લુંડીએ કમાડ ઊઘાડીને પંખો કરચો પછી સવારે દામોદરદાસ જુવે તો મંદીરનાં કમાડ ઊઘાડાં છે ત્યારે દામોદરદાસે પુછ્યું કે કમાડ કોણે ઊઘાડચાં ત્યારે લુંડીએ કહ્યું જે મને શ્રિ ઠાકોરજીએ કહ્યું કે કમાડ ખોલ તેથી મેં ઊઘાડચાં છે ત્યારે દામોદરદાસ લુંડીને ઘણું ખીજ્યા કે કમાડ કેમ ઉઘાડચાં. દામોદરદાસે જાણ્યું જે મને ખોલવાનું કેમ ના કહ્યું ને એને કેમ કહ્યું પછી શ્રિઠાકોરજીએ કહ્યું કે મેં ખુલા વ્યાંછે ત્યારે એણે ખુલ્યાંછે તમે એને શાથી ખીજો છો તમે તો ચોગાનમાં જઇને સુતા ને મને તો ભીતર કોઠામાં સુવાડચો ત્યારે દામોદરદાસે સંકલ્પ કરચો કે હું જ્યારે નવુ મંદીર કરાવીશ તીયારે પ્રસાદ લેઇશ તીયારે સ્ત્રિએ કહ્યુ કે એવું કેમ બને આ કાંઇ પાંચ સાત દીવશનું કામ નથી પ્રસાદ લીધા વીના કેમ બને ત્યારે દામોદરદાસે કહ્યું કે સખડીપ્રસાદ તો નહીજ લેઉં ફળાહાર કરીશ તથી એમ ક

રતાંજ મંદીર શીઘ્ર કરાવ્યું. શ્રિ ઠાકોરજીને મંદીરમાં બેસા
ર્યા ત્યારે વઇશ્નવને મહાપ્રસાદ લેવરાવ્યો ને પછી પોતે પ્રે
સાદ લીધો.

વળી એક દીવસ દામોદરદાસ શ્રી ઠાકોરજીનો રાજ
ભોગ સમરપિને સજ્યા મંદીરમાં સજ્યા બીછાવા ગયા,
તીયાં જુવે તો ગલીચા ઉપર બીલાડીએ બીગાડ કરયોછે
તીયારે દામોદરદાસે કહ્યું જે શ્રીઠાકોરજી આપનો ગલીચો
એ ન રાખી શકયા તીયારે દામોદરદાસને શ્રિઠાકોરજીએ ક
હ્યું જે સેવક હું કે તું પછી ચોકી ઉપરથી થાળ લાત
મારીને પાડી નાંખી પછી બહુજ બીજ્યા ત્યારે દામો
દરદાસે અનેક પ્રકારે બહુજ બહુજ વિનતી કરીને બીજી
રસોઇ કરી શ્રી ઠાકોરજીને ફરી ભોગ સમરપ્યો. શ્રી ઠા
કોરજી આરોગ્યા તો ખરા પણ મારા બે લગી દામોદર
સાથે બોલ્યા નહી પછી બહુજ વિનતી કરતાં કરતાં બો
લવા લાગ્યા.

વળી એક દીવશ એમને ઘેર દામોદરદાસે હરસા
ણી પરોણા આવ્યા તે પાંચ સાત દીવશ રહ્યા એમણે
બહુજ રિતીએ કરીને સમાધાન કરયું પછી અડેલ આ
વ્યા ત્યારે શ્રી આચારજીએ પૂછયું જે તેં પ્રસાદ કયાં
લીધો? ત્યારે દમલાએ કહ્યું કે મેં દામોદરદાસને ઘેર
અનસખડી પ્રસાદ લીધોછે સખડી લીધી નથી. ત્યારે
શ્રી આચારજી દામોદરદાસ સંભરવાલ ઉપર બહુજ ગુ

સે થયા અને કહ્યું જે આ મહારો અંતઃકરણ સેવક
તેમે શખડીપ્રસાદ ન જેવરાવ્યો એ વાત દામોદરદાસ
સંભલવાલે ઘેર બેઠે જાણી કે શ્રી આચારજી મહાના ઉપ
ર પ્રણાજ ગુસે થએલા છે ત્યારે સ્ત્રીને કહ્યું જે તું શ્રી
ઠાકોરજીની સેવા સારી રીતે કરજે હું તો શ્રી આચારજી
ના ચરણ નીરખવાને આતુર જાઉં છું એવું કહી અડે
લ આહયા ત્યાં જઇ પોહોચ્યા તેવારે શ્રી આચારજીને દં
ડવત કરયો ત્યારે શ્રી આચારજી પુંઠ ધરીને બેઠા
તીવારે એણે વિનતી કરી જે મહારાજ મારો શો અપ
રાધ છે? અપરાધ હોય તે કહો અપરાધ જાણીએ તો
ભાગે તીવારે શ્રીઆચારજીએ કહ્યું જે દામોદરદાસ હ
રસાણીને તમ સખડી કેમ ન લેવરાવી તીવારે એણે ક
હ્યુ જે મહારાજ દામોદરદાસને પુછી જુઓ સખડીપ્ર
સાદ કેમ લીધો તીવારે શ્રી આચારજીએ પુછ્યું જે
દમલા તેં દામોદરદાસને ઘેર સખડીપ્રસાદ કેમ
ન લીધો તીવારે દમલાએ કહ્યું જે પ્રાતઃકાળ સ-
મે શ્રી ઠાકોરજી બાળભોગ આરોગતા તેજ હું લેતો પ
છી પકવાન, મીઠાઇ, દુધ, બહુજ મળતું તથા સખડી
ઉપર રૂચિ રહેતી નહોતી તથા લેતો નહી તીવારે શ્રીઆ
ચારજીએ કહ્યું કે તું તો પોતાની ઇછાથી ન લેતો ને મ
ને તો આ વાત ઉપર રીસ થઇ હતી પછી તો આપ
દામોદરદાસ સંભલવાલને સમાધાન કરીને કનોજ માક

ત્યા પછી શીંહાનંદના વૈશ્નવ શ્રી આચારજીનાં દરશન કરવા અડેલ જતા તે કનોજમાં દામોદરદાસને મળીને જતા જેટલા વયશનવ જતા તેમની સંગાથે એક એક મોહોર એક એક નાળીએર જણ જણ સંગાથે શ્રી આચારજીને ભેટ મોકલતા ને કેહેતા જે મહારો દંડવ્રત ખાલી હાથે કેમ કરો ને દામોદરદાસનો સસરો ઘણો જ પઇસાદાર હતો તેણે સો લુંડીઓ પેહેરામણીમાં આપેલી હતી કામકાજ બધું લુંડીઓ કરતી પણ શેવા સાંમંધિ કારય પોતાને હાથે કરતા. એમની સ્ત્રી એવી ભાગવદી હતી.

વળી એક સમે શ્રી આચારજી દામોદરદાસને પેર પોહોડયા હતા ત્યારે દામોદરદાસ પ્રચરણ શેવા કરતા હતા ત્યારે શ્રિ આચારજીએ દામોદરદાસનેપુછ્યું જે તને કોઇ મનોરથ છે ત્યારે દામોદરદાસે કહ્યું માહારાજ મને તો આપની કૃપાથી કશી વાતનો મનોરથ રહ્યો નથી ત્યારે શ્રી આચારજીએ કહ્યું જે તું જા તાહારી સ્ત્રીને પુછીને આવ કે તને કોઇ વાતનો મનોરથ રહ્યો છે ત્યારે દામોદરદાસે જઇને સ્ત્રીને પુછ્યું કે તને કોઇ વાતનો મનોરથં છે તીયારે સ્ત્રીએ કહ્યું કે એક પુત્રનો મનોરથ છે જો પુત્ર હોયતો સારૂ. એ વાત દામોદરદાસે શ્રી આચારજીના આગળ કહી કે એને તો એક પુત્રનો મનોરથ છે. ત્યારે શ્રી આચારજીએ કહયું

કે પુત્ર થશે. પછી શ્રી આચારજી શ્રીનાથજી દ્વાર શ્રીનાથ
જીના દરશને પધારયા. પછી એનો સમય થયો ત્યારે
એને ગર્ભ રહ્યો ત્યાર પછી કેટલાક દહાડા પછી એ મ-
ડળીમા એક ડાકોતીઓ (ગરોડા) આવ્યો તેને બધી મ-
હેલાની બાઇજી સ્ત્રીઓ પુછવા લાગી. ત્યારે કોઇ દામોદર
દાસની સ્ત્રીને કહયું જે કલાણી તું પુછ કે માહારે શું
બાળક થશે. ત્યારે એને પુછયું એટલે ડાકોતીઆએ કહ્યું કે
તાહારે પુત્ર થશે. તે વાર પછી થોડાક દાવસ ગયા તારે શ્રી
આચારજી શ્રીનાથજી દ્વારથી કનોજ પધારયા. તીયારે
દામોદરદાસ ચરણ સ્પર્શ કરવા ગયા તો શ્રી આચારજી
એ કહયું કે તું મને અડીશ નહીં તાહારે અન્ય આશ્ર-
ય થયો છે ત્યારે દામોદરદાસે કહયું પછી કે માહારાજ
હું તો કાંઇ જાણતો નથી ત્યારે શ્રિ આચારજીએ કહયુંકે
તું તારી સ્ત્રીને પુછી આવ ત્યારે દામોદરદાસે જઇને
સ્ત્રીને પુછયું કે તેં કોઇ અન્ય આશ્રય કર્યો છે? ત્યારે
સ્ત્રીએ જે પ્રકાર કર્યો હતો તે બધો કહયો તે વાત દા-
મોદરદાસે શ્રી આચારજી આગળ કહી શ્રી આચારજી-
એ કહયું કે પુત્ર મ્લેચ્છ થશે. પછી એ વાત સ્ત્રીએ સાં-
ભળી તે દીવસે શ્રીઠાકોરજીનાં પાત્ર તથા સામગ્રીનો સ્પ
ર્શ ન કરતી ને કહેતી કે માહારા પેટમા મ્લેચ્છ છે. તેથી
સામગ્રીને કેમ અડાય. એવી રીતે રહેતી પછી સ્ત્રીએ
પોતાની માને કહયું કે મારે છોકરો થાય તાહારે જન્મ-

તોજ તું લેઈ જજે શાથી જે ગામ એનું મોહોડું જોઈએ તો આમારૂં ખોટું થાય તેથી તરત લેઈ જજે. તે જનમ થતાંજ એ છોકરાને એંગી વડીઆઈ લેઈ ગઈ અને ધવડાવીને મોહોટો કરયો

ફરી કેટલાક દીવસ પછી દામોદરદાસની દેહ છુટી ત્યારે સ્ત્રીએ ઘરમાં શબને છાનું રાખી મુક્યું અને વૈશ્નવોને કહ્યું કે તમે એક નાવ ભાડે કરી લાવો તે સાંભળી વૈશ્નવો નાવ ભાડે કરી લાવ્યા તે નાવમાં શ્રી દ્વારકાનાથજી તથા ઘરનો બીજો શામાન લાકડું લોઢું વીગરે સરવે બારાવ્યું ઘરમાં કશું રાખ્યું નહી. ને વૈશ્નવોને કહ્યું જે આ નાવ અડેલ લેઈ જાઓ અને ત્યાં શ્રી આચારજીને ઘેર પોહોચાડો તે નાવ ચાલતાં ચાલતાં દસ ચાલીસ ગાઉ સુધી ગયું તે પછી સ્ત્રીએ પોતાના ઘરમાં જે દામોદરદાસનું શબ હતું તે પ્રકાશ કર્યું અને કહ્યું કે માહારા સ્વામીની દેહ છુટી છે એવું સાંભળીને વૈશ્નવ સરવે આવ્યા અને તે શબનો અગ્ની સંસ્કાર કરયો. પછી તે દામોદરદાસનો છોકરો જે તેની વડીઆઈ લેઈ ગઈ હતી તે અન્ન જાતી થએલો હતો તે ત્યાં આવ્યો આવીને જુએ છે તો ઘરમાં કાંઈ રાખ્યું નથી. પછી માથુ કુટીને રહ્યો. અનુક્રમે તેને એવી ખબર પડી કે માહારા ઘરનો શામાન માહારી માતાજીએ તેના ગુરૂ શ્રી આચારજીને તયાં મોકલેલો છે. તેવું જાણવાથી તે-

ણે તેનો બહુજ શોધ કરયો પણ કાંઇ પતો ગળ્યો નહી તેથી મનમાં પસ્તાઇને પાછો પોતાને ઘેર આવ્યો પછી દામોદરદાસનો સસરો તયાં આવ્યો અને તેણે પોતાની પુત્રીને કહ્યું જે તેં કશો શામાન ઘરમાં રાખ્યો નથી તેથી તું શું ખાઇશ? ત્યારે તેણે કહ્યું કે તમે જે આપશો તે હું ખાઇશ. આપણી નાતમાં એવી રીત છે કે જેને આવું હોય તેની ખબર અંતર તેના સગા વાહાલા રાખે એવું કહી તે સ્ત્રીએં જળપાન કરયું પછી તે સ્ત્રીની દેહ છુટી તે વાત કેટલાક દીવસેં કોઇ વૈશ્નવે શ્રી આચારજીને આવીને કહી તીયારે શ્રી આચારજી એ કહ્યું કે એને તો એમજ જોઇએ. એ સ્ત્રી પુરૂષ એવાજ બાગવદી હતા. એવોની પ્રસંશા શ્રી આચારજી પોતેજ કરતા હતા. એવાં મોટા બાગવદી હતા એની વાત કયાં સુધી વરણવીએ. એ શ્રી આચારજીના એવા વૈશ્નવ હતા.

વારતા. ૪.

श्री आचारजीना सेवक कनोजीआ ब्राह्मण पद्मनामदासनी वारता.

એક શમે શ્રી આચારજી કનોજ પધારયા તે વખતે પદમનાભદાસ દરશન કરવા સારૂ આવ્યા તીયારે પેહેલા પદમનાભદાસ પુરાણીની પેઠે કથા કહેતા હતા, ઉંચે

આસને બેસતા હતા, શ્રોતા જનો સાંભળવાને બહુ આ-
વતા હતા, અને પોતાની આજીવીકા ઘેર બેઠે આવતી
હતી કોઇને ઘેર જાચવા જવું પડતું નહતું તેવામાં શ્રી
આચારજીની સાથે વાત કરતામાં જાણ્યું કે આ શાક્ષાત
પુરશોતમ છે. ત્યારે પદમનાભદાસ તેમને શરણ આવ્યા
અને નામ સમરપણ કરયું પછી ઉથાપનને સમે શ્રી આ-
ચારજી કથા કેહેવા બેઠ, અને શ્રી ભાગવતની પોથી ઉ-
ઘાડી તવાં દામોદરદાસ સંભરવાલ ક્ષાત્રી બેઠા હતા એ-
વામાં શ્રી આચારજીએ એક નાબંધનો શ્લોક કહ્યો તે
શ્લોક.

पठनीयं प्रयत्नेन सर्व हेतु विवर्जीत :

वृत्यर्थे नैवयुंजति प्राणै कंठ गतैरपी ॥१॥

આ શ્લોક ભણીને કથા કહી તે પદમનાભદાસ
સાંભળીને જળની અંજળી ભરીને સંકલ્પ કરયો કે ક
થા વૃતી અરથે ન કેહેવી તીયારે શ્રી આચારજીએ ક
હયુ જે શ્રી ભાગવત વૃતીને અરથે ન કહેવું તીયારે પદ
મનાભદાસે કહ્યું જે મહારાજ હવે તો સંકલ્પ કરયો કે
મહારે કોઇને ઘેર આજિવીકાને અરથે તો કેહેવુંજ
નહી પછી એક દીવશ ભીક્ષા માગવાને અરથે જજમાન
ને ઘેર ગયા તીયારે તેણે ઘણો આદરમાન કરયો તીવાં
મનમાં એમ ઉપજ્યું જે હું હવે વઇશનવ થયો મહારે

આ વૃતી કરી ઉચિત નથી તીયારે શ્રી આચારજીએ ક હ્યું જે તમે તમારો નીરવાહ શી રીતે કરશો તે સાંભ ળિ પદમનાભદાસે કહ્યુ જે હું વણીઆની વૃતી કરી ને મહારો નીરવાહ કરીશ.

વળી એક સમે શ્રી આચારજી પ્રયાગમાં હતા તી યાં એક પોહોર રાત ગઈ તીયારે શ્રી આચારજીએ પદ મનાભદાસને આગ્ના કરી જે તું શ્રી અકાંજીને પધરા વી લાવ તે સાંભળી પદમનાભદાસ તીયાંથી ઉઠીને આ લ્યા તે વખતે બીજા વઈશનવ પાસે બેઠા હતા તે કેહે વા લાગ્યા જે આ બ્રાહ્મણ ગાંડો થયો છે ઘાટવાળાએ નાવ તો બાંધી રાખ્યાં છે ને એ તો ઉઠી ગયા તેથી આ વખત જવાની નથી પણ એ ને તો શ્રી ગુરૂની આ ગ્નાનો વીશ્વાસ છે કે આ કામ તો નકી શીધ થશેજ તે થી ગંગાના ઘાટ ઉપર આવ્યો અને આશપાસ જોવા લાગ્યો પણ કોઈ દેખાય નહીં એટલામાં એક દશેક વર શનો છોકરો એક નાનું નાવડું લેઈને તીયાં આગળ આવ્યો અને પદમનાભદાસને પૂછ્યું જે તમારે સામે પાર જવું છે? તીયારે એમણે કહ્યું જે હા મહારે જવું છે તે સાંભળી એને પાર ઉતારી દીધા ફરી તેને પૂછ્યું જે તું પાછો અહી કયારે આવીશ તીયારે પદમનાભદાસે ક હ્યુ જે બે ઘડીમાં આવીશ પછી તે છોકરાએ કહ્યું જે આ નાવડું અહી ઉભુ રાખુછું માટે તું તારીદે આ

વજે પછી તે શ્રી ઠાકોરજીને પધરાવી લાવ્યા અને એજ નાવમાં બેસાડી પાર ઉતારયાં પછી પાછુવાળી જુવે તો નાવડુ તથા છોકરો કાંઈ દીઠું નહી પછી શ્રી ઠાકોરજીને લઈને શ્રીઆચારજીની પાસે આવ્યા તીવારે શ્રી આચારજીએ આગ્ના કરી કે હવે તું જઈને શયન કર પછી પદમનાભદાસ જ્યાં સરવે વઈશનવો સુઈ રહ્યા હતા તીયાં આવ્યા તીવારે વઈશનવો પુછવા લાગ્યા કે તમે શું કરી આવ્યા તે સાંભળી પદમનાભદાસે તેમને સરવે સમાચાર કહ્યા પછી બધા વઈશનવોએ કહ્યું જે શ્રીઠાકોરજીને બહુજ શ્રમ કરાવ્યો પછી તે વઈશનવોએ શ્રી આચારજીને કહ્યુ કે મહારાજ પદમનાભદાસે શ્રી ઠાકોરજીને બહુજ શ્રમ કરાવ્યો તે સાંભળી શ્રી આચારજીએ એ વઈશનવોને કહ્યુ કે આ જે થયું છે તે મારી ઇછાથી થયું છે માટે એને કશું કહેશો નહી.

વળી એક સમે શ્રી આચારજી ગોકુળથી અડેલ પધારયા તીવારે એક ક્ષત્રી વેપારી કાંઈ વસ્તુ લઈને શ્રી આચારજીની સંગાથે ચાલ્યો તે કનોજ જતાં વચમાં શ્રીઆચારજીનો આગળ ચાલતા હતા ને તે વેપારીનો પાછળ રહ્યો તેના ઉપર ચોર તુટી પડ્યા અને સરવે વસ્તુ લુટી લીધી અને શ્રી આચારજી તો દામોદરદાસ સંભાલને ઘેર જઈને ઊતરયા તીયા રસોઈ કરી શ્રી ઠાકોરને ભોગ સમરપ્યો એટલામાં એ વેપારી પાછળ રે

તો ફરતો આવ્યો અને પુછ્યું જે શ્રી આચારજી શું કરે
છે તીયારે પદમનાભદાસે કહ્યું જે એ તો ભોજન કરે
છે તીયારે વેપારીએ કહ્યું કે અમારો માલતો સઘળો ચો
ર લુટી ગયા છે ને શ્રીઆચારજી તો ભોજન કરેછે એ
વાત સાંભળતામાં એ વેપારીનો હાથ ઝાલીને પદમનાભ
દાસ તેને બહાર લાવ્યા અને પુછ્યું જે સાચુ બોલ કે
તારો માલ કેટલો ગયો છે તે તને આપૂ પછી તે વેપા
રીએ પોતાનો જેટલો માલ ગયો હતો તે સઘળો બતા
વ્યો પછી પદમનાભદાસ તેનો હાથ ઝાલીને એક શાહુ
કારને ઘેર લાવ્યા ત્યાં તે શાહુકારે તેમની ઘણીજ આગ
તા સ્વાગતા કરી અને પુછ્યું કે તમે કેમ પધારયા છો?
ત્યારે પદમનાભદાસે તેને કહ્યું જે આ વેપારીને આટ
લું દ્રવ્ય જોઈએ છીએ તે આપો તીયારે શાહુકારે કહ્યું
જે તમારે જેટલું જોઈએ તેટલું લ્યો ત્યારે પદમનાભદા
સે કહ્યું જે લાવો ખત પત્ર લખી આપું તે સાંભ
ળી શાહુકારે કહ્યું જે ખતપત્રનુ શું કામ છે તમારે દ્ર
વ્ય જોઈએ તેટલુ લો પછી પદમનાભદાસે કહ્યું કે હું તો
ખત લખી આપીને પછી દ્રવ્ય લેઈશ એમને
એમ તો નહી લેઉં તીયારે શાહુકારે કહ્યું જે તમારી મ
રજી પછી શાહુકારે એ વેપારીને તો દ્રવ્ય આપ્યું પછી
પદમનાભદાસે શાહુકારને ખત લખી આપ્યું તેમાં પોતે
પોતાનો સ્વધરમ ઘરેણે લખ્યું અને વેપારી તો પોતાને

ઘેર ગયો અને પદમનાભદાસ પોતાને ઠેકાણે ગયા તી
યારે શ્રી આચારજીએ પૂછ્યું જે તું ક્યાં ગયો હતો?
ત્યારે પદમનાભદાસે કહ્યું જે એક કામ હતું ત્યાં ગયો
હતો પણ શ્રી આચારજી તો સરવે વાત જાણે છે તેથી
તેમણે કહ્યું કે હું કોઈ વેપારીને બોલાવવા તો નહોતો
ગયો કે તેથી તેં એને રણ કહાડીને દ્રવ્ય અપાવ્યો તે તેં
બહુ આડું કર્યું તીયારે પદમનાભદાસે કહ્યું જે એ વાત
તો સાચી પણ આપને ભોજન કરતાં તો બે ઘડી વાર
લાગત એની બડાસમાં તો મહારાજનો વ્યરથ થઈ
જાત રણ તો હાથે આપીશ એમાં તેની વાત છે પછી
શ્રી આચારજીએ કહ્યું કે તેં તારો ધર્મ ઘરાણે મૂકી
આવ્યો તે શાથી ત્યારે પદમનાભદાસે કહ્યું જે એવી આ
ડી બલાવ્યા શીવાય રણ અપાય નહી પછી શ્રી આચા
રજી અડેલ પધાર્યા અને પદમનાભદાસ એક રાજા હ
તો તેની પાસે ગયા તીયારે તે રાજાએ પદમનાભદાસને
બહુજ આદર સતકાર કર્યો પછી રાજાએ કહ્યું જે મ
ને કથા સંભળાવો તીયારે પદમનાભદાસે કહ્યું જે હું
ભાગવત તો નહી સંભળાવું કહો તો ભારથ સંભળાવું તીયા
રે રાજા કહે મહારાજ આપની ઇંછા પછી ભારથ કહે
વા લાગ્યા તે જયારે તેમાં યુધનો પ્રસંગ આવ્યો તે વખ
ત સઘળાનાં હથીયાર છોડાવ્યાં તીયારે આગળ કથા
કહેવા લાગ્યા તે કથા કેહેતાંજ કોઈને વીરરસ ઉત

પન થયો તે પોતપોતામાં લાત મુકીયા લડવા લાગ્યા પછી કેટલેક દીવસે બારથ સંગ્રામ થયું તીયારે રાજા દ ક્ષણા બહુજ આપવા લાગ્યો. પદમનાભદાસે કહ્યું જે આટલું મહારે જોયે ના મહારે માથે જેટલું રણ છે તેટલુંજ હું લેઇશ એમ કહી પેલા શાહુકારને બોલાવી મુળ તથા બ્યાજ સુધાં જેટલુ દેવું હતું તેટલું ચુકાવી આ પ્યું બાકીનું રાજાને પાછું આપ્યું પછી એ શાહુકારે પ દ્મસો દેખીને ખત ફાડી નાંખ્યું.

વળી પદમનાભદાસની એક છોકરી કુંવારી હતી તેને વાસ્તે વર શ્રીઆચારજીનો સેવક એવો વધ્મિવ પોતાની જાતીનો જોઇતો હતો તે ખોળતા હતા તે સ રવે વધ્મવોને પુછવા લાગ્યા તીયારે વધ્મવોએ કહ્યું કે એક વર શ્રી આચારજીનો સેવક છે પણ સનોડી આ બ્રાહ્મણ છે પણ પદમનાભદાસને કાંઇ લૌકીક વ્ય વહાર જાતીની બુધ્ધિ રહી નહી પણ પુછ્યુ કે તે સારો વ ધ્મવ છે? તો તેને કન્યા આપીએ તે સાંભળી વધ્મવો એ કહ્યું કે હા તેતો છે પછી તે વધ્મવને પદમનાભદા સે તીલક કરયું વીવાહ શુધી કરીને પોતાને ઘેર આ વ્યા અને મોટી પુત્રી તુલસા હતી તેને કહ્યું કે તારી બેનનો વીવાહ ફલાણા વધ્મવને ઘેર કરીને આવ્યોછું તીયારે તુલસાએ કહ્યું કે એવું કેમ થાય એતો સનો ડીઆ બ્રાહ્મણ છે આપણે તો કનોજિઆ બીના જાતી

વ્યવહાર કેમ થાય પછી પદમનાભદાસ કેહે કે હવેતો જે થયું તે ખરૂં તુલસાએ હ્યું કે વીવાહ પાછો ફેરવો તીયારે પદમનાભદાસે કહ્યું જે પાણી લાવ ને માહારા હાથનો અંગુઠો કાપી નાંખ તીવારે તુલસા કેહે જે અંગુઠો તે કપાય તે સાંભળી પદમનાભદાસ કહે જે જો અંગુઠો ન કપાય તો વીવાહ કેમ ફેરવાય જો અંગુઠો કાપો તો વીવાહ પાછો ફેરવીએ પછી એજ વિવાહ સહી રાખ્યો ને નાતવાળા સરવે જમ્યા માગીને રહ્યા પદમનાભદાસને તો વસ્ત્રા જોઈએ એવોજ વિશ્વાસ હતો તેથી સગાઈ ફેરવી નાખી.

વળી એક ક્ષત્રાણી પદમનાભદાસને ઘેર નીત આવતી હતી તીયારે તુલસાએ એને કહ્યું જે તું નીત કેમ આવેછે તે સાંભળી ક્ષત્રાણી કહે જે એ મોટા ભગવદી પુરૂષ છે ને માહારે છોકરૂં નથી તેથી તેમનો આશીરવાદ લેવાને આવુંછું તું મહારી વીનતી પદમનાભદાસજીને કરજે તીયારે પદમનાભદાસને તુલસાએ વિનતી કરી જે આ ક્ષત્રાણીને સંતતી નથી તેથી તમને વીનતી કરે છે તીયારે પદમનાભદાસે કહ્યું જે તું જલ લાવ તેની પાસે જળ મંગાવી ચરણોદક આપ્યું અને તેને એવું કહ્યું જે તાહારે પુત્ર થશે તેનું નામ મથુરાંદાસ રાખજે પછી તેને પુત્ર થયો એ એવા મહાપુરૂષ હતા.

વળી આપના સેવ્ય શ્રી ઠાકોર મથુરાંનાથજીને

તથા બીજા કુટુંબને લઇને આડેલ આવીને રહ્યા તે વખત એગને દ્રવ્યનો સંકોચ બહુ હતો તેને લીધે શ્રી ઠાકો રજીને ભોગ સમરપે તો ચણાનાં છોતરાં તળીને ભોગ સમરપે અને તે સારા પત્રાળામાં પીરસે અને કેહે કે મહારાજ આ ખીરને ભાવે આરોગો, એક મુઠી બગાભા તને ભાવે આરોગો, એક મુઠી દાળને ભાવે આરોગો, એક મુઠી જેટલાં શાક હોય તેટલાનું નામ દઇને આરો ગો, જેટલી સામગ્રી હોય તેટલાનાં નામ દઇને આરોગો એક એક મુઠી પત્રાળામાં પીરસે તેથી ઠાકોરજી તે ગ્રા તે અરોગે પછી એક વખતે શ્રી આચારજીના આગ ળ કહ્યું કે મહારાજ પદમનાભદાસ શ્રી ઠાકોરજીને આ વી રીત ભોગ સમરપે છે ત્યારે એક દીવશ શ્રીઆચા રજી ભોગ સમરપની વેળા પદમનાભદાસને ઘેર પધા રયા ને જેમ નીત ભોગ સમરપતા હતા તેમજ ભોગ સમરપ્યો. ભોગ શરાવ્યો ત્યારે શ્રી આચારજીએ પદમ નાભદાસને પુછયું જે આ ઢગલીઓ કેમ કરી છે? ત્યારે પદમનાભદાસે કહ્યું કે આ ખીર, આ વડાં, આ શીખં ડ, આ ભાત, આ દાળ, આ રોટલી, આ શાક, એ મ કહીને સરવે સામગ્રીનાં નામ દઇ દઇને છોતરાંની ઢ ગલીઓ કરીછે. ત્યારે શ્રી આચારજીનું હૃદય ભરાઇ આવ્યું જે જાણ્યું ને દ્રવ્યના સંકોચથી આવું કરેછે પ

ઠી શ્રીઆઆચારજી પેર પધરયા પછી શ્રી આચારજીએ શ્રીઆકાંજીને કહ્યું કે પદમનાભદાસને પેર નીત શીધા સામગ્રી મોકલતાં રહેજો ત્યારે શ્રી આકાજીએ પદમનાભ દાસને પેર શીધાં સામગ્રી મોકલાવી. પછી તુલસાએ પોતાના પિતાને કહ્યું કે શ્રી આકાંજીએ સામગ્રી મોકલાવીછે ત્યારે પદમનાભદાસે તુલસાને કહ્યું જે આમને આહીયાંથી કહાડવાવાળાં થયાંછે, પછી પદમનાભદાસે બે દહાડામાં જવાની ખરચી એકઠી કરીને એક નાવ ભાડે કરી લાવ્યા અને પોતાના સેવ્ય શ્રી ઠાકોરજી શ્રી મથુરાંનાથજી તથા સઘળુ કુટુંબ નાવમાં બેસાડીને આપ પોતે શ્રી આચારજી પાસે વીદાયગીરી માગવા ગયા તીયારે શ્રી આચારજીએ પુછ્યું કે શ્રી ઠાકોરજી કયાં છે? પદમનાભદાસે કહ્યું કે એ તો નાવમાં બેઠા છે પછી શ્રી આચારજીએ વીદાય કરયા પછી પદમનાભદાસ શ્રી આચારજીને પેરથી જે શીધુ આવ્યું હતું તે ભંડારમાં પહોચાડી ગયા ભંડારીએ શ્રી આચારજીને કહ્યું કે મહારાજ પદમનાભદાસને પેર જે શીધું હતું તે બધું પાછું આવ્યું છે તીયારે શ્રી આચારજીએ કહયું જે અમે શીધુ મોકલાવ્યું તેથાજ એ ગયા નહી તો એ જાત નહી તે શ્રી ગોકુળનાથજીએ સરવોત્તમની ટીકામાં લખ્યુંછે કે "પદમનાભદાસ જેવા વીર પુરૂષ મળવા ઘણા દુરલભ છે"

વળી એક સમે રામદાસજી પોતાના સેવ્ય શ્રીઠા કોરજીને પદમનાભદાસને ઘેર પધરાવીને પોતે શ્રિ નાથ જીની સેવા કરવાને ગયા તે શ્રિ નાથજીના ભીતરીઆ થ ઇને રહ્યા ને પદમનાભદાસ શ્રિ રામદાસજીના શ્રિ ઠાકોર જીની સેવા કરવા લાગ્યા તે કેટલાક દીવસ પછી મુગલે આવીને તે ગામ લુટયું તેમાં શ્રિઠાકોરજીને મુગલ લોકો લેઇ ગયા ત્યારે પદમનાભદાસ મુગલ લોકોની સાથે સાથે સાત દીવશ સુધી ફર્યા જળપાન પણ કર્યું નહી તારે આઠમે દીવશે મુગલાણીએ મુગલને કહ્યુ જે આ બ્રાહ્મણ સાત દીવશ થયા જળ સરખુ પણ પીધુ નથી તેથી વીના કારણે એ બ્રાહ્મણ મરશે તો ત્હારે માથે હ ત્યા આવશે માટે એના શ્રી ઠાકોરજી લુટમાં આવ્યા છે તે તેને પાછા આપ તીવારે મુગલે તેને શ્રી ઠાકોરજી પા છા આપ્યા તે લેઇને પદમનાભદાસ ઘેર આવ્યા પછી પોતે સ્નાન કરીને શ્રી ઠાકોરજીને પંચામૃત સ્નાન કરા વ્યું શ્રંગાર કરીને ભોગ સમરપો તે ભોગ શરાવીને અનુસર કરીને પછી વઇશ્નવને બોલાવીને મહાપ્રસાદ લે વરાવ્યો તે પછી પોતે પ્રસાદ લીધો જે દહાડે કનોજમાં થી શ્રી ઠાકોરજી લુટમાં ગયા તે દાહાડેજ મોટા રામદા સજીએ એ વાત સાંભળી તે દીવસથી એમણે પણ સા ત દીવશ સુધી પ્રસાદ ન લીધો પણ શ્રી નાથજીની સે વામાં સાવધાન રહેતા એ રામદાસજીની વાત પદમના

ભદાસે જાણી જે રામદાસજીને બહુજ દુઃખ પડયું એ વાત જાણીને શ્રીનાથજીના દરશનને સારૂ તથા રામદાસને મળવા ગયા. પ્રથમ શ્રીનાથજી દ્વાર આવીને દરશન કર્યાં અને પછી રામદાસને મળ્યા તીયારે રામદાસે પદમનાભદાસને કહ્યું જે તમે બહુજ દુઃખ પામ્યા તીયારે પદમનાભદાસે કહ્યું કે મેં તો દુઃખ ભોગવ્યું તે લેખે છે પણ તમે સાત દીવસ લગી આ સારૂ કાંઇ લીધું નહી તીયારે રામદાસે કહ્યું કે તમે કહોછો તે સાચુ પણ મેં તો બહુજ દીવસ સેવા કરી તેથી એટલો સબંધ જોઇયે. એ રામદાસ એવા ભગત હતા એની વાત કયાં સુધી લખીએ પછી પદમનાભદાસ કેટલાક દીવસ રહીને વીદાય થયા તે કનોજ આવ્યા ને ફરી સેવા કરવા લાગ્યા તેથી એમના ઉપર શ્રી આચારજી પ્રસન રહેતા. એ પદમનાભદાસ એવા ભગવદી કૃપાપાત્ર હતા એમની વાત કયાં સુધી લખીએ.

વારતા ૫ મી.

श्री आचारजीना सेवक पदमनाभदासनी पुत्री तुलसानी वारता.

એક સમે એક વષ્ણવ શ્રીઆચારજીનો સેવક તે તુલસાને ઘેર આવ્યો શ્રી ઠાકોરજીનાં દરશન કરયાં પછી

રાજભોગ સરયા તીયારે તુલસાએ તે વર્ધભવને કહ્યુ કે ઉઠો સ્નાન કરો મહાપ્રસાદ લો તીયારે વર્ધભવે કહ્યું જે હું તો ઘેર જઈને સ્નાન કરીશ તીયારે તુલસા ચુપ થઈ રહીથી બોલી નહી પછી વાસુદેવ પોતાને ઘેર ગયો પછી તુલસાના મનમાં બહુજ ખેદ થયો જે મહારે ઘેર થી વર્ધભવ ભુખ્યો ગયો કરી મનમાં આવ્યું જે બ્રાહ્મણ હતો તે નાતવ્યવહારના લીધે સખડી ન લીધો તો કાલે પણ સવારે અનસખડી લેવરાવું પછી મેહેતા ચાળો નમસ્કાર કરી રાખ્યો પછી શ્રી મથુરાંનાથજી પદ્મનાભ દાસના સેવ્યનું સ્વરૂપ હતું તેણે તુલસાને સ્વપ્નમાં કહ્યું કે એ વર્ધભવને આપણે ઘેર પ્રસાદ લેવરાવજે સવારે આપણે ઘેર પ્રસાદ લેશે. પછી સવારે તુલસાએ પૂજા કરી શ્રીઠાકોરજીને આરોગાવવા લાગી એટલામાં એ વર્ધભવ તીયાં આવ્યો તે શ્રી ઠાકોરજીનાં દરશન કરીને બેશી રહ્યો અને તુલસા રાજભોગ ધરી બહાર આવી તીયારે વર્ધભવને કહ્યું જે ઉઠો સ્નાન કરો તીયારે વર્ધભવે કહ્યું કે ઠીક પછી તે સ્નાન સમરણ કરીને આવ્યો ને રાજભોગ સરયા પછી દરશન કર્યાં તે પછી તુલસા અનુસર કરી બહાર આવી ત્યારે પુરી, દહી, ખીર, અથાણું વીગેરે વર્ધભવના આગળ મુક્યું ને કહ્યું જે આ પ્રસાદ લો ત્યારે વર્ધભવે કહ્યું કે એતો નહી પણ હું તો અનસખડી પ્રસાદ લેઈશ પછી તુલસાએ કહ્યું કે તમે કો

ા મનમાં સંકોચ કરશો નહી એતો જ્ઞાતિનો વ્યવહાર છે ત્યારે એણે કહ્યું જે એતો સાચુ પેહેલાં તો મનમાં એવું આવ્યું હતું પણ હવે તો આશા એવીજ થઈછે તે મા સખડીપ્રસાદ લેઈશ પછી સખડીપ્રસાદ લીધો ત્યારે બંને જણ બહુ ખુશી થયા.

વળી એક સમે શ્રી ગોસાઈજી તુલસાને ઘેર પધા ર્યા ત્યારે તુલસાએ બહુજ ભલી રીતે સેવા કરી તેથી શ્રીગોસાઈજી બહુજ પ્રસન થયા. એક દીવશ શ્રીગોસાઈ જી ભોજન કરીને પોહોડ્યા હતા તે પછી ઉથાપન સમ યે ગાદીતકીઆ ઉપર બીરાજ્યા તે વખત તુલસાની સં ગાથે ભગવદ વારતાકરતાં અતી પ્રસનતામાં કહ્યું જે પદ મનાભદાસની સંતતી એજ પ્રકારની જોઈએ. પછે શ્રીગો સાંઈજીએ તુલસાને પુછ્યું જે શ્રી ઠાકોરજી તારી સંગાથે કાંઈ અનુભવ દેખાડેછે ત્યારે તુલસાએ કહ્યું જે હવે તો હું પેટ ભરીને ખાઉછું, ઊંઘભરીને ઊંઘુંછું, ને શ્રીઆ ચારજીના ગ્રંથનો પાઠ કરૂ છુ ત્યારે શ્રિગોસાંઈજી બહુજ પ્રસન થયા તુલસા એવી ભગવદી હતી જે શ્રિજી એની પિડા સહન કરી શકતા નહી તુલસા શ્રિઆચારજીની એ વી કૃપાપાત્ર ભગવદી હતી તેથી શ્રિગોસાંઈજી એના ઉપર બહુજ પ્રસન હતા એની વાત ક્યાં સુધી લખીએ.

વારતા ૬ ઠી.

श्री आचारजीना सेवक पदमनाभदासना छोक नी वहु पारवतीनी वारता.

—०()०—

પારવતી **શ્રી** ઠાકોરજીની શેવા સારી રીતે કરતી હતી તે વાત પુરૂસોતમદાસ મોહેરા સારી રીતે જાણતા હતા જ્યારે એ કનોજ જતા ત્યારે એને ઘેર ઉતરતા તે કેટલાક દીવશ પછી પારવતીના હાથ પગ ધોળા થયા તેથી શ્રિ ઠાકોરજીની શેવા કરતાં, રસોઈ કરતાં મનમાં ખેદ આવતો તેથી તેણે પુરૂશોતમદાસ મોહેરાને પત્ર લખ્યો જે માહારા શરીરને આવી અવસ્થા થઈછે તેથી તમે શ્રિઆચારજીને પત્ર લખજો જે મહારા શરીરની આ અવસ્થા છે. શેવા પાક કરતાં મનમાં ખેદ આવેછે પણ હું શું કરૂં તે પુરૂશોતમદાસે શ્રિગોસાંઇજીને વીનતી કરીને તે **પત્ર** વાંચિ સંભળાવ્યું પછી એક મોહોરની ભેઠ મુકી ત્યારે **શ્રી** ગોસાંઇજીએ આજ્ઞા કરી જે બે ચાર દીવશમાં કહીશ તે દીવશ વીતા પછી શ્રિગોસાંઇજીએ પુરશોતમદાસને આજ્ઞા દીધી જે તમે પારવતીને પત્ર લખજ્યો જે શેવા સુખે કરયા કર. મનમાં કોઈ વાતનો ખેદ લાવીશનહી શ્રિઠાકોરજી થોડા દીવશમાં કરમના ભોગ નીવરત કરશે ત્યારે પુરૂશોતમદાસે પારવતીને પત્ર લખ્યો ને શ્રિમુખે કહ્યું હતું તે

સરવે પત્રમાં લખી મોકલ્યું પછી ત્રણ ચાર મહીનામાં હા થ પગ સારા થયા. જેવી પેહેલાં હતી તેવી થઇ ત્યારે પા રવતી બહુજ પ્રસન થઇ શેવા કરવા લાગી ફરી વીનતીનો પત્ર અને ભેટ મોકલી દીધી ને વળી લખ્યું જે રાજના પ્રતાપે કરી હું સારી થઇ છું તે વાંચી શ્રિ ગોસાઇજી બ હુજ પ્રસન થયા પારવતી એવી હતી જે પ્રભુની આગ્યા પ્રમાણે ચાલતી તેથી શ્રિગોસાંઇજી એના ઊપર પ્રસન રહે તા એ એવી ભગવદી હતી એની વાત કયાં સુધી લખાએ.

વારતા ૭ મી.

श्री आचारजीनो शेवक पद्मनाभदासनो पौत्र पारवतीना पुत्र रघुनाथदासजीनी वारता

—:O:—

તે રઘુનાથદાસ શાસ્ત્ર ભણવાને કાશીમાં રહેતા તે શાસ્ત્ર ભણીને શ્રિ ગોકુળ આવ્યા પછી શ્રિ ગોસાંઇજીનાં દરશન કરીને દંડવત કરયો પછી શ્રી ગોસાઇજી મોટા ની મરયાદા રાખીને એના મોં આગળ કથા કહેતા તે સાંભળતો ત્યારે. પરમાનંદદાસે રઘુનાથદાસને કહ્યું કે તું બ હુજ ભણેલો છે તું મોટો પંડીત છે તો કહે કે આજ શ્રી ગોસાંઇજીએ કથા શી કહી તે અમને કહો ત્યારે ર ઘુનાથદાસે પરમાનંદદાસને કહ્યું જે તમે કહો છો તે સાચુ પણ

મેં કાંઈ સાંભળયું નથી એ વાત શ્રી ગોસાઈજીને કહેજો કે મહારાજ રઘુનાથદાસ તો કાંઈમાં કશું સમજતા નથી તે પછી શ્રી ગોસાઈજીએ રઘુનાથદાસને બે ચાર ગ્રંથ ભણાવ્યા મારગની રીતી કહી તે પછી બહુજ સમજવા લાગ્યો મોટો પંડીત થયો કેટલાક દીવશ પછી કનોજ આવ્યો ત્યારે માતાને કહ્યું જે હું જુદો રહીને સેવા કરીશ. ત્યારે માતાએ કહ્યું ભલે તું જ સેવા કર તે પછી એની માતા પારવતી જળ ભરી લાવે પાત્ર માંજે શ્રી ઠાકોરજીની સેવાની સામગરી કરે, રાજભોગ સરે તીયારે અનુસર એટલે તાળા મંગળ કરે પોતાને ઘેર આવે પછી બાટીઓ ભોગ ધરીને પ્રસાદ લે તે પાંચ સાત દીન પછી ઠાકોરજીએ કહ્યું જે મહારૂ ગળુ ખેંચવું પડે છે માટે થોડી દાળ તો કર, તીયારે પારવતીએ કહ્યું કે તમે તો દાળ, ભાત શાક વીગેરે સરવે સામગરી આરોગો છો તીયારે શ્રી ઠાકોરજીએ કહ્યું કે હું તો તારા હાથનું આરોગુ છું તીયારે એ દાળ ભાત વીગેરે સરવે સામગરી કરવા લાગી પછી થોડે દીવશે છોકરાએ કહ્યું કે તુંજ હવે રસોઈ સેવા કર તીયારે રસોઈ સેવા કરવા લાગી રઘુનાથદાસ એવા ભગવદી હતા શ્રિ ઠાકોરજીને સેવા કરીને પ્રસન કરયા એની વાત કયાં સુધી લખીએ.

વારતા ૮ મી.

श्री आचारजीनी शेवक रजोक्षत्राणीनी वारता.

તે રજો ક્ષત્રાણી નીત પકવાન સામગરી કરી રાત્રિએ શ્રી આચારજીને માટે લેઇ જતી હતી તે શ્રી આચારજી આરોગતા તેનો સ્નેહ એવી રીતનો હતો કે એક દીવશ આચારજીના પિતા શ્રી લક્ષમણભટના શ્રાધનો દીવસ હતો તેથી શ્રી આચારજીએ બ્રાહ્મણોને ભોજન કરવા બોલાવ્યા હતા તીયાં ઘી થોડું જોઇતું હતું તીયારે શ્રી આચારજીએ કહ્યું જે રજોને ઘેરથી લઈ આવો તે સાંભળી એક વૈષ્ણવ લેવા ગયો તેણે રજોને કહ્યું કે શ્રિ આચારજીએ ઘી મંગાવ્યું છે તીયારે રજોએ પુછ્યું કે શું કરવા ઘી મગ્યું છે? વૈષ્ણવે કહ્યું કે બ્રાહ્મણોને ભોજન કરવા બોલાવ્યા છે તીયાં ઘી ઓછું છે માટે મંગાવ્યું છે તીયારે રજોએ કહ્યું જે મહારે ઘી નથી. તે સાંભળી વૈષ્ણવ પાછો આવ્યો તીયારે શ્રી આચારજીએ કહ્યું કે તું ફરીથી જા અને તેને બીજીને કહે કે ઘી આપ તીયારે તે વૈષ્ણવ ફરીથી ગયો પણ રજોએ ઘી આપ્યું નહીં તેથી વૈષ્ણવ પાછો આવ્યો અને કહયું જે મહારાજ એતો ઘી આપતી નથી તીયારે શ્રી આચારજી બોલ્યા નહીં ને બીજે ઠેકાણેથી લઇને કામ ચલાવ્યું, પછી રાત્રિએ રજો સામગરી લેઇ

ને આવી તે રજાંને દેખાને શ્રિ આચારજી પુંઠ. દેઇને બેઠા તીયારે એણે કહ્યું કે મહારાજ મહારો અપરાધ શો છે તીયારે શ્રિઆચારજીએ કહ્યું જે આજ લક્ષમણભટજીના શ્રાધનો દીવશ હતો તે બ્રાહ્મણ ભોજનને વાસ્તે ઘી કેમ ના આપિયું તીયારે રજોએ કહ્યું કે હું કાંઇ લક્ષમણભટજીની લુંડી નથી મહારે ઘી નહોતું તેથી મેં આપિયું નહી તીયારે શ્રી આચારજીએ કહ્યું પકવાન સાનાં કરી લાવીશું. તીયારે રજોએ કહ્યું કે મારે ઘી શ્રિઠાકોરજીનું છે તે કેમ કહડાય તમારે ઘણુંએ હતું તે કેમ ના લીધુ તીયારે આચારજી કહે કે તેતો શ્રિ ઠાકોરજીનું હતું તે કેમ લેવાય તીયારે રજાંએ કહ્યુ કે હુંપણ શ્રિઠાકોરજીનું ઘી કેમ આપું તીયારે શ્રીઆચારજી બોલ્યા નહી પછી રજોએ સામગ્રી આગળ મુકીને કહ્યું કે મહારાજ આરોગો તીયારે શ્રિ આચારજીએ કહ્યું કે આજ શ્રાધનો દીવશછે તેથી બાજીવાર આરોગવું નથી. રજોએ કહ્યુંકે તેતો સાચુ પરંતુ તમારા ઘરનું હોયતો તમારાથી ન લેવાય પણ આતો લેવું જોઇએ એવો રજોનો આગ્રહ જોઇને સામગ્રી અંગીકાર કરી અને પોતે આરોગ્યા. રજો શ્રિઆચારજીની એવી કૃપાપાત્ર ભગવદી હતી એની વાતનો કાંઇ પાર નથી તે કયાં સુધી લખીયે.

વારતા ૯ મી.

श्री आचारजीना सेवक काशीना रहेवाशी शेठ पुरशोत्तमदास चोपडा क्षत्रीनी वारता.

શેઠને શ્રિઆચારજીની આગ્ના હતી કે તમે નામ સમરણ આપજો તેથી એ નામ સંભળવતા પોતાને ઘેર શ્રિમદનમોહનજીની શેવા કરતા. રાજશેવા ભલી રીતે કરતા સરવ સંપન હતા. શ્રિમદનમોહનજીને રીત ભાવન બીડાં અરોગાવતા હતા એ પ્રકારે શેવા કરતા, પણ કોઇ દીવશ વીશ્વનાથ મહાદેવના દરશન કરવા જતા નહોતા એમ કરતાં બહુ દહાડો થઇ ગયા તીયરે એક દીવશ મહાદેવજીએ શેઠ પુરશોતમદાસને સ્વપનમાં કહ્યું કે તમે અમારી સાથે ગામની રીત પણ રાખતા નથી તો ભલે પણ વઇશ્નવની રીત તો રાખો કોઇ દીવશ અમને મહાપ્રસાદ તો આપતા નથી એવી વાત સ્વપનમાં કહી તીયારે સવારે ઉઠી સેવાથી તાગીને બહાર આવી વસ્ત્ર પેહેરીને બીડાં ચાર મહાપ્રસાદ લઇને વીશ્વનાથના દેહેરામા ગયા ત્યારે ગામના લોક આશ્ચરય પામ્યા કે ભાઇ પુરશોતમદાસ કોઇ દહાડો આવતા નહી ને આજ શાથી આવ્યા છે તે જોઇ સઘળા લોક ભેગા થયા તે શેઠ શીવાલયમાં આવીને માહાપ્રસાદ તથા બી

ડા આગળ ધરયાં પછી જે શ્રીક્રમ કહીને ઊઠી ચાલ્યા તીયારે મોટામોટા શીવભક્ત બ્રાહ્મણ હતા તે શેઠને પુછવા લાગ્યા જે તમે દંડવ્રત નમસ્કાર કાંઈ ન કરયો ને જે શ્રીક્રમ કરીને ઉઠી ચાલ્યા તે કાંઈ સારૂં ન કર્યું તીયારે શેઠે કહયું જે તમે મહાદેવજીને પુછો તે તમને કહેશે. પછી બ્રાહ્મણોએ મહાદેવને પુછયું તીયારે તે મહાદેવજીનો એક બ્રાહ્મણ કૃપાપાત્ર હતો તેને મહાદેવજીએ સ્વપનાં કહ્યું જે એ મોટા ભગવદી છે અમે એમની પાસે માહા પ્રસાદ માગ્યો હતો તે આપવા સારૂ આવ્યા હતા. અમારે ને એમને જે શ્રીક્રમ વ્યવહાર છે તેથી તમે એમને કાંઈ કહેશો નહી. પછી પુરૂશોતમદાસ કોઈ દીવસ મોટા પછવનો પ્રસાદ લેઈને જતા એક વખત મહાદેવજીએ કાળભૈરવને કહ્યું જે પુરસોતમદાસ વઈશ્નવ એમને ઘેરથી આસુરો આપણે ઘેર આવેછે તેથી તમે એમને ઘેર ચોકીપેરો કરતા રહે જો તે પ્રમાણે કાળ ભૈરવ નીત ધરની ચોકી કરતા. એક દીવશ પુરશોતમદાસ કોઈ વઈશ્નવને ઘેરથી પોતાને ઘેર આવતા હતા તેવારે કાળભૈરવ પાછળપાછળ ચ લ્યો આવતો હતો. તે શેઠ જ્યારે ધરના બારણા આગળ આવ્યા ત્યારે શેઠે પાછા ફરીને જોયું તો કાળભૈરવ દીઠા ત્યારે એને પુછ્યું જે તું કોણ છે? એ બોલ્યા કે હું કાળભૈરવ છું. મને મહાદેવજીની આગ્ના છે તેથી તમારા ધરની ચોકીપેરો કરૂંછું ત્યારે શેઠ ખડકી અડકાવીને અંદર ગયા.

વળી એક દક્ષિણ દીશાનો બ્રાહ્મણ બનારસ આવ્યો તે મહાદેવજીનો કૃપાપાત્ર હતો તે બ્રાહ્મણ સાક્ષાત મહાદેવજીનાં દરશન કરતો ત્યારેજ જળપાન કરતો. જે દીવશે સાક્ષાત દરશન ન થાય તે દીવશે ઉપવાસ કરતો એ એવો હતો તે એક સમયે જન્માષ્ટમીનો ઓછવ આવ્યો તે તે દીવશ તેને દરશન ન થયાં ત્યારે તેણે બીજે દીવશે મહાદેવજીને પુછ્યું જે મને કાલે અને આજ બેપોહોર, દહાડા લગી દરશન ન થયાં તેનું કારણ શું? ત્યારે મહાદેવજીએ કહ્યું જે હું શેઠ પુરૂશોતમદાસને ઘેર જન્માષ્ટમીનો ઓછવ જોવાને ગયો હતો ને ત્યાંથીજ આવ્યો છું ત્યારે તે બ્રાહ્મણે પુછ્યું જે શેઠ પરસોતમદાસ કોણછે? જેને ઘેર તમે ઓછવ જોવા જાઓછો. ત્યારે મહાદેવજીએ કહ્યું જે એ મોટા ભગવદી છે ત્યારે બ્રાહ્મણે કહ્યું કે અમને ભગવદ ભકત કરો ત્યારે મહાદેવજીએ તેને કહ્યું કે તમે જઇને શેઠ પરસોતમદાસ પાસે નામ પામો. એવું સાંભળી તેણે કહ્યું જે તમે અમને નામ આપો ત્યારે મહાદેવજીએ કહ્યું જે હું તમને નામ આપું પણ મારૂ નામ તમને ફળશે નહી એ મારગના આચ્યારજ અમે નથી પછી એ બ્રાહ્મણ શેઠ પાસે આવ્યો ને બહાર ઉભા રહી શેઠને ખબર કરાવી જે એક બ્રાહ્મણ આવ્યો છે ત્યારે શેઠે કહ્યું જે તેને બેસારો માથુપકવવાને આવ્યો હશે પછી આપ શેવાથી પોહોચી બાહેર આવ્યા તીયારે એણે દંડવત કર્યા પ

છી શેઠે કહ્યું જે આ આવળુ કેમ કરેછે અમ ક્ષત્રિ ને ત મે બ્રાહ્મણ માટે તમને આ ન ઘટે. તીયારે એણે કહ્યું જે શેઠ અમને નામ આપો બહુ આગ્રહ કરયો પણ નામ આપિયું નહી તીયારે ફરી મહાદેવજી પાસે આવ્યો અને કહ્યું જે અમને નામ આપતા નથી તીયારે મહાદેવજી એ કહ્યું જે તું અમારૂ નામ લેજે ને કહેજે જે મને મહાદેવજીએ મોકલ્યો છે. અને તમને કહાવ્યું છે જે મને નામ આપો તેથી કૃપા કરીને નામ આપો પછી શેઠે એને નામ સંભળાવ્યું પછી એને શેઠે હાથ જોડીને જે શ્રી કૃષ્ણ કહ્યા તીયારે એ બ્રાહમણે કહ્યું કે તમે અમને પ્રણામ કેમ કરો છો તીયારે શેઠે કહ્યું કે હવે તો તમે ભગવદ્ભક્ત થયા મહારે તો પગે લાગવા જોગ છો, તમારે ને અમારે ધન શ્રી આચારજી છે હું તો એમની આજ્ઞાથી નામ આપુછું પછી એ બ્રાહમણ શ્રી આચારજી પાસે આવ્યો ને ફરી નામ નિવેદન પામ્યો પછી કેટલાક દીવશ તીયાં રહીને શ્રી આચારજી પાસે ભણ્યો પછી પોતાને દેશ આવ્યો.

વળી ફરી એક દીવશ મંદીરમાં બેઠેબેઠે મંદીર વસ્ત્ર કરતા હતા એટલામાં છોકરો ગોપાળદાસ પછવાડેથી નાહીને સયન કરાવવા સમે આવ્યો ને જુવે તો શેઠ બેઠાબેઠા મંદીર વસ્ત્ર કરેછે તીયારે ગોપાળદાસના મનમાં એમ આવ્યું જે શેઠ વૃધ થયાછે તોપણ હજુ સુધી સેવામાં

નતપર રહેછે એ વાત એમના મનની પુરશોતમદાસે જાણી ત્યારે કહયું કે બેઠા આબા આવો પછી ગોપાળદાસજી નજીક આવીને જુએ તો પોતાના પીતાને વરસ પચ્ચિશની ઊમરના જુવાન દીઠા તીયારે કહયું કે ભગવદભક્ત સદાકાળ જુવાનજ રહેછે પણ અવસ્થા માની લેછે.

વળી ઝાડ ખંડમાં મંદાર ઠાકોર છે. મધુર સુદન પર્વત ઉપર મંદીર છે તે પર્વતનું નામ મંદાર પર્વત છે. એ પર્વત ઉપરથી મનુષ્ય પડે તો તે મરી જાય નહી ને પોતાના મનમાં જેવુ પાપ કરીને કામના ધારીને પડેતો દેહ છુટે પછી સર્વ કામના સીધ થાય. એવું એ સ્થળ છે ત્યાં શ્રી આચારજી પેહેલા પધારયા હતા ત્યારે પુરશોતમદાસને એક બ્રાહ્મણ શ્રી આચારજીનો શેવક એ બે જણા એ પરવત ઉપર દરશનને માટે ચડયા ત્યારે દરશન કરયાં પછી રાત્રી પડી તેથી ત્યાંજ બેશી રહ્યા. પછી એક કોઈ બ્રાહ્મણે પુછયું જે તમે કોણ છો ત્યારે પેલા બ્રાહ્મણ બોલ્યો કે અમે વૈશનવ છીએ, શ્રી આચારજીના શેવક છીએ ત્યારે એ બ્રાહ્મણે કહ્યું કે મારી પાસે એક મણી છે તે તમને આપવું તે તમે લેશો? ત્યારે વૈશ્નવ બ્રાહ્મણે પુછયું કે તે મણી શા કામમાં આવેછે? તારે એણે કહયું જે આ મણી એવો છે કે જે માગે તે આપે ત્યારે એ વૈશ્નવે કહયું કે હું તો વીરક્ત (ત્યાગી) છું હું મણી લેઇને શું કરૂં. આગારી સાથે

એક ક્ષત્રી છે તેને આપો તારે બ્રાહ્મણે કહ્યું કે એને જગાડો. પછી પુરશોતમદાસને જગાડીને પુછ્યું કે આ મણી લેશો? ત્યારે પુરસોતમદાસ બોલ્યા જે એ મણી શા કામમાં આવે. ત્યારે મણીનો મહિમા કહયો. પછી શેઠે કહ્યું કે એ અમારા કામની નથી તેથી ન લીધો તે વારે એ બ્રાહ્મણ પાછો ગયો. પછી પુરશોતમદાસને પોતાના સાથી બ્રાહ્મણે પુછ્યું કે તમે મણી કેમ ન લીધો. તમે તો ગૃહસ્થ છો, બહુ કુટુંબી છો, તમારે માથે ખરચ છે ને તમે મણી કેમ ન લીધો. તમારે મણી લેવો ઉચીત હતો. ત્યારે શેઠે કહ્યું અરે ગાંડા બ્રાહ્મણ હું શું ઠાકોરજીનો આશ્રય છોડી મણીનો આશ્રય કરૂં ત્યારે મારાથી શી ગતી? પછી બ્રાહ્મણને કહ્યું કે તેં કેમ ન લીધો ત્યારે બ્રાહ્મણે કહ્યું કે હું તો વીરક્ત છું તે મણી લઈને શું કરૂં મને તો જગદીશ શેર અન્ન આપી રહે છે તારે શેઠે કહ્યું. જે તને શેર અન્ન જગદીશ આપશે તો મને દસ શેર કેમ નહી આપે. જગદીશને શી વાતની કમી છે? તારે એ બે જણે મણી ન લીધો. એમને શ્રી ઠાકોરજી ઉપર એવો દ્રઢ વિશ્વાસ છે એવા ભગવદી કૃપા પાત્ર હતા.

વળી એકદીન શ્રી આચારજી શેઠને ઘેર પધરામણી આવ્યા તારે સેવ્ય ઠાકોર શેઠના મદન મોહનજી તેમને

પંચામૃત સ્નાન કરાવીને ભોગ સમરપ્યો. પછી ભોગ સરાવી અનુસર કરયા પછી આપે ભોજન કરયું. ત્યારે દામોદરદાસ હરસાણી સાથે હતા તેણે શ્રી આચારજીને પુછ્યુ જે આ શું? ત્યારે શ્રી આચારજીએ કહ્યું કે એ આદ્યાપી સુધી આસાથી નાગ દેછે તેથી મારે એની મર્યાદા રાખવી જોઇએ. એ એવા ભગવદી કૃપા પાત્ર હતા એમની વાત કયાં સુધી લખીએ.

—o—

વારતા ૧૦ મી.

श्री आचारजीना शेवक पुरशोतमदासनी पुत्री रुक्षमणीनी वारता.

——※O※——

એક સમે શ્રી ગોસાંઇજી કાશીમાં હતા તાંહાં સુર્ય ગ્રહણ થયું તારે શ્રી ગોસાંઇજી મણી કરણીકાના ઘાટ ઉપર સ્નાન કરવા સારૂ પધારયા. તારે રૂક્ષમણીએ પણ ઘરમાં શ્રી મદનમોહનજીને સ્નાન કરાવીને પોતે મણી કરણીકાના ઘાટ ઉપર સ્નાન કરવાને શ્રી ગોસાંઇજી પધારયા જાણીને આવી. તારે કોઇ વૈશ્નવે શ્રી ગોસાંઇજીને કહ્યું માહારાજ રૂક્ષમણી પણ આવી છે. તારે શ્રી ગોસાંઇજીએ કહ્યું જે રૂક્ષમણી આગળ આ-

વ. પાછે બાબાવીને પુછ્યું જે તું કેટલેક વરથી સ્નાન કરવા આવી તારે કહે માહારાજ ચોવીશ વરથી આવી. એ વાત સાંભળીને શ્રી ગોસાહજીનું હૃદય ભરાઈ આવ્યું ને કહ્યું કે જુઓ એવા ભગવદી જેને શેવા કરતાં એક ક્ષણની નવરાશ નથી જે સ્નાન કરવા આવે. તારે શ્રી ગોસાઈજી રૂખમણીને દેખીને બહુજ પ્રસન થયા.

વળી એક સમે ક્ષત્રી લોક કારતીક સ્નાન કરતા હતા તારે રૂખમણીએ પુરશોતમદાસને કહ્યું જે તમે કહેતો હું સ્નાન કરૂ. તારે શેઠે કહ્યું ભલે. કારતીક સ્નાન કર, જોઈએ તે લે. પછી રૂખમણીએ કહ્યું કે ખાંડને ઘી આ-
૫ ણો તે પ્રમાણે શેઠે ખાંડ, ઘી અપાવ્યુ ને મેહેતો ઘરમાં હતો જ્યારે પાછલી રાત્રી એક પોહોર રહે તાંપા ઉઠીને રાજ ભોગ લગી નઉતમ સામગ્રી કરીને સમરપે. ફરી ઉથાપનથી સેંયન ભોગ લગી સમરપે એવું કારતીક માસમાં એ કરે. બઈશાખમાં શીતળ સામગ્રી કરે તે માહા પ્રસાદ વેશ્નવને લેવરાવે. તારે પુરશોતમદાસે રૂક્ષમણીને પૂછ્યું જે હે પુત્રિ અમે તો તમને સ્નાન કરવા જતાં દેખતા નથી તો તું કારતીક માસ નાહ્યશે કે નથી નહાતી. તીયારે રૂક્ષમણીએ કહ્યું જે મારે સ્નાનનું શું કામ છે હું તો ઠાકોરજીને સામગરી નવીન કરી ભોગ ધરૂંછું એવી રીતનું સ્નાન કરૂછું એવું સાંભળીને શેઠ પુરશોતમદાસ બહુ

પ્રસન થયા. વળી શ્રીગોસાંઇજી રૂક્ષમણીને જોઇને કહેતા જે એમને શ્રી ઠાકોરજી કોઇ દીવશ છોડયા નથી.

વળી કેટલાક દીવસ પછી રૂક્ષમણીની દેહ અશકત થઇ તીયારે વીચાર્યું કે હવે તો દેહ છુટે તો સારૂ. શ્રી ઠાકોરજીની શેવા ન બની આવે તો આ દેહ શા કામની છે પછી કેટલેક દીવશે દેહ છુટી તીયારે કેટલાક દીવશ પછી કોઇ વઇશ્નવે શ્રીગોસાંઇજીના આગળ કહયું જે રૂક્ષમણી ગંગામાં મળી તીયારે તેમણે કહયું કે એવું નકહો પણ એવું કહોકે ગંગાને રૂક્ષમણી મળી એવુંકહો રૂક્ષમણી એવી ભગવદી હતી તેમની સરાહના પોતે શ્રી ગોસાંઇજી શ્રી મુખેથી કરતા.

વારતા ૧૧મી.

શ્રી આચારજીના શેવક પુરશોતમદાસના દીકરા ગોપાળદાસની વારતા.

એમને સેવ્ય શ્રિઠાકોરજી આનુભાવના દેખાડતા હતા, જે જોઇતુ તે માગી લેતા, વાતો કરતા એવું સદા કાળ કૃપા કરતા. વળી ગોપાળદાસ કીરતન બહુ કરતા જ્યારે ગોપાળદાસની દેહ અશકત બહુ થઇ તીયારે ભગવાન નામનો ઉચ્ચાર કરતા શ્રી આચારજીના ગરંથ સુબોધની

શ્રી ભાગવત શ્રી ગોસાઈજીના રહસ્ય, સઘળા ગરંથ પાઠ કરતા. ભગવત લીલામાં મગન રહેતા. સદાકાળ લીલાનો વીચાર કરતા એમ કરતાં કાળ વીતો. પછી દેહ છુટી ત શ્રી ગોસાઈજીએ સાંભળી તારે આપે શ્રી મુખથી એમની સરાહના કરીને કેહેતા જે એવા ભગવદી તો દુરલભ છે જે વઈશ્નવને મારગની વારતા કહેતા ને પોતાનો નીરવાહ કરતા એવા ભગવદી હતા તેથી તેમની વારતા કયાં સુધી લખીએ

——o❀o——

વારતા ૧૨ મીં.

श्री आचारजीना शेवक रामदास सारस्वत ब्राह्मणनी वारता.

——※o※——

એ રામદાસ શ્રી ઠાકોરજીની સેવા સારી રીતે કરતા હતા એ અપરસતાથી જલ લેતા, બીકુએ પણ અપરસતામાં લેતા એ પ્રકારે રહેતા એમની પાસે દ્રવ્ય બહુ હતું. તે કેટલાક દીવશ પછી દ્રવ્ય ખરચ થઈ ગયું તે થોડામાં આઆવીને રહયું તીયારે મનમાં વિચાર કરયો. કે જે કાંઈ આપપત હોય તો સારી તીયારે દ્રવ્ય રહ્યો હતો તે વ્યાજે આપ્યો તેનું વ્યાજ બહુજ આવવા લાગ્યું તીયારે રામદાસજીના સેવ્ય ઠાકોર શ્રી નવનીધપ્રીયાજી હતા તેમણે રામ

દાસને કહ્યું જે અરે રામદાસ તેં તો હજી લગી અમને
તો દ્રવ્ય દેખાડ્યું નથી તીયારે રામદાસ એવું સાંભળીને
ધીમા રહીને કહ્યું જે મહારાજ હું તો ચુકયો પણ તે દી
વશે પેલા દ્રવ્યવાળા પાસે ગયા અને કહ્યું કે મારૂં
દ્રવ્ય છે તે લાવ. તીયારે તેણે કહ્યું જે એ દ્રવ્ય માગવા
નું કારણ શું છે. રામદાસે કહ્યું જે હું શું કરૂં છોકરાં
જોડે કામ પડ્યુંછે તેથી છોકરાનું મન રાખવું જોઈએ ત્યા
રે તે દીવશે દ્રવ્ય હતું તે સઘળું આપ્યું તે લઈને ઘેર આ
વ્યા ફરી એ સેવા કરવા લાગ્યા ત્યારે તે દ્રવ્ય ખુટ્યું ત્યા
રે વાણીઆને હાટેથી ઉધારે લેવા લાગ્યા ત્યારે રણ ગા
થે બહુ થયું ત્યારે તે દુકાનેથી ઉધારો છોડી દેઈ બીજી
દુકાને લેવા લાગ્યા પણ એની દુકાને આવેજ ન
હી. બીજે ઠેકાણે આવે ને જાય ત્યારે એક દીવશ કોઈ વ
ઈશ્નવને ઘેર જતા હતા ત્યારે રસ્તામાં વાણીઓ મળ્યો તે
ણે કહ્યું જે ઉચાપત થયા તો ભલે પણ મારૂં લેહેણું દ્ર
વ્ય છે તેતો આપો એવી રીત તગાજો બહુજ કરવા લા
ગ્યો ત્યારે શ્રી ઠાકોરજી રામદાસનું સ્વરૂપ ધરીને એ વા
ણીઆની દુકાને ગયા અને કહ્યું જે તારો હીસાબ દેખા
ડીને પઈસા ચુકાવી લે. રૂપઆ સો વધારે આપા ને શ્રી
ઠાકોરજી પોતાને હાથેજ તે વાણીઆના ચોપડામાં લખી
આવ્યા પણ એ વાત રામદાસજી ન જાણે તેથી એક દીવ
શ રામદાસજીને કોઈ વઈશ્નવ બોલાવવા આવ્યો ત્યારે તે

ની સાથે આવ્યા તે એ વાણીઆની દુકાન આગળ થઈને નીકળ્યા તે એ વાણીઆએ દીઠા ત્યારે કહયું જે તમ મારી દુકાનેથી ઊધારે નથી લેતા તો મારૂ અભાગ્ય. પણ તમારી થાંપણ છે તેતો લેઈ જાઓ ત્યારે રામદાસજીએ કહયું જે હમણાં આવીશ મનમાં વીચાર કરયો જે મેં તો કોઈ આપૂં નથી ને એ કેહેછે જે તમારી થાંપણ તો લેઈ જાએ તેનું કારણ શું. તે કાંઈ સમજાતું નથી. શ્રિ ઠાકોરજી ના ધારયાથી આ કામ થયું હશે ત્યારે રામદાસજી વઈશ્નવને ઘેરથી પાછા ફરીને આવ્યા ત્યારે એ વાણીઆની દુકાને ગયા જઈને લખેલું નામુ જોયું ત્યારે વાણીઆએ કહયું જે આમાં તમ શું જુવો છો તમારે હાથેજ લખ્યું છે. જાએ તો શ્રી ઠાકોરજીના અક્ષર તેથી પોતે ચુપ થઈને રહ્યા, અને ઘરમાં આવીને સ્ત્રિને કહયું જે હવે હું ઘરમાં નહી રહું કોઈની ચાકરી કરીશ. પછી એક ઘોડો વેચાથી લીધો. ખાંડાં હથીઆર બાંધ્યાં અને શીપાઈગીરીમાં ચાકરી કરવા લાગ્યા ત્યારે એટલી અપ્રસ છુટી જે ખાંડાં તથા જળ એમને એમ લેવા લાગ્યા અને કેટલાક દીવશ પછી રામદાસજી શ્રી આચારજીનાં દરશને ગયા ત્યારે હથીઆર બાંધીને જઈને દંડવત કરયો ત્યારે શ્રીઆચારજીએ કહયું જે ધન્ય રામદાસ તને ધન્ય છે તે વખત બીજો વઈશ્નવ પાસે બેઠો હતો તે કેહેવા લાગ્યો કે મહારાજ તમે એને ધન્ય કેમ કહોછો હવે તો એ શીપાઈમાં ચાકરી કરે છે

એની બીજી અપ્રસ છુટી ત્યારે શ્રી આચારજીએ કહ્યું જે એને ધન્ય છે જે શ્રી ઠાકોરજીને શ્રમ કરાવતા નથી. એની બરાબર બીરજવાન કોઇ નથી. વળી શ્રી આચારજીના ઘર આગળ મોટો એક ખાડો હતો તે એક દીવશ શ્રી આચારજી ગંગાજીએ સ્નાન કરવાને પધાર્યા ત્યારે કહ્યું કે આ ખાડ હજુએ પુરાયો નથી એટલું કહેતા માત્ર માં સઘળા વઇશનવો ટોપલા લઇને ખાડ પુરવા લાગ્યા ત્યારે રામદાસજી હથીઆર પાસે છે ને કપડાં પેહેરેલાં છે ને એક મોટો ટોપલો લઇને નાંખવા લાગ્યા એવે શ્રી આચારજી સ્નાન કરીને પધાર્યા તે પેહેલાં ખાડો પુરી નાંખ્યો પછી રામદાસજીને ખાડો પુરતાં દેખીને શ્રી આચારજી બહુજ પ્રસન થયા.

રામદાસજીને કાંઇ સંતતી નહોતી ત્યારે સ્ત્રિએ કહ્યું જે તમે બીજો વીવાહ કરો તો તમારે બાળક થાય, ત્યારે રામદાસજીએ કહ્યું જે અમારે તો બાળકની ઇછાજ નથી ત્યારે સ્ત્રિએ કહ્યું કે મારે તો ઇછા છે ત્યારે રામદાસજીએ કહ્યું કે ભલે તને ઇછા હોય તો મહિના એક લગી આપણા નવનીતપ્રિયાજી સેવ્ય તેની સેવા બાળકભાવથી કરો જેવું બાળકને હેતથી જમાડીએ ખવરાવીએ તેવું શ્રિ નવનિધ પ્રિયાજીને લાડ લડાવો તો તમારે બાળક થશે પછી એજ પ્રકારે સેવા કરતા એમને બાળક થયું તેવા શ્રિઆચારજીનો પ્રતાપ એવોજ છે. રામદાસજી એ-

વા કૃપાપાત્ર ભગવદી હતા તેમની વાત ક્યાં સુધી લખીયે.

વારતા ૧૩ મી.

श्री आचारजीना शेवक गदाधरदास सारस्वत ब्राह्मण कडागाममां रहेता तेनी वारता.

એમને ઘેર શ્રિ મદનમોહનજીની સેવા હતી. શ્રી ઠાકોરજી મોટા ગંભીર સ્વરૂપ હતા. એમને ઘેર જે પ્રમાણે આવતું તે પ્રમાણે સમરપતા હતા તેમને એક દહાડો જજમાનની વરતીમાંથી કાંઈ આવ્યું નહી ત્યારે બાળભોગમાં જળ સમરપ્યું પછી રાજભોગમાં પણ જળ સમરપું એમ કરતાં શયનભોગ પણ જળનો સમરપો. પછી મનમાં બહુજ ખેદ થયો અને છાતીમાં આગની બળવા લાગ્યો એમ કરતાં સુઈ રહ્યા ને રાત્રી દોડ પહોર ગઇ ત્યારે એક જજમાન બારણે આવીને પોકારવા લાગ્યો કે કમાડ ઉઘાડો ત્યારે ગદાધરદાસે કમાડ ઉઘાડ્યા ત્યારે એ જજમાને રૂપિઆ બાર, વાગો ૧, બીજી સામગરી પદની હતી તે આપીને વળી કહ્યું કે આજે મહારે શ્રાધ હતું તેની દક્ષણા છે ત્યારે ગદાધરદાસે લીધું વાઘો બીજી સામગરી સઘળુ ધરીને તે મધ્ય બજારમાં ગયો ત્યાં એક હલવાઇ સારી

મીઠાઇ કરતો હતો તેને ઘેર ગયો ને પુછયું કે તહારે ઘેર મીઠાઇ છે? ત્યારે એણે કહ્યું કે હમણાજ કરી છે એમાં થી વેચી નથી ત્યારે તે સારી, જલેબી લેઇને તેનું મુલ આપીને પોતાને ઘેર આવ્યો સ્નાન કરીને શ્રી ઠાકોરજીને જગાવી ભોગ સમરપો. ભોગ સરાવી અનુસર કરી વઇશ્નવ ને બોલાવી લાવ્યો મહાપ્રસાદ સરવેને લેવરાવ્યો તે સમે અત્યંત સ્વાદ ઉતપન થયો પોતે પણ લીધો અને સુઇ રહ્યો પછી સવારે ઉઠી બીજી સામગરી લાવ્યો રસોઇ કરી ભોગ સમરપો ભોગ સરાવી ફરી વઇશ્નવને બોલાવી લાવ્યો જ્યારે વઇશ્નવ પ્રસાદ લેવા બેઠા ત્યારે પુછયું જે કાલનો પ્રસાદ લીધો હતો તે અતી સ્વાદીષ્ટ હતો, કે કરવા વાળા હતા તે પ્રકારે અમે પણ બનાવીએ તીયારે ગદાધરદાસે જે પ્રકાર કરયો હતો તે સઘળો કહ્યો તીયારે સઘળા પ્રસન થયા ને કહ્યું જે જુઓ ભાઇ ગદાધરદાસ કંઉ બોલ્યા નહી.

વળી એક દીન ગદાધરદાસે વઇશ્નવને પ્રસાદ લેવા બોલાવ્યા છે પણ ઘરમા કશું શાક નહોતું તીયારે ગદાધરદાસે કહ્યું જે કોઇ એવો વઇશ્નવ છે જે શાક લેઇ આવે તેમાં એક વઇશ્નવ હતો તેણે કહયું કે હું શાક લેઇ આવુ, તીયારે ગદાધરદાશે કહયું ભલે પછી તે બજારમાં જઇને ઓબની ભાજી લેઇ આવ્યો તેને સારી રીતે સમારીને રસોઇમા આપી તે રસોઇ શીઘ્ર થઇ તીયારે શ્રી ઠા

કોરજી આરોગ્યા પછી વધ્યભવ પ્રસાદ લેવા બેઠા તેમને ભા
જી અત્યંત સ્વાદીષ્ટ લાગી તીવારે ગદાધરદાસે એ વધ્યભવ
ને આશીરવાદ દીધો ને કહ્યું કે હરીની ભક્તી તને દ્રઢ થ
શે. પછી એ ભલો વધ્યભવ થયો તે ગદાધરદાસ એવા ભ
ગવદીય હતા તેના આશીરવાદવડે એની બુધી ફરીગઈ એ
મની વારતા ક્યાં સુધી લખીએ.

વારતા ૧૪ મો.

श्री आचारजीना शेवक बाबावेणु तथा कृश्नदास गां
गडीआ सारस्वत ब्राह्मण तथा जादवदास वाणीओ
खवास ए त्रणेनी वारता.

તે કૃશ્નદાસ તથા જાદવદાસ એ બંને જણા કેસવરા
યજીના મંદીરમાં કીરતન કરતા હતા. તે કીરતન "દેખી
દેખી ન ગીરીવરધરન" એટલુંજ પદ ગાતામાં કૃશ્નદાસે
દેહ છોડી ત્યારે જાદવદાસે બાબાવેણુવેને કહ્યું કે કૃશ્નદાસે
મંદીરમાં કીરતન કરતાં દેહ છોડી તીવારે બાબાવેણુએ કહ
યું કે અમે તો દેહ શ્રીનાથજીના દ્વારમાં છોડશું પછી
કૃશ્નદાસનો સંસ્કાર કરીને કેશવરાયજીની પછવાડે શુધ થ
ઇ શ્રિનાથજી દ્વાર આવ્યા પછી બાબાવેણુએ શ્રિનાથજી
ના આગળ કીરતન કર્યું તીયારે શ્રિનાથજીના કંઠમાથી

માળા ગરી તે માળા તથા એક બાંડુલેઇને રામદાસજીએ બાબાવેણુને આપિ તે લેઇ એમણે માથે ચઢાવી ને કહ્યુ જે શ્રીનાથજીએ અમને વીદાયગીરી કરી પછી દંડવત કરીને નીચે ઉતરયા પછી બાબાવેણુએ જાદવ ખવાસને કહ્યું કે હું તો પરવતથી ઉતરીને દેહ છોડીશ તું વેહેલો આવજે રહીશ નહી. પછી બાબાવેણુએ પરવતથી ઉતરીને પરવતને દંડવત કરયો ને પછી દેહ છોડી પછી જાદવ ખવાસે સંસ્કાર કરયો તીયાર પછી શ્રીગોસાઇજીએ જાદવદાસને શ્રિનાથજીની ટેલમાં રાખ્યો તીયાં તે સેવા સારી રીતે કરવા લાગ્યો તે સેવાથી પોહોચિને નીચે ઉતરે તીયારે રસ્તામાં કંઇ પડેલાં લાકડાં વગડામાં હોય તે એકઠાં કરે એમ કરતાં જ્યારે લાકડાં એકઠાં થયાં તીયારે તેની એક ચિતા ખડકી ને અગ્નિ લેઇ આવ્યો ને જે તરફનો વાયુ આવતો હતો તે તરફ અગ્ની મુકી પછી પોતે સ્નાન કરી શ્રીઠાકોરજીનું સમરણ કરી ને ધણીને પગે લાગીને ચિતામા પેસી દેહ છોડી તથા એને અગ્નીસંસ્કાર થયો તેનો હેતુ એવો હતો જે કૃષ્ણદાસ તથા બાબાવેણુને તો મેં અગ્નીસંસ્કાર કરયો પણ મારે બીજા વઇશ્નવને દુઃખ શું કરવા દેવું પડે. બીજા વઇશ્નવને સેવામાં વીરોધ થાય તેથી મહારે હાથેજ અંગ્નીસંસ્કાર કરૂં તો સારૂં એમ જાણી પોતાની મેળેજ અગ્નીસંસ્કાર કરયો એ એવા કૃપાપાત્ર હતા તેથી પોતાની ઇછાએ દેહ છોડી તેગો

વાળે દીઠી તેથી તેમને આશ્ચરય લાગ્યું એ એવા ભગ વદી હતા.

વારતા ૧૫ મી.

श्री आचारजीना शेवक उत्तमश्लोकदास साचोरा ब्राह्मणनी वारता.

તે ઉતમસ્લોકદાસ શ્રિનાથજીના સેવકની રસોઈ કર તા ને પોતે આપેજ પિરસતા તેથી બધા વઈશ્નવ એમને મેહેતારી કહીને બોલાવતા એ એવા ભગવદી હતા.

વારતા ૧૬ મી.

श्री आचारजीना शेवक इसरदेव साचारा ब्राह्मणनी वारता.

તેમને શ્રિઆચારજીએ ઊતમસ્લોકદાસની સાથે રા ખ્યા તે શ્રિનાથજીના સેવકની રસોઈ કરતા તે પોતાની ગાં ઠનું ઘી મંગાવીને પિરસતા એમના નેક કરતાં અધીક મુ કતા તેથી બધા વઈશ્નવ એમને મેહેતારી કેહેતા તે વાત શ્રીગોસાઈજી સાંભળીને બહુ પ્રસન થયા અને ઇસરદેવને

ગોલાવીને પુછ્યું કે તમે તમારી ગાંઠનું ઘી મંગાવીને શા વાસ્તે મુકો છો એમને નેક પ્રમાણે તો મળેછે તીયારે એણે કહ્યું કે મહારાજ એમને શેવામાં શ્રમ બહુ થાય છે એ સાંભળીને શ્રિગોસાઇજી બહુ પ્રસન થયા એમને વઇશ્નવ ઉપર એવો સ્નેહભાવ છે પછી શ્રિ ગોસાઇજીએ કહ્યું કે તું માગ હું તારા ઉપર પ્રસન છું તીયારે એણે ખુશી થઇને કહ્યું કે મહારાજ હું એટલું માગુછું કે આપ ઉ ઉપરથી મહારૂ મન કોઇ દહાડો અપ્રસન થાય નહી તીયારે શ્રીગોસાઇજીએ કહ્યું કે એમ થશે તીયારે બધા વઇશ્નવે કહ્યું કે એણે શું માગ્યું તીયારે ગોસાઇજી સાંભળીને રહ્યા પછી હરીદાસ ખવાસે શ્રિગોસાઇજીને કહ્યું જે મહારાજ એ સંદેહ તો મારા મનમાં પણ થયો છે કે એણે શું માગ્યું? તીયારે શ્રિ ગોસાઇજીએ કહ્યું કે એ સંદેહ તો એનાથીજ મટશે તીયારે બધા વઇશ્નવોએ મળીને ઉતમ સ્લોકદાસને પુછ્યું જે તમે શ્રિગોસાઇજી પાસે આ શું માગ્યું તીયારે કહ્યું કે જ્યારે શ્રી ગોસાઇજી મારા ઉપર પ્રસન થઇને કહે કે હું તારા ઊપર પ્રસન છું તું કાંઇ માગ તીયારે મને શ્રિ ઠાકોરજી બહુજ પારા લાગ્યા તીયારે મનમાં એમ આવ્યું જે આજ પ્રભુની પ્રસનતાથી પ્યારો અધીક લાગુછું ને હુ શેવક કદાચિત કોઇ અપરાધથી મારી ખુપીથી અપ્રસનતા થઇ જાય તીયારે મારૂં મન બગડે તેથી આ માગ્યું જે સદાનીરંતર તમારા ચરણારવિંદને વી

થે સદા મન પ્રસન રહ્યા કરે તે એમના આપ્યાથી રહે એ સાંભળીને વધશનવ બહુ પ્રસન થયા ને ગીચાર્યું જે શેવ કનો ધરમ એવોજ જોઇએ પછી ગિંગાસાંઇજીએ પ્રસન થઇને શ્રીનાથજીના શ્રીઅંગની સેવા આપી તે ઊતમસ્લો. કદાસ એવા ભાગવદી હતા એમની વારતા કયાં સુધી લખીએ.

—*O*—

વારતા ૧૭ મી.

श्री आचारजीनी शेवक एक रजबुताणीनी वारता.

—*O*—

એક દીવશ જગંનાથ જોશી અને રાણા વ્યાસ નદીમાં નહાતા હતા તે સમે એક રજપુતાણી સતી થવાને આવી તે નદી ઉપર આવીને બેઠી તીયારે જગંનાથ જોશીએ રાણા વ્યાસને પુછ્યું જે આ સતી થાય છે તેનો શો પ્રકાર છે? ત્યાયારે રાણા વ્યાસે માથુ હલાવીને કહ્યું જે આવું સુંદર શરીર પ્રેતની સંગાથે બાળે છે તે માથુ હલાવતા રજપુતાણીએ દીઠું તથી તે સતી થઇ નહી બહુ આહુ આગ્રહ કરીને રહી ત્યારે બધાએ મળીને એ સ્ત્રિને ગામબહાર ઝુંપડી કરી આપિને ત્યાં રાખી પછી બીજે દહાડે જગંનાથ જોશી તથા રાણાવ્યાસ સ્નાનને સારૂ ત્યાં આવ્યા તે વખતે તે સ્ત્રિ પણ ત્યાં સ્નાનને સારે આવી

ત્યારે તેણે દંડવ્રત કરીને રાણા વ્યાસને પુછ્યું જે મહારા
જ તમે કાલે માથુ હલાવીને કાંઇ વાત કરી તેનો શો અ
ભીપ્રાય છે? ત્યારે એમણે કહ્યું કે અમે તો સેહેજ માથુ
હલાવ્યું હતું ત્યારે તે સ્ત્રિએ કહ્યું કે એ વાત તે યથાર
થ કહી જોઇએ છું તો એ વાતને લીધે સતી ન થઇ તે
થી સરવથા કેહેવું જોઇએ ત્યારે રાણા વ્યાસે કહ્યું કે મા
થુ હલાવ્યુ તેનું કારણ એછે જે આ સુંદર શરીર પ્રેતની
સાથે બળેછે તે વૃથા પરેતની સાથે બળેછે. આ દેહ કો
ઇ ભગવત કાર્યમાં ન આવ્યો ત્યારે તે સ્ત્રિએ કહ્યું કે
આ દેહ ભગવત કાર્યમાં આવે એવો કોઇ ઊપાય બતા
વો ત્યારે રાણા વ્યાસે કહ્યું કે તને સુતક ઊતરશે તે પછી
ઊપાય બતાવીશું. ત્યારે એ રજપુતાણી સુતક ઉતરયા પ
છી એમની પાસે આવીને કહયું જે કાંઇ કૃપા કરવી હોય
તે હવે કરો. ત્યારે રાણાવ્યાસે તેને નામ સુંભળાવ્યું ત્યા
રે તેણે વીનતી કરી જે કાંઇ કામકાજ બતાવો તીયારે તે
ને પ્રથમ તો ધોતીયું ધોવાનું કામ બતાવ્યું ને પછી જ
ળ ભરાવવા લાગ્યા એવી રીતે તે રાણા વ્યાસના ઘરનું કા
મકાજ કરવા લાગી પછી શ્રી આચારજી પધારયા ત્યારે
તેને સમરણ કરાવ્યું પછી શ્રી ઠાકોરજીની પરમારગીની ટે
લ કરવા લાગી. શ્રીઠાકોરજીનું બધુ કામ કરે એમ કરતાંશ્રી
ઠાકોરજી સાનુભાવના બતાવવા લાગ્યા. પછી એવો ભાવ
ઊપજ્યો કે જે કામ કરે તે સનેહ સંયુકત કરે તે રાણાવ્યાસ

ના સંગવડે કરીને એ રજપુતાણી પરમ ભગવદી કૃપાપા
ત્ર થઇ તેથી સંગ કરવો તો ભગવદીનો કરવો.

વારતા ૧૮ મી.

श्रीआचारजीना सेवक कृश्नदास अधिकारीनी वारता.

એક વાર કૃશ્નદાસ શ્રી દ્વારકાથી આવતા હતા ત્યાં મારગમાં મીરાંબાઇનું ગામ આવ્યું તેથી તેને ઘેર ગયા તો ત્યાં હરીવંશ વ્યાસ અને બીજા કેટલાક માહંત બેઠા હતા તે એમને આવે પણ પાંચ સાત દહાડા થયા હતા પણ તેમની વીદાયગીરી થઇ નહોતી ને કૃશ્નદાસે તો આવતાંવાંતજ કહ્યું જે હું તો ચાલીશ તીયારે મીરાંબાઇએ કહ્યું જે બેસો પછી કેટલીક મોહોરો શ્રીનાથજીને ભેટ આપિ તે કૃશ્નદાસે ન લીધી અને એને એવું કહ્યું જે તું શ્રીઆચારજીની શેવક નથી તેથી તારી ભેટને હું તો હાથે નહી અડાડું એમ કહીને ત્યાંથી ચાલી નીકળ્યા તે આગળ આવ્યા ત્યારે એક વઇશ્નવે કહ્યું કે તમે શ્રિનાથજીની ભેઠ કેમ ન લીધી? ત્યારે કૃશ્નદાસે કહયું જે ભેટનું તો શું છે પણ તીયાં જેટલા સ્વામી બેઠાછે તેમનાં નાક નીચાં કરવાને પાછી ફેરવીછે આટલા એક ઠેકાણે કયાંથી મળત એ પણ જાણશે કે શ્રીઆચારજીના શેવક આવાછે તો એમના ધણીની તો વાતજ શી કહેવી.

વળી પ્રથમ શ્રીનાથજીની શેવા બંગાળી કરતા ને પછી શ્રિ ક્રશ્નદાસને શ્રિઆચારજીએ આગ્ના આપિ કે તમે શ્રિગોરધન રહો ને શેવાની ટેહેલ કરો. તે દહાડાથી ક્રશ્નદાસ અધીકારી થયા ને અધીકાર કરવા લાગ્યા. એક દહાડો ક્રશ્નદાસ મથુરાં ચાલ્યા ને અરણ્ય લગી પોહોચ્યા તીયારે રસ્તામાં અબધુતદાસ મળ્યા તે મહાપુરૂષ વીરકત હતા ને તે વ્રજમાં ફરતા. તેમણે ક્રશ્નદાસને પુછ્યું જે તમે કયાં ચાલ્યા? તીયારે કહ્યું જે હું મથુરાં જાઉછું તીયારે અબધુતદાસે કહ્યું કે શ્રિનાથજીની શેવા કોણ કરે છે. તીયારે કહ્યું જે બંગાળી કરેછે. તીયારે એમણે કહ્યું જે શ્રિ નાથજીનો વઇભવ શ્રિઆચારજીને વધાર્યો છે તેથી તમે બંગાળીને વેગળા કરો એ સાભળીને ક્રશ્નદાસ તીયાંથી પાછા ફર્યા ને શ્રિગોવરધન આવ્યા. તીયારે બંગાળી સઘળા રૂદ્રકુંડ ઉપર રહેતા હતા ને તીયાં તેમની ઝુંપડીઓ હતી તે સઘળી ક્રશ્નદાસે બાળી દીધી તીયારે સઘળા બંગાળી નીચે ઉતરીને આવ્યા ને તેઓ લડવાને તઇઆર થયા તીયારે ક્રશ્નદાસે સઘળાને બે ચાર લાકડીઓ મારી તેથી તે તીયાંથી નાઠા તે શ્રીમથુરામાં રૂપસનાતનદાસની પાસે આવ્યા ને તેમને બધી વાત કહી. તેટલામાં ક્રશ્નદાસ આવીને ઊભા રહ્યા. તેમને રૂપસનાતનદાસ બહુ ખીજ્યા ને ક્રશ્નદાસને કહ્યું જે અરે શુદ્ર આ બ્રાહ્મણને મારનારો તું કોણ છે? તીયારે ક્રશ્નદાસે કહ્યું જે હું તો શુદ્ર છું પ

ણ તમે કાંઇ અગ્નીહોત્રિ નથી. તમે તો કાયસ્થછો. તી
યારે રૂપસનાતને કહયું કે આ વાત પાદશાહ સાંભળશે
તીયારે શો જવાબ દેશો. તીયારે કૃશ્નદાસે કહ્યું કે આ વા
તનો હું સારો જવાબ દેઇશ પણ તમે બહુ દુઃખ પામશો.
તે દહાડાથી બંગાળીએ શ્રિગોવરધનમાં રહેવાનું મુકીદીધું.

વળી કૃશ્નદાસને ગંગા ક્ષત્રાણી સાથે સ્નેહ બહુ હતો
તે શ્રિગોસાંઇજીને ગમતો નોહોતો પછી એક દીવસ શ્રિગો
સાંઇજી શ્રિ નાથજીને રાજભોગ સમરપતા હતા તે સામ
ગરી કાંઇ ગંગાની નજરે પડી પછી રાજભોગ સરયો. પ
છી તીયાં અનુસર કરી નીચે ઉતર્યા પછી શ્રીગોસાંઇજી
ભોજન કરીને પોહોડચા તે પછી શ્રિનાથજીએ ભીતરી
આને લાત મારીને જગાડયો ને એને કહયું જે હું ભુ
ખ્યો છું તીયારે ભીતરીઆએ કહયું જે મહારાજ રાજભો
ગ તો શ્રિ ગોસાંઇજીએ સમરપો હતો ને તમે ભુખ્યા કેમ
રહ્યા તીયારે શ્રીનાથજીએ કહયું કે સામગરી ઉપર ગંગા
ની દ્રષ્ટિ પડી હતી તેથી આરોગ્યો નાહી. તીયારે ભીતરી
એ ઉઠીને શ્રિગોસાંઇજીના ચરણારવીંદ દબાવીને જગાડયા
તીયારે શ્રિગોસાંઇજીએ કહયું કે જે તું આટલી વેળાએ કે
મ આવ્યો. પછી જે પ્રકાર બન્યો હતો તે પ્રકાર કહી
સંભળાવ્યો. પછી શ્રીગોસાંઇજી સ્નાન કરીને ઉપર પધા
રયા અને ભીતરીઆ પણ સ્નાન કરીને ઉપર આવ્યા ત્યા
રે શ્રી ગોસાંઇજીએ કહ્યું જે ભાત ને વડી કરો તે ભાત

કાળ શીઘ થઇ આવે. પછી ભાતને વડી શીઘ થઇ તે શ્રિ
ઠાકોરજીને ભોગ સમરપો પછી બીજા રસોઇઆ તથા ભીત
રીઆ સ્નાન કરીને ઉપર આવ્યા ત્યારે શ્રિ ગોસાઇજીએ
આગ્ના આપિ જે મંગળભોગથી તે રાજભોગ લગી સા
મગરી શીઘ કરો એટલે બધી વાત કરીથી શીઘ કરાવી ને
પછી શ્રીગોસાઇજીએ ભોગ સમરપો તે સરયો. તીયારે ની
ચે ઊતરવી શ્રિનાથજી પોઢાડયા તીયારે રામદાસ ભીતરી
આએ કહ્યું જે પેહેલો મહાપ્રસાદ આહીજ રહયો તીયારે
પોતે ડગરામાંથી કાહાડી લેઇને ઉતર્યા. પછી ભીતરીઆને
બોલાવી તેમાંથી રંચક સઘળાને વેહેચિ દીધો ને બીજો
હતો તે પોતે લેઇ ગયા. એ પ્રસાદનો સ્વાદ અલઊકીક થ
યો તથી પોતે પ્રસાદની વડાઇ બહુ બહુ કરી તે વખતે ક્ર
ષ્ણદાસ પણ પાસે ઉભા હતા તેમને કહ્યું જે આપજ કર
વાવાળા તેથી કેમ ઉતમ ન થાય. તીયારે શ્રી ગોસાઇજીએ
હસીને કહ્યું જે તમારે વાસ્તે ભોગ ભોગવેછે.

એક સમે એક ભેંસ ખોવાઇ હતી તીયારે ગોવાળ
ખોળવાને ગયા ને તીયાં જુવે તો ક્રષ્ન અધીકારી એક
સુકુ ઝાડ હતું તેના ઉપર બેઠાછે તેમને ગોવાળે દીઠા પ
છી ક્રષ્નદાસે ગોવાળને કહ્યું જે મારી વીનતી શ્રિગોસાઇજી
ને કહો. જે હું તમારો અપરાધી છું તેથી મારી આ અ
વસ્થા છે પણ શ્રી નાથજીની પાસે છું તોએ હું આ અ
વસ્થામાં છું. મારી ગતી નતી નથી તેથી આપ ક્ષમા કરીને

અપ્રાધ માફ કરો તો મહારી ગતી થાય. અને બાગમાં એક આંબાનું વૃક્ષ છે તેની નીચે એક કુલડામાં રૂપિઆ સો છે તે કહાડીને કુવો ખોદાવો તો મારી ગતી થાય. તીયારે તે ગોવાળે આવીને શ્રીગોસાઇજીને કહ્યું જે મહારાજ ક્રમ દાસ અધીકારીએ આ વીનતી કરીછે તીયારે શ્રીગોસાઇજીએ તીયાંથી રૂપઇઆ લઇને રૂદનકુંડ ઉપર કુવો ખોદાવ્યો એવો શ્રીગોસાઇજીએ અનુગ્રહ કરયો તીયારે ક્રતારથ થયો. ક્રમદાસ એવા ભગવદી હતા.

વારતા ૧૯ મી.

શ્રી આચારજીના શેવક થાનેસ્વરના વાશી જક્તાનંદ બ્રાહ્મણની વારતા.

એક સમે શ્રિઆચારજી થાનેશ્વર પધાર્યા તીયારે જકતાનંદ સરસ્વતી નદી ઉપર કથા કહેતા હતા તે શ્રિભાગવતના એક શ્લોકનું વ્યાખ્યાન કર્યું તીયારે શ્રીઆચારજીએ કહ્યું કે એ શ્લોકની વારતા તો બહુ છે તીયારે જકતાનંદે કહ્યું કે જે શ્લોકની વાત હતી તેતો મેં કહી. હવે અધીક હોય તો તમે આવીને કહો. તીયારે શ્રીઆચારજીએ કહ્યું કે કથા કહેવાની ગાદીએ તો તું બેઠો છે તથી

હું તારી હલકાઇ કેમ પાડું એટલું કહેતા માત્રમાં ગાદી ઉ
પરથી ઉઠી ગયો પછી શ્રીઆચારજીને ગાદી ઉપર વસ્ત્ર
બીછાવીને બેસાર્યા. એમની પાસે પોથી મુકીને પોતે નીચે
બેઠો ત્યારે શ્રિઆચારજીએ ફરીથી તે શ્લોકનું વ્યાખ્યા
ન કર્યું તે ત્રણ પોહોર પોર્યું. પછી તેમણે કહ્યું જે આ
શ્લોકનું વ્યાખ્યાન ત્રણ માસ સુધી ચાલે પણ તું ભુખ્યો
તેથી પોથી બાંધી. પછી જકતાનંદે સાષ્ટાંગ દંડવત કરીને
કહ્યું જે મહારાજ મારે ઘેર પધારો આપ સાક્ષાત પુરષો
તમ છો તેવી વીનતી કરી તીયારે શ્રીઆચારજીએ ક
હ્યું જે તું બીજા મારગનો છું તેથી તારે ઘેર કેમ આ
વું તે સાંભળી જકતાનંદ નાહીને આવ્યો ને કહ્યું કે મહા
રાજ નામ આપો તીયારે શ્રિઆચારજીએ નામ આપ્યું, ને
તેને ઘેર પધાર્યા તે વખતે જકતાનંદના સેવ્ય શ્રીઠાકોરજી
તુળશીમાં બીરાજ્યા હતા તે તેમના ઉપર જળની લોટી રે
ડતા હતા એવું જોઇને શ્રી આચારજીએ તેમને જુદા
બેસાર્યા ને પંચામરૂત સ્નાન કરાવ્યું, વાઘો પેહેરાવ્યો,
ભોગ સમરપો તે દીવસથી જકતાનંદ બડો ભગવદી થયો
એવો એ કૃપાપાત્ર ભગવદી હતો.

——oOo——

વારતા ૨૦ મી.

श्री आचारजीनी सेवक एक ब्राह्मणी अडेलमां रहेती हती तेनी वारता.

એને માથે શ્રીઆચારજીએ શ્રિબાળક્રશ્નની શેવા પધરાવી તે બાઈ પોતાને ઘેર શેવા કરે તેમાં વાસણ માટીનાં રાખી તેમાં પાણી ભરી રાખે ને રસોઈમાં પણ માટીનાં વાસણ રાખે એને ઘરની ઘણી સંકડાસ હતી તેથી મંદીરમાં પણ સંકડાશ ભોગવતી હતી તેથા આચાર થોડો ને વરસ થએલી તેથી નેત્રનું બળ પણ થોડું તોપણ શ્રીઠાકોરજીની શેવા કરે તેથી બીજા વઈશ્નવ માંહોમાંહે તેની ચરચા કરતા હતા ને એવું કહેતા હતા કે શ્રીઆચારજીએ આને માથે શું સમજીને શેવા પધરાવી હશે. આ કાંઈ આચરમાં તો સમજતી નથી.

પછી આચારજી એક દીવશ તીયાંથી બે ગાઉ ઊપર ગામ ગએલા તે પાછા આવતાં તે બ્રાહ્મણીના ઘર આગળ થઈને નીકળ્યા તીયારે વઈશનવે કહયું જે મહારાજ આ બ્રાહ્મણીને ઘેર શેવા પધરાવી છે તેનું ઘર અને તેનો આચાર તો જુઓ. તે સાંભળી આચારજી તેને ઘેર પધારયા તે સમે તે ડોશી રસોઈ કરતી હતી તે શ્રિઠાકોરજીના મોં આગળ રોટલી કરતી જાય ને તે ચોપડીને

ઊગીઊગી ધરતી જાગ તે ઠાકોરજી આરોગતા જાય પણ તે ડોશીને દેખાય નહીં તેથી હાથ હલાવ્યાં કરે ને કહે જે આ રોટલી ક્યાંઈ જણાતી નથી એ શું? એ તે કાંઈ ઊંદર કે બીલાડી તાણી જાયછે કે શું એમ કહીને રોટલી કરતી જાય એવું શ્રીઆચારજીએ જોયું તેથી કહ્યું જે તારૂં ભાગ્ય મોટું છે કે તહારી કરેલી રોટલી શ્રીઠાકોરજી આરોગેછે પછી તે બાઈએ ઉઠીને શ્રીઆચારજીને દંડવત કર્યો ને બોલી જે મહારાજ આપ પધાર્યા તે મેં જાણ્યું નહીં મને કાંઈ સુઝતું નથી ને મારામાં કાંઈ શકતી નથી. પણ તમારી કૃપાથી શ્રીઠાકોરજી માની લેછે તીયારે તેમણે કહ્યું જે શ્રીઠાકોરજી તો પ્રેમના ભુખ્યા છે ને મારી મરજાદવડે કરીને તહારે ઘેર શ્રીઠાકોરજી આરોગેછે એમની ભક્તી માનીને પોતે છાના રહી જાયછે. પછી શ્રીઆચારજી ઘેર પધાર્યા એ રીતે તેના ઊપર બહુજ પ્રસન થયા એ એવી કૃપાપાત્ર હતી શ્રીઠાકોરજી આચારજીની કેહેણીથી સરવે ભાવ માની લેતા.

———※✿※———

વારતા ૨૧ મી.

श्री आचारजीना शेवक एक सुतारनी वारता.

———※O※———

તે સુતાર શ્રીઆચારજીનો સેવક હતો તે અડેલમાં

રહેતો. તેમના ઊપર પ્રભુની અતી કૃપા હતી. એ શ્રિ આ ચારજીનાં દરશન વીના ન રહેતો કામકાજ પડતું મુકીને દરશન કરવા આવતો. ઘરનાં માણસો ખરચિને માટે દુઃખ પામતાં તોપણ દરશન વીના ઘડીએક રહેતો નહી. તેને લીધે શ્રિઆચારજી એમને ઘેર પધારતા એની સંગાથે વાતો બહુ કરતા અને શ્રિઆચારજીની માતા ઈલમાજી શ્રિ આચારજીને બહુ ખીજતાં રીસ કરતાં કહે કે તમે સુતારને ઘેર આખો દહાડો કેમ જાઓ છો તોપણ ચોથે પાંચમે દહાડે તો અવસ્ય તેને ઘેર જતા હતા. એના ઊપર તો એવી કૃપા કરતા હતા. એવું એનું ભાગ્ય હતું એની વાત ક્યાં સુધી લખીએ.

વારતા ૨૨મી.

શ્રી આચારજી માહાપ્રભુજીની વારતા.

એક દહાડો શ્રિઆચારજી અડેલમાં બીરાજતા હતા તે સમે વઈશ્નવ પાસે બેઠા હતા તીયારે શ્રિઆચારજીએ પોતે કહ્યું કે આજ તો મારૂં માથું દુખે છે ને કાંઈ શરીરને સુખ નથી તીયારે એક વઈશ્નવે અઉષધનું ચુરણ કરીને એક કુલડામાં ઘાલીને લાવ્યો તે શ્રિઆચારજી

બેઠા હતા ત્યાં આગળ અંગીઠી* મુકી હતી ને પોતે તાપતા હતા તે વખતે પેલો કુલડો તેમના આગળ મુક્યો ને કહ્યું કે મહારાજ આ ઓસડ સુંદર સ્વાદીષ્ટ છે તે આપ આરોગો. તીયારે શ્રિ આચારજીએ તે અઉષધ હાથમાં લે ઇને સઘળુ અંગીઠીમાં નાંખી દીધું તેથી વઇશનવ મનમાં ખેદ કરવા લાગ્યા ને માંહોમાંહે એક એકના મોં સામુ જોવા લાગ્યા જે અમે આટલો શ્રમ કરીને ઓસડ કરા વી લાવ્યા ને તેમણે તો લેઇને અંગીઠીમાં નાંખી દીધું પ ણ તેમના ભયવડે મહાપ્રભુજીને પુછી શક્યા નહી તે બે ચાર દહાડા પછી શ્રીઆચારજી મહાપ્રભુજી પ્રસંતામાં બે ઠા હતા તીયારે વઇશને વીનતી કરી કે મહારાજાધીરાજ તે દહાડે અમે અઉષધ સારૂં કરીને લાવ્યા હતા પણ આપ આરોગ્યા નહી ને તે અંગીઠીમા નાંખી દીધુ તેનું કારણ શું તીયારે શ્રિઆચારજીએ કહ્યું કે તમે કાંઇ જાણતા નથી એ અઉષધ તો મેંજ આરોગ્યું છે. તીયારે બધાય સાંભ ળી રહ્યા ને કહ્યું કે મહારાજ અમે અજ્ઞાનતાથી કાંઇ સ મજ્યા નથી ત્યારે પોતે તેમને સમજણ પાડીને બતાવ્યું કે હું અગ્નીરૂપે પ્રગટ છું. એવી એ શેવક ઉપર ક્રપા ક રતા એ વારતા ૦ક્યાં સુધી લખીએ.

—0—

*શગડી.

વારતા ૨૩ મી.

श्री अग्चारजीनी शेवक शींहानंदनो क्षत्राणी सासु वहु गीरजा ने समरइ तेनी वारता.

એ ઠાકોરજીની શેવા કરતી હતી તે બંને સાસુ વહુને શ્રિઠાકોરજી સાનુભાવતા બહુ જણાવતા હતા. શ્રિજી કાંઇ કહેતા ત્યારે તેમને સભરઇ લજ્યાવડે ઊતર આપતી હતી. તે એવું જાણતી કે મારાથી એમની સાથે નીરલજતાથી કેમ બોલાય તેથી શ્રિઆચારજી તેના ઊપર બહુ પ્રસન થતા ને કહેતા કે જુઓ એમને ને ઠાકોરને કેવો સબંધ છે તે આવી રીત વાતો કરેછે. એ શાકની રસોઇ બહુજ સારી કરતી હતી તે શ્રિઠાકોરજી આચારજીને કહેતા ત્યારે તે કહે કે નીત શાક કેમ નથી કરતી. તીયારે એણે કહ્યું કે એ બાળકની વતો છે તેથી એમને દરશન દેવાને નીમાતે શ્રીઆચારજી સ્થાનેશ્વર પધારતા. ત્યારે શીહાનંદથી સાસુ થાનેશ્વર દરસન કરવાને આવતી. પછી દરશન કરીને પોતાને ઘેર જાય તીયારે વહુ દરશને આવતી તીયારે શ્રિઆચારજી કહેતા જે સરસ્વતી નદી આરે ઓલંઘન કરી નથી તેથી શું કરીએ. નહી તો શીંહાનંદ આવીને દરશન આપતો એવાં એ સાસુ વહુ કાપાપાત્ર હતાં.

——※O※——

વારતા ૨૪ મી.

श्री आचारजीना सेवक सुरदासजीनी वारता.

—— ※O※ ——

શ્રી આચારજીનાં દર્શનને સારૂં સુરદાસ અડેલમાં આવ્યા ને ત્યાં ખ્યાલ ટપા ગાવા લાગ્યા ત્યારે શ્રીઆચારજીએ કહ્યું કે સુરદાસ કાંઈ ભગવદ લીલા ગાઓ તીયારે સુરદાસે કહ્યું કે મહારાજ હું કાંઈ જાણતો નથી. ત્યારે શ્રિ આચારજીએ કહયું જે જા તું સ્નાન કરી આવ પછી તે સુરદાસ સ્નાન કરી આવ્યો. પછી શ્રિઆચારજીએ નામ સંભળાવ્યું. શ્રિ ભાગવતનો અનુક્રમ બતાવ્યો તીયારે. તેમણે આ પદ કર્યું. તે પદ "વ્રજ ભયો હરી કે પુત જબ એહ બાત સુની" તે પછી બહુ પદ કરવા લાગ્યા શ્રીઆચારજીની કૃપા થકી તે એવા ગુણી થયા એમની વાત કયાં લગી લખીએ.

—— O ※ O ——

વારતા ૨૫ મી.

एक समे श्री आचारजी अयोध्या पधार्या तेनी वारता.

—— ※O※ ——

એક સમે શ્રિઆચારજી અયોધ્યા પધાર્યા તીયારે દામોદરદાસ હરસાણી તથા પરભુદાસ લોટા સાથે હતા.

પછી શ્રીઆચારજી બાગમાં ઊતર્યા તીયાં શ્રિ રૂગનાથ જી આચારજીને મળવા પધાર્યા. તીયારે શ્રીઆચારજીએ ઉઠીને નમસ્કાર કર્યો ને કહ્યું જે મર્યાદાપુરૂશોતમાયનમઃ તીયાં શ્રિ રૂઘનાથજીની સાથે હનુમાનજી હતા, તે હનુમાનને ઘણો ક્રોધ ચડયો કે આમ કેમ કહ્યું. તીયારે શ્રિ રૂગનાથજીએ હશીને હનુમાનજીને કહ્યું કે તું આ વાતમાં ન જાણે. પછી શ્રિરૂગનાથજી પોતાને મંદીર પધાર્યા ત્યારે શ્રિ હનુમાનજીને આગ્ના આપિ જે તું શ્રીઆચારજીનાં દરસન કરવાને વેહેલો આવજે. તીયારે હનુમાનજી શ્રિઆચારજીનાં દરશન કરવાને અરથે આવ્યા તે આવીને જૂએ તો શ્રિ આચારજી રૂઘનાથજીનું સ્વરૂપ ધરીને બેઠાછે. ત્યારે હનુમાનજીએ દરશન કરીને નમસ્કાર કરયો. ને ત્યાં ઉભા રહ્યા તીયારે શ્રી આચારજીએ આગ્ના આપિ કે હવે તમે જાઓ તીયારે હનુમાનજી રૂગનાથજી પાસે આવ્યા તીયારે તેમણે હશીને પુછયું જે તમે દરશન કરી આવ્યા. તીયારે હનુમાનજીએ કહ્યું જે હા મહારાજ કરી આવ્યો પણ માહારાજ તો આંપનું સ્વરૂપ ધરીને બેઠા હતા એવા દરશન હું પામ્યો. તીયારે શ્રીરૂઘનાથજીએ કહ્યું જે એમાં એટલું અધીકપણું છે જે મહારૂ સ્વરૂપ ધરીને બેઠા પણ મહારાથી એમનું સ્વરૂપ ધરીને ન બેસાય. એમની વાતમાં તું કાંઇ ન જાણે. શ્રીઆચારજી છે તે પુરણ બ્રહ્મ કહીએ છીએ તેજ છે એમાં કાંઈ સંદેહ નથી એ વાત સાંભળી હનુમાનજીને સં

દેહ નીવરત થયો.

એક વાર શ્રીઆચારજી રાત પાછલી પહોર રહીતી યારે ઉઠ્યા હાથ પગ ધોઈ દાતણ કરવા લાગ્યા તીયારે શ્રીગોપિનાથજી નાહીને ઉભા હતા ત્યારે શ્રીઆચારજીએ તેમને કહ્યું જે તમે મંદીરમાં પધારો શ્રી ઠાકોરજીને જ ગાડો તીયારે ગોપિનાથજી મંદીરમાં પધારયા તીયાં જઇ ને દેખે તો શ્રીનાથજી તે સ્વાસોસ્વાસ નીદ્રામાં છે તેથા શ્રીગોપિનાથજી પાછા આવ્યા ને શ્રીઆચારજીને કહ્યું જે અતારે શ્રીઠાકોરજી ભરનીંદ્રામાં છેએવો સમો છે તીયારે શ્રીઆચારજીએ કહ્યું કે તમે ઘડીએક ઉભા રહો એટલા માં શ્રીઆચારજી દાતણ કરીને ઉઠ્યા તીયારે તેમણે શ્રીગોપિનાથજીને આજ્ઞા આપી કે તમે મંદીરમાં જાઓ ને શ્રી ઠાકોરજીને ઊઠાડો. પછી શ્રીગોપિનાથજી મંદીરમાં પધારા ને તીયાં જઇ શ્રીજીને ઊઠાડ્યા એનો હેતુ એ જે બ્રાહ્મી મુહુરતમાં શ્રીઠાકોરજીને ઉઠાડવા એવી આપે મરયાદા કરી.

શ્રિઆચારજી એકાદશી કરતા. દ્વાદશીના પારણાનું સાધન કરતા તીયારે શ્રીનાથજી તેમને કહેતા કે તમે દ્વાદશી સાધન કરો તીયારે શ્રિઆચારજીએ કહ્યું જે દ્વાદશી સાધનને નીમીત તમને વેહેલા ઉઠાડવા પડે એ વાતને લીધે હું ન કરૂ તીયારે શ્રિનાથજીએ કહ્યું કે તમે એનો કાંઇ વીચાર ન કરો મહારી આજ્ઞા છે કે તમે દ્વાદશીય સાતા જાઓ એવી આજ્ઞાથી શ્રિઆચારજી દ્વાદશી સાધન ક

રવા લાગ્યા પછી એકાદશીને દહાડે જાગરણ ન કરતા તે નો હેતુ એ જે આપણે ઘેર સાધન ન લાગે. દેવ ઊઠવા ની રાત્રિને જાગરણની મરયાદા રાખવાનો ઉપાય શ્રિનાથજી દ્વાર પુરશોતમ બોલ્યા તેથી તીનાં કોઇ ન કરતા.

વળી એક વાર શ્રિગોસાંઇજી ઓરેલમાં બેઠા હતા તે સમે એક પંડીત આવ્યા તે શ્રિગોસાંઇજીને નમસ્કાર કરી ને બેઠા પછી અક્ષરચરચા થઇ તીયારે પંડીત બોલ્યા કે આ જુદા નીસેધ છે તેથી શ્લોક બોલ્યા તે

श्लोक.

वृंताकंस्वकलींगंचं दगधानं मसुरिका ॥
उदरेयस्यतिष्टंति तस्यदूरित राहरि ॥ १ ॥

અર્થ—વંતાક, કાળંગડાં, બળેલું અંન મસુર એટલી વસ્તુઓ જેના પેટમાં રહેલીછે તેનાથી ભગવાન વેગળાછે.

એ વાત સાંભળી શ્રિગોસાંઇજી વંતાકનાં ઝાડ બા ગમાંથી કહડાવી નંખાવ્યાં તીયાર પછીથી વંતાકનો શ્રિ ઠાકોરજીને ભોગ ન ધરતા. એમ કરતાં કેટલાંક વરસ થયા પછી શ્રિગોસાંઇજી પુરશોતમરાયજી પધારયા તીયારે રૂક્ષમ ણી તથા શોભાબેટી તથા શ્રિગીરધરજી સાથે હતા તે એક દીવશ શ્રિગોસાંઇજી જગનાથરાયજી સાથે એકાંત વાત થઇ. શ્રિપુરસોતમરાયજીએ શ્રિગોસાંઇજીને આગ્ના કરી કે તમે વંતાક અંગીક[illegible] તીયારે તમણે કહયું કે "તસ્ય દુરિત

રો હરિ" એવાં વચનછે તે કેમ અંગીકાર કરીએ? તીયારે શ્રિજગનાથરાયજી બોલ્યા જે મેં વંતાક અંગીકાર કર્યા છે ને તમે પણ મારી આગનાથી વંતાકનો મહાપ્રસાદ લ્યો તીયારે શ્રિગોસાંઈજી ઉભા રહ્યા તીયારે પુરશોતમ દેવે આપે શ્રીગોસાંઈજીનો હાથ પકડી પોતાને હાથે મહાપ્રસાદ લે વરાવ્યો પછી તે દહાડાથી શ્રી ગોસાંઈજી અડેલ આવ્યા ને શ્રી ઠાકોરજીને વંતાક અરપણ કરવા લાગ્યા પણ એટલી મરજાદા રાખી જે શ્રી નાથજી દ્વારમાં એક મહીના લગી ભોગમાં આવે ને ગોકુળમાં શ્રી ગોસાંઈજીને ઘેર આઠ મહીના લગી ભોગમાં આવે એવી મરજાદા કરી ને પોતાના સેવ્ય શ્રી ઠાકોરજીને ભોગ આવે તીયારે વંતાક આપ લે તે પ્રકારે શ્રી ગોસાંઈજી કરતા.

એક સમે શ્રીઆચારજી વઈશ્નવની જાંગ ઉપર માથુ મુકીને પોઢે ડ્યા હતા ને ભરનીંદ્રામાં હતા એટલામાં શ્રી નાથજી ખાંધે ગાભણ પેહેરી ઘુઘરા વગાડતા પધારયા એટલે વઈશ્નવે કહ્યું જે ઉભા રહો શ્રિઆચારજી તો ભરનીદ્રામાં પોઢેડયાછે એટલામાં તે જગાને જુવે તો શ્રિ ઠાકોરજી ઉભા છે તીયારે પુછ્યું જે આ શું તીયારે તમણે કહ્યું જે તમારા વઈશ્નવે કહ્યું જે સામો નથી તથી ઉભો રહ્યો છું તીયારે શ્રિઆચારજી તે વઈશનવને ખીજયા તીયારે શ્રીનાથજીએ કહ્યું જે એને શું કરવા ખીજો છો એણે તો પોતાનો શેવક ધરમ રાખ્યો તીયારે શ્રિઆચારજી એ

ના રહ્યા તે એવા કૃપાપાત્ર વઈશનવ હતા.

વળી એક સમે શ્રિઆચારજી શ્રિનાથજી દ્વાર પધા
રયા તીયારે દામોદરદાસ હરસાણી સાથે હતા તે શ્રીઆ
ચારજીએ શ્રિનાથજીના શણગાર કરીને ગોપિવલભો લેવાને
પધારયા ત્યારે રસોઇમાં સામગ્રિ તઇઆર થઇ નહોતી તે
થી શ્રીઆચારજી પાછા આવીને તીબારીમાં બેઠા
તેમની પાસે દામોદરદાસ બેઠા હતા એટલામાં શ્રી
સ્વામીનીજી ભોગનો થાળ લેઇને ઉતાવળા પધાર્યા
તેટલામાં ઝંકાર શબ્દ આભ્રણ નેપુરનો વાગ્યો. ત્યારે શ્રિ
આચારજીએ દામોદરદાસને કહ્યું જે તેં સાંભળયું જોયું
ત્યારે દામોદરદાસે કહ્યું કે મેં કાંઇ દીઠું તો નહી પણ ને
પુરનો શબ્દ સાંભળ્યો. તીયારે શ્રિઆચારજી બોલ્યા જે ભો
ગને વાર થઇ તેથી શ્રિસ્વામીનીજીથી વાર સહી ન ગઇ તે
થી આપ ભોગ લેઇ પગે ઉતાવળાં આવ્યાં એ ભોગ છે
તે સવારે ખાવાનો છે શ્રૃંગાર થતાં જવૃજભક્ત પોતપો
તાને ઘેરથી કલેવું લેઈ આવેછે તેથી ઠાકોરજી વ્રજભક્ત સ્વા
મીનીને મળીને કલેવું કરેછે. તેથી એ ભોગનું નામ "ગો
પિવલભભોગ" એવું કહેછે. શ્રિ આચારજી રસોઇમાં જઇ
ને ગોપિવલભાનો ભોગ સજીને ભોગ ધરયો એટલો વીલં
બ શ્રીસ્વામીનીજીથી સહી શકયો નહી તેથી એ પ્રકાર છે.

એક સમે શ્રિઆચારજી અયોધ્યામાં શ્રિ ભાગવત
કથા કહેતા હતા ત્યાં હનુમાને શ્રિઆચારજીને કહ્યું જે

આપની આગ્યા હોય તો હું કથા સાંભળવાને આવું તી યારે તેમણે કહ્યું જે તમે તો નાગા રહો છો તેથી સભા મા અપરાધ પડે. તીયારે હનુમાનજીએ કહ્યું કે તમારા સ નમુખ બેશીશ ને તમે મને એક પોતીઉ આપજો તે હું પે હેરીશ. પછી શ્રિઆચારજી ભાગવત કહેતા તે વખત પો તીઉં મુકી છાંડતા તે પેહેરીને હનુમાનજી કથા સાંભળતા. તીયા એક પંડીત વાદ કરવા આવ્યો ને કહેવા લાગ્યો કે તમ તો શ્રિ કૃશ્નનું પ્રમાણ કરો છો, શ્રિરંગનાથજીનું પ્રમાણ તો કરતા નથી એવું કહ્યું તીયારે શ્રિઆચારજીએ કહ્યું કે અમારે તો સરવે પ્રમાણ છે ને તમ કહોછો તો સાચું. અમારે તો આ સાસરૂં છે શ્રિલક્ષમણાનો વીવાહ છે તેથી અયો ધ્યા અમારે સાસરાની છે પછે પંડીત છાનો રહ્યો એવો શ્રિઆચારજીના મારગનો પક્ષપાત હતો.

વારતા ૨૬ મી.

श्रीआचारजीना शेवक आणंददास तथा वीस्वंभर दास क्षत्री बे भाइ तेनी वारता.

એ બે ભાઈ અત્યંત કૃપાપાત્ર હતા તે બંને એકઠા બેસે તીયારે શ્રિ આચારજીની ભગવદ વારતા અહરનીશ કરે તીયારે કોઈ દીવશ વાત કરતામાં નાના ભાઈને નીદ્રા

આવી જાય તો શ્રિ ઠાકોરજી પોતે હુંકારો દેતા. મોહોટા ભાઇ તો વારતાની લેહેમાં કાંઇ સમજે નહી જે આ હુંકારો કોણ કરયો. પછી નાનો ભાઇ જાગે તીયારે મોટો ભાઇ પુછે જે મેં તને શી વાત કહી? તીયારે નાનો ભાઇ કહે જે મે તો આટલી વાત સાંભળી તીયારે મોટો ભાઇ કહે જે તું મને હુંકારો તો દે છે તીયારે તે નાનો ભાઇ કહે મને ઊંઘ આવી હતી તેથી હુંકારો દીધો નથી તીયારે મોટા ભાઇ બોલ્યા કે એ હુંકારો પ્રભુજીએ દીધો હશે. પછી બન્ને ભાઇ મનમાં અતી પ્રશન થયા જે આમારાં મોટાં ભાગ્ય જે શ્રિ આચારજીની કૃપાથી પ્રભુજી હુંકારો દે છે. એ એવા કૃપાપાત્ર ભગવદી હતા.

———*०*———

વારતા ૨૭ મી.

श्री आचारजीना एक शेवकनी वारता.

———०()०———

એને એક અન્ય મારગીનો સ્નેહ હતો તેથી એક દહાડો તેને ઘેર ગયા તીયારે એને કહ્યું કે તમે રસોઇ અહીઆં કરો. પછી એના આગ્રહવડે કરીને સેવ્ય સ્વરૂપ શ્રિઠાકોરજીના આગળ શ્રિનાથજીનું સમરણ કરી ભોગ સમરપો પછી એને પ્રસાદ આપ્યો ને પોતે પણ લીધો. પછી વીશરામ કરયો, તેથી નીદ્રાવશ થયા તીયારે એમના સેવ્ય

શ્રીઠાકોરજીએ કહ્યું કે આજ હું ભુખ્યો છું તીયારે એણે
કહ્યું જે વઇશ્નવે તો તમને સમરપો હતો તીયારે સેવ્ય
ઠાકોરે કહ્યું કે એતો શ્રીનાથજી આરોગી ગયા ને હું તો
વેગળો રહ્યો તીયારે એ મીત્રને જગાડયો ને આ સમા
ચાર કહ્યા તીયારે એ મીતરે કહ્યું કે મેં તને ત્રણવાર કહ્યું કે
તું શ્રિ આચારજીનો સેવક થા તેનું કારણ આ. પછી એ
અન્યમારગી હતો તે શ્રિઆચારજીને શરણે આવીને શેવક
થયો એવા એ સેવક કૃપાપાત્ર હતા.

—— ० ——

વારતા ૨૮ મી.

श्री आचारजीना शेवक कृष्णदास ब्राह्मणनी वारता.

તે કૃષ્ણદાસ એક ગામમાં રહેતા હતા તે પરમ ભગ
વદી ભકત હતા. શ્રિઆચારજીના શેવક પરસપર ગામ મળ
વાને જતા. એ બધા એકઠા થઇ દરશનને સારૂ જતા તે
એક દહાડો કૃષ્ણદાસ જે ગામમા રહેતા હતાં તે ગામમાં
સઘળા ભેગા થઇને આવ્યા. તીયારે કૃષ્ણદાસ તો ઘેર ન
હોતા પણ તેમની સ્ત્રી હતી. તે સ્ત્રીએ વઇશ્નવને જે શ્રી
કૃષ્ણ કહી સાષ્ટાંગ દંડવત કર્યો ને તેમને આદર સનમા
ન કરીને બેસાર્યા પછી ઘરમાં જઇને વીચાર કરવા લા
ગી જે હવે શું કરૂં. તીયારે શુધી આવી કે જે વાણીઆની

દુકાનેથી નીત શીધુ સામગ્રી લાવીએ છીએ તે વાણીઓની તે કહેતા હતા કે મને તું મળય તીયારે હું ના કેહેતી હતી પણ હવે હું એને જઈને કહું જે હું તને મળીશ. તું મને આજ જે જોઈએ તે આપ એવો વીચાર કરીને વાણીઆની દુકાને ગઈ તીયારે એ વાણીઆએ રાખી. તીયારે તેણે કહ્યું કે હું તને મળીશ પણ આજ મહારે શીધું જોઈએ છે તે આપ. તે સાંભળી વાણીઆએ તેને જે માગ્યું તે શીધું આપ્યું તે લેઈ ઘેર આવી ને રસોઈ કરી. શ્રી ઠાકોરજીને ભોગ સમરપો, ભોગ સરાવ્યો. અનુસર કરીને વઈશ્નવને મહાપ્રસાદ લેવરાવ્યો ને પોતે પણ લીધો પછી કૃશ્નદાસ ઘેર આવ્યા તે વઈશ્નવને મળ્યા તેમને દંડવત જે શ્રી કૃશ્ન કરીને ઘરમાં આવ્યા ને સ્ત્રિને પુછ્યુ કે સામગ્રિ ક્યાંથી લાવી ને શું કર્યું. તીયારે જે પ્રકાર કરયો હતો તે બધો કહી સંભળાવ્યો તીયારે કૃશ્નદાસ અતી પ્રસન થયા. પછી સ્ત્રિ પુરૂષે પ્રસાદ લીધો. પછી બધા વઈશ્નવ પ્રસંતાએ ઉઠીને ચાલવા માંડયું તીયારે કૃશ્નદાસ તેમને થોડે દુર પોહોચાડવા ગયા પછી ઘેર આવી સ્નાન કરી શ્રી ઠાકોરજીની સેવા કરી સ્ત્રિએ રસોઈ કરી તે ભોગ સમરપો. પછી ભોગ સરાવી આરતી કરી, અનુસર કરી ને મહાપ્રસાદ ઢાંકી રાખ્યો તે કૃશ્નદાસ આવ્યા તીયારે મહાપ્રસાદ લીધો. પછી કહ્યું કે જે વાણીઆને તું કોલ કરી આવીછું તે વાણીઓ તારી વાટ જોતા હશે. તું કાલ કરી આવી તો ભલ

પછી સ્ત્રીં નાહીને કપાળે ચાંલો કરી ઉતમ વસ્ત્ર પેહેરી શ
ણુગાર કરી આંખ આંજી પોતાના સોળે શણુગાર પેહેરી
ને ચાલી તે દહાડા વરસાદના હતા તેથી વરશાદ બહુ પડે
લો માટે મારગમાં કીચડ બહુ હતો તેને લીધે કમદાસે ક-
હ્યું કે તું માહારે ખભે બેશ હું તને પોહોચાડી દેઊ નહીં
તો પગ કચરાળા થશે. એમ કહી કમદાસે કાંધ આ-
ગળ ચડાવી તે વાણીઆની દુકાને ઉતારી. પછી સ્ત્રીએ
હાક મારીને વાણીઆનાં કમાડ ઊઘડાવ્યાં ત્યારે વાણીઆ-
એ કમાડ ઉઘાડી તેને અંદર લીધી. પગ ધોવાનું પાણી
લાવ્યો ને કહ્યું કે પગ ધોઇ નાંખ ત્યારે સ્ત્રીએ કહ્યું કે મ-
હારા પગ કાંઇ કચરાળા થયા નથી ત્યારે તે વાણીઆએ
કહ્યું કે રસ્તામાં કચરો તો બહુ છે ને તારા પગ કચરા-
ળા કેમ ન થયા ત્યારે સ્ત્રીએ કહ્યું કે તારે તેનું શું કામછે
ત્યારે વાણીઆએ કહ્યું જે એતો કહેવું જોઇએ. પછી સ્ત્રી
એ કહ્યું કે માહારો સ્વામી કાંધે ચડાવીને મને અહીંયાં
લાવ્યો છે. એ વાત સાંભળીને વાણીઆને આશ્ચરય લા-
ગ્યું ને સઘળીવાત પુછી ત્યારે સ્ત્રીએ તેને બધો પ્રકાર ક-
હ્યો. ત્યારે વાણીએ પોતાના ધરમને ધિક્કારવા લાગ્યો ને
કહ્યું જે ધન્ય તમારો ધરમ કે જેનું મન આવું સાચુંછે
પછી વાણીઆએ તે સ્ત્રીને બેહેન કહી બોલાવી. પછી બી-
જાં લુગડાં પહેરાવી તેને ઘેર પહોચાડવા આવ્યો ત્યાં આ-
વી કમદાસને કહ્યું જે આપ મારી અપરાધ ક્ષમા ક

રે. આ માહારી બેહેન ને તમે માહારા પુજ્ય છો. પછી એ વાણીઓ શ્રી આચારજીનો શેવક થયો એનું ત્રાનચં- દ એવું નામ ધરયું. એ એવો ક્રપા પાત્ર ભગવદી થયો ને ક્રમદાસ એવા ભગવદી હતા તેમની વાત કયાંહાં સુધી લખીએ.

વારતા ૨૯ મી.

શ્રી આચારજીના શેવક ઠઠાના નારણદાસ લવાંણાની વારતા.

એ નારણદાસ ઠઠાના પાદસાહના કુલ દીવાન હતા. તે જે કરે તેજ થાય. પછી કેટલાક દીવસે એક સમે પાદસાહે નારણદાસને પકડયા ને મારયા ને પાંચ લાખ રૂપઈઆ દંડ કરયો ને તમને બંધીખાનામાં નાંખ્યા. પ છે તે પાંચલાખ રૂપઈઆના હપતા એવી રીતના કરયા કે રોજ પાંચ પાંચહજાર રૂપઈઆ ભરે ને જે દાહાડે ન ભરે તે દીવસે પાંચસે કોયડા મારે એવો બંદોબસ્ત કરયો. ત્યારે એક સમે શ્રી આચારજીના શેવક બે ભાઈ બ્રાહ્મણ હતા તેમણે મનમાં એવો વીચાર કરયો કે ઠઠામાં નારણ દાસ દીવાનછે તેની પાસે જઈએ એવો વીચાર કરીને ત્યાંથી ચાલ્યા. તેમને કન્યાનો વીવાહ કરવોછે તેથી એ-

ની પાસે જવા તઇયાર થયા. એ કાંઇ આપે તો કન્યા દાન દેઇએ એવો વીચાર કરીને બે ભાઇ ઠઠ્ઠામાં આવ્યા ત્યાં સાંભળયું જે નારણદાસ તો બંદીખાનામાં પડ્યાછે. ત્યારે બે ભાઇના મનમાં ખેદ આવ્યો ને વિચાર કરયો કે હવે શું કરવું. આપણ પાછા જઇએ. તે વાત પ્રાતઃકાળે નારણદાસને કોઇએ કહ્યું કે બે ભાઇ શ્રી આચારજીના શેવક તમને મળવાને વાસ્તે આવ્યાછે અને તેમને ખબર પડીછે કે નારણદાસ બંદીખાનામાં પડ્યાછે તેથી એ પ્રાતઃકાળે ચા-લી નીકળશે ત્યારે નારણદાસે એમની પાસે એક પોતાનો મનુશ્ય મોકલીને કેહેવરાવ્યું કે તમે આવ્યાછો તો માહારૂં મોહોટુ ભાગ્ય. પણ તમે પ્રાતઃકાળે માહારી પાસે આવી ને મને દરશન આપીને ચાલવુ હોય તો ચાલજો. ત્યારે બે ભાઇ પ્રાતઃકાળે ઉઠી સ્નાન કરી પરવારીને શ્રી આ-ચારજીનું ચરણામૃત તથા માહાપ્રસાદ લેઇને જ્યાં નાર-ણદાસ બંદીખાનામાંછે ત્યાં જઇને મળ્યા. ત્યારે નારણ-દાસ ઉઠીને તેમને મળ્યા. ને તેમના ઉપર બહુજ પ્રસન્ન થયા. ને કહ્યું જે માહારૂ મોહોટુ ભાગ્ય કે જેથી બંદી-ખાનામાં મને વઇશ્નવનાં દરશન થયાં. પછી શ્રી આચારજી ની કુશળતાના સમાચાર પુછ્યા. પછી ભગવદ વારતાનો પ્રસંગ પુછ્યો એટલામાં ઘેરથી પાંચહજાર રૂપીઆની થેલીઓ આવી, પછે ચોકીદારે એ થેલી ઉપર મોરછાપો કરી લખીને નારણદાસ પાસે મોકલાવી ત્યારે નારણદાસે

એ પાંચ પેસીઓ એ બ્રાહ્મણ વર્ધમાનને આપીને દંડવત કરીને એ બ્રાહ્મણને કહ્યું જે હવે તમે તાકીદથી અહીંથી. વીદાય થાઓ. શ્રી આચારજીને માહારા દંડવરત કરજો. ને આપની કન્યાનો વીવાહ રૂડી રીતે કરજો. પછી એ વર્ધમાન બ્રાહ્મણ ત્યાંથી વીદાય થયા. એટલામાં પાદશાહ આવીને દીવાનખાનામાં બેઠા. પછી પાદશાહ બોલ્યો જે નારણદાસ વાળો પાંચ પેસીઓ લાવો ત્યારે દરવાને કહ્યું જે પાંચ પેસીઓ ઉપર મોહોરછાપ કરી લખીને નીત્યે જેમ નારણદાસ પાસે મોકલીએ છીએ તેમ મોકલાવીછે ત્યારે ખજાનચીને બોલાવ્યો તે આવીને ઉભો રહ્યો. ત્યારે પાદશાહે તેને પુછ્યું કે નારણદાસવાળો પાંચ પેસીઓ આવીછે? ત્યારે તેણે કહ્યું જે શાહેબજી પેસીઓ તો માહારી પાસે નથી આવી તે સાંભળી પાદશાહ કોપાયમાન થયો. ને કહ્યું જે નારણદાસને બંદીખાનામાંથી બોલાવો ત્યારે ખજાનચી જઈને બંદીખાનામાથી નારણદાહને બોલાવી લાવ્યો. ને પાદશાહના મોં આગળ ઊભા કરયા ત્યારે પાદશાહે નારણદાસને કહ્યું જે આજ પેસીઓ કેમ નથી આવી. પછી કોરડા મારનારને બોલાવ્યો ને તેને કહ્યું જે નારણદાસને પાંચસે કોરડા મારો અને નારણદાસને પુછ્યું કે તું સાચુ કેહે જે આજ પેસીઓ કેમ નથી આવી. ત્યારે નારણદાસ સલામ કરીને બોલ્યો જે માહારા ગુરૂ-ભાઈ આવ્યા હતા. તેમને મેં પેસીઓ આપીને વીદાય

કરયા. ને માહારા મનમાં વીચારયું જે હું આજ માર ખાઇશ પણ આ વેળા ફરી ફ઼રીને કયાહાંથી આવશે. તે સાંભળીને પાદશાહ ચુપ થઈ રહ્યો. પછે એક ઘડી વીચાર કરીને બોલ્યો કે સાબાશ છે તને કે તાહારા ગુરૂના ઊપર એવી સાચી કરતા છે. હું તાહારા ઉપર બહુ પ્રસન છું પછી બેડી કપાવીને કેટલાક સરપાવ મંગાવીને નારણદાસને પેહેરાવ્યો ને ઘોડો સરપાવમાં આપ્યો ને ફરીને પોતાનો માહોટો દીવાન બનાવ્યો અને જેવો હતો તેવોજ હોદો આપ્યો ને કામકાજ બધુ સોંપી દીધું. નારણદાસને માથે ડંડ કરયો હતો તેમાં જેટલા રૂપઇઆ બાકી રહ્યા હતા તે સઘળા માફ કરીને કહ્યું કે તું સરપાવ પેહેરીને ઘોડા ઉપર અસવાર થઇને ઘેર જઈ આવ. તે વખત એ બે વઇશ્નવ ભાઇ ગામમાં હતા તે આવી ખબર સાંભળીને નારણદાસ પાસે મળવાને આવ્યા ત્યારે નારણદાસ ઉઠીને એમને ભેટયા ને કહ્યું જે માહારા પ્રભુના સેવક આવ્યા તો માહારૂ બંધન છુટયું. ત્યારે વઇશ્નવે કહ્યું જે શ્રી આચારજીના પ્રતાપથી કેમ ન છુટે. પછે નારણદાસે સોનાની મોહોર એકહજારની થેલી એ વઇશ્નવની સાથે શ્રી આચારજીને ભેટ મોકલી. પછી એ વઇશ્નવ ત્યાથી ચાલી નીકળ્યા. તે કેટલાક દીવશે શ્રી ગોકુળમાં આવ્યા ત્યારે શ્રીઆચારજી ગોકુળમાં હતા. ત્યાં બે ભાઇ આવીને શ્રી આચારજીને દંડવત કરયો. ને

નારણદાસે મોહોરો ભેટ મોકલી હતી તે હજાર મોહોરની થેલી મો આગળ મુકી. પછી શ્રી આચારજીએ નારણદાસના સમાચાર પુછ્યા તે સરવે સમાચાર વધુમવે કહ્યા. ત્યારે શ્રીઆચારજીએ શ્રી મુખથી કહ્યું કે જેને વધુમવ ઉપર એવો દ્રઢતાનો પ્રેમ છે તેને કષ્ટ કેમ રહે. પછી પેલા વધુમવ બ્રાહ્મણ શ્રિઆચારજીની પાસેથી વીદાય થઇ ને પોતાને ઘેર ગયા ને છોડીનો વીવાહ સારી રીતે કરયો. એ નારણદાસ એવા હતા. પેહેલાં એનું નામ નરીઓ હતો તે શેવક થયા પછી શ્રીઆચારજીએ નારણદાસ નામ પાડયું એ નારણદાસ એવા કૃપાપાત્ર હતા. ખરૂ મન જેનું હોય એને શ્રિઠાકોરજી એવી કૃપા કરે. પ્રભુજીનું નામ ભકતવત્સળ છે તેથી પોતાના ભકતને થોડામાં કૃપા કરેછે નારણદાસ એવા ભગવદી હતા તેથી એમની વાત કયાં લગી લખીએ.

વારતા ૩૦ મી.

શ્રી આચારજીના શેવક નરોડાના રહેનાર ગોપાળદાસની વારતા.

શ્રિઆચારજીએ એમને આજ્ઞા આપિ હતી કે તમે સઘળાને નામ આપજો તથી ગોપાળદાસ સરવેને નામ

આપતા. એક સમે શ્રીઆચારજી નરોડામાં ગોપાળદાસ ને ઘેર પરોણા આવ્યા તીયારે ગોપાળદાસ ઘેર ન હોતા ગોપાળદાસનો છોકરો ઘેર હતો ગોપાળદાસ પોતાની વૃતીને વાસ્તે ગયા હતા ત્યારે શ્રી આચારજીએ ગોપાળદાસના પુત્રને પુછ્યું જે ગોપાળદાસ કુયાં ગયા છે ત્યારે તે છોકરાએ કહ્યું કે કાંઈ ઠાકોરજીના કામને સારૂ ગયાછે એ સાંભળીને શ્રિઆચારજીના ચિતને અપ્રસનતા થઇ ને મનમાં વીચાર્યું જે ગોપાળદાસનો છોકરો આવું કેમ બોલેછે ત્યારે શ્રીઆચારજીએ મનમાં કહ્યું જે અહી આં રહેવું સારૂ નથી,ફરી મનમાં વીચાર્યું કે ગોપાળદાસને આવવા દેઇએ જોઇએ એ કેમ બોલેછે. પછી ગોપાળદાસ આવ્યા ત્યારે શ્રીઆચારજીએ પુછ્યું કે તું કુયાં ગયો હતો ત્યારે ગોપાળદાસે કહ્યું કે મહારાજ પેટ વળગ્યુંછે તે થી વૃતીને વાસ્તે ગયો હતો તે સાંભળીને શ્રિ આચારજી પ્રસન થયા ને કહ્યું જે વઇશ્નવનું એજ લક્ષણ કે પોતાની વૃતીને અરથે જવું તો શ્રીહરિજીનું નામ ન લેવું.

વળી એક સમે ગોપાળદાસ શ્રી નાથજીના દરશને આવ્યા ત્યારે સાથે એક વઇશનવ હતો ત્યાં ગોપાળદાસ ને તાવ આવ્યો તેથી ઘાંઘણો બેચાર થઇ ને રાત્રીએ તરસ લાગી. તેણે શેવક પાસે જળ માગ્યું. તે શું શેવક સુઇ રહ્યો હતો તેથી સાંભળું નહી. પછી શ્રી નાથજી પોતાની જળની ઝારી લેઇને આવ્યા. ગોપાળદાસને જળ આપ્યુંને

ઞારી ત્યાં મુકીને આવ્યા. નાથજીનું -હૃદય કોમળ હતું તે-થી ભક્તની પીડા શકી સંકાઇ નહી.

વળી એકવાર શ્રી ગોસાઇજી નરોડામાં પધારયા તારે ગામ બહાર ડેરા કરયા પછે શ્રી ગોસાઇજીના ઉથાપન-નાં દરશન કરવા ગોપાળદાસ ગયા. તે સમે વઇશનવે કહ્યું જે અમને શ્રી ગોસાઇજી પાસેથી નામ અપાવો તારે ગો-પાળજીદાસે કહ્યું જે અમે નામ આપાએ છીએ. તેથી તમને નામ આપીશું. એવું ગોપાળદાસે કહ્યું પણ વઇશનવનું મન શ્રી ગોશાંઇજી પાસે નામ માગવાનું હતું. તે ત્રણ વાર વઇશનવે ગોપાળદાસને કહ્યું તારે તેમણે કહ્યું કે ઘેર જઈને આપીશું. એ વાત શ્રી ગોસાઇજીએ પોતાના કાને કાન સાંભળી ત્યારે શ્રી ગોસાઇજીએ એ વઇશનવ નેપુછયું જે તમે શું કહોછો. ત્યારે વઇશનવે કહયું કે અમારે નામ જોઇએ છીએ માટે નામ આપો. ત્યારે શ્રી ગોસાઇજીએ કરપા કરીને નામ સંભળાવ્યું ને ક્રતારથ કરયા પછે શ્રી ગોસાઇજીએ ગોપાળદાસને કહ્યું કે ગોપાળદાસ તમને શ્રી આચારજીએ અંગીકાર કરયા છે તે દ્રઢતા-છે પણ જેણે તમારી પાસે નામ પામ્યું છે તે અમારા કોઇ દહાડો નહી થાય તે શ્રી ગોસાઇજીએ, એમને ક્ષોભ કરીને ગોપાળદાસને કહયું. પછી ગોપાળદાસે જેમને નામ આપ્યાં હતાં તે સઘળા શ્રી ગોસાઇજી પાસે નામ પામ્યા. ત્યારે ક્રતારથ થયા ને જે ગોપાળદાસના શેવક રહી ગયા

તે પંગતથી જુદા થયા તેને શ્રી ગોસાંઇજી ગંગોજી કહેતા ગોપાળદાસને સ્વામી પણું આવ્યું તેથી એમનું જીવતર કામ બનાવ્યું છે. ગોપાળદાસ શ્રી આચારજીના એવા કૃપાપાત્ર શેવક હતા તેમને શ્રી નાથજી સંગાથે સાનુ ભાવ હતો પણ એમને સ્વામીપણું આવેથી એમના જીવને અકામપણું થઇ ગયું તેથી ભગવતીને દીનતા રાખવી.

——*O*——

વારતા ૩૧ મી.

श्री आचारजीना शेवक सेरगढना दामोदरदास कायथनी स्त्री विरबाइनी वारता.

તેમના સેવ્ય ઠાકોરજી કપુરરાયજીનું મોહોડું અને ગોરૂ સ્વરૂપ હતું તેમની પાસે નવનીત પ્રીયાજી બેસતાતે એક સમે વીરબાઇને ગરભ રહ્યો હતો ને પુત્ર ઉત્પન થયો તેથી ઘરમાંની વહુઓ છોડીઓ સરવે સુવાવડના કામમાં લાગીઓ તેથી શ્રી ઠાકોરજીની સેવાનો બહુજ વીલંબ થયો ત્યારે એ વીરબાઇ સુવાવડમાંથી કેહેવા માંડયું કે તુમ શેવામા નાહો ઠાકોરજીને વાર થઇ જાય છે પણ કોઇ નાહ્યું નહીં. ત્યારે શ્રી ઠાકોરજીએ વીરબાઇને. કહ્યું જે તું સ્નાન કરીને શેવા કેમ નથી કરતી ત્યારે વીરબાઇ સુવાવડમાંથી ઉઠીને નાહી, કાછડો વાળ્યો

ને શ્રી ઠાકોરજીની શેવા કરી, રસોઇ કરી ભોગ સમરપ્યા ભોગ સરાવ્યો, અનુસર કરી આપીને ખાટલામાં સુઇ રહી એવું ચાળીસ દહાડા ખાટલામાં રહી ત્યારે શ્રી ઠાકોરજીએ કહ્યું જે તેં મારી આગ્નાએ પણ માની ને વેદ મારગની રીત પણ રાખી તેથી શ્રી ઠાકોરજી બહુ પ્રસન થયા પછે ચાળીશ દહાડા થઇ ગયા તારે શુધ સ્નાન કરી ને શેવા કરવા લાગી પેહેલાંનાં જે વસ્ત્ર હતાં તે બધાં કહાડી નાંખ્યા ને બીજાં નવાં મંગાવ્યાં પછી ભલી રીતે શેવા કરવા લાગી તેથી વીરબાઇ શ્રીઠાકોરજીની કરપા પાત્ર હતી એમની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૩૨ મી

શ્રી આચારજીના શેવક માહાવજી પટેલ તથા તેમની સ્ત્રી વિરજાની વારતા.

——※O※——

તે વીરજા વરસદહાડામાં બેવાર શ્રીગોકુળ આવતી શ્રીનાથજીનાં, શ્રીગોસાંઇજીનાં દરશન કરતી. શ્રીગોસાંઇજી તેના ઉપર બહુ કૃપા કરતા. પછી એમને કૃશ્નભટનો સંગ થયો ત્યારે વીરજાએ કૃશ્નભટને કહ્યું જે તમે અમારે માથે સેવા પધરાવો તો બહુ સારૂ તેથી કૃશ્નભટે શ્રિ ગોસાંઇજીને વીનતી કરીને એમને માથે શેવા પધરાવી શ્રિ ઠાકોરજીને

શ્રિ ગોસાંઇજીએ મહાવજી પટેલને ઘેર પાટ બેસાર્યા તે
તીયાં સ્નેહપુરવક સેવા કરે ભાત ભાતની સામગ્રી કરે ને
તે શ્રીઠાકોરજીને સમરપે શ્રિઆચારજીનો ઓચ્છવ તથા
શ્રિગોસાંઇજીનો ઓચ્છવ ભલી રીતે કરે શ્રી આચારજી
તથા શ્રિગોસાંઇજીના સેવક જેટલા દસ વીસ કોશીના હો
ય તેને ભલી રીતે પ્રસાદ લેવરાવે એમ બહુ વરસ લગી સે
વા કરી પછી કૃષ્ણભટને આદે લેઇને સઘળા વઇશ્નવની સે
વા સારી રીતે કરી મહાપ્રસાદ લેવરાવે તથી સરવે વઇશ્નવ
તેમના ઉપર પ્રસન રહેતા.

વળી એક સમે ઓચ્છવનો દહાડો હતો તેથી વઇ
શ્નવ મહાપ્રસાદ લેવાને બેઠા હતા અને વીરજા વઇશ્નવને
અનસખડી સામગ્રી મહાપ્રસાદ પીરસતી હતી વીરજાએ
કૃષ્ણભટને વીનંતી કરી જે મને એવો મનોરથ છે જે સઘ
ળા વઇશ્નવની મંડળી બેઠી હોય ને હું સખડી પ્રસાદ પિ
રસું ત્યારે કૃષ્ણભટે કહ્યું જે એતો ભકિત ભાવે કરીને થા
ય પણ એ દ્રવ્યને સાધ્ય છે તીયારે વીરજાએ પુછ્યું જે
દ્રવ્ય સાધ્ય તે શું તેનો અરથ સમજાવીને કહો તીયારે કૃ
ષ્ણભટે કહ્યું જે આ સઘળી મંડળી લેઇને શ્રીગોકુળ
શ્રિગોસાંઇજીની પાસે જઇએ તીયાં જઇ વીનંતી કરીએ ને
તેમની આગ્ના હોય તે પ્રમાણે કરીએ તે આગ્ના આપે તો
સખડીપ્રસાદ લેવાય તેથી દ્રવ્ય સાધ્ય છે. જે મારગમાં
ખરચ કરીએ તે પોતાને માથે લેવું જોઇએ ને સરવે વઇ

મને સાથે લેઇ જઇએ. તીયારે વીરજાએ મહાવજી પટેલને હયું જે મને આવો મનોરથ છે તે મહારો પુરો કરવો જોઇએ તીયારે મહાવજી પટેલે કહયું જે મારી પાસે બે લાખ માહોરો ભેગી કરીછે એટલામાં કામ થતું હોય તો ભટજીને પુછો તીયારે વીરજાએ કૃશ્નભટને પુછયું જે બે લાખ માહોરો ભેગી કરીછે એટલાથી કામ થશે? એટલામાં કામ થતું હોય તો કરો તીયારે કૃશ્નભટે કહયું કે અવશ્ય કામ થશેજ આપણ સઘળા શ્રિગોસાઇજી પાસે જઇએ શ્રિગોસાઇજીની વીનતી કરીએ, શ્રીગોસાઇજી આગ્યા આપે તે પ્રમાણે થાય ત્યારે મહાવજી પટેલ પોતાના દ્રવ્યવડે સરવેને લેઇને ઊજેણુ આવ્યા પછી કૃશ્નભટને તથા બધા વઇશ્નવને એકઠા કરીને ગોકુળ આવ્યા તે શ્રીનાથજીનાં દરશન કરીને ગોકુળ આવ્યા ને તીયાં શ્રી ગોસાઇજીનાં દરશન કર્યાં. પછી કૃશ્નભટે શ્રી ગોસાઇજીની વિનતી કરી જે મરાજ વીરજાનો મનોરથ એવો છે જે સખડી મહાપ્રસાદ સઘળા વઇશ્નવ મહારે હાથે લે તીયારે શ્રી ગોસાઇજીએ કહયું કે એ મનોરથ તો પુરશોતમ ક્ષેત્ર ગયા વીના પુરણ થાય નહી તીયારે સઘળા વઇશ્નવની મંડળી લેઇને વીરજા શ્રી જગનાથ રાયજીનાં દરશને ચાલી ત્યાં જઇ પોહોચી ને શ્રીજગનનાથ રાયજીનાં દરશન કરયાં પછી જે મનોરથ હતો તે નાના પ્રકારની સામગ્રી કરી શ્રીજગનાથરાયજીને ભોગ સમરપાવ્યો પછી એ મહાપ્र

સાદ સખડી અનસખડી સઘળા વઈશ્નવને લેવરાવી, વિ રજાએ પોતાને હાથે સઘળા વઈશ્નવોને પીરસ્યું. પછી કેટલાક દીવશ તીયાં રહ્યા પછી વિરજા પોતાનો સઘળો મનોરથ પુરો કરીને પછી સઘળા વઈશ્નવની મંડળી સ હીત શ્રી ગોકુળ આવી. પછી શ્રી ગોસાઈજીને દંડવત કરયો પછી જે વાત હતી તે સઘળી શ્રી ગોસાઈજીના આગળ કહી પછી જે દ્રવ્ય રહ્યું તે ગોસાઈજીના આગળ ભેટ કરી દીધું. પછે શ્રી ગોસાઈજી વીરજાનો ભાવ જોઈને બહુ પ્રસન થયા. પછી સઘળા વઈશ્નવને શ્રી ગોસાઈજીએ પ્રસાદ લેવરાવ્યો. પછી વીરજા તથા વઈશનવ તથા ગો સાઈજી સાથ સરવે શ્રી ગોરધન આવ્યા તીયા શ્રીનાથ જીનાં દરશન કરયાં પછે વઈશનવ તથા વીરજા શ્રીના- જીથી ને શ્રીગોસાઈજીથી વીદાય થઈને પોતાને ઘેર ગઈ. વીરજા એવી કૃપાપાત્ર હતી.

વળી વીરજા વરસ દહાડામાં બે ચાર ગોકુળ આ વતી ત્યારે ગોળનું ગાડું એક તથા એક ઘઉંનું ગાડું લે ઈને આવતી ને એક મહિના લગી રહેતી. દીવસ પં દર શ્રી નાથજી દવાર, ને દીન પંદર શ્રી ગોકુળમાં, એ રીતે રેહેતી સામગ્રી ભોગ સમરપતી ભોગ સરાવીને ઢાંકી મેલતી તે જ્યારે ગાયો ચરાવીને ગોવાળ આવતા ત્યારે માહાપ્રસાદ દુધ, ભાત, ખુરૂ, ગોળ, આંગારમાં ચોપડીને સઘળા ગોવાળને તથા વૈશ્નવને આગો-

કમાં જઈને ખવરાવતી ને જ્યારે આવતી ત્યારે બે ઠેકાણે પેહેરામણી કરતી ભીતરીઆ તથા મુખીયા ગોવાળને તથા બધા શેવકોને વીદાઅગીરી આપતી. તેથી શ્રી ગોસાઈજી એના ઉપર બહુ પ્રસન રેહેતા. શ્રી નાથજીના ભીતરીઆ તથા શેવક એની વીરજા ઉપર બહુ પ્રસન રેહેતા એ એવાં ભગવદી હતાં. પદમરાવળ, કૃમભટ, એઓની સંગતી કરીને એવા થયાં તેથી મા-હાવજી પટેલ તથા વીરજા શ્રી આચારજીનાં એવાં કૃ-પા પાત્ર શેવક હતાં.

——※O※——

વારતા ૬૩ મી.

श्रीआचारजीना शेवक सीहानंदनां स्त्रीभरथार ए बेनी वारता.

———

એ સ્ત્રી તથા પુરૂષ બે હતાં તે શીહાનંદથી આ-ગરે આવીને રહ્યાં તેમને માથે શ્રી ઠાકોરજીની શેવા હતી તે આગરામાં જઈને એક ઘર લઈને રહ્યાં. તે ઘર ઘણું નાહાનું હતુ તેથી શ્રી ઠાકોરજી એકઠા બેસતા હતા. આડધી કોટડીમાં રસોઈ કરતા ને આડધી કોટ-ડીમા રેહેતા ને સુવાનું ઠેકાણું નોહોતુ તેથી એક વાંસ ડાનો મેડો કરી રાખ્યો હતો તેના ઉપર સજ્યા રેહે.

આંગણામાં રાતરે સ્ત્રી પુરૂસ સુઈ રેહે એમ કરતાં ચોમાસાના દીવસ આવ્યા, મેહ વરસે તો પણ આંગણામાં પમળતા સુઈ રેહે, પણ અંદર આવે નહી. પછી શ્રી ઠાકોરજી બોલ્યા કે અરે કુબાણાં મહી આવો, તમે માંહી કેમ નથી આવતાં ને બાહાર પમળો છો તેથી માંહી આવો હું તો ઊંચા મડા ઉપર પોહોડયો છું ને તમે નીચે કેમ નથી સુઈ રેહેતાં. ત્યારે ક્ષત્રીએ કહ્યું જે માહારાજ તમે પોહોડયા છો ને અમે નીચે કેમ સુઈએ ત્યારે શ્રી ઠાકોરજીએ કહ્યું કે એ વાતનો કાંઈ બાધ નહી. સંકોચ ન કરશો હું પ્રશન થઈને તમને કહુછું તેથી તમે આવો ને અંદર સુઈ રહો. પછી ત દાહાડાથી ઘરમાં સુઈ રેહેવાને માંડયું. પણ એ એવી રીતે સુઈ રેહેતાં કે કાંઈ સ્વાસ પણ માલમ ન પડે એવા સાવધાનથી સુઈ રેહેતાં એ સ્ત્રી ભરથાર ક્ષત્રી શ્રી આચારજીનાં એવાં કૃપાપાત્ર ભગવદી હતાં.

વારતા ૩૪ મી

श्री आचारजीना शेवक आनोरानां सदु पांडे तथा तेमनी स्त्री भवानी तथा छोडी नरोनी वारता.

જ્યારે શ્રી આચારજી પ્રથ્વી પરીક્રમા કરતાં આ-

ડ ખંડમાં પધારયા ત્યારે શ્રી નાથજીએ શ્રી આચારજી ને દરશન નં દીધાં ને કહયું જે તમે માહારી શેવા ચલાવો. વરજમાં ગોરધન પરવત છે ત્યાં ત્રણ દમન છીએ. દેવ દમન, નાગદમન, ને ઈંદ્ર દમન; તેમાં મંધ્ય દેવદમન છે. પાંડેસદુના મોહોટા બાઈ ગણીચંદ ત્યાં પ્રગટ થયા છે ત્યારે શ્રી આચારજી ત્યાં પમે પધારયા ત્યારે શેવક ચાર પાંચ સાથે હતા. દામોદરદાસ હરસાણી, ક્રશ્નદાસ મેઘન, અને મોહોટા રામદાસજી, માધવદાસ પુરા, ઇત્યાદીક શ્રી આચારજીની સંગાથે આનોરમાં આવ્યા. તે સંધ્યા સમે સદુને ઘેર આગળ આવીને ઉભા રહ્યા. ત્યારે સદુએ પૂછ્યુ જે કાંઈ ખાશો ત્યારે શ્રીઆચારજીએ કહ્યું જે અમે તો કાંઈ નહી ખાઇએ. ત્યારે ક્રશ્નદાસે મેઘનને કહ્યું જે એતો પોતાનાઘરનું ખાયછે બીજા કોઇનું લેતા નથી. પછી શ્રી નાથજીએ ગોરધન પરવત ઉપરથી સદુ પાંડેની છોકડી નરોની પાસેથી દુધ માગ્યું ત્યારે નરોએ કહયું કે આજ અમારે અહીયાં પરૂણા આવ્યા છે તેથી દુધ નથી. તારે નરોને શ્રી નાથજીએ કહયુ જે તાહારે પરૂણા આવ્યા છે તેમાં અમે શું કરીએ માહારૂ દુધ લાવ. ત્યારે નરો બોલી જે લાવુંછું લાવુંછું. નરો દુધનો કટોરો ભરીને લેઇ ગઈ. તે દુધ શ્રી નાથજીને પાને આવી ત્યારે શ્રી આચારજીએ પુંછ્યું જે તું ક્યાં ગઇ હતી તારે નરો બોલી જે દેવદમનને દુધ પા

ઇ આવી. ત્યારે શ્રી આચારજીએ ઝાડ બંડમાં બોલ સાંભળો હતો તે બોલ યાદ આવ્યો ત્યારે શુધ ગાવી જે નરો પાસે દુધ માગ્યું તે શબ્દને પેહેલો શબ્દ મળતો આવ્યો. ત્યારે શ્રી આચારજીએ નરોને કહ્યું કે આમાં કાંઇ દુધ રહ્યું હોયતો અમને આપો ત્યારે સદુ બોલ્યો જે જેટલું હોય તેટલું તમે લ્યો. હવે અમારે જોઇતું ન થી. ત્યારે શ્રી આચારજીએ સદુ ભવાની નરોને માથે હા થ ફેરવ્યો ને નામ દીધું, માહાપ્રસાદી દુધ પીધું, તે પછે એમનું દુધ કહી અંગીકાર કર્યું. એ સદુ, ભવાની નરો એવાં કરપા પાત્ર હતાં.

વળી એક સમે શ્રીનાથજી એમને ઘેર એક સો નાની વાડકી લેઇ આવ્યા ત્યાયારે ભવાનીએ કહ્યું કે મ ને દુધ પા. ત્યારે નરો વાડકીમાં દુધ રેડતી જાય ને તે શ્રિ નાથજી પીતા જાય. તે દુધ પીને શ્રીનાથજી તો પધારયા ને વાડકી તો ત્યાં વીસરી ગઇ. પછે સવાર થયું ત્યારે મંગળા આરતી સમે ભીતરીઆ જુએ તો મંદીરમાં વાડકી નથી એટલામાં નરો વાડકી લઇને આવીને કહ્યું જે આ વાડકી લ્યો રાતરે બાળક ભુલી ગયું હતું. પછી બધાએ બહુ પ્રસન થયા. સદુ, ભવાની ને નરો, એ ત્રણે એવાં ભગવદી હતાં.

વળી એક સમે શ્રીનાથજીએ શ્રી આચારજીને ક હ્યું કે મને ગાય મંગાવી આપો તીવારે શ્રીઆચારજીએ

દામોદરદાસ હરસાણીને કહ્યું કે શ્રી નાથજીએ ગાયની આજ્ઞા કરીછે.તેથી શ્રીઆચારજીએપોતે સોનાની પવીત્રી પહેરી હતી તે કહાડીને દામોદરદાસ હરસાણીને આપી ને કહ્યું જે આની ગાય લેઈ આવ. તીવારે દામોદરદાસ હરસાણીએ પવીત્રી સદુ પાંડેને આપીને કહ્યું જે આ ને વેચોને આના રૂપઈયા આવે તેની ગાય આણીને શ્રી આચારજી એ મંગાવી છે તે આપો તીવારે સદુપાંડેએ દામોદરદાસને કહ્યુંજે શ્રી આચારજી ગાયને શું કરશે.તી વારે દામોદરદાસે કહ્યું જે શ્રી નાથજીએ શ્રી આચારજી પાસે માગીછે તેથી મંગાવીછે. તીવારે સદુ પાંડએ કહ્યું જે મારે તીયાં ગાયો જોઈએ તેટલી છે તેમાથી શ્રીઆચારજી કહે તેટલી લેઇ જાઓ. તીવારે દામોદરદાસે કહ્યું જે શ્રી આચારજીની આજ્ઞા એવી છે જે પવીત્રી વેચીને ગાયો લાવી આપો. તીવારે સદુ પાંડેએ દામોદરદાસની પાસેથી પવીત્રી લેઈ વેચીને બે ગાયો લાવી આપી તે બે ગાયો શ્રી આચારજીએ શ્રીનાથજીને સોંપી. પછી સદુ પાંડે દ સ ગાયો શ્રીનાથજીને ભેટ કરી, પછી સઘળા વઈશ્નવો ને ખબર પડી કે શ્ર નાથજીએ શ્રી આચારજીને ગાયો લેવાની આજ્ઞા કરી છે તેથી સઘળા વઈશ્નવોએ ગાયો મોકલી દાધી. કોઈએ બે, કોઈએ ચાર, કોઈએ પાંચ, કોઈએ દસ. ગાયો મોકલી એમ કરતાં બસેં ગાયો આ વી. શ્રી નાથજીને ગાયો બહુ પ્રીય હતી તેથી શ્રી આચા

રજીએ શ્રી નાથજીનું નામ ગોપાળ એવું પ્રગટ કર્યું તે દીવસથી સઘળા ગોપાળ કહેવા લાગ્યા. પ્રથમ શ્રી નાથ-જીનું નામ દેવદમન હતું, પછી શ્રી આચાર્યજીએ ગોપાળ નામ પ્રગટ કર્યું. શ્રી ગોસાંઈજીએ શ્રી નાથજી નામ પ્રગટ કર્યું; તેથી સુરદાસજીએ ગોપાળ નામનું દીનતાનું પદ સંભળાવ્યું છે. ॥ અબકે ગોપાળા એ પદ સંભળાવ્યું. એ સદુ, ભવાની, ને નરો, એવા કૃપા પાત્ર હતાં.

વારતા ૩૫ મી

श्री आचारजीना शेवक गोपाळदास जटाधारी

वारता.

એ ગોપાળદાસ શ્રી નાથજીની ખવાસી કરતા. શ્રી નાથજને એમની સંગાથે ઘણું ભાવશે. ગરમીના દહાડામાં શ્રી નાથજીને ભોગ આવતો ત્યારે ગોપાળદાસ ઉભા ઉભા આંખો મીચીને પંખો કરતા. તથા રાત્રીએ પણ શ્રી નાથજી જબ મોહનમાં પોઢતા ત્યાં ગોપાળદાસ ઉભા રહીને આંખો મીચીને ચાર પહોર ઉભા ઉભા પંખો કરતા પણ દેહને કાંઈ [illegible] થતું નહી. રાત્રીને બીજા શ્રી ઠાકોરજીનાં તથા શ્રી આચાર્યજીનાં વચન સાંભળ

તાને આપ ઠાકોરજી કહેતા જે ગોપાળદાસ આંબ
ખોલ તાહારો પડદો શો ત્યારે ગોપાળદાસ કહેતા જે મ
ને શ્રી આચારજીની આજ્ઞા નથી તેથી હું કામ કરીને
ઉઘાડું કોઈ દહાડો પછી શ્રીનાથજી પોતાને હાથે કરીને મ
હાપ્રસાદ ગોપાળદાસના મોહોમાં મુકતા એવી કૃપા કરતા
એમ કરતાં કરતાં કેટલાક દહાડા વીત્યા ત્યારે એક દહાડો
ગોપાળદાસે શ્રીઆચારજીને વીનંતી કરી કે માહારાજ મ
ને પૃથ્વી પરીક્રમા કરવાનો મનોરથ થયોછે. તીયારે શ્રી
આચારજીએ કહયું કે અવશ્ય કરો. તીયારે આજ્ઞા માગી
ને ગોપાળદાસ પૃથ્વી પરીક્રમા કરવાને ચાલ્યા તીયારે બી
જા વઇશનવે શ્રી આચારજીને પુછયું જે માહારાજ એ
વઇશનવને એવો મનોરથ કેમ થયો. તીયારે શ્રીઆચારજી
એ કહ્યું જે એ ગયો તો છે પણ જઈ શકશે નહીં. મ-
જલ બેચાર જશે તીયારે એને વીરહ થશે તેવખત વીરહે
કરીને એની દેહ છુટશે. તીયારે વઇશનવે પુછયું કે માહા
રાજ એની દેહ એ રીતે કેમ પડશે તીયારે શ્રીઆચાર
જીએ કહ્યું કે એનાથી એક મોહોટો અપરાધ થયો છે
તેથી એની એ ગતી થઈ. તારે વઇશનવે પુછયું. જે મા
હારાજ મહત અપરાધ તે તો ને કહીએ છે તારે શ્રીઆ
ચારજીએ કહ્યું જે શ્રી ઠાકોરજીની સંગાથે બગાડે તેને ત
થા ભગવદી સંગાથે બગાડે તેને મહત અપરાધ કહીએ.
એ ગોપાળદાસ પ્રથમ શ્રી શ્રીનાથજીના બાગની રખ-

વાળો કરતો હતો તે એક શ્રી ઠાકોરજીનો શેવક એક બ્રાહ્મણનો છોકરો રાત્રીએ બાગમાં પેશીને ફુલ ચોરીને લેઈ જતો તેથી એક દહાડો ગોપાળદાસે એને મારયો. તીયાંથી નાઠો તે પોતાના ઘરમાં જઈને શ્રી ઠાકોરજીના મંદીરમાં પેશી ગયો ને ગોપાળદાસે એને તાંહાં જઈને મુકી મારી એ વાત શુધ આવી જે આણે મોટો અપરાધ કરયો છે તેથી પૃથ્વી પરીક્રમા કરવાની ઇચ્છા થઈ. એ ગોપાળદાસ મજલ ચાર પાંચ ગયો પછી એને વીરહ ઉપજ્યો કે શ્રી ઠાકોરજીની પાસેથી હું વેગળો થયો એવા વીરહે કરીને દેહ છુટી. તે વાત શ્રી આચારજીએ શ્રી મુખથી વઈશવને કહીને કહ્યું જે ગોપાળદાસને પરલોકમાં કાંઈ હાની નથી. એ શ્રીનાથજીના ચરણારવિંદની પાસે પહોચયો તેથી ભગવદી સંગાથે સર્વથા બીગાડ કરવો નહી. ભગવદીના બગાડથી ગોપાળદાસની આ ગતી થઈ શ્રી આચારજીના શેવક ગોપાળદાસ એવા કૃપાપાત્ર ભગવદી હતા.

વારતા ૩૬ મી.

શ્રી આચારજીના શેવક આગરાના રેવાસી સંતદાસ ચોપડા ક્ષત્રીની વારતા.

એ પેહેલા અત્યંત સંપન હતા. એ વેપારીમા મોહોટા હતા. લાખો રૂપીઆનો વેહેપાર હતો તેથી સઘળું દ્રવ્ય વેહેપારમાં ખોયું પછી શેહેરના બજારમા કોડીઓ વેચવા લાગ્યા. ત્યારે પાચીસ ટકાની પુંજી હતી. તે જ્યાં લગી આઠ પઇશા કમાતા ત્યાં લગી બે સતા. કોડીની ઢગલી પઇશા પઇશાની કરીને મુકતા તે ગ્રાહક લેનારો પઇશો મુકીને કોડીની ઢગલી ઉઠાવી જતા એમ સંતદાસ આપ બેઠે બેઠે પોથી જુવે ને મારગમા કોઇની સાથે બોલતા નહી ભગવદઇછામા છકયાને છકયા રેહે અને જે કોઇ ભગવદ ભકત આવતા તેની સાથે બેઠે બેઠે ભગવદ વારતા કરતા. બીજાની સંગાથે ભાષણ ન કરતા. પઇશા આઠ કમાતા તેથી નીરવાહ કરતા. રસોઇનો ટકો એક લાગતો, અધેલાનું ચવાણું લાવીને મુકે. રાત્રીએ વૈશ્નવ આવીને બેસે, ત્યારે ભગવદ વારતા તથા કીરતન કરતા તે વૈશ્નવ જ્યારે ઉઠતા ત્યારે સુધી ચવાણાનો માહાપ્રસાદ વેંહેંચી આપતા તે લઇને વૈશ્નવ ઉઠતા એવો નીરવાહ કરતા. એમ કરતાં કરતાં કેટલાક દીવસ વીત્યા ત્યારે નારણદાસે એ વાત ગોડ દેશમાં સાંભળી જે સંતદાસને ખરચનો સંકોચ બહુ થાયછે. તેથી નારણદાસે સંતદાસને પત્ર લખ્યો ને હુંડી એક સો મોહોરોની મોકલી. તે હુંડી કાસદની સંગા-

થે મોકલી તેણુ આવીને કહ્યું કે નારણદાસે આ હુંડી મોકલીછે તે ચીઠી સંતદાસે વાચી એમાંથી એ હુંડી સંતદાસે અડેલ શ્રી ગોસાંઇજીને મોકલાવી. ટકા એક કાસદને આપ્યો. અને સંતદાસે નારણદાસને પત્ર લખ્યો તેમાં લખ્યું જે તમે હુંડી મોકલી તેતો અડેલ શ્રી ગોસાંઇજીને મોકલી. તમારી મોહોટાઇમાં અમારે એક દાહાડો રસોઇ ના થઇ એની કમાઇ કાશદને આપી. જ્યારે હુંડી અડેલ પોહોચી ત્યારે ભંડારીએ આવીને શ્રી ગોસાંઇજીને સંભળાવ્યું કે હુંડી એક સો મોહોરની આવી હતી તે નારણદાસે સંતદાસને ત્યાં મોકલી હતી તે હુંડી સંતદાસે અહીંયાં મોકલી, ત્યારે શ્રી ગોસાંઇજીએ કહ્યું કે સંતદાસ શ્રી આચારજીના કૃપા પાત્ર સેવકછે તે વૈશનવનું દ્રવ્ય શું કરવા રાખે.

વળી કેટલાક દીવસ પછી શ્રી ગોસાંઇજીએ ગોકુળ વાસ કરયો ત્યારે સંતદાસ ઓછવના દરશને આગરેથી આવતા ને શ્રી ગોસાંઇજી આગરે પધારતા ત્યારે સંતદાસને ઘેર વગર બોલાવે પધારતા. શ્રી આચારજીના સેવક જાણીને એવી કૃપા કરતા. પછી કેટલા એક દીવસ પછી સંતદાસનું શરીર થાક્યું ત્યારે શ્રી ગોકુળથી ચાંપાભાઇ ભંડારીને બોલાવ્યો તે ચાંપાભાઇ શ્રી ગોસાંઇજીની આગ્યા લેઇ આગરે આવ્યો. ત્યારે

સંતદાસે ચાંપાભાઈને કહ્યું જે આ ઘર તમારૂં છે. જ્યાં લગી તમારી મરજીમાં આવે તાંહાં લગી અહીંને રેહેવાદો. ચાહુતો ઘરેણે મુકી આવો, ચાહુતો વેચીને દામ લો, એમ કહીને ઘરનાં ખતપત્ર હતાં તે ચાંપાભાઈને સોંપી દીધાં. ચાંપાભાઈ ખતપત્ર લેઈને શ્રી ગોકુળ આવ્યા ત્યાં શ્રી ગોસાંઈજીને સરવે સમાચાર કહ્યા. પછે સંતદાસ બહુ અશકત થઈ ગયા ત્યારે વૈશનવ સઘળા આવીને સંતદાસને કહ્યું જે તમને ઠાણુા ઘાટ લેઈ જઈએ. ત્યારે તેમણે કહ્યું કે મને મથુરાં શું કૃતાર્થ કરશે. ત્યારે વૈશનવે કહ્યું કે શ્રી ગોકુળ લેઈ જઈએ. ત્યારે કહ્યું કે શું આમથી જઈને રાખ ઉરાડવી એમ કહી કાંઈએ ન ગયા. આગરામાંજ દેહ છોડી. પછી વૈશનવે સરવે કૃત્યત્યાંહાંજ કરે. પછે એ વાત વૈશનવે શ્રી ગોસાંઈજીના આગળ કહ્યું ત્યારે તેમણે કહ્યું કે સંતદાસ મોહોટા ભગવદી હતા. સંતદાસની સરાહના શ્રી ગોસાંઈજી આપ શ્રી મુખથી કરતા. એ સંતદાસ શ્રી આચારજીના એવા કૃપાપાત્ર ભગવદી હતા.

વારતા ૩૭ મી.

श्री आचारजीनाशेवक बादराअण पुश्करणा ब्राह्मण नी वारता.

એ બાદરાઆણનું નામ પેહેલું બાદા હતું તે શ્રી આચારજીએ બાદરાઅણ નામ ધરયું. તે બાદરાઅણ ને તેની સ્ત્રી મોરબીમાં રહ્યાં. એક શમે વતસબ ભટ શ્રી ધાગીકો જતા હતા તે રાતરે મોરબીમાં રહ્યા ત્યાં બાદરાઅણે એમણે રાખ્યા. એમની પાસે નામ પામ્યા. પછે વતસભટે શ્રી ભાગવત શરવણ કરયું. ભાગવત સંપુરણ કરીને વતસભટ દ્વારકાં ગયા તે પછી કેટલાક દીવસે શ્રી આચારજી દ્વારકાં પધારયા. ત્યારે મોરબીમાં ઊતરયા તે પછે બાદરાઅણ તથા તેની સ્ત્રી શ્રીઆચારજી પાસે નામ પામ્યાં, શ્રી આચારજીએ નીવેદન કરાવ્યું. બે દાહાડા મોરબીમાં રહ્યા. પછે શ્રી આચારજી દ્વારકાંમાં ચાલ્યા. ત્યારે બાદરાઅણ તથા તેની સ્ત્રી બે જણાં શ્રી આચારજીની સંગાથે દ્વારકાં ચાલ્યાં તે ત્યાં પોહોચ્યાં પછી શ્રીઆચારજી દ્વારકાંમાં મહીના ૭ લગી રહ્યા. તાંહાં બાદરાઅણ તથા તેની સ્ત્રી શ્રી આચારજીની શેવામાં રહ્યાં. તે એવી શેવા કરી કે શ્રી આચારજી બહુજ પ્રસન થયા તેથી એનું નામ બાદરા-

અણુ હતુ તે કૂરવીને બાહરઅણુ પાડ્યું. પછે શ્રી આચારજી દ્વારકાંથી ચાલ્યા ત્યારે બે જણાં સાથે ચાલ્યાં તે મોરવી લગી આવ્યા પછી શ્રી આચારજી પાસે વીદાઅગીગ્રી માગી બાહરાઅણુ તથા તેની સ્ત્રી મોરવીમાં રહ્યાં શ્રી આચારજી ગોકુળ આવ્યા. એ શ્રીઆચારજીના એવા કૃપાપાત્ર શેવક હતા.

વારતા ૩૮ મી.

श्री आचारजीनाशेवक कवीराज भाटनी वारता.

એ કવીરાજ ભાટ બ્રાહ્મણ હતા. તે ત્રણભાઈ હતા. એ ત્રણેભાઈ અડેલમાં આવી શ્રી આચારજીના શેવક થયા. નામ પામ્યા સમરપણ કર્યું. પછે શ્રી નાથજીનાં દરશન કરયાં. શ્રી નાથજીની સનીધે કવીત બહુ કહીને બોલ્યા, પછે શ્રી આચારજીએ કવીત બહુ બોલ્યા તેથા શ્રી આચારજીએ કવીરાજ ભાટ નામ પાડ્યું તેના ઉપર બહુજ પ્રસન રેહેતા. એ કવીરાજ ભાટ મોહોટા ભગવદી કૃપાપાત્ર હતા.

વારતા ૩૯ મી.

श्री आचारजीना शेवक सीहानंदना रेहनार अेक क्षत्राणीनी वारता.

તે ક્ષત્રાણીને માથે શ્રી નવનીધ પ્રીયાજીની શેવા હતી. શ્રી ઠાકોરજી સાનુભાવ હતા. પણ એ બાઈ અકીંચન હતી તે જ્યારે શેવા કરીને પોહોચે ત્યારે સુતર કાતે તેમાં જે કાંઈ વધે તેથી પોતાનો નીરવાહ કરે. ઘરના બારણા આગળ કાછીઆ તરકારી વેચવાને આવે ત્યારે શ્રી ઠાકોરજી મંદીરમાંથી પોકાર કરે કે અરે ક્ષત્રાણી તરકારી વેચાવા આવીછે તે તું લે એવું શ્રી ઠાકોરજી કેહે ત્યારે ક્ષત્રાણી શરવ ભાતની તરકારી લે. તે કેટલાક તો કાચી સમરપે ને કેટલીક તો રસોઈમાં વઘારીને સમરપે ને એ કાછીઆનો શબ્દ શ્રી ઠાકોરજી સાંભળે. એ કાછીઓ આગળ નીકળીજાય ને એ બાઈ સામગ્રી લેઈ ન શકે ત્યારે શ્રી ઠાકોરજી બહુજ લડાઈ કરે જેમ લોકનાં છોકરાં કરેછે તે રીતે શ્રીઠાકોરજી એ ક્ષત્રાણીની સાથે ઝઘડો કરે. વળી કોઈ દાહાડો કાંઈ ભાગભોગ પકવાન ન હોય ત્યારે રોટલીઓ ઘડીને ઢાંકી રાખે તે જ્યારે અડધી રાત જાય ત્યારે શ્રી ઠાકોરજી બોલે. અને ક્ષત્રાંણી બાઈને જગાડીને કેહે જે હું ભુખ્યોછું. ત્યારે એ બાઈ કેહે કે લાલાજી પકવાન તો કાંઈ નથી પણ મેં રોટલી ઘડીને ચોપડી મુકીછે તે ખાવું. ત્યારે શ્રી ઠાકોરજી કેહે કે ભલે રોટી લાવો ત્યારે તે ક્ષત્રાંણી રોટલીઓ લાવી ને

આગળ મુકે, ત્યારે ઠાકોરજી એ બાઇને કેહે કે તું રોટલીના કડકા કરીઆપ ત્યારે બાઇ રોટલીના કડકા કરીને શ્રી ઠાકોરજીના શ્રી હસ્તમાં આપે. ત્યારે શ્રીઠાકોરજી તેમાંથીએ પણ પોતાને હાથે કડકા કરી કરીને આરોગે, પછી જળપાન કરીને પોઢે ત્યારે એ ક્ષત્રાણી બાઇના મનમા ક્ષોભ થાય ને કેહે જે સવારે કોઇનું ઉધારે લાવીને પકવાન કરી ધરી રાખીશ અરે મહારા ઠાકોરજી એ ફકત એકલી રોટલી આરોગી પછી બીજે દહાડે ઉધારે લાવીને કોઇ પકવાન કરીને ધરી રાખે. પછી રાત્રીએ જ્યારે શ્રીઠાકોરજી માગે ત્યારે પકવાન આગળ ધરે ત્યારે શ્રીઠાકોરજી આરોગે પણ શ્રીઠાકોરજી કહે કે અરે ફલાણી પકવાન કરયું પણ મને પકવાન કરતાં કાલની રોટલી બહુ સારી લાગી હતી. તીયારે બાઇએ કહ્યું કે લાલાજી હું શું કરૂં મહારે કોઇ કમાનાર નથી. હું એકલીજ છું કોઈ દહાડો કાંઇ થઇ આવે ને કોઇ દહાડો નાએ થઇ આવે તીયારે શ્રીઠાકોરજીએ કહ્યું કે તું પકવાન શું કરવા કરેછે તું એકલી રોટલી ચોપડીને ધર, મને રોટલી ચોપડેલી બહુ રૂચ્યા કરેછે તેથી તું સંકોચ ન કરીશ મને રોટલી બહુ સુસ્વાદ લાગેછે. પછી એ બાઇ રોટલી કરી રાખે તે શ્રીઠાકોરજી આરોગે. એ ક્ષત્રાણી શ્રીઆચારજીની એવી કૃપાપાત્ર ભગવદી હતી.

વારતા ૪૦ મી.

श्री आचारजीना शेवक कनोजिआ ब्राह्मण परमानंद दास स्वामी पद गाता हता तेनी वारता.

તે પરમાનંદદાસ પરમ ભગવદ લીલાના ગ્રહણ કરનારા હતા શ્રી ઠાકોરજીના પરમ સખા તે જ્યારે શ્રી આચારજી મહા પ્રભુ પૃથ્વી ઉપર પ્રગટ થયા ત્યારે શ્રી નાથજીની આજ્ઞાથી દૈવી જીવને ઊદ્ધાર કરવા સારૂ એ પ્રકારેજ તેમજ શ્રીઠાકોરજીનો સઘળો પરિવાર પ્રગટ થયો ને શ્રીઆચારજી મહા પ્રભુજીને અર્થે શ્રીગોવરધનનાથજી શ્રીગોરધન પર્વતમાંથી પ્રગટ થયા તે બધાય દૈવી જીવ અનેક દેશાંતરમાં પ્રગટ થયા તે ગોપાળદાસજીએ વલ્લભાખ્યાનમાં કહ્યું છે કે, (અનેક જીવને કૃપા કરેવા, દેશાંત પરવંશ:) તેથી પરમાનંદદાસજીનો જન્મ કનોજમાં થયો કનોજીઆ બ્રાહ્મણને ત્યાં તે પરમાનંદદાસજી બહુજ યોગ્ય કવિતા થયા ભગવદ કૃપા રૂપી પાત્ર હતા તે પરમાનંદ દાસજી આપ સ્વામી કહેવાયા આપ સેવક હતા કિરતન પોતે બહુજ સારાં ગાતા તેથી પરમાનંદદાસજીની સાથે સમાજ બહુજ રહેતા હતા તે ભગવદ ઈચ્છાથી એકસમે પરમાનંદદાસજી કનોજથી પ્રયાગ આવ્યા તે પ્રયાગમાં ઉતરયા ને આ કીર્તન ગાયાં તે કીર્તન બહુજ સારાં ગાયાં.

તેથી બહુજ લોક એમનાં કીર્તન સાંભળવાને આવતા બીજા અડેલથી કામને અર્થે લોક આવતા તે એમના કિર્તન સાંભળીને અડેલમાં આવીને કેહેતા જે પરમાનંદ સ્વામી પ્રયાગમાં આવ્યા છે તે કીર્તન બહુજ સારાં ગાય છે; તે શ્રીઆચારજી મહા પ્રભુજીનું એક સેવક જળભરી આ ક્ષત્રી કપુરદાસ એને રાગ ઉપર બહુજ પ્રિતી હતી પણ એમને વેળા ન મળતી જે પ્રયાગ જઈને પરમાનંદ સ્વામીનાં કીરતન સાંભળે સેવામાં અવકાશ ન મળે તે એક દીવશ એક વેશ્ણવ પ્રયાગથી અડેલ આવ્યા. તેણે કહ્યું જે, તે આજ એકાદશી છે તેથી આજ પરમમાનંદ દાસ રાત્રીએ જાગરણ કરશે તે સાંભળીને શ્રીઆચારજી મહા પ્રભુજીનો સેવક જળભરીઆ ક્ષત્રી કપુરદાસે મનમાં વિચારયું જે આજ પરમાનંદસ્વામીના કિર્તન સાંભળવાને આવું છું તે કપુરદાસ પોતાની સેવાથી પોંહોંચીને રાત્રીએ પોતાને ઘેર આવીને મનમાં વિચારયું. આ વેળા નાવ તો મળશે નહીં ત્યારે શું કરવું પણ એ તરવામાં ઘણા ચતુર હતા તેમણે મનમાં વિચારી જોયું કે તરીને પાર જઈએ તે પછી પોતાને ઘેરથી ચાલ્યા તે શ્રીજમુનાજીના તીરે આવ્યા પછી પર દની (પોતીયુ) પેહેરી બાકીના વસ્ત્ર માથે મુકીને શ્રીજમુનાંજી તરી પ્રયાગમાં આવી વસ્ત્ર સઘળાં પેહેરયાં પછી જે ઠેકાણે પરમાનંદસ્વામી ઉતરયા હતા ત્યાં આવ્યા. ત્યાં એમને પરમાનંદસ્વામીનો મેળાપતો હતો નહી જ્યાં બધા લોકો બેઠા હતા ત્યાં જઈ પોતે બેઠા પણ શ્રીઆચારજી મહા પ્રભુના સેવકો સહુ તેમને જાણે તેથી સઘળાએ આદર

સન્માન કરીને બેસારચા. તે પછી પરમાનંદસ્વામીએ કિ ર્તનનો આરંભ કરયો તે પરમાનંદસ્વામીએ વીરહનાં પદ ગાયાં તે પદ શાથી ગાયાં કે પ્રથમ એમને ઉપર કહી આપ્યા છે કે લીલાના પાત્ર શ્રીઠાકોરજીના પરમ સખા તે એ પરમાનંદદાસજી ત્યાંથી વેગળા થયા છે ને અહી થી શ્રીઠાકોરજીના દરશન નથી. ને શ્રીઆચારજી મહા પ્ર ભુજીના દરસન હવે થશે ને શ્રીગોરધનનાથજીના દરશન શ્રી આચારજી મહા પ્રભુજી હવે કરાવશે તે દરશન કેમ કરાવશે શ્રી મહા પ્રભુજી શ્રીઆચારજી આ માર્ગના જે સીધાંત છે તે ભગવદીનો સંગ થાય તો શ્રીઠાકોરજી કૃપા કરે. તેને લીધે શ્રીઆચારજી મહા પ્રભુ પરમાનદસ્વામી ઉપર કૃ- પા કરીને પોતાના કૃપા પાત્ર ભગવદીપના અંતઃકરણમાં પ્રેરણા કરી પરમાનંદસ્વામીને ત્યાં મોકલ્યા શ્રીઆચારજી મહા પ્રભુ કેવા છે કે જેને અહરનીશ શ્રીઠાકોરજી એક ક્ષણ પણ છોડતા નથી એમના સંગેજ રહે છે શાથી કે સુરદાસજીએ ગાયુ છે ભકતવીરહકા તર કરૂણામય ડોલત પાછે લાગે;

જગંગનાથ જોશીની વારતામાં લખ્યું છે જે જ્યારે રજપુત તરવાર કહાડી ત્યારે શ્રીઠાકોરજીએ એનો હાથ ઝાલ્યો તેથી. શ્રીઆચારજી મહાપ્રભુના શેવકની પાસે શ્રીઠાકોરજી સદાકાળ રહે છે તેથી પરમાનંદદાસજીએ વી- રહનાં પદ ગાયાં.

સઘળી રાત ગાયાં પાછલી ઘડી ચાર રાત્રી રહી ત્યા રે સઘળા જાગરણમાંથી પોત પોતાને ઘેર ગયા તેજ પ્રકા રે શ્રીઆચારજી મહાપ્રભુના સેવક જળભરીઆ કપુરદાસ

પરમાનંદસ્વામીને જેશ્રીકૃષ્ણ કહીને ચાલ્યા પરમાનંદ સ્વામીના કીર્તન સાંભળીને ખહુજ પ્રસન થયા ને પરમા નંદસ્વામીને કહ્યું જે જેવું હમે સાભળ્યુ હતું તેથી અધી ક જોયું તમારા ઉપર પરમ ભગવદ અનુગ્રહ સપુરણ છે. એ જળભરીઆ કપુરદાસ શ્રીઆચારજી મહાપ્રભુના સેવક પરમ કૃપા પાત્ર છે કે ત્યાં ચાલી આવ્યા તે પરમાનંદ સ્વામીના ઉપર અનુગ્રહ કરવાનેજ આવ્યા હતા નહી તો ભગવદી કોઇ કોઇને ઘેર જાય નહી ને એ ઉપર કહી આવ્યા જે શ્રી ઠાકોરજી શ્રીઆચારજી મહાપ્રભુ શેવકને પાસેજ રહે છે એ જળભરીઆ ક્ષત્રી કપુરદાસના ખોળા માં બેસી શ્રીનવનીધપ્રીયાજીએ એ પદ સાંભળ્યાં શ્રીઆ ચારજી મહાપ્રભુજીના મારગની મર્યાદાછે તે એમના અનુ ગ્રહ વીના શ્રીઠાકોરજી ના કરે તે જળભરીઆ કપુરદાસ ઉપર શ્રીઆચારજીની જેવી કૃપા હતી તેથી શ્રીનવનીધપ્રીયા જીએ એમના ખોળામાં બેશી સાંભળ્યાં તે નવનીધપ્રીયાજી પ રમાનંદસ્વામીના પદ સાંભળવાં પધાર્યાં તેનું કારણ ભગવદી પર માનંદસ્વામી ઉપર અનુગ્રહ કરવાને કાજેજ ને શ્રીનવનીત પ્રીયાજી સંગાથે આવ્યા હતા તે શ્રીઆચારજીના સેવક જ ળભરીઆ કપુરદાસ પરમાનંદસ્વામીને શ્રીકૃષ્ણ સ્મરણ કરી ને ચાલ્યા તે શ્રીજમુનાંજીને તીરે આવ્યાં ત્યાં આવીને વિ ચાર્યું જે નાવની વાટ જોઉ તો વાર થઈ જશે ને શેવા ચુકીશ ને શ્રીઆચારજી મહાપ્રભુજી જાણશે તો ખીજશે તે થી જેવા આવ્યા હતા તે પ્રકારે જઇએ તે પ્રમાણે પાર ગયા પાર આવીને સ્નાન કરીને શેવામાં તત્પર થયા તે પછી

અહીં આ પ્રયાગમાં પરમાનંદસ્વામી રાત્રીના જાગરણ થકી શ્રમીત થયા હતા ને આંખમાં નિંદ્રા આવી તેમાં સ્વપ્ન આવ્યું ને જેવું રાત્રીએ શ્રીઆચારજી મહાપ્રભુના શેવક કપુરદાસ બેઠા હતા તેવાજ દીઠા પછી તેમનાજ ખોળામાં શ્રીનવનીતપ્રીયાજી બેઠા હતા તેવાં દરશન થયા ને સ્વપ્ન માં શ્રી નવનીતપ્રીયાજીએ પરમાનંદદાસને કહ્યું જે આજ મેં તારૂ કીરતન સાંભળ્યું એટલું શ્રીનવનીતપ્રીયાજીના વચન શ્રીમુખનું પરમાનંદસ્વામીને કહ્યુ પરમાનંદસ્વામીની નિંદ્રા ખુલી ગઈ એ શ્રીમુખ કોટી કંદ્રપ લાવણ્ય પરમાનંદસ્વામીએ દીઠુ તેજ હરદયમાં ધરી લીધુ ને મનમાં ચટપટી લાગી જે આ દરશન ફરી કેમ થાય વળી વિચારયું જે એ કપુરદાસ વીના નહી થાય તેથી એની પાસે જઈને એમને મળીએ તારે કાર્ય સિધ્ધ થાય. એવુ પરમાનંદસ્વામીએ મનમાં વિચારીને તતકાળ ઉઠીને અડેલ આવ્યા પછી શ્રીજુમનાંજીના તીર ઉપર આવીને ઉભા રહ્યા પ્રાંતઃકાળનો સમય હતો પેહેલું નાવ ચાલતુ હતું તેમાંજ બેશીને પાર ઉતરયા આગળ જઈને જુવે તો શ્રીઆચારજી મહાપ્રભુજી સ્નાન કરીને સંધ્યાવંદન કરે છે તે પરમાનંદસ્વામીને શ્રીઆચારજી મહાપ્રભુજીનું દરશન થયુ. કેવું થયું કે સાક્ષાત પુરણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણચંદ્ર શ્રીગુસાંઈજી એ વલ્લભાષ્ટકની ટીકામાં લખ્યુંછે જે **वस्तुतः कृष्णएव** એવાં દરશન શ્રીઆચારજીનાં પરમાનંદસ્વામીને થયા ત્યારે શ્રીપરમાનંદસ્વામીના મનમાં આવ્યુ જે શ્રીઆચારજીના શેવક કપુરદાસના ખોળામાં બેઠા હતા જેને માથે

શ્રી મહાપ્રભુજી બીરાજે છે પણ પરમાનંદસ્વામીના મન માં એવું જે કપુરદાસ મળે તો સારૂ સાથી કે જેના દરશન થી શ્રીઆચારજી મહાપ્રભુજીનાં દરશન થયાં તે પછી શ્રી આચારજી મહાપ્રભુજીએ પોતાના શ્રીમુખથી કહ્યું જે પ રમાનંદ કાંઈ ભગવદ વર્ણન કરો ત્યારે પરમાનદસ્વામી એ વીરહનાં પદ ગાયાં.

તે સાંભળીને શ્રી આચારજીએ પરમાનંદસ્વામીને કહ્યું કે પરમાનંદ બાળલીલાવરણન કર ત્યારે પરમાનંદ સ્વામીએ કહ્યું કે માહારાજ હું કાંઈ સમજતો નથી ત્યારે શ્રી આચારજીએ કહ્યું કે સ્નાન કરીને આવ હું તને સમ જાવું તારે પરમાનંદસ્વામીએ શ્રી આચારજીને પુછ્યું જે માહારાજ આપનો શેવક જળભરીઆ કપુરદાસ કયાં છે ત્યારે શ્રી આચારજીએ કહ્યું જે શેવામાં ટેલ ટકોરો કરતો હશે પછી પરમાનંદસ્વામી શ્રી જુમનાજી ઉપર સ્નાન કરવાને ચાલ્યા તે આગળ જુવે તો જુમનાજીના જળની ગાગર ભરીને કપુરદાસ આવતા હતા તે સામા મલ્યા એમને દેખીને પરમાનંદસ્વામી બહુજ પ્રસન થયા ને બે હાથ જોડીને એમને નમસ્કાર કરયો ને કહ્યું કે રાત્રીએ આપ જાગરણમાં પધારયા હતા તે વખત શ્રી ઠા કોરજી આપની ગોદમાં બેસીને મારા કીરતન સાંભળ્યાં, તે આપની કૃપાથી ઠાકોરજીએ મને કહ્યું જે શ્રી આચારજી ના શેવક જળભરીઆ કપુરદાસના ખોળામાં બેસીને તારાં કીર્તન સાંભળતો હતો તે આપના અનુગ્રહથી મારૂં ભા ગ્ય સીધ થયું તે વાસ્તે આપના દરશનના અર્થેજ સ

વારે ઉઠીને જે આવ્યોછું તે આવતાંજ તમારી કૃપાથી શ્રી આચારજીનું દરસન થયું તે સાક્ષાત પુરણ પુરૂષોતમ કૃષ્ણચંદ્ર શ્રી ગોરધન ધરણનુંજ દરસન થયું એ વાત પરમાનંદસ્વામીની સાંભળીને કપુરદાસ પરમાનંદસ્વામીને કહ્યું જે એવું ના કહો શ્રી આચારજી માહારાજ સાંભળશે તો ખીજશે ને કહેશેજે તું શેવા છોડીને કયમ ગયો તેથી એ વાંત ન કરો એવું સાંભળીને પરમાનંદસ્વામીને આશ્ચર્ય થયું જે ધન્ય છે કે જેના ઉપર શ્રી ઠાકોરજીનો એવો અનુગ્રહ છે જે પોતાનું સ્વરૂપ છુપાવેછે પછી પરમાનંદસ્વામીતો સ્નાન કરવાને ગયા અને કપુરદાસ જળની ગાગર ભરીને મંદીરમાં ગયા પછી પરમાનંદસ્વામી જુમનાજીમાં સ્નાન કરી તતકાળ જઈ શ્રી આચારજીને પાસે જઈ દંડવત કરી હાથ જોડીને શ્રી આચારજીની આગળ ઉભા રહ્યા ત્યારે શ્રી આચારજીએ કહ્યું જે પરમાનંદદાસ આગળ આવ બેશ ત્યારે પરમાનંદદાસ શ્રી આચારજીની પાસે આવીને બેઠા ત્યારે શ્રી આચારજીએ કૃપા કરીને નામ સંભળાવ્યું પછી મંદીરમાં પધારયા પછી શ્રીનવનીતપ્રીયાજીના સંનીધાન પરમાનંદદાસને બ્રહ્મ સંબંધ કરાવ્યો પછી કૃપા કરીને પરમાનંદદાસને અનુક્રમણીકા સંભળાવી સાથી જે પ્રથમ શ્રી આચારજી માહા પ્રભુજીએ પોતાના શ્રીમુખથી કહ્યું હતું જે ભગવદ જશ વર્ણન કર. ત્યારે પરમાનંદદાસજીએ વીરહનાં પદ ગાયાં ત્યા શ્રી આચારજી મહાપ્રભુએ કહ્યું જે બાળલીલા ગાઓ ત્યારે પરમાનંદદાસજીએ કહ્યું જે હું કંઈ સમજતો નથી

ને જો સમજુ તો વીરહનાં પદ કેમ ગાઉ વીરહનાં પદ એ
મ ગાયાં જે ઉપર કહી આવ્યાછે જે શ્રી ઠાકોરજીથી વેગ
ળા થએલા છીએ તે દુઃખની સ્ફુરતી રહી ને સંજોગતા
સુખ વીસ્મરણ થઈ ગયું સાથી જે સઘળી લીલા વીશેષ
પુરાણ પુરશોત્તમ શ્રી આચારજી મહા પ્રભુજીને ઘેર છે ત
થી શ્રી આચારજી મહા પ્રભુજીને પરમાનંદદાસ એકઠા પ
ઇને શ્રી નવનીતપ્રીયાજીનાં દરસન કરાવ્યાં ત્યારે સઘ
ળી લીલાની સ્ફુરતી થઈ ને શ્રીઆચારજી માહા પ્રભુજી
એ અનુક્રમણીકા સંભળાર્વા તેનું કારણ એજ જે શ્રી
આચારજી મહાપ્રભુજીનું નામ છે જે શ્રી **भागवतपीयुष समुद्रमथनक्षम** તે શ્રી ભાગવતનું શ્રી ગુસાંઈજીએ વર્ણન
કર્યું તે અનુક્રમણીકા પરમાનંદદાસનાં હૃદયમાં આ
પી ને શ્રી આચારજી મહા પ્રભુજીએ સર્વે કહ્યું તેથી
ગ્નાન રહ્યું ને સુરદાસજી ને પરમાનંદદાસજી સાગર થ
યા એ વાતથી શ્રી ભાગવતરૂપી અમૃત તેમના હૃદયમાં
આવ્યું તેથી આજ સઘળા તેમને સુરસાગરને પરમાનં
દસાગર કહે છે પરમાનંદદાસને આપ શ્રીમુખથી શ્રી આ
ચારજી કેહેતા જે બાળલીલા વર્ણન કરે ત્યારે પરમાનંદદા
સજીએ તતકાળ શ્રી બાળલીલાનાં પદ કરીને શ્રી નવનીત
પ્રીયાજીના સંનીધાન ગાયાં.

એ બાળલીલાનાં પદ પરમાનંદદાસજીએ ગાયાં તે સાંભ
ળીને શ્રીઆચારજી બહુજ પ્રસન થયા પછે પરમાનંદદા
સજી અડેલમાં શ્રીઆચારજી માહપ્રભુ પાસે રહ્યા પછી
શ્રી આચારજીએ પરમાનંદદાસજીને કીરતનની સેવા આપી

ને પરમાનંદદાસજી શ્રીનવનીતપ્રીયાજીના મોં આગળ નીત્ય નવાં નવાં ભાત ભાતનાં કીરતન સંભળાવતા પછી જ્યારે અનુસર થતાં ત્યારે શ્રી આચારજીના મોં આગળ આવીને કીરતન કરતા શ્રીઆચારજી મહાપ્રભુજી નીત્ય કથા કેહતા તે પ્રશંગ સાંભળીને પરમાનંદદાસ શ્રીજીઆચારજીને પદ કરીને સંભળાવતા, એક દીવશ કથામાં શ્રીઠાકોરજીના ચર્ણારવિંદનુ માહત્મ સાંભળયું તેનુ કીરતન શ્રી આચારજી મહાપ્રભુજીના મોં આગળ પદ કરીને પરમાનંદદાસે મુકયું તે જોઇને શ્રીઆચારજી મહાપ્રભુજીએ જાણ્યું જે આગીશ કરીને પરમાનંદદાસ આ પદ સંભળાવાનો હેતુ એવો છે કે વ્રજનાં દરશનની પ્રાર્થના કરી તેથી વ્રજમાં અવશ્ય જવું.

હવે શ્રીઆચારજી મહાપ્રભુજીએ વીચારયું કે હવે વ્રજમાં પધારવું એ ઉદ્યમ કરયો તે દામોદરદાસ હરસાણી તથા કૃષ્ણદાસ મેઘન પરમાનંદદાસ તથા જ્યાદવેંદ્રદાસ હાંડવે તથા રસોઇનો સામાન સાથે લઇને ચાલતા એ બોજ વૈભવસંગ આપ શ્રી મહાપ્રભુજી પોતે પગે ચાલતા તે વ્રજમાં આવતા માર્ગમાં પરમાનંદદાસનું ગામ કનોજ આવ્યું ત્યારે પરમાનંદદાસજીએ વિનંતી કરી કે માહારાજ માહારે ઘેર પધારો આપના અનુગ્રહ થકી મારૂં ભાગ્યતો સિદ્ધ થયુંછે હવે મારૂં ઘર આપ પાવન કરો ત્યારે શ્રીઆચારજી મહાપ્રભુ કૃપાનિધાન ભકતના મનોરથ પુરણ કરનાર કૃપા કરીને પરમાનંદદાસને ઘેર પરૂણા પધારયા તે પરમાનંદદાસ એ સારી રીતથી શ્રી આચારજી માહાપ્રભુજીની સેવા કરી

પછી શ્રી આચારજી મહાપ્રભુજીએ રસોઈ કરી શ્રીઠાકોરજી ને ભોગ સમર્પીને આપ પોતે ભોજન કરીને ગાદી ઉપર બીરાજયા ત્યારે કહ્યું જે પરમાનંદદાસ ભગવદજસ ગાઓ ત્યારે પરમાનંદદાસજીએ વિચારયું જે આ સમે શ્રીઆચાર જી મહાપ્રભુજીનું મનતો વ્રજમાં શ્રી ગોરધનનાથજીની પાસે છે તેથી વીરહનાં પદ ગાવાં તે વીરહનાં પદ ગાયાં.

એ પદ પરમાનંદદાસજીએ શ્રીઆચારજી મહાપ્રભુના મોં આગળ ગાયાં તે સાંભળીને શ્રીઆચારજી માહાપ્રભુજીને મુરછા આવી જે લીલાનાં પદ પરમાનંદદાસજી એ ગાયાં તે લીલાને વીશે શ્રીઆચારજી મહાપ્રભુજી મગન થઈ ગયા. તે ઉપરથી દેહનું ભાન ન રહ્યું તે ત્રણ દીવશ લગી મુરછા રહી પછી સઘળા શેવક દામોદરદાસજી હરસાણી વીગરે શ્રીઆચારજી માહાપ્રભુજીનાં દરસન કરી બેશી રહ્યા. બેઠે બેઠે જોયા કરયું. ત્રીજે દીવશે પાછલી રાત્રીએ અને ચોથા દીવસને પ્રાતઃકાળમાં શ્રીઆચારજી માહાપ્રભુજી આપ સાવધાન થયા. ત્યારે સઘળા વૈષ્ણવ પ્રસન થયા ને પરમાનંદદાસજી મનમાં પસ્તાયા. જે હવે આવાં પદ ગાવાં નહી હવેથી સારાં પદ ગાવાં એમ વિચારી સારાં પદ ગાયાં. પછી એક પદ સંજ્યાનું ગાયું. એવા સારાં પદ સાંભળીને શ્રી આચારજી માહાપ્રભુજી કનોજથી વ્રજમાં પધારયા ત્યારે સઘળા વૈષ્ણવ શ્રીઆચારજીની સાથે છે. પરમાનંદદાસજી પણ સાથે છે તેમાં પ્રથમ શ્રીઆચારજી ગોકુળ પધારયા. ત્યાં આવતાં શ્રીઆચારજી જમુનાજીમાં સ્નાન કરીને શ્રીજમુનાજીનાં તીર ઉપર એક ખીજડાના ઝાડ

નીચે બેઠક કરીને ત્યાં બીરાજ્યા. બીજી બેઠક શ્રીદ્વારકાં નાથજીનાં મંદીરમાં છે. તે અંદરની બેઠકછે તે રાત્રીએ વીશ્રામ તથા રસોઈ કરવાનું ઠેકાણું છે ત્યાં શ્રીમાહાપ્રભુ જીનું ઘર હતું. જ્યારે આપ શ્રીગોકુળ પધારતા ત્યારે ત્યાંહાં ઉતરતા તે અંદર બેઠક કહેવાય છે. પછી સઘળા વૈશ્નવો એ જમનાજીમાં સ્નાન કર્યું. પરમાનંદદાસજીએ જુમ નાજીમાં સ્નાન કરીને શ્રી આચારજી માહાપ્રભુજીના આગ ળ શ્રી જુમનાજીના જસવર્ણન કરીને પદ ગાયાં. એવાં સા રાં પદ પરમાનંદદાસજીએ શ્રીજુમનાજીનાં નીર ઉપર ગાયાં તે ઉપર શ્રી આચારજી મહા પ્રભુએ પરમાનદદાસજીને બા ળલીલા સહીત શ્રી ગોકુળનાથનાં દરશન કરાવ્યાં તે પર માનંદદાસને એવાં દરશન થયાં કે વ્રજભકત શ્રી જુમના જીનું જળ ભરીને લેઈ જાયછે ને શ્રી ઠાકોરજી મારગમાં ક્રીડા કરેછે એવી રીતનાં દરશન થયાં જે રીતના પરમા નંદદાસજીને જે દરશન થયાં તેવી રીતે પદ કરીને શ્રી આચારજીના આગળ ગાઈ દેખાડયાં. પરમા- નંદદાસજીએ શ્રી આચારજીના મોં આગળ બહુજ ગાયાં તે પછી ગોકુળનાં દરશન કરીને પરમાનદદાસને ગોકુળ ઉપર બહુ આશક્તિ થઈ ત્યારે એવું પદ ગાયું કે જેમા શ્રી આચારજીની પ્રાર્થના કરીને કહ્યું કે મહારાજ મને આ પના ચરણાવંદની તળે રાખો- નિત્યે પ્રભુનાં દરશન કરૂ ને શ્રીજુમનાજીના દરશન કરૂ ને સરવે લીલા રસમાં રહૂં.

એવાં પરમાનંદદાસજીએ પ્રારથનાનાં પદ ગાયાં ને પછી શ્રી આચારજી કેટલાક દિવસ લગી શ્રી ગોકુળ

ખીરાજ્યા. પછી સઘળા વૈશ્નવનો સમાજ સાથે લેઈ પર માનંદદાસજીએ સહવર્તમાન શ્રી ગોવરધનનાથજીનાં દરશ નને પધારયા.

હવે શ્રી આચારજી મહાપ્રભુજી શ્રી ગોકુળથી ચાલ્યા તે ઉત્થાપનને સમે શ્રી ગોવરધન આવ્યા શ્રી આચારજી મહાપ્રભુ સ્નાન કરીને પરવત ઉપર શ્રી ગોવરધનનાથજીના મંદીરમાં પધારયા ને પરમાનંદદાસજીએ પરવત ઉપર શ્રી ગોવરધનનાથજીના મંદીરમાં આવ્યા આવતામાંજ પરમા નંદદાસજીએ સાષ્ટાંગ દંડવત શ્રી નાથજીને કરયો શ્રી ગો વરધનનાથજીને નીરખીને નેત્ર ત્યાંને ત્યાંજ સામાં રહ્યાં ત્યારે શ્રી આચારજીએ શ્રી મુખથી કહ્યું જે પરમાનંદદાસ કાંઈ ભગવદ લીલાનું ગાન કરો, ત્યારે પરમાનંદદાસજી એ મનમાં વિચારયું કે શું ગાન કરૂં તેમાં એવાં પદ વીચા રયાં જે જેમાં પ્રથમ અવતાર લીલા પછી નીકુંજલીલા તે પછી ચરણાર્વિંદની વંદના તે પછી ભગવત સ્વરૂપનું વર્ણન તે પછી બાળક્રીડા શ્રીઠાકોરજીનું માહાત્મ એવાં એ વાં પદ કરીને પરમાનંદદાસજીએ ગાયાં. એવાં એવાં પદ શ્રી નાથજીના આગળ બહુજ ગાયાં પછે શ્રીઆચારજી મા હા પ્રભુજીએ સયન આરતી કરી ગોરધનનાથજીને પોઢા ડયા. અનુસર કરીને નીચે આવ્યા. પરમાનંદદાસજી ની ચે આવ્યા. જ્યાં ઠેકાણું બતાવ્યું હતું ત્યાં આવીને બેઠા ત્યારે રામદાસજી ભીતરીઆ પરમાનંદદાસજીને શ્રીનાથજીનો પ્રસાદ ને પ્રસાદી દુધ મોકલ્યું, તે દુધ પરમાનંદદાસજી પી વા લાગ્યા, તો ઉનું લાગ્યુ તથી તે દુધ ટાહાડું કરીને તેમ

ણે પીધુ તે પછી તેમને રામદાસજી મળ્યા ત્યારે રામદાસ જીએ તેમને પુછયું કે તમને પ્રસાદ તથા પ્રસાદી દુધ મ ળયું. ત્યારે પરમાનંદદાસજીએ કહ્યું કે દુધતો બહુજ ઊનુ હતું એવું ઊનુ દુધ શ્રીનાથજી કેમ આરોગે તેથી દુધતો ટાહાડુ થાય ત્યારે જોઇએ. પછી રામદાસજીએ કહ્યું કે બહુ સારૂ. આપ ભગવદીછો માટે જેવી આજ્ઞા કરશો તેવું કરી શ. પછી સવારે સઘળા શેવક સ્નાન કરીને શ્રીનાથજીની શેવામાં તત્પર થયા, ને શ્રી આચારજી માહાપ્રભુ આપ સ્ના ન કરીને શ્રી ગીરીરાજ ઉપર પધારીને શ્રીગોરધનનાથજીને જગાડયા. પરમાનંદદાસજીએ તે સમે શ્રીઠાકોરજીનાં જગાડ વાનાં કીરતન ગાયાં. આવાં પદ તેમણે ગાયાં તે પછી શ્રીગોરધનનાથજીનાં મંગળાના દરશન કરયાં. ત્યારે પ રમાનંદદાસજીએ શ્રીગોરધનનાથજીને કહ્યુ. કે આપ ઊનુ દુધ કેમ આરોગો છો? ત્યારે ગોરધનનાથજીએ હશીને કહ્યુ જે અમને જેવું સમરપે છે તેવું અમે આરોગીએ છી એ તે પછી પરમાનંદદાસ કીરતનની શેવા કરતા. નીત્યે ન વાં નવાં પદ સમે સમેનાં શ્રીગોરધનનાથજીને સંભળાવતા.

એક દીવસ કોઇ દેશનો રાજા પોતાનું કુટંબ લેઇ વ્રજ યાત્રાને આવ્યો તે કુટંબ સાથે લેઇ શ્રીનાથજીના દ રશનને આવ્યો તે રાજાએ શ્રીગોરધનનાથજીનાં દરસન ક રયાં. ફરીઆવીને પોતાની રાણીને કહ્યું જે શ્રીગોરધનાથજી ઠાકોર બહુજ સુંદર છે તેથી તું જઇને દરસન કરી આ વ. ત્યારે રાણીએ કહ્યું જે જેવી અમારી રીત છે તેવી રી તે હોય તો દરશન કરૂ. ત્યારે રાજાએ કહ્યું જે શ્રીઠાકોરજી

ના દરસનનો શો પડદો, તે વાત રાણીએ માની નહી ત્યારે રાજાએ શ્રી આચારજી માહાપ્રભુજીને કહ્યુને વિનંતી કરી જે માહારાજ હુંતો રાણીને બહુ કહુ છું પણ એ માનતી નથી આપ જો એને કૃપા કરીને દરસન કરાવો તો કરે. સ્રીજનને હઠ બહુ છે. ત્યારે શ્રીઆચારજી માહાપ્રભુજીએ કહ્યું જે ઠીક. એને બોલાવો તે પેહેલા એકાંતમાં દરશન કરાવીશું ને પછીથી સઘળા લોક દરસન કરશે. તેવારે રાજાએ પોતાની રાણીને બોલાવીને શ્રીગોરધનનાથજીનાં દરસન કરાવ્યાં, એ વેળા બધા લોક વેગળા થઈ ગયા એટલામાં શ્રીઠાકોરજી આવાને શીગપોળનાં કમાડ ખોલી દીધાં ત્યારે જે લોકો ઉભેલા હતા તે દોડી આવીને રાણી ઉપર પડયા. તે વખત રાણીનાં સઘળાં વસ્ત્ર નીકળી ગયાં ને બહુજ લજવાઈ ગઈ. ત્યારે રાણીને રાજાએ કહ્યું જે મ તને કહ્યું હતુ જે શ્રીઠાકોરજીના મંદીરમાં પડદો કેમ થાય!! આતો વ્રજના ઠાકોરજી છે તે કોઈનો પડદો રાખતા નથી. તે વખતનું પદ કરીને પરમાનંદદાસે ગાયું. પછી પરમાનંદદાસજી અનેક લીલાનાં પદ જેવું ઠાકોરજી કરે તે પ્રકારે ગાય.

એક દીવસ ભગવદી, રામદાસજી, કૃશ્નદાસજી, સુરદાસજી, કુંભનદાસજી, વીગરે બીજા વૈશ્નવો જ્યાંહાં પરમાનંદદાસ રેહેતા હતા ત્યાં આવ્યા તે ભગવદી પોતાને ઘેર પધારયા તે દેખીને પરમાનંદદાસજી બહુજ પ્રસન થયા. ભગવદી માહારે ઘેર આજ પધારયા તેથી આજ માહારૂ મોહોટું ભાગ્ય સીદ્ધ થયું સાચી કે ભગવદીના-હૃદયમાં સદાકાળ ઠાકોરજી બીરાજે

છે તેથી ભગવદીની કૃપા થાય તો શ્રી ઠાકોરજી કૃપા કરે. એવા ભગવદી માહારે ઘેર પધારયા છે. તે પ્રથમ તેમને નોછાવર કરવું જોઈએ. તેથી આપે નોછાવર કરવું તેમાં પદ કરીને ગાયું. એ પદ ભગવદીને ભેટ કરયું.અને નોછાવર આપી આપીને વીદાય કર્યા. પછી એ રીત પરમાનંદદાસજી ઘણુજ દીવશ લગી શ્રીનાથજીને પ્રસન્ન કરયા. એ રીતે પરમાનંદદાસજીએ શ્રીનાથજીની કીરતન ભકતી કરી. અને શેવામાં રહ્યા. એ પરમાનંદદાસ એવા કૃપાપાત્ર ભગવદી હતા તેથી તેમની વારતા કેટલી લખીએ. એમની વારતાનો પાર નથી.

—ooo—

વારતા ૪૧ મી.

श्रीआचारजी माहाप्रभुना सेवक कुमनदास गौरवा ब्राह्मणनी वारता.

કુમનદાસજી ગોરધન પર્વત પાસે જમનાવતા ગામ ત્યાં રેહેતા હતા. સારસ્વત કલ્પમાં જમનાંજીનો પ્રવાહ એ ગામની પાસે વેહેતા હતો તેથી એ જમનાવતા ગામ કહે છે તે ગામમાં કુમનદાસજી રેહેતા હતા અને પરસોળીચંદ્ર શરોવર ઉપર કુમનદાસજીની ધરતી હતી ત્યાં તે ખેતી કરતા હતા. એ પરસોળીમાં કુમનદાસજી બેઠા રેહેતા. અને તેઓ શ્રી ગોરધનનાથજીના પરમમિત્ર હતા, કૃપાપાત્ર હતા હવે જ્યાં લગી ગોરધનનાથજી ગોરધન પર્વતમાંથી પ્રગટ થયા ન

હોતા અને શ્રીઆચારજી મહાપ્રભુજી વ્રજમાં પધાર્યા ન હોતા ત્યાં લગી ભગવદી પણ પ્રસીદ્ધ નહોતા.

એક સમે શ્રી આચારજી પૃથ્વી પરીક્રમા કરતાં ઝાડખંડ વૈદનાથમાં શ્રીગોરધનનાથજીએ તેમને આગ્ના આપી કે અમે ગોરધન પરવતમાં ત્રણ સ્વરૂપે છીએ ૧ ઇંદ્રદમન, ૨ દેવદમન, ૩ નાગદમન, તેમાં દેવદમન મધ્યમ, હું ગીરીરાજના ઉપર પ્રગટ્યું તે તમે આવીને પધરાવો અને અમારી શેવાનો પ્રકાર સઘળો પ્રગટ કરો, ત્યારે શ્રી આચારજી મહાપ્રભુ ત્યાં અડધી પરીક્રમા રાખીને ઉતાવળા વ્રજમાં આવ્યા. ત્યાં વૈશ્નવ દામોદરદાસ હરસાણી, ક્રશ્નદાસ મેઘન, ગોવીંદદાસ જગનનાથ જોશી, અને રામદાસ (શીકંદરપુરમાં રેહેતા હતા) એ પાંચ વૈશ્નવ સંગાથે હતા, ત્યાંહાં શ્રીઆચારજી માહાપ્રભુજી શ્રીગોવરધનની તલેટીમાં આવીને સદુપાંડેના ચોતરા ઉપર આવીને બીરાજ્યા. ત્યાહાં આગળ શ્રીગોરધનનાથજીનુ પ્રાગટ તથા સદુ પાંડેની સ્ત્રી નરો શ્રીઆચારજી મહાપ્રભુજીની શેવક થઇ. તે વારતા સરવે પ્રસિધ છે. તે સમે રામદાથી ચોહાન ગીરીરાજના પાછલા ભાગમાં રેહેતા તે શ્રીઆચારજી મહાપ્રભુજીના શેવક થયા. તેમને શ્રીઆચારજી મહાપ્રભુજીએ શ્રીગોરધનનાથજીની શેવા સોંપી ને વ્રજમાં શ્રી આચારજી માહાપ્રભુના શેવક વ્રજવાસી બહુ વૈશ્નવ થયા. કુમનદાસજીએ પોતાના કુટંબ સહવર્તમાન શ્રીઆચારજી મહાપ્રભુજીના સરણે આવ્યા. હવે શ્રીઆચારજી મહાપ્રભુ શ્રીગોરધનનાથજીનું ગોવરધન પરવત ઉ

પર નાનું સરખુ મંદીર કરાવરાવ્યું ને તેમાં પધરાવ્યા. ને રામદાસજી ચોહાનને શેવાની આજ્ઞા આપી ને વરજવાશી લોક દુધ, દહીં, માખણનો બહુ ભોગ ધરતા તે શ્રીગોરધનનાથજી આરોગતા. ને રામદાસજી કાંઈ ભગવદ ઈછાથી આવી પોહોચતું તે શ્રીગોરધનનાથજીને સમર્પતા ને પછી પોતે ભોગ લેતા વળી વરજવાસી શેવક થયા તેમને શ્રી આચારજી મહાપ્રભુએ આજ્ઞા આપી જે આ ઠાકોરજી અમારૂં સર્વસ્વ છે એમનો બધી વાતનો પ્રયત્ન રાખવો; શેવામાં તત્પર રેહેવું. વળી કુમનદાસજી આદિ લેઇને બી જા શેવકોને શ્રીઆચારજી મહાપ્રભુજીએ આજ્ઞા આપી જે તમે દેવદમનના દરસનવિના પ્રસાદ લેશો નહી. એમ આજ્ઞા કરીને શ્રીઆચારજી મહાપ્રભુજી પૃથ્વી પરીક્રમા ઝાડખંડીમાંથી બાકી રાખી હતી ત્યાં ગયા. હવે કુમનદાસજી શ્રી આચારજી મહાપ્રભુજીની આજ્ઞાથી નીત્ય જમનાવતા ગામથી શ્રીગોવરધનનાથજીના દરસનને જતા. તે નીત્યે નવીન કીરતન પોતે ગાતા, કુમનદાસજીનો કંઠ સારો હતો, શ્રીઆચાર જીકુમનદાસજીને નામસ્મરણ કરી બ્રહ્મસ્મર્ણ કરાવ્યું ત્યારે બધી લીલાની ફુરતી થઈ. તેનાં કુમનદાસજી નીત્યે નવનવાં પદ કરીને શ્રીગોરધનનાથજી સંભળાવતા. જ્યારે રામદાસજી ગોરધનનાથજીને અનુસર કરીને જાય ત્યારે ગોરધનનાથજી કુમનદાસજીની પાસે આવીને ક્રીડા કરે, કુમનદાસજીની સાથે ગોરધનનથાજી બોલે, વારતા કરે, બહુજ કૃપા કુમનદાસજી ઉપર કરે હવે રામદાસજી ચોહાન શ્રીગોરધનનાથ

જી સેવા કરે તેવામાં એક સમે મ્લેચ્છનો ઉપદ્રવ થયો તે
વ્હાં સદુપાંડે, માણેકચંદે, રામદાસ ચોહાન, કુંભનદાસ, અને
બીજા શ્રીઆચારજીના શેવક બધાએ મળીને વિચાર કરયો
જે આ મલેચ્છ ધર્મનો દ્વેશી છે, તેથી આપણે શું કરવું.
ત્યારે બધાએ કહ્યું જે એમાં શું પુછવું છે જે થવાનું
હશે તે થશે કાઈ આપણું વીચારયું થાય છે તેથી શ્રી
ગોરધનનાથજીને પુછો તેમાં આપની શી આગ્ના છે? આ
પ જેમ આગ્ના કરો તેમ કરીએ પછી સઘળાએ પુછયું
ત્યારે શ્રીગોરધનનાથજીએ કહ્યું કે અમને અહીંથી ઉઠા
ડીને લેઈ જાઓ. પછી સઘળાએ કહ્યું કે મહારાજ આ
પ કયાં પધારશો? તે સાંભળી શ્રીગોરધનનાથજીએ કહ્યું
કે ટોડની ગફામાં જઈશું. ત્યારે એક મોહોટો પાડો મંગા
વીને તે ઉપર શ્રીનાથજીને પધરાવ્યા તે ઉપર બેશીને ટોડ
ની ગફામાં પધારયા. બધાય શેવક સાથે આવ્યા. શ્રીગોર
ધનનાથજીને રામદાસ એક તરફથી ઝાલી રહ્યા ને એક
તરફથી કુંભનદાસ પકડી રહ્યા બીજા સેવકો સાથે ચાલ્યા
જાય છે તાંહાં ગફામાં કાંટામાં પેઠા તેથી સઘળાં વ-
સ્ત્ર ફાટયાં ને શરીરમાં કાંટા વાગ્યા વિગરે બહુજ દુઃખ
પામ્યા. તે ગફાની અંદર એક તળાવછે તાંહાં ઝાડનો છાંયડો
જોઇને શ્રીગોરધનનાથજી પોતે બીરાજ્યા. પછી રામદાસે
સામગ્રી ધરાને જળનો લોટો ભરીને આગળ ધર્યો. ભોગ
ધરીને સઘળા આગળ બેઠા. ત્યારે શ્રીગોરધનનાથજીએ કુ
ંભનદાસજીને કહ્યું કે તું કાંઈક ગા; પછી કુંભનદાસજીના
મનમાં કાંઈક વાત ખુચી રહી હતી તેનું પદ કરીને ગા

પું. ૮ પદ.

ભાવતહે તો ટીંગાડકો બનો, કાંટા લગે ગોખરૂ ફુટે; ફાયો ભાત એહ તનો.

અર્થ--તમને આ ગડાના કાંટા ઘણા વાહાલા લા ગે છે; ગોખરૂનાં કાંટા થકી આ શરીરમાં દુઃખ થાય છે અને વસ્ત્ર ફાટે છે.

એ પદ કુમનદાસજીએ ગાયું તે સાંભળીને શ્રીગોરધનના થજી હસ્યા. એટલામાં શ્રીગોરધન થકી ખબર આવાં કે મ્લે ચ્છ ફોજ લેઈને આવ્યો હતો પણ તે પાછો નાહાશી ગયો. તારે શ્રીગોરધનનાથજીને પાછા તાંહાંથી શ્રીગોરધન પર્વત ઉપર પધરાવ્યા.

હવે શ્રી ગોરધનનાથજી પર્વત ઉપર બીરાજ્યા ત્યારે વરજના લોકોને બહુજ આણંદ થયો ને બોલ્યા કે માહારાજ આપની કૃપાથી ઉપદ્રવ થયો હતો તે મટી ગયો. પછી કુ- મનદાસજીએ પ્રસન્ન થઈને પદ ગાયાં.

પદ.

જયતી જયતી શ્રી હરીદાસ વર્ય ધરણે. ઈત્યાદીક પદ ગાયાં તે દીવશથી એમનાં ગાએલાં પદ સઘળા લોક ગાય છે. એમનાં પદને એક કલાવત શીખ્યો તેણે તે પદ દેશાધી પતીના મોં આગળ ગાયાં તે સાંભળીને દેશાધીપતીનું મન પરમેશ્વરમાં લાગ્યું ને કહ્યું કે આવાય વૈશ્નવ થઈ ગયા છે. જેને પરમેશ્વર આવાં દરસન આપતા તે સાંભ ળીને બહુજ પ્રસન્ન થયો ને પુછયું જે એ કયાંહાં હશે ત્યા રે કલાવતે કહ્યું જે ગોરધન પર્વતની પાસે જમનાવતા ગા

મમાં છે. પછી દેશાધીપતીએ કહ્યું કે એમને અહીયાં બો
લાવો તો આપણે મળીએ. પછી દેશાધીપતીએ મનુષ્ય
અસ્વાર વીગરે તેડવાને મોકલ્યા તેઓ કુમનદાસને ઘેર આ
વ્યા તે વખત તે ઘેર હતા નહી. એતો પરસોળી ઠાકોરજીની
સાથે ખેતરમાં બેઠા હતા. તેમને કુમનદાસજીના માણસો
એ સાથે આવીને દેખાડ્યા તે વખત દેશાધીપતીનાં માણ
સોએ કહ્યું કે માહારાજ આપ પધારો દેશાધીપતી બોલાવેછે;
ત્યારે કુમનદાસજીએ કહ્યું કે હું કાંઈ એમનો ચાકર નથી
માહારૂ દેશાધીપતીને શું કામ છે. પછી ચાકરે કહ્યું કે અ
મને કામની ખબર નથી. અમને તો એવું કહ્યું છે કે કુમ
નદાસજીને લઇ આવો તેથી અમે પાલખી ઘોડા લેઈને
આવ્યા છીએ માટે આપની મરજીમાં આવે તેમાં બેસી
આપ ચાલો. અમેતો આપને લેવા આવ્યા છીએ તે લેઈ
નેજ જઇશું. ત્યારે કુમનદાસજીએ મનમાં વીચારયું જે ત્યાં
ગયા વીના આપણે ચાલે એવું નથી. તે વખત કુમનદાસ
જી જોડા પેહેરીને ચાલ્યા તે વખત દેશાધીપતીનાં આદમી
એ કહ્યું કે માહારાજ આપ સ્વારી ઉપર બેસો ત્યાર કુમ
નદાસજીએ કહ્યું કે હું તો અસ્વારી ઉપર કોઈ દીવસ બેસ
નાર નથી. પછી એમનેએમ ચાલ્યા, ચાલ્યા જ્યાં દેશાધી
પતીનો તંબુ હતો ત્યાં આવી પોહોચ્યા તાંહાં આવીને દેશા
ધી પતીને ખબર આપી કે કુમનદાસજી આવ્યા છે. પછી
દેશાધીપતીએ કુમનદાસજીને અંદર બોલાવ્યા. તે દેશાધીપ
તીના મોં આગળ જઈને ઉભા રહ્યા ત્યારે દેશાધીપતીએ પુ
છ્યું જે તમે આવ્યા? બેસો તે ઠેકાણે જડાવની રાવઠી છે

તી, મોતીની ઝાલરો હતી વીગરે નાહાના પ્રકારની શોભા હતી. તેમાં કુમનદાસજી બેઠા પણ ત્યાંહાં મનમાં એવો ખેદ આવ્યો કે આથી માહારા વરજનાં ઝાડવા સારાં કે જેમાં શ્રીગોરધનનાથજી સદાકાળ ખેલે છે. એટલામાં દેશાધીપતી બોલ્યો જે કુમનદાસ તે વઈશ્નવનાં પદ સારાં બનાવ્યાં છે તેથી તાહારા ઉપર કનૈઆની મરજી સારીછે, તમને મેં બોલાવ્યા છે તે કાંઈ સાંભળવાને માટે બોલાવ્યા છે માટે તું વઈશ્નવનાં પદ ગાઈ સંભળાવ. પછી કુમનદાસજી મનમાં રીસાઈ રહ્યા હતા તેથી કહું કે શું ગાઉ માહારી વાણીનો તો ભોગ શ્રીગોરધન ધરણ છે. વળી વિચારયું કે કાંઈ ગાયા વોના તો છોડે એવો નથી ને પ્રભુની શેવા ચુકીશ તેથી કાંઈ કઠોર ગાઉ એમ કરી પદ ગાયાં. તે પદ સાંભળીને દેશાધીપતી મનમા ખીજ્યો. અને મનમાં વિચારયું કે એમને કોઈ વાતની લાલચ હોય તો માહારી ખુસામત કરે, એમને તો પોતાના પરમેશ્વર સાથે સાચો સ્નેહ છે ત્યારે દેશાધીપતીએ કુમનદાસને શીખ આપી. તે ત્યાંથી ચાલી નિકલ્યા. મારગમાં આવતાં મનમાં અતી કળેશ ઉપજ્યો જે શ્રીપ્રભુનું શ્રીમુખ કયારે જોઉ એવો વિચાર આવ્યો તેનાં પદ કરીને ગાયાં.

કુમનદાસજી મારગમાં ગાતા ગાતા આવીને શ્રીગોરધનનાથજીનાં દરશન કરવાને આવ્યા. પણ બે દીવશ સુધી દરશાન થયાં નહી તેથી કુમનદાસજીને બે જુગ વીત્યા જેટલું થયું તે પછી શ્રીમુખ જોયું ત્યારે સરવે દુઃખ વીસરયું. ને શ્રીમુખ જોયાનાં પદ કરીને ગાયા. એવાં પદ

કુમનદાસજીએ ગાયાં તે સાંભળીને શ્રીનાથજી પ્રસન્ન થયા. ધન્ય છે જેને કે માહારા વીના બીજુ કાંઈ સુજતું નથી.

વળી એક સમે રાજા માનસીંગ સરવે ઠેકાણે દીગવીજય કરીને દેશાધીપતીની પાસે આવ્યો તે દેશાધીપતીની પાસેથી શીખ લેઈને પોતાને દેશ જતો હતો તેના મનમાં આવ્યું જે ઘણુ દીવશથી પાછો આવ્યો છું તેથી મથુરાં વંદ્રાવન થઈને જાઉ. એવું વીચારીને આગરેથી આવ્યો તે મથુરાં વંદ્રાવન આવ્યો તેમાં પેહેલો મથુરાં આવીને વીસ્રાંતઘાટ ઉપર સ્નાન કરીને કેશવરાયજીના દરશન કરીને વંદ્રાવન ગયો તે દીવશ ઉશ્નકાળના હતા. તે વંદ્રાવનમાં સઘળા મોહંતે જાણ્યું જે આજ રાજા માનસીંગ અમારે ઈહાં દરશનને આવશે. એવું જાણીને શ્રી ઠાકોરજીને સારા સારા ભારે ભારે વાઘા વીગરે આભુષણ, પીછવાઈ, ચંદરવા બાંધ્યા એટલામાં રાજા માનસીંગ દરશનને આવ્યો ને અંદર આવીને શ્રીઠાકોરજીને દંડવત કરયા. તે ઉષ્ણકાળના દીવશમાં બહુજ ગરમી હતી તેથી તે રાજાથી ઉભુ ન રહેવાયુ એવાં ચાર પાંચ સ્થળમાં દરશન કરીને વીદાય થઈને પોતાને દેરે આવ્યો; ને આવીને વીચારયું જે અહીંથી સવારમાં કુચ કરૂં તે ત્રીજે પોહોર શ્રીગોરધન જઈ પોહોચ્યું ત્યાં હરદેવજીનું મંદીરછે, ને માનસીગંગા છે તેનાં દરશન કરૂં, એમ વીચારી ત્યાહાં આવીને દરશન કરયાં. ત્યાં પણ સેવકોએ જેવો વંદ્રાવનમાં ઠાઠ કરયો હતો તેજ પ્રકારે રાજાને આવતો જાણીને ઠાઠ કરી રાખ્યો હતો. તે રાજા માનસીંગ દરશન

કરીને ત્યાંથી ચાલ્યો, ત્યારે કોઈએ કહ્યું જે રાજાધીરાજ અ-
હીયાં શ્રીગોરધનનાથજી ગોવરધન પરવત ઉપર બીરાજે છે
તે ઠાકોરજી બહુ સુંદર છે ત્યાહાં દર્શનને ચાલશો? ત્યારે
રાજા માનસીંગે કહ્યું જે હાહા ત્યાં તો અવસ્યે જવુંજ છે
એ ઠાકોરજી તો સરવ વરજના રાજા છે તેથી એમનાં દર
શન તો અવસ્ય કરવાં છે એમ કહી ત્યાંથી ચાલ્યો તે
ગોપાલપુરમાં આવ્યો. ત્યાંહા આવીને પુછ્યુ જે દરશનનો
શો સમો છે ત્યારે કોઈએ કહ્યું જે ઈહાં ઉત્થાપનના દર
શન તો થઈ ચુક્યાં. પણ હવે ભોગના દરશન થશે ત્યા
રે એવું સાંભળીને રાજા શ્રીગોરધનનાથજીનાં દરશન કર
વાને ગીરીરાજ ઉપર ચડ્યો પણ ઉષ્ણકાળના દીવશ,
મારગનો થાકેલો, વેગળેથી આવેલો, તેથી ગરમીથી રાજા
બહુજ આકુળ વ્યાકુળ થઈ ગએલો એટલામાં જતાંજ
ભોગના કમાડ ખુલ્યાં તેથી રાજા માનસીંગને માંહેની
બાજુ લેઈ ગયા, તે દીવસમાં શ્રીનાથજીની શેવા મોટા
વૈભવથી થતી હતી. મંદીર મોહોટું થયું હતું. શ્રીનાથજી
ના આગળ ગુલાબજળનો મંદીરમાં છંટકાવ થતો હતો સ
ઘળુ મંદીર શીતળતા થઈ રહ્યુ હતું તે સમે રાજા માન
સીંગ અંદર ગયો, ને શ્રીગોરધનનાથજીનાં દરશન કર્યાં
ને ગરમી થકી વ્યાકુળ થઈ રહ્યો હતો તે શીતળતા થઈ
રહી ને શ્રીમુખ દેખાને રાજાને બહુજ આનંદ થયો અને
કહ્યું જે સાક્ષાત શ્રીકૃષ્ણ, શ્રીવંદ્રાવનચંદ્ર, શ્રીગોરધનાથ
જી જે આગળ ભાગવતમાં સાંભળ્યા હતા તે આજ મેં
દીઠા, તેથી આજનો દીવસ ધન્ય છે. એવું વીચારી મનમાં

રીને રાજા પ્રસન્ન થયો. એ ભોગનો શમો છે તે પ્રભુ ને રાજધાનીનો સમો છે, આગળ વીણા મૃદંગ વાગી ર હી છે કીરતન ગાય છે; કુંભનદાસજી ઉભા ઉભા કીરતન કરે છે તે કીરતન તથા પદ સાંભળીને રાજા એક ચિત થ ઈ ગયો ને કોટી કંદ્રપ લાવણ્ય સ્વરૂપ દીઠામાં આવ્યું કુંભનદાસજીએ અધીક પદ ગાયાં.

એવા પદ કુંભનદાસ ગાતાં હતા એટલામાં ભોગન દરશન થઈ ગયાં. પછી રાજા માનસીંગ પોતાના ડેરા ઉપર આ વ્યો ને કુંભનદાસજી સંજ્યા આરતી કરીને પોતાની શેવામાં પોઢાડીને પોતાને ઘેર ગયા. હવે રાજા માનસીંગ પોતાને ડેરે જઈને પોતાની પાસે મનુષ્ય હતા તેને શ્રીગોરધનના થજીના દરશનની વાત કરવા લાગ્યો ને કહ્યું જે આ ઠાકોરજી ના આગળ ગાતો હતો તે વીસ્નુનાં પદ ઘણાં સારાં ગાય છે તે કાંઈ કેહેવામાં આવતુ નથી. ત્યારે કોઈએ કહ્યું જે રાજાધીરાજ એ વરજવાશી છે, એમનું નામ કુંભનદાસછે, એ મોહોટા ત્યાગીછે, એમને દેશાધીપતીએ મળવા બોલાવ્યા હતા. ત્યારે રાજા માનસીંગે કહ્યું જે એ અમને પણ મળે તો સારૂ. પછી રાજા માનસીંગ સવારે ઊઠીને ગીરીરાજની પરીક્રમા કરવાને નીકળ્યો, તે પરસોળી આવ્યો. ત્યાં કુંભ નદાસજી નાહીને બેઠા હતા એટલામાં શ્રીનાથજી પાસે હ તા તે શ્રીમુખથી કેહેતા હતા કે કુંભનદાસ હું તને એક વાત કહું. એવામાં રાજા આવ્યો તે કુંભનદાસને પ્રણામ કરીને બેઠા, શ્રીનાથજી ત્યાંથી ચાલીને વેગળા જઈને ઉભા રહ્યા તેમને એકલા કુંભનદાસ દેખે બીજુ એમની ભત્રીજીદેખે

કુમનદાસની દ્રષ્ટીતો જ્યાં શ્રીનાથજી ઉભાછે ત્યાંજ રહી તે વારે બત્રીજી બોલી કે બાવા આ રાજા બેઠા છે તારે તેમણે કહ્યું જે બેઠા છે તો હું શું કરૂ એ કાંઈ વાત કેહેતા હતા તે જતા રહ્યા તે હવે કેહેશે કે નહી કહે? ત્યારે શ્રીનાથજીએ કહ્યુ કે અરે કુમના હું કહીશ. ત્યારે કુમનાદાસજી પ્રસન થયા. પછી બત્રીજીને કહ્યુ જે હે અમુકી આરશી લાવ હું તીલક કરૂ. ત્યારે બત્રીજીએ કહ્યું જે બાવા આરશી તો ફુટી ગઈ છે ત્યારે રાજાએ પુછયું જે તે શાથી ફુટી ગઈ છે. પછી તે છોડી એક વાડકી લેઈને પાણી લેવા ગઈ ને વાડકીમાં પાણી ભરી લાવીને કુમનદાસજીના આગળ ધરયું ત્યારે કુમનદાસજી તે પાણીમાં જોઈને તીલક કરવા લાગ્યા એટલામાં રાજા માનસીંગે પોતાની પાસે સોનાની આરસી હતી તે તેમના આગળ ધરીને કહ્યું જે બાવા આનાથી તીલક કરો ત્યારે કુમનદાસજી બોલ્યા જે આને હું કયાં મુકુ અમારે તો છાણનાં ઘર છે, આની પછવાડે અમારો જીવ લેવો છે અમારે તો એ ન જોઈએ. ત્યારે રાજા માનસીંગે એક મોહોરની થેલી એમના આગળ મુકી ત્યારે કુમનદાસે કહ્યું કે ભાઈ એ અમારે કામની નથી, માહારે તો ખેતી છે તથી ધાન નીપજે છે ને તે અમે ખાઇએ છીએ માટે અમારે કાંઈ જોઈતું નથી પછી રાજાએ કહ્યું કે ભલે આપનું જે ગામ છે તે ગામ લખી આપને ભેટ કરૂછું માટે આપ રાખો, એનું હાંસલ આપ ના આપશો ત્યારે કુમનદાસજી એ કહ્યું કે હું કાંઈ બ્રાહ્મણ નથી તે જળ લેઉં તારે આ

પવું હોય તો કોઈ બ્રાહ્મણને આપ મોહારે તો કશું જોઈતુ નથી ત્યારે ફરીથી રાજાએ કહ્યું કે મને કાંઈક તો આગ્ના કરો ત્યારે કુમનદાસજીએ કહુ જે અમારૂ કહ્યુ તુ કરીશ જો અમારૂ કહ્યું કરે તો ફરીથી ઈહાં આવીશ નહી ત્યારે રાજા માનસીંગે કહ્યું જે ધન્ય છે હું બધી પૃથ્વી ફરયો તે માં માયાના ભકતો ઘણા દીઠા પણ ઠાકોરજીનો ભકત તો એકજ જોવામાં આવ્યો એવું કહીને રાજા કુમનદાસજીને દંડવત કરીને ઉઠી ચાલ્યો ત્યારે શ્રીનાથજી આવ્યા ને તે મની સાથે વાતો કરી ત્યારે પ્રસન થયા પછી કુમનદાસ જી શ્રી ગીરીરાજ ઉપર આવીને પોતાની શેવામાં તત્પર થયા.

વળી એક સમે કુમનદાસજીને મળવાને વંદ્રાવનના મોહંત એકઠા થઈને મળવા આવ્યા તેમણે જાણ્યું જે એ મોહાપુરૂષ છે સાક્ષાત શ્રીઠાકોરજી એમની સાથ વા તો કરે છે, એ પદ ગાય છે તે બહુ સુંદર છે. એ પદ શ્રી ઠાકોરજીની કરપા વીના થાય નહી એમ જાણીને તેઓ મળવાને આવ્યા તે કુમનદાસજીને મળયા. તેથી બહુજ પ્રસન થયા અને કહ્યુ જે કુમનદાસજી તમે શ્રીઠાકોરજીનાં બહુ પદ કરયાં છે તે અમે સાંભળ્યા છે પણ સ્વામનીજીનાં પદ સાંભળ્યાં નથી. ત્યારે કુમનદાસજી કહે કે સાંભળો એમ કહી તે સ્વામનીજીનાં પદ કુમનદાસજીએ ગાયાં. તે પદ સાં ભળીને મોહંત બહુજ પ્રસન થયા ને કહ્યું જે અમે સ્વા મનીજીનાં બહુ પદ કરયાં છે પણ આ ઉપમા આપી નથી તેથી આપ મોહંત પુરૂષછો. પછી એમનાથી મોહંત, ઉ

રીવંશ આદિ કુમનદાસજીની પ.સેથી વીદાય થઈને પોતાને ઘેર ગયા.

વળી એક સમે શ્રી ગોસાંઈજી ગોકુળમાંથી પોતાને ઘેરથી શ્રીનવનીતપ્રીયાજીની આજ્ઞા લેઈને દ્વારકાં વિદેશ જવાને સારૂ નીકળયા ત્યાંથી પ્રથમ શ્રીનાથજીની શેવા શૃંગાર કરયા પછી ભોજન કરીને આપ ગાદી તકીયા ઉપર બીરાજ્યા ત્યારે સર્વ શેવક દરશનને આવ્યા ત્યાં વાતો ચાલતાં કુમનદાસજીની વારતા ચાલી. ત્યારે કોઈ વૈશ્નવે કહ્યું જે માહારાજ તેમને દ્રવ્યનો સંકોચ બહુજ હતો શાથી કે ઘરમાં સાત છોકરા વહુઓ વિગેરેનો પરાવાર બહુ હતો ને ઉપજ તો એક ખેતરમાં ધાન આવે એજ તેથી કરી નિરવાહ કરતા એ વાત શ્રીગોસાંઈજીએ સાંભળીને પોતાના મનમાં રાખી તે પછી કુમનદાસજી આવ્યા ત્યારે શ્રીગોસાંઈજીએ શ્રીમુખથી કહ્યું જે અમે શ્રીદ્વારકાં શ્રીરણછોડજીનાં દરશનને સારૂ જઈએ છીએ ને પ્રદેશ થશે ને વૈશ્નવે બહુ કરીને લખ્યુંછે તેથી તમે ચાલો વિદેશ જતાં ભગવદ વિજોગનો બાદ ન કરવો વિદેશનો કાળ તો થોડાક દીવસમાં જતો રેહેશે ને વળી મેં સાંભળ્યુંછે કે દ્રવ્યનો સંકોચ છે તે કાર્ય પણ સોધ થશે ને તમારી શેવા પણ પ્રસીધ થશે તેથી સર્વથા તમારે ચાલવું જોઇએ. ત્યારે કુમનદાસજીએ કહ્યું જે આપની આજ્ઞા. એટલામાં ઉથાપનનો સમો થયો ત્યારે શ્રીગોસાંઈજી આપ સ્નાન કરીને શ્રીનાથજીના મંદીરમાં પધાર્યા. શેવા પોહોચ્યા પછી નીચે આવ્યા ને કુમનદાસને શીખ આપીને કહ્યું કે તમે

ઘેરથી પરવાર્રીને ઉતાવળા કાલે આવજો અમે કાલે રાજ ભોગની આરતી કરીને શ્રીનાથજીની પાસે શીખ માગીને અપછરા કુંડ ઉપર જઈને રહીશું. પછી કુમનદાસજી શ્રી ગોસાઈજીને દંડવત કર્રીને જમનાવતા પોતાનેગામ આવ્યા ત્યાથી સવારમાં વેહેલા પરવારીને શ્રીગીરીરાજ ઉપર આ વીને શ્રીગોરધનનાથજીનાં દરસન કરયાં કીરતન કહ્યા ને શ્રીગોસાઈજી શેવા શ્રુંગાર કરીને આરતી કરીને આપે શ્રી ગોરધનનાજીની પાસે શીખ માગીને પર્વત ઉપરથી નીચે આવ્યા પછી આપે ભોજન કરયું, સઘળા શેવકોને મા હા પ્રસાદ લેવરાવ્યો અને જે વખતનું મુહુરત હતુ તે વ ખત તતકાળ અપછરા કુંડ ઉપર ડેરા આગળ ગયા હતા ત્યા પોતે આવીને પોહોડયા, એટલામાં સઘળા શેવક નો સમાજ આવ્યો ને કુમનદાસજી પણ આવ્યા તે કુમન દાસજી મનમાં વીચાર કરેછે કે કેહેવાનુંતો છે પણ કોને કહીએ. પ્રાણનાથ વીના કોઈ જાણે નહી. એ વાત વીચારતા માં ઉત્થાપનનો સમો થવા આવ્યો ત્યારે સુધી આવી તા હા ગીરીરાજનાં પાછલા ભાગમાં ઉભા ઉભા કીરતન ગા ય છે ને આંખોમાં જળનો પ્રવાહ ચાલે છે તે વખત કુ મનદાસજીએ પદ ગાયાં તે શ્રીગોસાઈજીએ પોતાના ડેરા મા બેઠે બેઠે સાંભળ્યા તેથી પોતે બાહાર આવ્યા ને કહ્યુ કે કુમનદાસ તમારો પ્રદેશ થઈ ચુકયો તમો ઉતાવળા જા ઓ તમારીતો ઈહાજ દશા છે કોની પેઠે કે શ્રીઅકાંજી ગજ્જવનધાવનને પાન લેવાને મોકલ્યા તેભગવત આશકતો વીના એક ક્ષણ રેહેવાય નહી તેટલામાં બાહાર આવ્યા ને

જ્વર ચઢી આવ્યો તેથી મુરછા આઈને પડયા એટલામા શ્રીનવનીતપ્રીયાજી આગળ રાજભોગ આવ્યો હતો. તે વખત ગજાવનધાવનને શ્રી નવનીતપ્રીયાજીએ બોલાવ્યા પણ ગજાવનધાવન બોલતો સાંભળ્યો નહી તેથી શ્રીમુખ થી કહ્યું જે માહારો ગજન કયાંહાં છે ત્યારે શ્રીઅકાજી એ કહ્યું જે એતો પાન લેવા ગયો છે ત્યારે નવનીધ પ્રીયાજીએ કહ્યું કે એ આવશે ત્યારે ભોગ આરોગીશ એમ કહી હાથ સંકારીને બેશી રહ્યા તે જ્યારે ગજાવનને બોલાવ્યો ને તે ઉતાવળો આવ્યો ત્યારે શ્રીનવનીતપ્રીયાજી આરોગ્યા. એવી શ્રીઆચારજીના મારગની મર્યદા છે. જે ટલો શેવકનો સ્વામી ઉપર સ્નેહ તેથી સો ઘણો અધીક શ્રી ઠાકોરજીનો શેવક ઉપર સ્નેહ હોય છે તે શ્રીભગવદ ગીતા માં કહ્યું છે. તેથી શ્રીગોસાઈજી આપ શ્રીમુખથી કહ્યું કે તમારી અવસ્થા છે તથાં ઈહાં રહો. એવો કુમનદાસનો શ્રીનાથજી સાથે વીરહ થતો હતો તેથી શીખ આપી ત્યારે કુમનદાસજીએ આવીને શ્રીગોરધનનાથજીનાં દરસન કરયાં તે વખત ભોગનો સમો હતો તે સમે કુમનદાસજીએ આવીને પદ ગાયું તેથી શ્રીનાથજી બહુજ પ્રસન થયા. તે જોઈને કુમનદાસ પણ પ્રસન થયા.

એક સમે શ્રીગોસાઈજીની પાસે કુમનદાસ બેઠા હતા ત્યારે શ્રીગોસાઈજીએ હશીને કહ્યું જે કુમનદાસજી તમારે કેટલા છોકરા છે ત્યારે કુમનદાસજીએ કહ્યું જે માહારાજ માહારે દોઢ છોકરો છે; છોકરા તો સાત છે. ત્યારે શ્રીગોસાઈજીએ પુછયું જે દોઢ છોકરાનું કારણ શું? ત્યારે કુ

રી કુમનદાસે કહ્યું જે માહારાજ આપ કહોછો પણ એક
આખો છોકરો ચત્રુભુજદાસને અડધો છોકરો કૃષ્ણદાસ જે
શ્રીનાથજીની ગાયનની સેવા કરે છે તેથી અડધો કહેવાય
ત્યારે શ્રીગોસાઈજીએ કહ્યું કે તમે કૃષ્ણદાસને અડધો કેમ
કહ્યો તેનો હેતુ શ્રીઆચારજી માહાપ્રભુજીએ પુષ્ટી માર
ગ પ્રગટ કરયો તેનું કારણ એજકે વ્રજ ભકતનો માર્ગ પ્ર
ગટ કરયો છે તેમાં કહ્યું છે કે શેવા, રીતી, પ્રીતી, વરજ
જનની પ્રગટ કરી છે તે વરજજનની ભકતી છે જે શ્રીઠા
કોરજીના સન્યધાન સેવા કરે ને શ્રીઠાકોરજી વરજમાં પધારે
ત્યારે ગુણગાન કરે તે બે વસ્તુ જયારે હોય ત્યારે તો આ
ખો ને એમાં એક વસ્તુ ન હોય ત્યારે અડધો કહેવાય સે
વા ને ગુણ ગાન જેનામાં હોય તે આખો ને ગુણગાન
ન હોય અને સેવા પણ ન હોય તો અડધો કહેવાય. તેથી
ચત્રભુજદાસમાં સેવા ગુણગાન બેય છે માટે તે આખો ને
કૃષ્ણદાસમાં એકલી શેવાજ છે તેથી અડધો. ત્યારે શ્રીગો
સાઈજીએ કહ્યું જે ભગવદી હોય તેજ છોકરાને બીજાબ
હુ થયા તે શા કામના. ચત્રભુજદાસની વારતાતો જુદી શ્રી
ગોસાઈજીના સેવકમાં લખશે. પણ કૃષ્ણદાસની વારતા ઈ
હાં લખીએ છીએ.

એ કૃષ્ણદાસ શ્રીનાથજીની ગાયોના ગોવાળ હતા. શ્રી
ગોસાઈજીએ સેવાની આગ્ના આપી હતી તેથી કૃષ્ણદાસ શેવા
કરતા બડગમાંથી પોહોચીને ગાયો ચારવા જતા આંખો દા
હાડો ગાયો સાથે ફરતા. એક દીન ગાય ચારતાં પુછડીની
પાછળ કૃષ્ણદાસજી ગાયની સંગાથે આવતા હતા તે બધી

ગાયો ખડગમાં આવી પણ એક ગાયનું શરીર બહુ મોટું
હતું તેથી હીંડી શકાતું નહોતું એનું ઊવાડું બહુ મોહો
ટું હતું તેથી આવતામાં અંધારૂ થઈ ગયું ને પરવતમાં
થી એક વાઘ નીકળ્યો તે ગાય ઉપર ચલ્યો ત્યારે કુંભદા
સે કહ્યું જે અરે અધરમી આ ગાય તો શ્રી ગોરધનના-
થજીની છે જો તને ભુખલાગી હોય તો માહારા ઉપર આ
વ એટલામાં ગાય તો નાશીને ખડગમાં ગઈ. વળી વાઘ
ને તો કુંભદાસે અપરાધી કહ્યો ને ઉપર કહ્યું જે બધી ગા
યો ખડગમાં આવી ત્યારે શ્રીનાથજી આપ દોવરાવવાને વા
સ્તે પધાર્યા તે વખત બધા ગોવાળો પણ દોતા હતા, શ્રી
નાથજી પણ દોતા હતા અને મોહોટી ગાય નાશીને આવી
તેને શ્રીનાથજી પણ દોવા બેઠા ને વાછડું કુંભદાસ ઝાલી રહ્યાછે
ને ગાય વાછડાને ચાટેછે એવાં દરસન કુંભનદાસને ખડગમાં
થયાં પછી શ્રીનાથજી ગાયો દોહીને ગીરીરાજ ઉપર પધારયા
ત્યારે શ્રીગોસાંઈજીએ સયનભોગ સમરપ્યો અને કુંભનદા
સજી ખડગમાંથી દંડવત કરીને આવ્યા એટલામાં સ-
માચાર આવ્યા જે કુંભદાસને વાઘે મારયા તે સાંભળીને
કુંભનદાસજી મુરછાખાઈને પડયા, દેહનું ભાન રહ્યું નહી
બધાએ બોલાવવા માંડયા પણ બોલ્યા નહી એ સ
માચાર શ્રીગોસાંઈજીને કોઈ વઈશનવે કહયા કે માહારાજ
કુંભદાસને વાઘે મારયા ને ગાયને બચાવી તે કુંભદાસ ત્યાં
પડયા છે ત્યારે શ્રીગોસાંઈજીએ કહ્યું જે અંત સમે સ્મર્ણ જે
ને ગાયનું સ્મર્ણ થાય છે તે ઉત્તમ લોકમાં જાયછે તેથી
કુંભદાસે તો શ્રીનાથજીની ગાય બચાવી છે કુંભદાસને તો

ગાય કેમ છોડીને આવશે. એવું શ્રીગોસાઈજીએ કહ્યું ત્યારે કુમનદાસજી કહે કે કોઈ શેવકને કહેજો જે માહારાજ કુમનદાસજીને તો કળેશ ઘણુ બાધ કરે છે. કુમનદાસજી ઉપર આવતા હતા તે દંડવૃતીશીલાની આગળ કમઃસના સમાચાર કહ્યા તેથી મુરછા ખાઈને પડયા છે તેથી બોલતા નથી, એમને કાંઈ સુદ્ધી રહી નથી ત્યારે શ્રીગોસાઈજીએ શ્રીમુખથી કહ્યું જે કુમનદાસની ખબર લાવો જે કેમ છે ત્યારે તેણે આવીને કુમનદાસને પોકારયા પણ તે બોલ્યા નહી ત્યારે પાછા આવીને શ્રીગોસાઈજીને કહ્યું કે માહારાજ તેમને બોલાવ્યા પણ બોલ્યા નહી. પછી શ્રીગોસાઈજી આપ સેવામાં પોહોચીને પોતે નીચે પધારયા તે દંડવૃતી શીલા આગળ આવીને જુવે છે તો કુમનદાસજી પડયા છે ચારે તરફ લોક ઉભાં છે. જુવે તો પુત્રશોકમાં બુડયા છે આ પીડામાં કોઈ બચ્યા નથી એ વાત શ્રીગોસાઈજીએ સાંભળીને વીચારયુ જે અહીં કારણ જુદુ છે ને જગતને ઓર દેખાય છે તે જોઈને શ્રીગોસાઈજીએ કુમનદાસને કહ્યું જે કુમનદાસ સવારે વેહેલો આવજે તને શ્રીનાથજીનાં દરશન વેહેલાં કરાવીશ તમારા મનમાં ખેદ ન કરશો. એટલું ગોસાઈજીનું વચન સાંભળીને તરત બેઠા થયા, ને શ્રીગોસાઈજીને દંડવત કરીને ગયા. પછી જે કામ કરવું હતું તે બધુ કરયું પછી શ્રીનાથજીનાં દરશનને આવ્યા ત્યારે શ્રીગોસાઈજીએ શ્રીનાથજીને શૃંગાર કરયા. પછી કુમનદાસજીને દરશન કરાવ્યાં તે કુમનદાસજીએ દરશન કરયા એનું કારણ એ કે કુમનદાસજીએ બધા વૈષ્ણવને ઉ

પગાર કરવો કે સુતકમાં મારવે થઈ ભગવને તે દીવશથી દર-
શન કરવાનો અધીકાર થયો. સુતકમાં નીત્ય દરશન કરીને
પરસોળી જઈને બેસે ત્યાં બેઠે બેઠે પદ ગાતા એમ ગાતાં
ગાતાં સુતકના દીન નીવર્ત થયા. પછી કુમનદાસજી શુદ્ધ
થઈને સેવામાં આવ્યા તે જેમ નીત્યે સેવા કરતા હતા
તેમ સેવા કરવા લાગ્યા એવી જેને દરશનની પીડા થતી
એવી એવી કુમનદાસની અનેક વારતાઓ છે તે કયાં
સુધી લખીએ. શ્રીઆચારજીના શેવક કુમનદાસ એવા
કૃપાપાત્ર હતા.

—⊷⊷—

વારતા ૪૨ મી.

શ્રીઆચારજીના શેવક વાસુદેવ ઠકરી સારસ્વત બ્રાહ્મણની વારતા.

એક સમે શ્રીઆચારજીના મોહોટા પુત્ર શ્રીગોપી-
નાથજી અડેલમાંથી આગરે પધારયા ત્યારે આગ્રાના વે-
ષ્નવે શ્રીગોપીનાથજીને એક સો મોહોર ભેટ કરી પછી
આગરેથી શ્રીગોપીનાથજી શ્રીનાથજીદ્વાર પધારયા. સાથે
વેષ્નવ હતા તેને આગ્નાકરીજે આ સો મોહોરો શ્રીગોસાઇજીને
કોઈ પોહોચાડે ત્યારે વાસુદેવદાસે કહ્યું કે માહારાજ એ મોહોરો
મને આપો હું પોંહોચાડીસ ત્યારે શ્રીગોપીનાથજીએ તે મોહોરો
વાસુદેવને આપી તે લેઈને લાખનો ગોળો બનાવીને તેમાં
મોહોરો ઘાલી ને તેની પુજા કરતા ચાલ્યા જાય છે તે

પાંચ દીવસમાં અડેલ આવ્યા ત્યાં આવીને ગોળો દોડ્યો ને મોહોરો લેઇને શ્રીગોસાઇજીને સોંપી ને શ્રીગોપી નાથજીએ પત્ર આપ્યો હતો તે આપ્યો એ પત્ર વાંચીને મોહોરો થાણી લીધી ને વાસુદેવદાસને પ્રસાદ લેવરાવ્યો. વાસુદેવદાસ પ્રસાદ લેઇ શ્રીગોસાઇજી પાસે આવી દંડવત કરી કહું કે માહારાજ પત્રનો જવાબ લખો ને મોહોરોની પોહોચ આપો હું સવારે જવાનો છું ત્યારે શ્રીગોસાઇજીએ જવાબ લખ્યો પોહોચ આપી પછી વાસુ દેવ પાછલી રાત ઘડી એક રહી ત્યારે ઉઠીને શ્રીગોસાઇ જીની પાસે આવ્યા ને દંડવત કરીને વિદાય થઇને પાંચ દીવશમાં અડેલથી શ્રીનાથજી દ્વાર આવ્યા ને પત્ર શ્રી ગોપીનાથજીને આપ્યો. દસ દાહાડામાં અડેલ જઇને આ વ્યા એ પત્ર વાંચીને વાસુદેવ ઉપર શ્રીગોપીનાથજી બહુજ પ્રસન થયા અને પુછ્યુ કે રસ્તામાં તુ મોહોરો શી રાત લેઇગયો ત્યારે વાસુદેવદાસે કહું કે માહારાજ લાખનો ગો ળો કરીને તેમાં ઘાલીને તની પુજા કરતો લેઇ ગયો ત્યા રે ગોપીનાથજીએ કહું કે એવી રીતે કોઇ દીવસ કરવુ નહી

વળી એક સમે શ્રીગોસાઇજી મથુરામાં બીરાજતા હ તા તે એક દીવસ સંગાર સેવાથી પોહોચીને બાહાર બેઠ કમાં પધારયા ત્યાં બેસીને આગરામાં રૂપચંદને પત્ર લ ખ્યો ને તેમાં લખ્યું જે વસંતની સામગ્રી મોકલજો. તે પત્ર વાસુદેવને આપ્યો ને કહ્યું જે તું એટલી સામગ્રી લે ઇને સંધ્યાકાળે આવજે ને ભંડારીને આગ્ના આપી જે એક ટોપલો ભરીને આને પ્રસાદ આપો. તપી ભંડારીએ

છચૌરને આશરે પ્રસાદ આપ્યો પછી શ્રી ગોસાઈજીએ પો
તાનો ઉપરણો આપી તેમાં પ્રસાદ બંધાવ્યો ને કહ્યું કે
તું આની ઝોળી કરીને ગળે બાંધી લે. પતરાળાનું કાંઈ
કામ નથી ખાતો ખાતો ચાલ્યો જજે. તેમ કરતો આગરે
આવ્યો તે જ્યારે આગરે પોહોચ્યો ત્યારે પ્રસાદ ખાઈ ચુ
ક્યો ત્યારે ઝોળી છોડીને રૂપચંદને ઘેર આવ્યો એ સમે રૂપ
ચંદ પ્રસાદ લેઈ ચુક્યો હતો, એટલામાં વાસુદેવદાસ પત્ર
લેઈને આવ્યા તે પત્ર લેઈને માંથે ચડાવ્યો ને પોતાના
ભાઈને કહ્યું જે વાસુદેવદાસ આવ્યા છે તે ભુખ્યા હશે મા
ટે રસોઈ કરાવો ત્યારે વાસુદેવદાસે કહ્યું જે મારે મથુરાંજી
જવું છે તે સમે રૂપચંદ કપડાં પેહેરીને સામગ્રી લેવા ગ
યા ત્યારે વાસુદેવ સાથે ગયા ત્યારે રૂપચંદે પોતાના ભાઈને
કહ્યું જે ઘરમાં જેટલો પ્રસાદ હોય તે સઘળો એકઠો કરો
ને બેસજો અમો સામગ્રી લેઈને આવીએ છીએ. પછી
તે ભાઈ પ્રસાદ એકઠો કરીને લેઈને બેઠો એટલામાં રૂપ-
ચંદ સામગ્રી બજારમાંથી લેઈને વાસુદેવદાસની કેડે બં-
ધાવી પછી તે બંને ભાઈ જ્યાં રૂપચંદના ભાઈ બેઠા હ
તા તે દરવાજે આવ્યા. ત્યાંથી સઘળો પ્રસાદ ઝોળીમાં ભ
રાવ્યો પછી વાસુદેવદાસને વિદાય કરયા. રૂપચંદને નંદ
બંને ભાઈ પોતાને ઘેર આવ્યા ને વાસુદેવદાસ ચાલ્યા તે
ત્રીજે પોહોરે શ્રીગોસાઈજી ઉઠતા હતા તે સમે સામગ્રી લે
ઈને આવી ઉભા રહ્યા. તેટલામાં શ્રીગોસાઈજીએ પોતા
ને હાથે વાસુદેવની કેહેડેથી કેહેડ છોડીને તે પ્રસન થયા.
પછી આગ્યા કરીજે તાહારે વાસ્તે પ્રસાદની પત્રાળી રાખી

ચે તે જ પ્રસાદ લે ત્યારે વાસુદેવદાસ વિશ્રાંત ઉપર સ્નાન કરીને પછે આવી પ્રસાદ લીધો. વાસુદેવદાસને ક્ષુધા ઘણું હતી તેમ પરાક્રમ પણ ઘણું હતું મથુરાંથી આગરે બે પોહોરમાં આવ્યા એવા વાસુદેવ હતા.

વળી શ્રીગોસાંઈજી નીત્યે શ્રીઠાકોરજીના શણગાર કરીને બાહાર આવી બવાસને કહેતા કે તું પેંડાની કોથળી લેઈને વીશ્રાંત ઉપર જજે ને આપ જન્મસ્થાન દરશન કરવાને પધારતા. પછી વીશ્રાંત સ્નાન કરીને પોતે ઘેર આવતા તે એક દીવશ મથુરાંના ચોબે ભેગા થઈને કાજી-ની પાસે ગયા ત્યાં જઈને ચાડી કરી જે તમે લાગો બાંધો તો આમના શેવકના બે ચાર હજાર રૂપીઆ હાથમાં આવે તે સાંભળી કાજી હથીઆરબંધ મનુષ્ય લેઈને જન્મસ્થાન ઊપર આવીને ઊભા રહ્યા એટલામાં શ્રીગોસાઈજી કેશવરાયજીનાં દરશન કરીને બાહાર આવ્યા પછી પોતે અસ્વાર થયા. ત્યારે કાજીએ પુછ્યુ જે તમે કયાંહાં જાઓછો. ત્યારે વાસુદેવદાસે શ્રીગોસાંઈજીને વીનતી કરી કે માહારાજ આ કાજી ખોટી નજરથી અહીંયાં આવ્યા છે ત્યારે શ્રીગોસાંઈજીએ શ્રી મુખથી કહ્યું જે તાહારું એ શું કરશે તાહરે કરવું હોય તે તું એ કર. પછી વાસુદેવદાસે આગળ આવીને જોયું તો એકના હાથમાં ઢાલ ને એકના હાથમાં ભાલો દીઠો તેને જોઈને એક થપડ મારી તેથી તે થપડ મારતામાંજ પડી ગયો ત્યારે તેની ઢાલ તથા ભાલો લેઈને વાસુદેવદાસે વીશ પચીસ આદમીને મારી પાડ્યા તેથી તે સઘળા નાહાસીને છુપાઈ

મયા. પછી શ્રીગોસાંઈજીએ ઘોડા ઉપર અસ્વાર થયેલા હતા તેમને વાસુદેવદાસે કહ્યું કે હવે પધારો. આજ્ઞા હોય તો એનો દરવાજો પણ તોડી પાડું ત્યારે શ્રી ગોસાંઈએ ના કહી અને કહ્યું જે તાહારૂં શું લે છે પછી આપ વીશ્રાંત જઈને સ્નાન કરીને ઘેર પધારા. તે પછી બીજે દીવસે શ્રીગોસાંઈજી જન્મસ્થાન પધારવા લાગ્યા ત્યારે કાજી વધારે મનુષ્ય લેઈને ગળામાં પટકો લેઈને શ્રીગોસાંઈજીની પાસે આવીને વીનંતી કરી કે માહારાજ અપરાધ ક્ષમા કરો આજ અમેતો સાક્ષાત કનૈઆજી જોયા ને પાંડવનો ભીમ જોયો. જેના પ્રતાપ વડે કરી સરવે ડરયા. ત્યારે શ્રીગોસાંઈજીએ કહ્યું જે એતો એવો હતો કે જો કરી તમે એને બોલો તો એ એકલો સઘળાને ઠેર મારે. એવો એ બળવાન છે એના મનમાં તો બહુજ રીસ આવી હતી પણ મેં ના કહી તેથી બધ રહ્યો. પછી કાજીને સમાધાની કરીને ઘેર મોકલ્યો. શ્રીગોસાંઈજી તથા શ્રી આચારજીના પ્રતાપથી વાસુદેવદાસ એવા સમરથ હતા.

વળી વાસુદેવદાસે શ્રીગોસાંઈજી પાસે આજ્ઞા માગીને અપરપક્ષ ઉપર આગરે આવ્યા. ત્યા ક્ષત્રી વાસુદેવદાસના જજમાન હતા તે અપરપક્ષમાં જમાડતા તે વાસુદેવદાસ જમતા અને તે ઉપર દક્ષણા પણ લેતા. એ બધુંએકઠુ કરીને અપરપક્ષ વીત્યા પછી ઘોતી ઉપરણાં વીગરે બાંધી લેતા ને જે દક્ષણાના પઈસા આવે તેની ખાંડ સાકર વીગરે સામગ્રી લેતા ને તે માથે ઉચકીને ગોકુળ આવતા ને ત્યાં સામગ્રી ભંડારમાં સોંપતા ઘોતીયું ઉપરણાં પેલા જળભરી

આને આપતા ને કેહેતા જે આ ધોતીઉ ઉપરણો મંદીર વસ્ત્ર કરજો, ગપણાં કરજો, એમ કેહેતા તે એક દીવસ શ્રીગોસાઇ જી જળઘરામાં પધારયા ત્યાં જઇ જુવે તો ઉજળાં વસ્ત્ર ગપણાં જોયાં. પછી જળભરીયાએ કહ્યું કે મહારાજ આ ગપણાં તથા મંદીર વસ્ત્ર વાસુદેવદાસ લાવ્યા છે ને ખાંડ, સાકર, ચોખા, વિગેરે ભંડારમાં આપ્યાં છે. ત્યારે શ્રી ગોસાંઇજીએ વાસુદેવદાસને પુછયું કે એ વસ્ત્ર અને સામગ્રી તું કયાંથી લાવ્યોછું વાસુદેવદાસે કહ્યું જે મહારાજ

૧. અપરપક્ષ એટલે સરાધપક્ષ.

આગરામાં મહારા ક્ષત્રી વૈસ્નવ જજમાન છે તે અપર પક્ષમાં જમાડે છે, અને ધોતીયુ ઉપરણાં તથા દક્ષણા આપે છે તે દક્ષણાની સામગ્રી લેઉછું ને ધોતી યુંઉપરણાનાં મંદીરવસ્ત્ર કરૂંછું ત્યારે શ્રીગોસાઇજીએ કહ્યું જે લોકીક વસ્તુ અલોકીકમાં નાંખે છે એવી શ્રીગોસાઇજીની કૃપા વાસુદેવદાસની ઉપર હતી.

વળી સીહાનંદમાં મોટા મોટા ઓછવ થતા ત્યારે વાસુદેવદાસને પ્રસાદ લેવા બોલાવતા પણ નાહાના ઓછવમાં ન બોલાવતા ત્યારે એક સમે સીહાનંદના સરવે વૈશ્નવ મળીને શ્રીગોસાઇજીનાં દરશન કરવાને આવ્યા તેની સાથે વાસુદેવ પણ આવ્યાં. સરવે વૈશ્નવો દરશન કરીને ત્યાં રહ્યા પછી કોઇ સમો જોઇને વાસુદેવદાસે શ્રીગોસાઇજીને વીનંતી કરી કે માહારાજ એ વઇશ્નવ મને ઉચ્છવમાં બોલાવતા નથી ત્યારે શ્રીગોસાઇજી ચુપ થઇને રહ્યા પછી રાત્રીએ વઇશ્નવને વીદાય કરવા લાગ્યા તેમાં ચાર . પાંચ

વઈશ્નવ મુખ્ય હતા તેને રાખ્યા ને બીજા બધાને મોક-લ્યા ત્યારે શ્રીગોસાઈજીએ વઈશ્નવને પુછ્યું જે તમે વાસુદેવદાસને આછવ કીરતનમાં કેમ બોલાવતા નથી ત્યારે વેશ્નવે વીનંતી કરી જે માહારાજ મોટા ઓછવમાં તો બોલાવીએ છીએ પણ નાના ઓછવમાં બોલાવતા નથી ત્યારે શ્રીગોસાઈજીએ શ્રીમુખથી આજ્ઞા કરીકે તમે બંદોબસ્ત કરો કે સઘળા વઇશ્નવો એને બોલાવે. ચાહ્યતો પચાસ વઇશ્નવને બોલાવતા હોય તો પચીસને બોલાવો; પચીસને બોલાવતા હોય તો દસને બોલાવો એ રીતે ગમે તો અડધા બોલાવો પણ વાસુદેવદાસને તો બોલાવવોજ. એવી માહારી આજ્ઞા છે. ત્યારે વઈશ્નવોએ કહ્યું જે મા-હારાજ જો એમ કરશો તો એ ભુખ્યા રેહેશે. ત્યારે શ્રી ગોસાઈજીએ કહ્યું કે તેમાં તમે શું કરશો. માહારી આજ્ઞા એ પ્રકારની થઈ તો તેમાં તમારે કાંઈ બાધ નથી એ શ્રીઆચારજીનો શેવક છે. માટે એને બોલાવ્યા વીના ઓછવ કીરતન તમારે ન કરવું. ત્યારે વઈશ્નવે કહ્યું મા-હારાજ તમારી આજ્ઞા છે તો તેમજ કરાશું. પછી તે વઈશ્નવ સીહાનંદમાં ગયા અને તે પ્રમાણે કરવા લાગ્યા. શ્રીગોસાઈજી વાસુદેવદાસ ઉપર એવી કૃપા રાખતા. વાસુ-દેવ એવા ભગવદ ભક્ત હતા એમની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૪૩ મી

श्रीआचारजीना शेवक माधवदास अने वेणादास बे भाइनी वारता.

વેણીદાસ મોહોટા ભાઈ હતા અને માધવદાસ નાહાના ભાઈ હતા તે માધવદાસ બહુજ વીષઈ હતા તેથી તે-મણે ઘરમાં વેશ્યા રાખી હતી તેથી સઘળા વૈશ્નવ તેની નિંદા કરતા હતા તે વાત શ્રીઆચારજીએ જાણી ત્યારે તેમણે માધવદાસને પુછ્યું કે તેં વેશ્યા રાખી છે? ત્યારે માધવદાસે કહ્યું કે માહારાજ માહારૂ મન એના ઉપર આ-શક્ત છે તેથી રાખી છે. ત્રણ વાર પુછ્યું તો ત્રણે વાર હા કહી પછી શ્રીઆચારજી છાના રહ્યા. ત્યારે તેમને વ-ઇશ્નવે કહ્યું જે આજ લગી તો આપની આડી હતી ને હવે તો આપ આગળ પણ કહી ચુક્યો આપ ચુપ થઈ ગયા પણ એને કશું કીધુ નહી. ત્યારે શ્રીઆચારજીએ કહ્યું જે એનું મન એ ઉપર લાગ્યુંછે તે શ્રીઠાકોરજી ફેરવાવશે ત્યારે ફેરવશે. શ્રીઠાકોરજીને ફેરવતા વાર લાગશે નહી. એ ગદાધરદાસનો આશીરવાદ લેઈ આવ્યો છે જે તને હરીની ભક્તી દ્રઢ થશે તે આશીરવાદથી કેટલાએક દીવસ પછી બુદ્ધિ નીર્મળ થઈ ત્યારે વેશ્યા છોડી દીધી.

વળી એક સમે એક મોતીની માળા બહુ કીંમત ની બહુજ સુંદર વેચવાને આવી તે જોઈને માધવદાસે પોતાના મોહોટા ભાઈ વેણીદાસને કહ્યું કે આ માળા લો. એ ઠાકોરજીને લાયક છે ત્યારે વેણીદાસે કહ્યું જે ઘરમાંછે

તે ઠાકોરજીનું છે એમ કહીને માળા લીધી નહી, પછી મા
ધવદાસે કહ્યું જે મોહોટા ઠાકોરજીનું તો માળા કેમ નથી
લેતા. ત્યારે વેણીદાસે કહ્યું કે અમે ગ્રહસ્થ છીએ તેથી એ
મ લીધે બને નહી. ત્યારે માધવદાસે કહ્યું જે હું જુદો ર
હીસ. પછી જુદા રહ્યા ને દ્રવ અડધો અડધ વેહેચી લી
ધું. એ દ્રવનો માલ લેઈને માધવદાસ કલ્યાણ ગયો. ત્યાં
માલ વેચ્યો તેમાં નફો બહુ રહ્યો તેથી એક મોતીની મા
ળા બહુ મુલની લીધી તે માળા લેઈને ઘેર આવ્યો. આ
વતાં નાવમાં બેઠો તાંહાં શ્રીનવનીતપ્રીયાજી હાથમાં લા
કડાં લેઈને આવ્યા ને કહું કે અરે લાવ તારે માધવદાસે કહયું
કે જેમ આપની ઇચ્છા હશે તેમ કરીસ. ત્યારે શ્રીઠાકોર
જીએ કહ્યું જે તું શું કરવા ગયો હતો. ત્યારે એણે કહ્યું કે
હું માળા લેવાને ગયો હતો ત્યારે કહે કે ઇહાં માળા નોહ
તી. ત્યારે માધવદાસે કહ્યું કે તમારે તો બહુ છે પણ સેવક
ને ઉદ્યમ વિના મનોરથ કેમ સંપુર્ણ થાય તે વખત નાવ
ડુબતી હતી તે રહી ગઈ જેટલાં મનુષ્ય નાવમાં બેઠાં હતાં
તેટલાનો જીવ ગભરાવા લાગ્યો ને માધવદાસનું મન પ્રસ
ન દેખીને સઘળા લોકોના મનમાં એમ આવ્યું જે આ
કોઈ મોહોટો પુરૂષ છે પછી ત્યાંથી ઉતરાને અડેલ આ
વ્યા. ત્યાંથી આવી શ્રી આચારજીને દંડવ્રત કરીને માળા
આપી ત્યારે શ્રી આચારજીએ પુછયું કે નાવ ડુબતી હતી
તે કેમ રહી? તે સાંભળી સરવે સમાચાર કહ્યા તે બીજા
વેશ્નવ બેઠા હતા તેમણે સાંભળયા ત્યારે શ્રી આચારજીએ
કહ્યું કે એનો એ માધવદાસ છે. પણ હવે કેવો ભાવ ઉપ

થયો છે. એવી કૃપા શ્રી આચારજીની પણ તો એનું મન ફેરવ્યું. જેના ઉપર આશકતી હતી તે મટી ગઈને શ્રીઠાકોરજી ઉપર થઈ એવા માધવદાસ ભગવદી કૃપાપાત્ર હતા તેમની વાત કયાં સુધી લખીએ.

વારતા ૪૪ મી.

श्रीआचारजीना सेवक हरीवंश पाठक सारस्वत ब्राह्मण बनारसना रेहेनारनी वारता.

તે કાશીમાં રેહેતા હતા. તે પટણામાં વેહેપારને સારૂ ગયા હતા એમને ત્યાંના હાકેમ સાથે મેળાપ થયો હતો તે એમ જાણતો હતો કે આ માહારી પાસે કાંઈ માગે તો હું આપુ પણ એ કાંઈ માગે નહી. એમ કરતાં ધુળેટીનો ઓછવ આવ્યો તેના બે દીવશ રહ્યા ત્યારે એમના સેવ્ય ઠાકોરજીએ પુછયું જે ધુળેટીનો ઓચ્છવ કરીશ કે નહી ત્યારે એમણે ચાલવાનો વિચાર કરયો હતો. તે હાકેમ પાશે ગયા. ત્યાં જઈને કહયું કે હું તારી પાશે કાંઈ માગવા આવ્યો છું તે આપવું જોઈએ. ત્યારે હાકેમે કહું કે કહો. પછી એમણે કહ્યું જે બે દાહાડામાં મને કાશીએ પોહોચાડવો જોઈએ ત્યારે એણે કહ્યું કે ઠીક પછી એક ઘોડો તથા મનુષ્ય આપ્યું તે ગામડામાંથી મનુષ્ય લેતા લેતા બે દાહાડામાં ઘેર આવી પોહોત્યા. પછી આપ સ્નાન કરી મંદીરમાં જઈ ધુળેટીની સામગ્રી સીધ કરી હતી તેથી જઈ

ને શ્રીઠાકોરજીને હિંડોળે બેસારયા. પછી પોતે બહુ પ્રસન થ યા પછી ત્યાં થોડા દીવશ રહીને પાછા પટણ આવ્યા ત્યારે હાકેમે પુછ્યું કે તમારે શું કામ હતું ત્યારે એમણે કહ્યુ કે કાંઈ કામ હતું પણ મનની વાત તેને કહી નહી એવા એ ભગવદી કૃપાપાત્ર હતા એમની વાત કયાં સુધી લખીએ.

—∞—

વારતા ૪૫ મી.

श्रीआचारजीना शेवक थानेसरना वासी गोवींददास जलानी वारता.

એની પાસે દ્રવ્ય ઘણું હતું, તે શ્રીઆચારજીના શેવક થયા ત્યારે શ્રીઆચારજીને પુછ્યુ કે માહારાજ હું દ્રવ્યને શું કરૂં, માહારી પાસે દ્રવ્ય બહુજ છે; ત્યારે શ્રી આચારજીએ કહ્યું કે તુ શેવા કર. એણે કહ્યું કે શેવા કેમ કરૂં સ્રીનું અનુકુળ નથી ત્યારે કહે કે એને ત્યાગ કર. ત્યારે સ્રીને ત્યાગ કરી. પછી પુછ્યુ કે દ્રવ્યને શું કરૂં ત્યારે કહ્યું કે દ્રવ્યનો એક ભાગ શ્રીનાથજીને સમરપણ કર ને એક ભાગ સ્રીને અરપણ કર ને બે ભાગ તુ સેવાને અરથે રાખ. ત્યારે, એણે કહ્યું કે માહારાજ એમાંથી આપ કાંઈક અંગીકાર કરો ત્યારે કહ્યું કે ભલે એક ભાગ અમને આપ. પછી સરવ દ્રવ્યનો વાંભાગ કરી પોતે સરવેને વેંહેચી આપી માહાવન આવ્યા તે શ્રીમથુરાંનાથજીની શેવા કરવા લાગ્યા તે નીત્ય ટકા ચોવીસની સામગ્રી લઈને સંમરપે તે માહાપ્રસાદ વઈશ્નવને લેવરાવે ને તમાંથી એક

કણ સરખુ પણ આપ ન લે. વઈશ્નવ ન મળે તો ગાયને ખવરાવી દે. પોતે તો જુદી બાટીઓ કરીને સમરપીને પ્રસાદ લે. એવી રીત શેવા કરતાં ૭૦૫ ઓચ્છું થયું. પછી શ્રીનાથજીની રસોઈની પરચારગી કરવા લાગ્યા. બે વાર પાત્ર માંજે; પાછલી પોહોર રાત રહે ત્યારે ઉઠે, એક લોટા ખભે બાધીને વીશ્રામઘાટ ઉપર આવે ત્યાંથી સ્નાન કરીને ગાગર એક ભરીને ચાલે. તે રાજભોગ પેહેલાં આવી પોહોચે. તે રસોઈનાં પાત્ર સરવે માંજે તથા ચુલા અખોટ કરે, પોતાની સેવાથી પોહોચીને હેઠળ આવે, તે તીલક કરે, માળા ઉતારે, ગાંઠે બાંધે, પછી નજીકના ગામમાંથી કોરી ભીક્ષા માગી લાવે. એમનો આશરે ચાર પાંચ શેરનો આહાર હતો તેટલું ભેગુ થાય ત્યારે પોતે આવે તે પોતાને હાથે દળીને બાટીઓ કરે, ને તે શ્રીનાથજીની ધજાને ધરે; પછી ચરણામૃત મેળવી પ્રસાદ લે, એવી રીત પોતે નીરવાહ કરે પણ એ વાત શ્રીનાથજીને ન ગમે ત્યારે શ્રી આચારજીને શ્રીનાથજીએ કહ્યુ કે તમારો શેવક મને બહુજ દુઃખ દે છે ત્યારે શ્રીઆચારજી અડેલથી આગરે પધાર્યા ત્યાં વઈશ્નવ સામા આવ્યા ત્યારે શ્રીઆચારજીએ પુછ્યું કે શ્રીઠાકોરજીને કોણે રીસાવ્યા છે? ત્યારે વઇશ્નવે કહ્યું કે મોહારાજ અમે તો કાંઈ જાણતા નથી ત્યાંથી મથુરાં આવ્યા ત્યાં આવી વઈશ્નવને પુછ્યું પણ તેઓને કાંઈ સમજણ પડી નહી. પછી નાથદ્વાર પધારયા પછી સ્નાન કરીને શ્રીગીરીરાજ ઉપર પધારયા. ત્યાં શ્રીઠાકોરજીનું કમળ (મુખારવીંદ) પોતાને હાથેથી લોહી નાખ્યું. પછી કહ્યું કે

માહારાજ આપ રીસાએલા કેમ બેઠાછો? ત્યારે શ્રીનાથજી એ કહ્યું કે તમારો એક શેવક મને બહુ દુખ દેછે ત્યારે શ્રી આચારજીએ શેવકને પુછ્યુ કે તમે શી શેવા કરોછો અને પ્રસાદ ક્યાંહાં લોછો. ત્યારે વૈશ્નવોએ પોત પોતાની શેવા બતાવી. પછી ગોવીંદદાસને પુછ્યુકે તું શી શેવા કરે છે ને પ્રસાદ કાંહા લે છે ત્યારે ગોવીંદદાસે જેવું હતું તેવુ કીધું તેથી શ્રીઆચારજીએ જાણ્યું કે આણેજ શ્રીનાથજીને રીસાવ્યા છે. પછી તમણે ગોવીંદદાસને કહ્યુ કે તું શ્રીઠાકોરજીની રસોઇનો પ્રસાદ લે ત્યારે તેણે કહ્યું હું દેવનું અન કેમ ખાઊ ત્યારે તેમણે કહ્યું કે માહારી રસોઇનો પ્રસાદ લે તો કહે કે હું ગુરૂજીનું અન કેમ ખાઉ એ ક્ષત્રી અહંકારી હતો તેથી શેવા છોડી દેઇને મથુરાં આવ્યો ને ત્યાં શ્રીકેશવનાથજીની શેવા કોઇક જાડા પંડાણ પાસેથી લીધી ને તેની શેવા કરવા લાગ્યો. પછી એક વાર શ્રીકેશવનાથજીની સજ્યા મેવો ખવરાવી ખવરાવીને સારી બનાવરાવી તે સારી થઇ ને ઉપર શ્રીઠાકોરજી પોઢવા લાગ્યા. પછી ગામના હાકેમે સજ્યા બનાવરાવી પણ તે એના જેવી થઇ નહી ત્યારે તેણે કહ્યું કે તમારા ઠાકોરજીની સજ્યા અમારે જોવી છે પછી તે દેવના સ્થાનકમાં જઇને સજ્યા ઉપર ચડી બેઠો તેથી ગોવીંદદાસે ગુપ્તી લેઇને તેની પાસે આવીને તેને ગાળો દીધી ને કહ્યુ જે અમારા ઠાકોરજીની સજ્યાં ઉપર તું કેમ બેઠો તું એવો કેવો મનુશ્યછે પછી ગુપ્તી મારીને તેને એજ ઠેકાણે મારી નાંખ્યો ને પછી પોતાની દેહ પણ છુટી ગઇ એ વાત કોઇવૈસ્નવે શ્રીઆચા

રજીને કહી કે માહારાજ એ વેશ્નવની એવી ગતી કેમ થ ઈ ત્યારે શ્રીઆચારજીએ કહ્યું કે પરલોકમાં કાંઈ હાંની ન થી પણ એણે માહારી આગ્ના ન માની તેથી એ રાતત ની દેહ છુટી એ ગોવીંદદાસ પેહેલા જન્મમાં શ્રીનંદરાય જીને ઘેર પાડો હતો તેના ઉપર શ્રીઠાકોરજી ચડી બેસતા તથા જ્યારે શ્રીનાથજીનું મંદીર થયું ત્યારે પાણી માટીથી ભરે એની પીઠ ઉપર ભરીને બહુ લાવ્યા છે. ગોવીંદદાસ એવા ભગવદી હતા.

વારતા ૪૬મી.

श्री आचारजीनी शेवक अमाक्षत्राणी कमामां रेहेती तेनी वारता.

એનો છોકરો એને અમા કેહેતા તેથી એના સંબ્ધ શ્રીઠાકોરજી પણ અમા કેહેતા. બીજા વૈષ્નવ પણ અમા કેહેતા પછી એનો એક છોકરો મરી ગયો ત્યારે ત રોવા બેઠી તેથી ઠાકોરજી ખેદ પામવા લાગ્યા ને કહ્યું કે અરે અમા તું રોઇશ નહી પણ એ રોતી બંધ રેહે નહી. એ મ કરતાં બીજો છોકરો પણ મરી ગયો ત્યારે તો ત બહુજ રોવા લાગી ત્યારે પણ ઠાકોરજીએ કહ્યું કે અમા તું રોઈ- શ નહી. તોએ ત રોતી રેહે નહી ત્યારે શ્રીઠાકોરજીએ શ્રી ગોસાઈજીને કહ્યું કે અમા રૂવે છે ને તેથી હું દુઃખ પા મુછુ ત્યારે શ્રીગોસાઈજી અમાને ઘેર પધારયા. ત્યાં આવીને અમાને શેવા કરવાની ના કહી કે જો તું

રૂવે છે તો શેવા ન કરીશ શ્રીઠાકોરજીને એદ આવે છે ત્યારે રોતી રહી પછી અમા શેવાનું સરવે કામકાજ કરી સ્નાન કરી સજ્યામાં જઈ હાથ ધુવે, શ્રીઠાકોરજીને ઉઠાડે. એમ કરતાં એક દીવશ શ્રીઠાકોરજીના આગળ દુધનો કટોરો ભરી રાખ્યો હતો તે સમે શ્રીગોસાઈજી અમાને ઘેર પધાર્યા. તે ત્યાં આવીને મંદીરનો પડદો એઆ લેઈને દરશન કરવા લાગ્યા ત્યારે જુવે તો શ્રીઠાકોરજી દુધ પી એ છે તેથી તે જોઈને શ્રીગોસાઈજી પાછા ફરયા ત્યારે અમાએ કહ્યું કે બાવા કેમ પાછા ફરયા. ત્યારે કહ્યું કે શ્રી ઠાકોરજી દુધ પીએ છે. ત્યારે અમાએ કહ્યું કે એતો બાળક છે તમે જાણતા નથી. શ્રીગોસાઈજી પાછા ફરયા ત્યારે અમાને કહ્યું કે એમાંથી થોડુંક દુધ માહારે ઘેર મોકલાદેજો. ત્યારે અમાએ કહ્યું કે તમારે આરોગવું હોય તો અહીયાં આરોગો ચાહો તો તાંહાં આરોગજો. પછી એ દુધ શ્રીગોસાઈજીને ઘેર મોકલાવી દીધું. અમાની સાથે શ્રીઠાકોરજી સાક્ષાત વાતો કરતા હતા. ઠાકોરજી શ્રીગોસાઈજીને ઘેર પધારે તારે શ્રીનવનીધપ્રીયાજીની પાસે જઈને બેસતા. એવી અમા કૃપાપાત્ર હતી.

વારતા ૪૭ મી.

श्रीआचारजीना शेवक गजाननधावान आगरामा रेहेता तेनी वारता.

એ નવનીધપ્રીયાજીની શેવા કરતા શ્રીઠાકોરજી એની

સાથે પ્રતક્ષ ખેલતા કોઈ દીવશ એને ગાય કરતા ને કોઈ દાહાડો વાછડો કરતા, તો કોઈ દાહાડો ઘોડો કરીને એની પીઠ ઉપર ચઢી બેસતા. એમ કરતાં તેના દીંચણ ઘસાઈ ગયા ભુખ સામગ્રી જે જોઈએ તે માગી લેતા એ એવી કેટલીક વાતો છે તે કયાં સુધી લખીએ. પછી એક દીવસ શ્રીનવનીધપ્રીયાજીએ કહું કે મને શ્રીઆચારજીને ઘેર પધરાવ. ત્યારે શ્રીઆચારજી ગોકુળમાં હતા તેમની પાશે ગજ્જનન આવીને કહે જે માહારાજ મનેતો શ્રીનવનીધપ્રીયાજીએ આવી આગ્ના કરી છે. ત્યારે શ્રીઆચારજીએ કહ્યું કે અહીંયા તો શીંહાસન નથી પાત્ર નથી ને એ કેમ બનશે ત્યારે ગજ્જનને કહ્યુ કે આગ્નાતો એવી છે. ત્યારે આચારજી કહે ભલે પધરાવ. પછી ગજ્જનનધાવને શ્રી નવનીધપ્રીયાજીને શ્રી આચારજીને ઘેર પધરાવ્યા ત્યારે શ્રી આચારજીએ તે દીવશે પાટ ઓચ્છવ કરીને બેસારયા ભોગ સમરપ્યો ને જ્યાં પોતે રાત્રીએ પોઢો ડયા ત્યાં તેમને પણ પોતાની સેજ ઉપર પોઢાડયા. બીજે દાહાડે નવી સજ્યા કરીને પોઢાડયા તારે શ્રી નવનીધપ્રીયાજીએ કહું કે હુંતો તમારી પાશે પોહોડીશ. તારે કહું કે એવું કેમ થાય. તારે શ્રીઠાકોરજીએ કહું કે એમાં બાધક નથી. પછી શ્રીઆચારજી પાશે પોઢાડતા. પછી થોડાક દીવશ પછી નવી સજ્યા બનાવી પછી તે ઉપર પોઢાડયા. પછી થોડાક દીવશ રહીને શ્રીઆચારજી ગોકુળથી અડેલ પધારયા. તાં ગજ્જનનધાવન સાથે ગયા. એ ગજ્જનન વિના નવનીધપ્રીયાજી એક ક્ષણ પણ રહેતા નહી. પછી એ

ક દીવશ શ્રીઅકાંજીએ ગજન પાસે પારાણુ મંગાવ્યું. તારે ગજન શ્રીઅકાંજીને કાંઈ કહી શકયો નહી ને ઉઠીને ચાલ્યો ને થોડેક છેટે ગયો એટલે તાવ આવ્યો તેથી તાંહાંજ પડી રહ્યો. અહીયાં શ્રી અકાંજીએ શ્રીઠાકોરજીને ભોગ સમરપ્યો તારે શ્રી નવનીધપ્રીયાજીએ કહ્યુ જે ગજનને બોલાવો એ આવશે તારે હું ભોગ આરોગીશ. પછી શ્રીઅકાંજી બે માણસોને બોલાવવા મેકલ્યા તે ગયા ને જુવેતો તે થોડેક દુર જઈ પડયોછે તાંથી બોલાવી લાવ્યા પછી ગજન સ્નાન કરીને મંદીરમાં ગયો એટલે તરત તાવ ઉતરી ગયો તારે ગજને શ્રીઠાકોરજીને કહું કે બાવા ભોજન કેમ નથી કરતા પછી શ્રીનવનીધપ્રીયાજીએ ભોજન કરચું. એવી રીતે ગજનનો શ્રીનવનીધપ્રીયાજી ઉપર ભાવ હતો એની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૪૮ મી.

श्रीआचारजीना शेवक नारणदास ब्रह्मचारीनी वारता

તેને શેવા કરવાના શ્રીગોકુળચંદ્રમાજી ઠાકોર હતા તેની શેવા ભલી રીતે કરતા. ગાયોને ઘાસ ખવરાવતા, તે ધોઈને લોઢીને પછી ખવરાવતા શાથી જે દુધમાં રજ આવે નહી. એનું કારણ કે એ દુધ શ્રીઠાકોરજી આરોગે છે. સ્નાન કરીને સર્વે કામ કરે જ્યારે શ્રીઆચારજી ગોકુળ પધારે ત્યારે નીત્ય પ્રાતઃકાળે ત્યાં શેવા કરવાને આવતા. ત્યાંથી ભોગ સમરપીને પછી પાછા ગોકુળ આવતા ને ના

રાણુદાસ જ્યાં હાથપગ ધોવાને માટી ઓતરતા એ ઠેકાણે દ્રવ્ય નીકળતું ત્યારે તે ઉપર માટી ઢાંકતા પણ એ દ્રવ્યનો સ્પર્શ ન કરતા. તે એક દીન નારાણદાસે પોતાના ખાટલાની પાસે બહુજ દ્રવ્ય પડેલું દીઠું ત્યારે ભત્રીજીને કહ્યું કે વેહેલી ઉઠ ઘરમાં બીગાડ પડ્યો છે તે સાવરણી થી કાહાડી નાખ. ત્યારે હું ઉઠીને બારણે આવું. પછી ભત્રીજીએ એવુંજ કરયું ત્યારે આપ સ્નાન કરીને મંદીરમાં ગયા. પછી શેવા શણગાર કરીને શ્રી ઠાકોરજીના સામુ જોયું ને કહ્યું કે આ ઘટા કોણ જાણે કયાં વરસશે ત્યારે એમણે કહ્યું કે આ ઘટા શ્રીમહાપ્રભુજીનું સરવસ્વ છે. પછી નારાણદાસ રાજભોગ સમરપીને બાહાર આવીને બેઠા તે વખત પોતાનું હૃદય ભરાઈ આવ્યું ને કહ્યું જે શ્રી ઠાકોરજી શી રીતે આરોગશે એવો વિચાર કરવા લાગ્યા, ત્યારે ભત્રીજીએ કહ્યું કે શ્રીઆચારજીના શેવક પૃથ્વીમાં જ્યાંહાં છે ત્યાંહાં બધાય સમરપે છે ને શ્રીઠાકોરજી આરોગે છે તો તમેતો મોહોટા ભગવદીછો તમારૂ સમરપ્યુ તો કેમ ના લે તમે એવો સંદેહ કેમ કરોછો ત્યારે કહ્યુ જે બેટી સાંભળ ઠાકોરજી તો આરોગશેજ પણ કોઈ અચાનક વઈસ્નવ આવીને આરોગેલો પ્રસાદ લે ત્યારે જાણીએ કે આરોગ્યું. એમનો વૈસ્નવ ઊપર એવો ભાવ હતો.

વળી એક દીવશ શ્રી ગોકુળચંદ્રના શણગાર કરી રસોઈમાં ગયા ને શણગારભોગ ધરવાને વાસ્તે બાર તૈયાર કરી તે ટાઢી કરવાને વાસ્તે થાળમાં નાંખી એટલામાં એક વૈસ્નવ આવ્યો, તેને નારાણદાસ આગળ આવીને વ

ખાઉ ખાધી જે શ્રી આચારજી પધારયા છે તે સાંભળ તાંજ તે ખીર ડબરાગાં મેલીને ઠાકોરજીને સમરપીને ગોકુળ આવ્યા ત્યાં આવીને દંડવત કરયો, ચરણમાં માંથુ મુકયું તે શ્રી આચારજીએ પોતાને હાથે ઉઠાડ્યું ને પુછયું જે શ્રીગોકુળચંદ્રના દરસનનો શો સમો છે ત્યારે કહે જે હમણાં શણગારભોગ સમરપીને માહારાજની પાસે આવ્યો છું એટલે ઉતાવળાજ શ્રીઆચારજી મહા વનમાં પધારયા ત્યાં જઈને સ્નાન કરી હાથ ધોઈ મંદીરમાં પધારયા ત્યાં જુવે તો શ્રીગોકુળચંદ્રજીના શ્રીહસ્ત ખીરથી ભરેલા છે ને ખીર ઉની લાગે છે તેથી હાથ ખેંચી લેછે ત્યારે શ્રી આચારજીને કહ્યું જે જુઓ નારણદાસ ઉની ખીર સમરપીને તમારા સામો આવ્યો છે ને તેથી આ ઉની ખીરના છાંટા મંદીરમાં લાગ્યા છે ત્યારે શ્રીઆચારજીએ ગોકુળચંદ્રમાજીના હસ્ત લોહીને પંખો કરયો પછી ખીર ટાઢી થઈ ત્યારે સમરપીને બાહાર આવ્યા પછી નારણદાસને ખીજીને કહ્યું જે ઉની ખીર કેમ સમરપી ત્યારે નારણદાસે કહ્યું કે રાજને આવ્યા સાંભળીને ભોગ સમરપીને આવ્યો પછી શ્રીઆચારજીએ કહ્યું જે આજ પછી એવું કામ કોઈ દિવસ ના કરવું પછી ભોગ સરાવી શ્રીગોકુળચંદ્રે શ્રીઆચારજીના હાથ પકડીને કહ્યું જે આ ખીરનો પ્રસાદ તમે લ્યો ત્યારે શ્રીઆચારજીએ કહ્યું કે માહારાજ નાતનો વેહેવાર મહા કઠણ છે ત્યારે ઠાકોરજીએ કહ્યું કે માહારી આજ્ઞા છે માટે તેનો સંકોચ કરશો નહી. ને આ ખીર પ્રસાદ લો તે પોતાના આગળજ લે-

વરાવ્યો ત્યારે શ્રીઆચારજીએ લીધો. નારણદાસ શ્રીગોકુળ ચંદ્રમાજીની એ રીતે શેવા કરતા તેથી નારણદાસ બહુજ કૃપાપાત્ર ભગવદી હતા.

વારતા ૪૯ મો.

श्री आचारजीनी शेवक एक क्षत्राणी माहा वनमां रेहेती हती तेनी वारता.

એક સમે શ્રીઆચારજી પરીક્રમા કરતાં માહાવન આવ્યા. ત્યારે ચાર સ્વરૂપ પ્રાપ્ત થયાં. તે ક્ષત્રાણીએ આચારજીના આગળ લાવીને રાખ્યા તેનાં નામ એક તો નવનીતપ્રીયાજી, એક ગોકુળચંદ્રજી એક લાડલેજી એક લલીતત્રીભંગજી; એ સ્વરૂપ શ્રીઆચારજીએ વૈશ્નવોને શેવા કરવાને સારૂ જુદાં જુદાં સોંપ્યાં. નવનીતપ્રીયાજી તો ગજ્જનનધાવનને ઘેર પધરાવ્યા, ગોકળચંદ્રમાજી નારણદાસ બ્રહ્મચારીને ઘેર પધરાવ્યા, લાડલેજી જીવદાસસુરા ક્ષત્રીને ઘેર પધરાવ્યા, લલીતત્રીભંગજી દેવાકપુર ક્ષત્રીને ઘેર પધરાવ્યા. એ રીતે ચારે સ્વરૂપ ચારે વૈશ્નવને ઘેર પધરાવ્યા, ને કહ્યું કે આ માહારૂ સર્વસ્વ છે માટે એમની શેવા સારી રીત કરજો તમારાથી શેવા ન બની શકે તો અમારે ત્યાંહાં પધરાવી જજો. પછી શ્રીનવનીતપ્રીયાજી તો શ્રીઆચારજીને ઘેર પધારયા ને ગોકુળચંદ્રમાજી નારણદાસજીની પછે કેટલાક દાહાડા કમળદાસ સ્વામીની પાસે શેવાને અરથે રહ્યા. પછી શ્રીગોસાંઈજીને ઘેર પધારયા

તેમણે શ્રીરૂગનાથજીને માથે એ સ્વરૂપ પધરાવ્યું. એવો એક ક્ષત્રાણી ભગવદી હતી.

વારતા ૫૦ મી.

श्रीआचारजीना शेवक जीदास सुरा क्षत्रीनी वारता.

એમને માટે શ્રીઆચારજીએ શ્રી લાડલેશજીની શેવા આપી એ કેટલાક દાહાડા શેવા કરી. એમને બે દીકરા હતા. એક પુરૂષોતમદાસ ને બીજો છગાલાલદાસ એમણે શેવા કરી. પછે એમને સંનતી ન થઈ પછી છગલદાસનો મામો ક્રશ્નદાસ ચોપડા તેને માથે લાડલેશજી પધારયા તે ક્રશ્નદાસે સારી રીતે શેવા કરી પછી એક સમે માહામારી (કોગળીયુ) નો ઊપદ્રવ થયો તેથી ક્રશ્નદાસના સર્વ કુટંબની દેહ છુટી ગઈ ને પોતે એકલા રહ્યા. પછી એમના મીત્ર હરજીમલ તથા મથુરામલ ક્ષત્રી હતા ત્યાંહાં જઈને રહ્યા. કેટલા દાહાડા હરજીમલ તથા ક્રશ્નદાસે શેવા કરીને પછી ક્રશ્નદાસની દેહ છુટી ત્યારે હરજીમલે શેવા કરી. એ એવા ભગવદી હતા.

વારતા ૫૧ મી

श्रीआचारजीना शेवक देवाकपुर क्षत्रीनी वारता.

તેમને માથે લલીતત્રીભંગજી પધારયા તે એમણે કેટલાક દીવસ શેવા કરી તે પછી તેમની સ્ત્રીએ શેવા ક

રી તે કેટલાએક દીવસ પછી તેની દેહ છુટી ત્યારે તેનો સં સ્કાર કરી આવ્યા. પછી મંદીર ઉઘાડીને જુવે તો સજ્યા ઉપર શ્રીઠાકોરજી નહી. બીજો સામન પડ્યો એમનો એમ છે પણ શ્રીઠાકોરજી અંતરધ્યાન થઈ ગયા તેની ખબર ન પડી કે ક્યાં પધારયા. એમને ચાર છોકરા થયા પણ એમની પાસે શેવા ન કરાવી એવી ભગવતની ઈચ્છા તેથી તેમની વારતા ક્યાં સુધી લખીએ.

વારતા ૫૨ મી

श्री आचारजीना शेवक दीनकरदासनी वारता.

દીનકરદાસને કથા ઉપર બહુજ પ્રીત રેહેતું. શ્રીઆચારજી કથા કેહેતા તે સાંભળી એક દીન દીનકરદાસ રસોઈ કરતા હતા. તે વખતે આટો ચાળ્યો હતો ને તેની બાટી બનાવી રાખી હતી એટલામાં એક શ્રી આચારજીનો શેવક જળભરીઓ જળ ભરવાને આવ્યો તેને દીનકરદાસે પુછ્યું જે શ્રીઆચારજી શું કરેછે ત્યારે એણે કહ્યું જે પોથી ખોલી છે ને કથા કહેશે, તે સાંભળી દીનકરદાસે બાટી પુરી શેકી પણ નહી ને અંગારા ઉપરથી કાચી લેઈ વેહેલાસર ખાધી ને ઉઠીને વસ્ત્ર પેહેરીને ગયા તો કથા સાંભળી શ્રીઆચારજી કથા કહી ચુકયા ત્યારે જળભરીઆએ કહું જે માહારાજ દીનકરદાસે કાચી અંગારખી ખાધી સેકી નહી ત્યારે શ્રી આચારજીએ પુછ્યુ જે દીનકરદાસ તેં કાચી અંગારખી કેમ ખાધી ત્યારે કહું માહારાજ અંગારખીતો નીત્યે ખા

ઇશું પણ આ કથા રૂપી અમૃત કયાંહાં સાંભળીશું ત્યારે શ્રીઆચારજીએ કહું જે હવેથી રસોઇ કરી ઠાકોરજીને ભોગ સમરપી પ્રસાદ લેઇને તું આવીશ તારે કથા કહીશું તું નીત્યે ધીરજથી પોહોચીને આવજે. પછી દીનકરદાસ નીત્યે ઉતાવળા પોહોચીને આવતા એવા ભગવદી દીનકરદાસ હતા.

વારતા ૫૩ મી.

श्रीआचारजीना सेवक दीनकरदास मुकंददास-कायथनी वारता.

એ પોતે કવીત બહુ કરતા શ્રીઆચારજી શ્રીઠાકોરજીનો મુકંદસાગર ગ્રંથ કરયોછે. એક વાર કારકુન થઇ ગયા છે તે તાંહાં પંડીત સરવે આવીને મળ્યા, ને મુકંદદાસને કહું જે તમારી પાસે શ્રીભાગવત સાંભળીશું તારે મુકંદદાસે કહું કે તમે અમારૂ ભગવત જાણો છો તારે પંડીતે કહું કે તમારૂં ભગવત શું જુદુંછે તારે મુકંદદાસે કહું કે હા અમારૂ તો જુદુ છે પછી મુકંદદાસે એક ભગવતના શ્લોકનું વ્યાખ્યાન કેહી સંભળાવ્યું તેમાં કોઇથી બોલાયું પણ નહી ને સાભળતાંય થાકયા. એમને સુબોધનીમાં બહુ ગમ્ય હતી. એમ કરતાં કરતાં કેટલાક દાહાડા પછી ઉજાણમાં મુકંદદાસની દેહ છુટી ત્યારે કોઇ વઇશ્નવે શ્રીઆચારજીને કહું કે માહારાજ મુકંદદાસ અવંતીકામાં મળ્યા ત્યારે વઇશ્નવને શ્રીઆચારજીએ કહું કે એમ ના કહો જે

અવંતીકાએ મુકંદદાસ પામ્યા. એ મુકંદદાસ એવા કૃપાપાત્ર હતા. તેમની સરાહના આપ શ્રીમુખથી કરતા હતા.

વારતા ૫૪ મી.

श्रीआचारजीना शेवक परजुदास अरोरा क्षत्रीनी वारता.

પરભુદાસ સીહાનંદના જેના સેવ્ય શ્રીમદનમોહનજી રાજનગર સીકંદરપુરમાં રામદાસ વૈશ્નવના ઘરમાં શ્રીગોપીનાથજીએ પોતાના હાથે પાટ બેસારયા હતા તે પ્રભુદાસ એક વાર શ્રીઆચારજી મથુરાંમાં વીશ્રાંતઘાટ ઉપર હતા ત્યાંહાં પ્રભુદાસ અને બીજા ચાર વૈશ્નવ ઉભા હતા એટલામાં રૂપસનાતનદાસ કૃશ્ન ચૈતન્યના શેવકને મળી શ્રીઆચારજીના દરશનને આવ્યા. તેમણે શ્રીઆચારજીનાં દરશન કરયાં. પછી શ્રીઆચારજીને પુછયું જે એ વૈશ્નવ કોણ છે ત્યારે શ્રીઆચારજીએ કહ્યું કે અમારા શેવક છે ત્યારે એમણે કહ્યું કે એ દુબળા કેમ છે. ત્યાર શ્રીઆચારજીએ કહ્યું કે મેં એમને ઘણુ વાતના નીયમ રખાવેલા છે. તમે આ મારગમાં ન પડશો. એમનું માહારૂં કહ્યું ન માન્યું તેનું ફળ એ ભોગવે છે ત્યાર રૂપસનાતનદાસ દરશન કરીને ગયા. કેટલાક દીવશ પછી એક વૈશ્નવ રૂપસનાતનદાસના સાથમાંથી શ્રીજગનનાથજીનાં દરશન કરવાને ગયો ત્યાંહાં કૃશ્નચૈતનને મળ્યા. તમણે શ્રીઆચારજીના સમાચાર પુછયા કે સારા છે. કયાં મળ્યા હતા, શું

કરતા હતા, ત્યારે એ વેશ્નવે કહ્યું કે એ વીશ્રાંત ઉપર સ્નાન કરતા હતા. ત્યારે રૂપસનાતન વૈશ્નવની વાત પુછી ત્યારે આચારજીએ જે પ્રભુદાસની વાત કહી હતી તે કહી ત્યારે કૃશ્નચેતનને મુરછા આવી તે એક બે ઘડી લગી રહી. પછી સાવધાન થઈને ફેર પુછ્યુ ત્યારે કહ્યું જે આ મારગમાં ન પડો ત્યારે બહુ મુરછા આવી તે ચાર ઘડી લગી રહી એવી ત્રણ વાર પુછ્યુ ત્યાર ત્રણે વાર મુરછા આવી પણ એ વાત રૂપસનાતનદાસ સમજ્યા નહી.

વળી એક દીન પ્રભુદાસે વેહેલા રસોઈ કરી ત્યારે દાળ કાચી રહી, અંગારખા બળી ગઈ, ત્યારે મનમાં એમ આવ્યું કે આજ આવી રસોઈ થઈ માટે શ્રીઠાકોરજીને શું સમરપુ. ચરણોદક મેળવીને પ્રસાદ લીધો. શ્રીઠાકોરજી વાટ જોઈ રહ્યા જે પ્રભુદાસ ભોગ સમરપશે. પણ પ્રભુદાસે તો સામગ્રી બગડી જાણીને ન સમરપ્યો. એ વાત શ્રીઠાકોરજીએ શ્રીઆચારજીને કહી કે આજ હું બહુ વાર સુધી વાટ જોઈ રહ્યા પણ પ્રભુદાસે ભોગ સમરપ્યો નહી. સમરપે તો આરોગુ. પછી પ્રભુદાસ ઉત્થાપનને સમે શ્રી આચારજીનાં દરશનને આવ્યો ત્યારે શ્રીઆચારજીએ પ્રભુદાસને કહ્યુ જે આજ ભોગ કેમ ન સમરપ્યો. ભોગ સમરપ્યા વીના પ્રસાદ કેમ લીધો. ત્યાર એમણે સાચી વાત કહી કે માહારાજ દાળ કાચી રહી, અંગરખાં બળી ગયાં તેથી ભોગ કેમ સમરપુ માટે ભોગ ન સમરપ્યો, ને ચરણોદક મેળવીને પ્રસાદ લીધો ત્યારે શ્રીઆચારજીએ કહ્યું જે આજ શ્રીઠાકોરજીએ બહુ વાર લગી વાટ જોઈ. જાણ

પ્રભુદાસ સમરપે તો આરોગુ તેથી તમે એવી રસોઈ કેમ કરી. પછી પ્રભુદાસ પ્રીત રાખીને રસોઈ કરવા લાગ્યા.

વળી એક સમે શ્રીઆચારજી વ્રજમાં પધાર્યા ત્યારે પ્રભુદાસ સાથે હતા ત્યારે એક દીવશ શ્રીઆચારજીએ વ્રજમાં ભોગ સમરપ્યો હતો તે ભોગ સરાવ્યો પછી પ્રભુદાસને કહ્યું કે પ્રસાદ લે ત્યારે પ્રભુદાસ કહે કે માહારાજ મેં સ્નાન કરયુ નથી ત્યારે શ્રીઆચારજીએ પ્રભુદાસને કહ્યું જે તું જો હું તને શ્લોક સંભળાવું.

श्लोक.

वृक्षेवृक्षे वेणुधारी पत्रेपत्रे चतुर्भुजाः
यत्रवृंदा वनं रम्यं लक्ष्याजक कथाकुतः ॥ १ ॥
शैवाद पिरजःपुण्यं रजसो पिजलं यरं
यत्र वृंदा वनं तत्र स्नांना स्नान कथाकुतः ॥ २ ॥

એવું એમણે વ્રજનું સ્વરૂપ દેખાડ્યું તે પરભુદાસે જોતાંજ દંડવત કર્યો.

એક સમે શ્રીઆચારજીના મનમાં એવું આવ્યું જે શ્રીઠાકોરજીને આજ દહીનો ભોગ સમરપીએ તે શ્રીઆચારજીના મનની વાત પ્રભુદાશે જાણી એટલ મ એક આહેરડી (ભરવાડણ)મળી તેને કહ્યું જે તું દહી આપીશ ત્યારે તેણે કહ્યું જે તુ મને શું મુકતી આપીશ ત્યારે પરભુદાસે કહ્યું જે જા મેં તને મુકતી આપી; ત્યારે એણે કહ્યું જે તું મને લખી આપ ત્યારે પરભુદાસે એને મુકતી લખી આ

પી (હવે કેટલાક દાહાડા પછી તે આહિરડીની દેહ છુટી ત્યારે જમના દુત આવ્યા અને પાછળ વીશ્નુદુત આવ્યા તેણે કહ્યું જે શ્રીઆચારજીના સેવકે એને મુકતી આપીછે તેનો કાગળ તેના સાલ્લાને છેડે બાંધ્યો છે. એ વાત આ હીરડીના સગા સહોદરે સાંભળી પણ આંખે કાંઈ જોવામાં આવ્યુ નહી. પછી એને વીસણુના દુત લેઈ ગયા તેથી તેની મુકતી થઈ પછી સગાં કુટંબીએ સાલ્લાને છેડે ચીઠી બાંધી હતી તે વાંચી ત્યારે બધાય રોતા રહ્યા) પછી એ દહી શ્રીઆચારજીએ શ્રીઠાકોરજીને સમરપ્યુ તે અતી સ્વાદિષ્ટ લાગ્યું. પછી એક સમે ગોસાઇદાસ શ્રી આચારજીના દરશનને આવ્યા ત્યારે એ વાત શ્રીઆચારજીને કહી ત્યારે શ્રીઆચારજીએ પરભુદાસને કહ્યું કે તેં આહીરડીને તુચ્છ વસ્તુ આપી. ત્યારે તેમણે કહ્યું જે માહારાજ હું શું કરૂં એણે મુકતી માગી તો મુકતી આપી, ભકતી માગી હોત તો ભકતી આપતો પરભુદાસમાં એવું સામર્થ હતું એમની વાત ક્યાં સુધી લખીએ એ એવા ભગવદી હતા.

વારતા ૫૫ મી.

श्रीआचारजीना सेवक सींहानंदना वासी

परभुदासनी वारता.

એ શ્રીઠાકોરજીની સેવા કરતા તે બહુ દીવશ થઈ ગયા તે વૃદ્ધ થયા તેથી અશકત થયા ત્યારે જાણ્યુ જે આમની દેહ પાંચ સાત દાહાડામાં છુટશે તેવામાં તેમનું

ભાન હતુ તે પછી ગયુ ને બેભાન થયા ત્યારે સગાંકુટંબીઓ મળીને પ્રમોદક તીરથ છે તાંહાં લેઈ ગયા. ત્યાં ગયા પછી પરભુદાસ તો સાવધાન થયા અને કહ્યું જે તમે અહીયાં મને કેમ લાવ્યા છો? ત્યારે એમણે કહું જે આ પ્રમોદક તીરથ છે. ત્યારે પરભુદાસે કહું કે મારે પ્રમોદક તીરથનું શું કામ છે હું શ્રીઆચારજીનો સેવક મને પ્રમોદક તીરથથી શું કૃતાર્થ થવાનું છે. મને તો અહીં આં એક વરસ દાહાડો રાખો તોય મારો દેહ નહી પડે માટે મને તો શીહાનંદ લેઇ જાઓ હું જ્યારે શ્રી ઠાકોરજીનાં ચરણાવિંદ જોઇશ ત્યારેજ મારો દેહ છુટશે, પછી પાંચ સાત દાહાડા ત્યાં રાખીને સાવધાન થયા ત્યારે સીહાનંદ ગાં લઈ આવ્યા. પછી ઘરમાં સેવ્ય શ્રીઠાકોરજીનાં દરશન કરીને દંડવૃત કરયો પછી કહું જે માહારાજ માહારે માથે તમને શ્રીઆચારજીએ પધરાવ્યાછે ને આ વખત લોકો તમારો આશ્રય છોડાવી તીર્થને આશ્રય લેઇ ગયા પણ આચારજી એવું કેમ કરે તે માહારી દેહ ત્યાં છુટે. આચારજી એવું કેમ કરે. પછી ઠાકોરજીને શણગાર કરીને ભોગ સમરપ્યો ભોગ સરાવી સઘળાને કહ્યું કે તમે હવે ઉઠો વેહેલા પ્રસાદ લો મારો આજ દેહ છુટશે તેથી તમે વેહેલા પ્રસાદ લો. પછી સઘળાને જેગોપાળ કહ્યા એટલામાં દેહ છુટી ગઈ. પછી સીહાનંદ ગામમાં એક ભરત ચોધરી હતો તે તેની નીંદા કરવા લાગ્યો. કહું જે એ પ્રભુદાસ તીરથ ઉપર તો ન મુવો ને પાછો સીહાનંદમાં આવીને દેહ છોડી એવી નીત્યે નિંદા કરે તેવી નિંદા કરતાં એક દાહાડો

રાત્રીએ સુતા હતા ત્યાં કોઈ ચાર જણા હાથ માં ગરજ લેઈને આવ્યા તે પ્રારત ચોધરીને મારી હાથ પગ ચકચુર કરી નાંખ્યા. બહુજ મારયો ત્યારે એણે કહ્યું કે મને કેમ મારો છો તે સાંભળી એમણે કહ્યું જે તું પરભુદાસની નિંદ્યા કેમ કરે છે જો પરભુદાસની નિંદ્યા કરીશ તો તને નિત્યે એમ મારીશું. પછી તે ચોધરીએ કહ્યું કે હું આજથી એમની નિંદ્યા કોઈ દીવશ કરીશ નહી. પછી ફરી પરભુદાસની વાત ચાલે તારે એ કહેતા જે એતો ભગવદી છે. તેથી સઘળા લોક પુછવા લાગ્યા કે પેહેલા તો તું એમની નિંદ્યા કરતો હતો અને હવે એમની બડાઈ કરે છે તેનું કારણ શું? તારે ચોધરીએ કહ્યું કે મને આ રીતે મારયો છે તેથી હું ચકચુર થઈ ગયો છું તેથી ભગવદી ની નિંદ્યા ન કરવી એ પરભુદાસ એવા ભગવદી કૃપાપાત્ર હતા એમની વારતા ક્યાં સુધી લખીએ.

વારતા ૫૬ મી

श्रीआचरजीना सेवक आगराना

पुरशोतमदासनी वारता.

એક સમે શ્રીગોસાંઈજી આગરે પધારયા તે પુરશોતદાસને પેર ઉતરયા તારે તેમની સ્ત્રી છુપાઈ રહી તારે શ્રીગોસાંઈજીએ પુછયું કે તાહારી સ્ત્રી ક્યાંહાં છે? તેણે કહ્યું જે કાંઈ કામમાં હસે ત્યારે શ્રીગોસાંઈજી જાણે જે બેઠીછે પછી શ્રીગોસાંઈજી ઉતાવળા સ્નાન કરીને રસોઈ બનાવી

દાળ ભાત વિગેરે ચાર પાંચ શાક કરયાં અને જ્યારે રોટ
લી કરતાં વાર થઇ તારે પુરશોતમદાસની સ્ત્રી આવી તે
ને શ્રીગોસાંઇએ પુછ્યું કે અતાર લગી તું કયાંહાં હતી.
તેણે કહું કે માહારાજ કાંઇ કામ કરતી હતી. પછી તેને રોટલો
વાણવા આપી તે જ્યારે રસોઇ તેયાર થઇ તારે પ્રભુને ભો
ગ સમરપ્યો. ભોગ સરાવ્યા પછી એજ થાળ કટોરામાં
શ્રીગોસાઇજીને કહું જે આપ પણ ભોજન કરો. તારે તેમ
ણે કહું જે આતો શ્રી ઠાકોરજીનાં પાત્રછે તેથી એમાં ભો
જન કેમ કરૂં. તારે એણે કહું કે હજુ તો દ્રવ્ય કાંઇ ઘ
ટયું નથી ને કંસારા પણ મરી ગયા નથી બીજાં નવાં પા
ત્ર મંગાવીશું. પછી શ્રી ગોસાઇજી એજ પાત્રમાં ભોજ
ન કરવા બેઠા તારે પેલી પાસે બેશીને પંખો કરવા લાગી
પછી તેણે કહું જે બીજી સામગ્રી લો, તારે શ્રીગોસાઇજી
એ કહું કે મને રૂચી લાગસે તો લેઇશ. પછી એણે કહું
માહારાજ આપ નંદરાયજીને ઘેર તથા બીજા વૈશ્નવને ઘેર
કેમ લોછો એમ કહી કહીને બહુ સામગ્રી લેવરાવી એ
ના આગ્રહથી આપે કહું કે તું કહીશ તેમ કરીશું. ભો-
જન કરયા પછી પોતાના શેવ્ય શ્રી ઠાકોરજીની સજ્યા ત
થા બીછાના ઉપરજ શ્રીગોસાંઇજીએ પોઢ્યા. પછી આપ
પાશે બેશી પંખો કરવા લાગી તારે તમણે કહું કે તું જ પ્ર
સાદ લે તેણે કહું કે માહારાજ પ્રસાદતો નિતે લેઉંછું પણ
આપની શેવા કયારે કરૂં એવાં સ્ત્રી પુરૂષ બે ભગવદી કૃ
પાપાત્ર હતાં.

વારતા ૫૭ મી

श्रीआचार्यजीना सेवक सेरगढना वासी कायस्थ त्रीपुरदासनी वारता.

શ્રીનાથજીને વિશે એમનો બહુ પ્રેમ હતો જ્યાં ઉભા રહે, વા બેસે, ત્યાં શ્રીનાથજીના સામે પુંઠ કરતા નહી મોં સામુ રાખીને બેસતા તે એક અસુરના ચાકર છે. તે પ્રમાણે ફરવાથી બહુ દ્રવ્ય કમાયા જે નવીન વસ્તુ એમના દીઠામાં આવે તે શ્રીનાથજીને પોહોચતી કરે એમ કરતાં બહુ દીન પછી તે અસુરે તેમને બંધીખાનામાં નાંખ્યા અને કહ્યું જે તેં મહારૂ દ્રવ્ય બહુ ખાધું છે. ત્યારે રાત્રીએ જ્યારે એ અસુર સુતો ત્યારે કોઈ ચાર જણ ત્યાં આવ્યા તેમણે એના ખાટલાને ઊંધો કરીને ફેંકી દીધો તેથી તેણે કહ્યું કે અરે મને કેમ મારોછો ત્યારે પેલાઓએ કહ્યું કે તમે ત્રીપુરદાસને બંધીખાનું કેમ આપ્યું છે તેથી તેને મારીને નરમ કરી નાંખ્યો. ત્યારે તે બહુજ બરબડ્યો અને પૃથવીમાં બહુજ નાક ઘીસોટી તાણીને કહ્યું જે ગને મારશો નહી હું એને છોડી દઈશ પછી એ અસુરે પોતાના ચાકરને કહ્યું જે ત્રીપુરદાસને છોડી લાવો, પછી દરવાન ત્રીપુરદાસને છોડવાને ગયો ત્યારે ત્રીપુરદાસે કહ્યું કે હવે રાત્રી બહુ ગઈ છે માટે સવારે છોડજો તેથી દરવાંને પાછો આવીને અસુરને કહ્યું જે એતો કહે છે કે રાત્રી બહુ ગઈ છે માટે સવારે છોડજો પછી એણે કહ્યું જે એને તો હમણાંજ છોડી લાવો પછી એને ઉતાવળા છો

ડી લાવ્યા. ત્યારે અસુરે ત્રીપુરદાસને કહ્યું જે તમે ઘેર જાઓ ત્યારે ત્રીપુરદાસે કહ્યું કે હું અત્યારે કયાંહાં જાઉ રાત્રી ઘણી ગઈ છે માટે સવારે જઈશ. ત્યારે પેલા અસુરે કહ્યું કે તું કોઈનો જીવ લેઈશ માટે તું આ વખતે જ ઘેર જા. ત્યારે ત્રીપુરદાસ તેજ વખતે અસુરના આગ્રહથી પોતાને ઘેર આવ્યા.

હવે એક દીન રસોઈઆએ કહ્યું કે ચરણોદક નથી ને પ્રસાદ પણ ખુટ્યો છે. ત્યારે ત્રીપુરદાસે કહ્યું કે કાંઈ રહ્યો છે ત્યારે રસોઈઆએ જવાબ દીધો કે લગારે નથી. પછી રસોઈઆને કહ્યું જે ભલા આદમી તેં અમને પેહેલું કેમ ના કહ્યું અમે ચરણોદક તથા માહાપ્રસાદ વધારી લેત પણ હવે શું કરીએ. તારે તે ચુપ કરીને રહ્યો. પછી સવારે અસુરને દરબાર જવા લાગ્યા. ત્યારે એ રસોઈઆને કહ્યું જે તું રસોઈ કરી ભોગ સમરપીને પ્રસાદ લેજે મારી રાહ ન દેખીશ કેમકે માહારૂ આવવું નહી થાય મનમાં એવો નિશ્ચય કરયો જે જ્યાં લગી દેહ ચાલશે ત્યાં લગી કામકાજ કરીશ અને જ્યારે દેહ નહી ચાલે ત્યારેજ પડી રહીશ પણ ચરણોદક માહાપ્રસાદ લીધા વીના જળપાન હું નહી કરૂ. એવો વિચાર મનમાં કરયો. પછી દરબારમાં ગયા તેમના ગયા પછી રસોઈઓ સ્નાન કરીને રસોઈમા ગયો તે રસોઈ વધારે થઈ એટલામાં એક છોકરો ત્રણ થેલીઓ લઈને ત્યાં આવ્યો તે એક થેલીમા શ્રીઆચારજીનું ચરણામૃત, એકમાં શ્રીનાથજીનું ચરણામૃત ને એકમા માહાપ્રસાદ હતો તે આપીને કહ્યું

જે આ ત્રીપુરદાસે મોકલી છે માટે તુ લે પછી તે થેલી ઓ આપીને તે બાળક તો ગયો. પછી રસોઈ તઇયાર થ ઈ તારે શ્રીઠાકોરજીને સમરપણ કરી તારે તે આરોગ્યા પ છી રસોઈઆએ ત્રીપુરદાસને મનુષ્ય બોલાવા મોકલ્યું પણ તે આવ્યા નહી તેણે બ ત્રણ જણને બોલાવા મોક લ્યા.તારે તેમણે આવીને કહું જે તું મને બોલાવે છે પણ હું તો ચરણોદક તથા માહાપ્રસાદ લીધાવિના જળપાન નહી કરૂં. તારે રસોઈઆએ કહું કે ચરણોદકની થેલી તમે હમ ણાંજ એક છોકરા જોડે મોકલી છે ને તે થેલીયો ત્રણ આપી ગયોછે તારે ત્રીકમદાસે જાણ્યુંજે એતો શ્રીઠાકોરજીનું કામછે ત્યારે તે પોતાના મનને ધિકારવા લાગ્યા ને વિચારયું જે મેં હઠ કયમ કરી પ્રભુજીને શ્રમ કરાવ્યો એવી રીત પોતે પોતાની નીંદ્યા કરવા લાગ્યા. પછી કેટલાક દાહાડા વીત્યા પછી ચાકરી છુટી તથી તે ઘેર બેશી રહ્યા તેથી બારગના સંકોચ બહુ થયો. એમ કરતાં શીતકાળના દીવશ આવ્યા ત્યારે શ્રીનાથજીને શીતકાળની સામગ્રી મોકલવી તે ઘ- રમાં સામાન નહી. પછી ઘરમાં એક પીતળની દવાત હતી તે વેચીને તેની એક રંગીન લેઇને મોકલી તે ભં- ડારીએ ભંડારમાં મુકી છાંડી. પછી કેટલાએક દીવશ પછી શ્રીનાથજીદ્વાર શ્રીગોસાઇજી પધાર્યા ત્યાં સ્નાન કરીને પરવત ઉપર પધાર્યા ને શ્રૃંગાર કરવા લાગ્યા ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે મને તો ટાઢ વાયછે ત્યારે શ્રીગોસાઇજીએ ભંડારીને કહ્યું કે બીજી અંગીઠી લાવો. તે લાવ્યા તોપણ કહ્યું કે હજી પણ ટાઢ વાય છે ત્યારે શ્રીગોસાઇજીએ ભંડારીને કહ્યું

કે ગોદડ લાવો ત્યારે તે ગોદડ ઓઢાડયું તોએ કહે કે મને શીત લાગે છે ત્યારે શ્રીગોસાઇજીએ ત્રીજી અંગાકી મંગાવી તોપણ ટાઢ ન ગઇ. પછી શ્રીગોસાઇજીએ ભંડારીને બોલાવીને પુછયુ જે કોઇ વઇશ્નવની કાંઇ કમાઇ આવી છે ત્યારે તેણે પાંચ સાત નામ દીધાં ત્યારે શ્રીગોસાઇજીએ પુછયું કે ત્રીપુરદાસની કાંઇ કમાઇ આવી નથી? ત્યારે ભંડારીએ કહ્યું જે તેમની તો હમણાં એક રંગીન આવી છે તે ભંડારમાં પડી છે. ત્યારે શ્રીગોસાઇજીએ કહ્યું કે તે લાવ પછી તે લાવ્યો ને જુવે તો મેલી થઇ ગઇ છે. પછી તેના કડકા કરીને બંધેરીને દરજીને બોલાવીને તેને ઓઢવા જેવી કરાવીને, તે શ્રીનાથજીને ઓઢાડી ત્યારે તમણે કહ્યું જે હવે ટાઢ ઓછી થઇ એવો ભકતનો પક્ષ હતો. તથો તે ભકતીભાવને અંગીકાર કરયો. બીજી કોઇ વસ્તુ નહી. ત્રીપુરદાસ શ્રીઆચારજીના એવા કૃપાપાત્ર શેવક હતા તેની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૫૮ મી.

श्रीआचारजीना शेवक अमाजना रेहेनारा पुरणमल्ल जवलनी वारता.

એમની પાસે દ્રવ્ય બહુજ હતું તારે એને શ્રીનાથજીએ આગ્ના કરી જે તું મહારૂં મંદીર સમરાવ શ્રીઆચારજીને કહું કે મહારૂ મંદીર નવું બનાવરાવો તારે પછી મંદીર ઉઠાવવા લાગ્યા. તે નવું બના

વતી ખરચ બહુ થયું. પછી પોતે પુરવ તરફ ચા કરીમાં ગયો પછી ઈહાં કેટલાક રાજવંશી લોક હતા તે શ્રી આચારજીને પુછે કે માહારાજ આગ્ના હોય તો અમે મંદીર સમરાવીએ. તારે તેમણે શ્રીનાથજીને પુછયું જે વઈશ્નવને મંદીર સમરાવવાનો મનોરથ છે તારે શ્રીનાથ જીએ કહું કે પુરણમલ આવીને સમરાવશે તેથી શ્રીઆચા રજીએ પેલા રાજવંશીઓને ના કહી તેથી તેઓ પાછા ગ યા. પછી કેટલાક દીવશ પછી પુરણમલ બહુજ દ્રવ્ય ક માઈને લાવ્યો તેથી તે મંદીર શીધ કરાવ્યું. તે મંદીર શીધ થયું તરે શ્રીઆચારજીએ શુભ મુહુરત જોઈને શ્રીના થજીને મંદીરમાં પાટ બેસારયા. બહુ દ્રવ્ય ખરચ્યો તેથી પુરણમલ બહુજ આનંદમાં રહ્યો.

હવે એક દીવશ શ્રીગોસાઈજીએ પુરણમલને કહયું જે આજ તાહારા મનમાં મનોરથ હોય તે મનમાં ન રા ખીશ તારે પુરણમલે કહ્યુ કે માહારાજ મારા મનમાં એક મનોરથ છે જે માહારે હાથે અતી ઉતમ સુગંધનો અરગજા શ્રીનાથજીને સમરપુ. ત્યારે શ્રીગોસાઈ જીએ આગ્ના દીધી જે જઈને સમરપ. ત્યારે પુરણમલ બહુજ સુગધી અરગજા લેઈને શ્રીનાથજીના અગ ઉપ ર સમરપીને ઘણોજ ખુશી થયો પછી શ્રીગોસાઈજીની પા સે આવ્યો ત્યારે તે બહુજ પ્રસન થયા ને આપે ઓઢેલો ઉપરણો પુરણમલને ઓઢાડયો તારે પુરણમલને બહુ આ નંદ થયો. શ્રીગોસાઈજીએ શ્રી નાથજીને પંચામૃત કરાવી ને પછી શ્રુંગાર કરયો, ભોગ સમરપ્યો; પછી પ્રસાદી દગડ

પુરણમલને ઓઢાડયું. પછી તે દાહાડાથી પુરણમલને વર સ વરસ દાહાડે દગડ આપતા પુરણમલ એવો કૃપાપાત્ર હતો શ્રીનાથજીએ તેના મનોરથ પુરણ કરયા એવા એ ભગવદી હતા તેથી એમની વારતા કયાં સુધી લખીએ.

—∞—

વારતા ૫૯ મી.

श्रीआचारजीना शेवक यादवेंद्रदास कुंभा

रनी वारता

શ્રીઆચાર્જી તથા શ્રીગોસાઇજી પરદેશ પધારતા ત્યારે યાદવેંદ્રદાસ એમની સામગ્રી લેઇને સાથે ચાલતા એક તો સજ્યા, તથા વાસણ, તથા કનાત, તથા વાંસ વીનાની રાવટી તથા એક દાહાડાનું સીધું એટલી સામગ્રી લેઇને સાથે ચાલતા. રસોઇની પરચારગી કરતા ને રાતરે પેરો કરતા એક દાહાડો ગોકુળમાં રાત્રી દોહોડ પોહોર ગઇ ત્યારે શ્રીગોસાઇજીએ કહ્યું જે આ વેળા મંદીરની લીંબડી ખોદી હોય તો મંદીર બહુ મોટુ થાય આ મુહુરત સારૂ છે એમ કહીને આપતો પોહોડયા. ને પછી યાદવેંદ્રદાસ એકલા તે લીંબડી ખોદી નાંખી પછી પાછલા રાતે શ્રીગોસાઇંજી ઉઠાને જુવે તો માટીનો ઢગલો પડયો છે ત્યારે પુછયું જે આ માટી શાની ત્યારે વૈશ્નવે કહ્યું કે યાદવેંદ્રદાસે લીંબડો ખોદ્યો છે પછી યાદવેંદ્રદાસને પુછયું કે તમે ખોદ્યો ત્યારે તેમણે કહ્યું જે જે વેળા આ

ના આપી તેજ વેળાએ ખોદ્યો છે. તે લીંખરૂા એટલો ખોદ્યો જે એક મહીના લગી દસ પંદર મજુર લાગે ત્યારે ખોદાય. એમનું એવું સામર્થ હતું ને શ્રીનાથજી-દ્વારનો કુવો આપે હાથે ખોદ્યો. ને માટી નીકળી તે પ કવી ને આપે હાથે કુવો ચણ્યો પણ જળ ખારૂ નીકળ્યુ ત્યારે આપ એ જળ ગંગાજીમાં નાખે ને કહે જે આપ ના જેવું જળ કરો એવું કહી તરપણ કરે. એમ કરતાં જ્યારે જાણ્યું જે જળ મીઠુ થયુ ત્યારે શ્રીગંગાજીમાંથી નીકળીને શ્રીનાથજીદ્વાર આવ્યા. કુવાનું નામ જળધરા પાડ્યુ. શ્રીનાથજીએ કુવાનું જળ અંગીકાર કર્યુ. યાદવેં દ્રદાસ એવા ભગવદી હતા તેની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૬૦ મી

श्रीआचारजीना शेवक गोसाइदास सारस्वत ब्राह्मण वरकतनी वारता

એક સમે શ્રીઠાકોરજીનું સ્વરૂપ શ્રીઆચારજીને પ્રાપ્ત થયું તે સ્વરૂપ શ્રીગોસાઈદાસને માથે પધરાવ્યું ને કહ્યું જે તમે શેવા સારી રીત કરજો પછી શ્રીગોસાઈદાસ શેવા કરવા લાગ્યા. એમ કરતાં કેટલાક દીવસ પછી એક વઈશનવ નીત્યે દરસનને આવે તેને ગોસાઈદાસ કહે જે તું અંહાં રેહે તો મને સાહતા થાય હું ને તું મળીને શેવા કરીએ. પણ તે વઈશવ હા ન કહે પછી એક દીવશ સેબ્ય ઠાકોરજીએ શ્રીગોસાઈદાસને કહું તું મને એ

વઈશ્નવને માથે પધરાવ્યા પછી એ વઈશ્નવને ગોસાઈદાસે કહું કે શ્રીઠાકોરજીની આગ્ના માહારા ઉપર એવી થઈછે કે તું મને વઈશ્નવને માથે પધરાવ તેથી ભગવદ ઈછા એવી દેખાય છે. ત્યારે વઈશ્નવે ગોસાઈદાસને પુછયું જે તમે શું કરશો ત્યારે ગોસાઈદાસે કહું જે હું બદ્રીનારાણ જવાનો છું તાંહાં માહારી દેહ પડવાની છે. ત્યારે વઈશ્નવે કહું કે ઠાકોરજીની ગતી કોઈ જાણી ન પડે ને તમારી દેહ તાંહાં છુટે ને તમે તાંહાંથી ફરા આવો તો તમને શ્રીઠાકોરજીના આપુ ત્યારે ગોસાઈદાસે કહું કે શ્રીઠાકોરજી એવું કરેજ નહી ને કદાચ ફરી આવું તો તાહારા બારણા આગળ પોળીઓ થઈને રહેશ ને પ્રભુનાં દરશન કરીશ એવું નીરધાર કરયું ત્યારે વઈશ્નવે શ્રીઠાકોરજી પોતાને માથે પધરાવ્યા પછે ગોસાઈદાસ બદ્રીકાશ્રમ ગયા. તાંહાં દેહ છુટી તે છુટયાની ખબર આવી ત્યાર વઈશ્નવ સુખે શેવા કરવા લાગ્યો એ એવા ભગવદી હતા.

—∘∘∘—

વારતા ૬૧ મી.

श्रीआचारजीना शेवक काशीना माधव भटनी वारता

એ માધવભટ પ્રથમ કેશવભટના શેવક હતા તે કેશવભટ શ્રીઆચારજીના પાસે આવ્યા તે બહુજ દાહાડા રહ્યા. શ્રીભાગવત સાંભળતા ત્યારે માધવભટ શ્રી આચારજીના શેવકમાં જઈને બેસતા ત્યારે તેમને કેશવભટે કહું જે

તું માહારો સંગ છોડીને એમના શેવકમાં કેમ જાય છે ત્યારે માધવભટે કહ્યું કે તમારી કથા ખાજી તમારા સીખાં તર્યા મને એમનું ઠીક લાગે છે. તારે કેશવભટે મનમાં જાણ્યું કે તું અમારા કામનો નથી પછી કેશવભટે શ્રી આચારજીને કહ્યું જે મેં તમારી પાસે ભાગવત સાંભળ્યુ પણ મને બોધ થયો નહી. ત્યારે શ્રીઆચારજીએ કહ્યું જે તં માહારી બરોબર બેસીને સાંભળ્યું તેથી બોધ ન થયો. તાંહાં માધવભટને સ્ફુરતી થઈ. એ દેવી જીવનો પ્રકાર જાણવો. તે કેશવદાસ શ્રીઆચારજીની પાસેથી વીદાય થયા ત્યારે માધવભટ શ્રીઆચારજીને ભેટ કરયા પછે માધવભટને શ્રીઆચારજીએ નામ સમરપણ કરી લેવરાવ્યું જે ગામમાં માધવભટ રેહેતા હતા તાંહાં એક મોહોટો ગ્રહસ્થ રેહેતો હતો તેને એક છોકરો હતો તે મરી ગયો તેથી એ બહુ દુખી થયો તે સમે કોઈ એક માહાપુરશ આવ્યો તેણે કહ્યું જે જે ગામમાં માધવભટ સરીખા પુરૂષ રેહેછે તે ગામમાં તેનો બેટો મરવો ન જોઈએ. તે ગ્રહસ્થે માહાપુરૂષનું વચન સાંભળ્યું. તે સાંભળીને ઉઠીને માધવભટ પાસે આવ્યો. તેને બહુ દુખીને વ્યાકુળ દેખીને માધવભટને દયા આવી તેથી મંદીરમાં જઈને શ્રી ઠાકોરજીના આગળ વીનતી કરીને એક શ્લોક કરી શ્રી ઠાકોરજીના આગળ મુકયો તે શ્લોક.

श्लोक

दयालो रसमर्थस्य दुःखा चैव दयालुनाः

विशोधरण इस्यस्य सातवैकस्य सोजतेः १॥

એ શ્લોક દેખીને શ્રીઠાકોરજી બહુ પ્રસન થયા તેથી ક
હ્યું જે એ છોકરો જીવશે તો કાંઈ સારૂ નહી કરે. પણ
એ છોકરો જીવ્યો. ત્યારે વધાઈઆ દોડીને આવ્યા તેથી
ગ્રહસ્થ ઉઠીને ગયો પછે જ્યારે રાત અડધી ગઇ ત્યારે
શ્રીઠાકોરજીને પધરાવીને માધવભટ બીજે દેશ જતા રહ્યા
દયા કરવા થકી સ્થળ છોડવું પડ્યું, શ્રીઠાકોરજીને અડધી
રાતે લેઈને નાસવું પડ્યું તેથી ભગવદીને કાર્ય કરવું તે
વીચારીને કરવું જ્યારે શ્રીઆચારજી સુબોધની ટીકા ક
રતા ત્યારે માધવભટ ઉતાવળા લખતા. જ્યારે ન સમજ
તા ત્યારે લખવું છોડી દેતા ને બેસી રેહેતા. તે જ્યારે આપ
શ્રીઆચારજી સમજાવીને અર્થ બતાવતા ત્યારે સમજીને
લખતા એવા સાવધાન રેહેતા હતા.

વળી શ્રીઆચારજી પરદેશ જતા ત્યારે માધવભટ સા
થે રેહેતા. તે એક દાહાડો મજલમાં એક ગામમાં ઉત
રયા હતા ત્યાં રાત્રી દોઢ પોહોર ગઈ હતી ત્યારે માધવભ
ટ ઉઠીને ડેરાની બાહાર લઘુશંકાને આવ્યા ત્યાંહાં એક
ચોરે તીર મારયું તે તેમને વાગ્યુ કે તરત શ્રીઆચારજી
નું નામ લેતાંજ દેહ છુટી. એટલામાં શ્રીઆચારજી ત-
થા વઈશ્નવ તાંહાં આવી પોહેરયા ત્યારે ત્યાંથી ઉઠાડીને
માધવભટનો સંસ્કાર કરયો. ત્યારે વઈશ્નવના મનને સંદેહ થ
યો કે માધવભટની આગતી કયમ થઈ. પછી ત્રણ દાહા
ડા વિત્યા ત્યારે શ્રી આચારજી પ્રસંતામાં બેઠા હતા ત્યારે

વિનંતી કરીકે માહારાજ માધવભટ સરીખા વૈશ્નવની આ વી ગતી કયમ થઈ ત્યારે શ્રી આચારજીએ કહ્યું જે માધવભટ તો શ્રીજીના ચરણારવીંદમાં પોહોચ્યા. એમ ને કોઈ કરવાનું નોહોતું એ મોહોટા ભગવદી હતા. એ તો ભગવદ પરાક્રમનો દંડ થયો. એ પેહેલાં એક દાહા ડો પોતાના સૈન્ય ઠાકોરજીની સજ્યા ઉપર ફુલ પાથરયાં હતાં તેમાં અજાણમાં એક શુળ રહી ગઈ હતી તે શુ ળ ઠાકોરજીના અંગમાં સ્પર્શ થઇ ગઈ તે અપરાધથી આવું થયું. તે પછી આગળ એમને કશું કાંઈ થવાનું નહી. શ્રીનાથજીની પાસે માહારી આજ્ઞાથી ચુરી ગતી પા પજ નહી આપ પાસે રાખશે શ્રીઠાકોરજીની એવી ઇચ્છા થઈ તથી શ્રીઠાકોરજીની સેવામાં સાવધાન રેહેવું એવી વાત છે. એ માધવભટ એવા કૃપાપાત્ર હતા તેમની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૬૨ મી.

श्रीआचारजीना सेवक गोपाळदास वांसवामानी पासे एक॰गाममां रेहेता हता तेनी वारता.

એમના ઘરની પાસે ચાલવાનો રાજમાર્ગ હતો તે મા એક વિસામો બેસવાને કરી રાખ્યો હતો તે મારગમાં ચાલતાં આવીને વીસામો કરે તેનો હેતુ એ જે કદાચીત કોઈ ભગવદ ભક્ત વૈશ્નવ આવીને બેસે તો તેની સાથે

ભગવદ વારતા કરીએ તેને લીધે એ સ્થળ કરી રાખ્યું હતું. ત્યાંહાં એક સમે ઉજેણીનો સાથ દ્વારકાંથી આવતો રાત્રીએ એ ગામમાં એ ઠેકાણે આવીને રાત રહ્યો ત્યાં ગોપાળદાસ સેવાથી પોહોચીને એમની પાસે આવીને બેઠા ત્યારે પદમરાવળને પુછ્યું કે તમે કયાંથી આવ્યા ત્યારે પદમરાવળે કહ્યું કે અમે દ્વારકાંથી આવ્યા ત્યારે ગોપાળદાસે શ્રી રણછોડજીના સમાચાર પુછયા તે એમણે કહ્યા ત્યારે પદમરાવળની જે બાળપણાની અવસ્થા હતી તે વારતા ચાલી. પદમરાવળ દ્વારકાંમાં બહુજ રહેતા. જ્યારે ખરચી ખુટતી ત્યારેજ પોતાને ઘેર આવતા એમના જજમાન ઉમાજી પટેલ આંજણા કણબી ગામમાં દેશાઈ હતા તે જ્યારે પદમરાવળ દ્વારકાંથી આવતા ત્યારે તેમને ખરચી આપતા તે લેઈને ફરી દ્વારકાંજી જતા. એવું વરસ દાહાડામાં ત્રણ વાર દ્વારકામાં જતા શ્રીરણછોડજી વિસે આશકતી વિશેશ હતી. તે શ્રીરણછોડજીની વારતા કરી તારે ગોપળદાસે મનમાં કહ્યું જે એને શ્રીરણછોડજી વિશે આશકતી છે એટલી જો શ્રીઆચારજી વિશે એને આશકતી હોય તો કાર્ય થાય તેથી એને કહીએ તારે ગોપાળદાસે પદમરાવળને કહ્યું કે શ્રીરણછોડજી તમારી સાથે કાંઈ બોલે છે કાંઈ માગે છે ત્યારે તેણે કહ્યું કે એતો મને કાંઈ કેહેતા નથી ત્યારે ગોપાળદાસને પદમરાવળે પુછ્યું જે શ્રીરણછોડજી કોઈની સાથે બોલે છે ત્યારે ગોપાળદાસે કહ્યું કે હા શ્રીરણછોડજી બોલે છે પછી શ્રીઆચારજીની વારતા કહી ને કહ્યું જે તમે આટલા દાહાડા

શ્રીરણછોડજી ગયા પણ શ્રીરણછોડજી પ્રગટ થયા છે ત્યારે શાવજીએ કહ્યું કે ક્યાંહાં છે! તે કહે કે અડેલમાં છે ત્યારે પદમરાવજીએ કહ્યું કે જેવાં શ્રીરણછોડજી દરશન દેછે તેવાં દરશન દેશે ત્યારે ગોપાળદાસે કહ્યું કે હા. ત્યારે પદમરાવજી ના મનમાં વિશ્વાસ આવ્યો કે આ વાત સાચી છે માટે તે દીવશથી એને આતુરતા થઈ ને કહ્યું જે હવે ક્યારે હું જઈને એમનાં દરસન કરૂં. તે ત્યાંથી મારગમાં વિચાર કરતા જાયછે જે હું ક્યારે જઇ પોહોચુ એવો વિચાર કરતાં પોતાને ઘેર આવી પોહોત્યા. ચિતમાં ઉદાશ રેહે. પછી માહાવજી પટેલને મળ્યા. ત્યારે પટેલે પુછયું જે ગોર હવે તમારૂં મન કેમ પ્રસન દેખતા નથી ત્યાર પદમરાવજીએ પેલી વાત હતી તે કહી જે રણછોડજી અડેલમાં પ્રગટ થયા છે એમના દરશનનો મનોરથ છે તેથી જાણું છું કે ક્યારે જાઉં. ત્યારે પટેલે કહ્યું કે તમે શ્રીરણછોડજીના દરશનને જાઓ છો તો મને પણ લેઈ જાઓ ત્યારે તેમણે કહ્યું કે તમે રાજવંશી લોક છો તમારી સાથે લોક ઘણું હોય ને એ દરશનનું કામ સ્વસ્થ ચિતનું છે. તેથી એ વાત મને ભાવતી નથી. ત્યારે માહાવજી પટેલે કહ્યું જે હું એકલોજ પગે ચાલતો આવીશ ત્યાર પદમરાવજીએ કહ્યું ભલે. ત્યારે માવજીપટેલે સઘળા સમાચાર પોતાની સ્ત્રી આગળ કહ્યા ને કહ્યું જે પદમરાવજીની સાથે અડેલ દરશનને જાઉ છું ત્યારે સ્ત્રીએ કહ્યું કે ત્યાંહાં શું છે ત્યારે પટેલે કહ્યું જે ત્યાંહાં વલભાચાર્ય પ્રગટ થયા છે એ વાત સાંભળીને સ્ત્રીને ઘણું ઉત્સાહ થયો ત્યાર કહે જે હું પણ ત-

મારી સંગાથે દરશનને આવીશ ત્યારે પટેલે કહ્યું જે હુંતો એકલો પગે ચાલતો જવાનો છું તું શી રીતે આવીશ ત્યારે સ્ત્રીએ કહ્યું કે હું પણ પગે ચાલીને આવીશ. માહારે કોઈ છોકરું તો છે નહી. ત્યારે પટેલે કહ્યું જે આપણે બે જણાં જઈએ તો ઘર કોને ભરૂસે મુકીએ ત્યારે સ્ત્રીએ કહ્યું જે માહારે કોઈ ઘરનું પ્રયોજન નથી હુંતો તમારી સાથેજ આવીશ. ત્યારે પટેલે વિચારયુ જે એને આતુરતા બહુ છે એને દરશન કરવાનો મનોરથછે તો ભલે સાથે ચાલ. આપણું ઘર કોઈ ભલા આદમીને સોંપીને ત્રણે જણાં ચાલીશું તે ચાલતાં ચાલતાં પ્રયાગ આવી પોહોચ્યાં. ત્યાંથી અડેલનાં દરશન થયાં. પણ તેમને બહુજ આતુરતા થઈ કે ગંગાજી ઉતરીને શી રીતે જઈએ તે સમે શ્રી આચારજી મધ્યાનની ઝારી ભરવાને ગંગાજી ઉપર પધાર્યા છે તેથી શેવક બે ચાર સાથે છે તેમનાં દરશન થયાં ત્યારે બહુજ આતુરતા થઈ કે જમનાજીમાં થઈને ચાલ્યાં જઈએ. તે સમે શ્રીઆચારજીએ તમને જોયા તેથી શેવકને કહ્યું જે નાવ પેલે પાર તાકીદથી લેઈ જાઓ. પદમરાવળ શ્રીરણછોડજીના શેવક આવ્યાછે એ ત્રણ જણાને નાવમાં બેસારીને વેહેલા લાવો. પછી તે નાવ લેઈને વૈશ્નવ આવ્યા. એમણે કહ્યું કે પદમરાવળ તમે ત્રણે જણા આવો આ નાવમાં બેસો. શ્રીઆચારજીએ તમોને નાવ મોકલ્યું છે. પછી ત્રણે જણ તે નાવમાં બેસીને પાર ઉતરયા ત્યારે શ્રીઆચારજીનાં દરશન થયાં. જેવું ગોપાળદાસે કહ્યું હતું તેવાં દરશન પામ્યા. શ્રીરણછોડજીના દરશન

થયાં ત્યારે નામ પામ્યા જ્યારે નામ પામીને ઉઠ્યા ત્યારે દ્વારકાંમાં શ્રીરણછોડજીનાં દરશન કરતા હતા તેવાં અહીંયાં દરશન થયાં પછી વિનંતી કરી જે માહારૂ અંગીકાર કરો ત્યારે શ્રીઆચારજીએ પ્રસન થઈને કહું જે તું શું કહે છે ત્યારે પદમરાવળે કહું જે ગોપાળદાસે કહું હતુ જે નીવેદન કરશે માટે નીવેદનની કૃપા કરો. ત્યારે શ્રીઆચારજીએ નીવેદન કરાવ્યુ. પછી પદમરાવળે વિનંતી કરી જે માહારજ માહવજી પટેલ શીંધીયાને એમની સ્ત્રી વીરજન એ બે જણાં શરણ આવ્યાં છે તારે એમને પણ નામ સમરપણ આપ્યું પછી શ્રીઆચારજી ભીતર પધાર્યા. પદમરાવળને કહ્યું જે આજ તમે પ્રસાદ અહીંયાં લેજો ત્યારે પદમરાવળે કહું જે મને શ્રીરણછોડજીનાં દરશન કરાવો તે સ્વરૂપને ધરીને હું પ્રસાદ લેઈશ. ત્યારે શ્રીઆચારજી ભોજન કરતાં શ્રીરણછોડજીનું સ્વરૂપ દીઠુ ત્યારે એને દ્રઢ વિશ્વાસ થયો. ત્યારે શ્રીઆચારજીએ ભોજન કરીને પાતળ માહાપ્રસાદ પદમરાવળને માહા કૃપા કરીને આપી. પછી રાવળે વિનંતી કરી કે હવે અમને સી આગ્નાછે ત્યારે શ્રીઆચારજીએ આગ્ના દીધી કે તમે શ્રીઠાકોરજીની સેવા કરો ત્યારે પદમરાવળે કહું કે મારૂં મન તમારા સ્વરૂપમાં લાગી રહું છે તેવું મન શેવામાં લાગે તો શેવા કરૂ નહી તો ન કરૂ. ત્યારે શ્રીઆચારજીએ કહું જે શેવા કરો તમારો મનોરથ શ્રીઠાકોરજી સંપુર્ણ કરશે. પછી પોતાને દેશ જઈને શેવા કરવા લાગ્યા. તાંહાં એક સજ્યા સેજ્ય શ્રીઠાકોરજીની કરાવી તે સજ્યા નાહાની થઈ ત્યારે બીજી મો

ટી કરાવી તે ઉપર પોઢાડવા લાગ્યા તારે શ્રીઠાકોરજી સાનુભાવતા દેખાડવા લાગ્યા.

એક સમે રાવળની સ્ત્રીએ ભોગ સમરપ્યો હતો તે ખીર ઉની સમરપી હતી તે જાડ ઉની લાગી તેથી શ્રીઠાકોરજીના હસ્ત લાલ થઈ ગયા. તારે શ્રીઠાકોરજીએ શ્રીઆચારજીને દેખાડયા તારે તે દરશનને માટે આવ્યા ને ત્યાં રાવળને કહ્યું જે તારી સ્ત્રીએ ખીર ઉની કેમ સમરપી કે તેથી શ્રીઠાકોરજીના હાથ લાલ થઈ ગયા માટે ખીર ઉની ન સમરપવી ટાઢી કરીને સમરપીએ. ઉની સમરપીએ તો હાથ લાલ થઈ જાય ત્યારે રાવળે શ્રીઆચારજીને કહ્યું જે શ્રીઠાકોરજીએ લગારે વાર કપમ ન થવા દીધી ત્યારે તેમણે કહ્યું કે એતો બાળક છે તે ભોગ સમરપ્યા પછી ધીરજ કેમ ખમે તેથી ખીર તથા દુધ તાતુ ન સમરપવું બીજી સામગ્રી હોય તો ફીકર નહી. એવી રીતે શ્રીઆચારજીએ રાવળને શીક્ષા આપી શ્રીઠાકોરજીનો અનુભવ થતો. જ્યારે રાવળ ઘેર આવ્યા ત્યારે પોતાની સ્ત્રીને સરવે હકીકત કહી પછી સાવધાનીથી સેવા કરવા લાગ્યા શ્રીઆચારજીની પ્રસનતાથી સેવામાં શ્રીઠાકોરજી સરવે દેખડતા. સેવ્ય ઠાકોરજી સાનુભાવતા દેખાડતા માગી માગીને આરોગતા, પોતાની વાત કહેતા, એ પદમરાવળ ભગવદી એવા કૃપાપાત્ર હતા એમની વારતા કયાં સુધી લખીએ.

वारता ६३ मी.

श्रीआचारजीना सेवक साचोरा ब्राह्मण पदमरावळ अडेलमां आवीने सेवक थया तेमनी वारता.

તે અડેલમા આવીને સેવક થયા. તે કેટલાક દાહાડા તાંહાં રહા પછી પોતાને દેશ ચાલવા લાગ્યા ત્યારે શ્રીઆચારજી આગળ વિનંતી કરી જે માહારાજ હુંતો મુરખો છું હું કાંઈ જાણુતો નથી, કાંઈ ભણ્યો નથી ને અમારી નાતના બ્રાહ્મણ માહા સ્માર્ત કર્મવાળા છે. ત્યારે શ્રીઆચારજીએ ચરણારવિંદનું ચરણોદક આપ્યું ને કહું જે તને બધો સીધાંત જાણાશે ચંદન ચરણામૃત લીધું એટલામાં વિદ્યાની સ્ફુરણા થઈ ગઈ. પછી તે પોતાને ગામ આવ્યા તેમને મોટા મોટા પંડીત પુછવા લાગ્યા ત્યારે તે જે પુછે તેનો જવાબ દેઈને સમાધાન કરે. વળી પદમરાવળ એક વાર દ્વારકાંનાથના દરશનને ચાલ્યા ત્યારે દ્વારકાંનાથજીએ કહું જે અમારો એક શેવક રાજનગરમાં છે તેને ઘેર તું જજે ને રસોઈ ત્યાં કરજે ત્યારે પદમરાવળે કહું કે હુંતો કાંઈ જાણુતો નથી ને વગર બોલાવે કોને ઘેર જાઉં ત્યારે. દ્વારકાંનાથે કહું જે એ આપે બોલાવા આવશે. પછી રણછોડજીએ પેલા શેવકને પણ સ્વપ્નમાં જણાવ્યું કે પદમરાવળ અહીંયાં આ ગામમાં આવવાના છે તેની સેવા આદરમાન સારી રીતે કરજે, ઘેર પધારે એટલે રસોઈ સારી રીતે કરાવજે. ત્યારે એણે કહું કે હું એને કેમ ઓળખીશ. ત્યારે પોતે કહું કે એ પ્રસીધજ છે તથી

તું તારી મેળે જાણીસ. પછી કેટલાક દીવશે રાવળ ત્યાંહાં આવ્યા ને બાગમાં ઉતર્યા તેમની સાથે એક વિદ્યારથી હતો તેને કહું કે તું ગામમાં જઈને કોરી ભીક્ષા માગી લાવ. પછી તે ગામમાં ગયો. બે ચાર ઠેકાણે જઈ કોરી ભીક્ષા માગી લાવ્યો ત્યારે રાવળે કહું કે એ અંન જેનું લાવ્યો હોય તેનું જા પાછું આપી આવ ત્યારે તે ગામમાં જઈ જેનું અંન લાવ્યો હતો તેનું તેને પાછું આપ્યું. ત્યારે એક જણે પુછયું જે તમે કોણ લોક છો હવે પાછું કેમ આપવા આવ્યા છો ત્યારે વિદ્યારથીએ કહું કે અમે શું જાણીએ. અમારે માથે એક મોહોટા ગુરૂ છે તેની આગ્ના પ્રમાણે કરીએ છીએ. ત્યારે તેણે પુછયું કે તમારા ગુરૂનું નામ શું છે! ત્યારે તેણે કહું કે એમનું નામ પદમરાવળ છે. પછી એ વૈશ્નવ વિદ્યારથીની સાથે આવ્યો ને એણે કહું જે મને શ્રીરણછોડજીની આગ્ના છે જે પદમ રાવળને તું તાહારે ઘેર પધરાવજે તેથી હું તમને બોલાવા આવ્યોછું. પછી પદમરાવળને પોતાને ઘેર બોલાવી લાવ્યો. તેમને રસોઈ સારી રીત કરાવી. પછી શ્રીઠાકોરજીને આરોગાવી પ્રસાદ લેવરાવ્યો. પછી પદમરાવળ સવારે ચાલવા લાગ્યા ત્યારે તે વૈશ્નવ તેમને રાખવા લાગ્યો પણ તે રહ્યા નહી.

વળી એક દાહાડો ભીક્ષામાં આટો બહુજ આવ્યો પણ તેમાંથી જેટલી રોટલી ઘીએ ચોપડાઈ તેટલી ચોપડી ને બીજી કોરી રહી. ચોપડેલી ચોપડેલી ઉપર મુકી ને વગર ચોપડેલી હેઠળ મુકીને ભોગ સમરપ્યો. પછી શ્રીઠાકોરજીને કહું કે માહારાજ લુખી લુખી રહેવા દેજો ને ચોપડેલી હો

પ તે આરોગજો, પછી ઠાકોરજીએ તો બધી આરોગી ત્યારે પદમરાવળે શ્રીઠાકોરજીને કહ્યું જે માહારાજ લુખો રોટી કેમ આરોગી ત્યારે ઠાકોરજીએ કહ્યું કે તેં માહારા આગળ કેમ ધરી. માહારા આગળ જેટલું મુકીશ તેટલું બધું આરોગીશ પછી એ રોટલીનો બહુજ અલૌકીક સ્વાદ થયો તેથી તે રાવળે કેટલીક સાથે બાંધી લીધો તે જ્યારે રસોઈ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમરપે તે પછી જ્યારે પ્રસાદ લેવા બેસે ત્યારે તેમાંથી કડકો કડકો મેળવીને પ્રસાદ લે મહા પ્રસાદના ભાવથી કોઈ સખડી ગણે નહી. માહા પ્રસાદનો ભાવ એવોછે તે પદમરાવળ એવા ભગવદી હતા તેથી તેમની વારતા ક્યાં સુધી લખીએ.

વારતા ૬૪ મી.

श्री आचारजीना शेवक माचोरा ब्राह्मण पुरुशोतम जोशीनी वारता.

એક સમે પુરશોતમ જોશી કાશીએ ચાલ્યા તે ઊજેણમાં આવ્યા તારે પુછયું જે અહીયાં પદમરાવળનો છોકરો ક્યાં રહે છે. ત્યારે તેને ચાર છોકરા હતા તેમાં ત્રણ એકઠા રેહેતા હતા ને મોહોટો કશ્મમટ હતો તે જુદો રેહેતો હતો. પછી પુરશોતમજોશી જે ત્રણ છોકરા એકઠાઃ રેહેતા હતા તેને ઘેર ગયા. ત્યારે એમણેતો તેને થોડુંક અંન આપ્યું તેથી તે ભુખ્યા રહ્યા તેથી વીચાર કરયો કે આ પદમ રાવળના છોકરા આવા કેમ હશે. એતો સારા આ

હ્મણ હતા પછી એ વાત કૃશ્નભટે સાંભળી ત્યારે જોશીને પોતાને ઘેર લેઈ ગયો ને રસોઈ કરી ભોગ ધર્યો. પછી પ્રસાદ ભલી રીતે લેવરાવ્યો તેથી જોશી બહુ પ્રસન થયા તેમને ચાર દીવસ લગી તાંહાં રાખ્યા પછી તે ચાલવા લાગ્યા ત્યારે કૃશ્નદાસ પણ સાથે ચાલ્યા તે મજલ દર મજલને ઉતર્યા તે રાત્રીએ જ્યારે સુતા ત્યારે જોશીએ પોતાની સ્ત્રીને કહ્યું કે કૃશ્નભટ સુતા છે તેથી તું અહીંયાં સુઈ રેહે પછી જોશીએ શ્રીઆચારજીની એક વારતા તેના માં આગળ કહી પણ તે કૃશ્નભટના સાંભળતાં ન કહી. જોશીએ જાણ્યું જે કૃશ્નભટની યોગ્યતા નથી એમ કરતાં કરતાં ગયાજી જઈ આવ્યા પણ કૃશ્નભટના સાંભળતાં કાંઈ વાત ન કરે. ત્યારે કૃશ્નભટે જાણ્યું જે જોશીએ માહારા આગળનો વારતા ન કરી પણ હું કાંઈ વારતા ચલાવું. તે જ્યારે ગોકુળ બે ચાર મજલ રહ્યું ત્યારે કૃશ્નભટે એક વારતા ચલાવી તે સમે જોશીના સ્ત્રીને કહ્યું કે એક તરફથી તું ઝાલી રેહે ને એક તરફથી હું ઝાલું પછી કૃશ્નભટે વારતા ચલાવી તે સાંભળતાં જોશી પરવશ થયા. ઘોડા ઉપર રહ્યું ન જાય, એમ કરતાં ગજલ આવ્યા ત્યારે ઘોડા ઉપરથી ઉતારવા લાગ્યા ત્યારે કહે કે ગને કેમ ઉતારોછો. ગજલ આવી તે સુધી નથી ભગવદ વારતામાં એક મન લાગી ગયું તેથી તે આખો દીવશ પરવશ રહ્યા. પ્રશાદ લેવાની પણ કાંઈ સુધી રહી નહી. એમ કરતાં ગોકુળ આવ્યા ત્યારે જોશીએ શ્રીગોસાંઈજીને પુછ્યું જે કૃશ્નભટ ઉપર એવી કૃપા શાથી ત્યારે તેમણે કહ્યું જે

એને હરીવંશનો સંગ છે તેથી એને શીધાંત સ્ફુરે છે ત્યા
રે જોશી બહુ પ્રસન થયા. તેઓ પાછા ઉજેણ આવ્યા
તેમારગમાં ભગવદ વાત કરતા કરતા આવ્યા. એ બેઉ જ
ણા અત્યંત પ્રસન થયા. એ પુરૂશોતમ જોશી એવા કૃ
પાત્ર ભગવદી છે.

વારતા ૮૫ મી
श्रीआचारजीना शेवक खेराळुना रेहेनार जगनना
थ जोशीनी वारता,

શ્રીઠાકોરજીના શણગાર કરીને રાજભોગનો થાળ લા
વીને રાખ્યો ત્યારે જોશીના મનમાં એમ આવ્યું જે શ્રી
ઠાકોરજી વાઘો પેહેરીને આરોગશે તેથી થાળ અભડાઈ
જશે એ એમના મનની વાત શ્રીઠાકોરજીએ જાણી તેથી
લાત મારીને થાળ હેઠો પાડી નાંખી ત્યાર બાજીવાર પાક
કરીને ઉતાવળા ઉતાવળા થાળ પીરશીને આગળ મુક્યો
ત્યારે પણ પાછું એવું મનમાં આવ્યું તેથી થાળ નાંખી
દીધી એવી રીતે ત્રણ વાર નાંખી દીધી તેથી ચોથી વાર
પાક બનાવવા લાગ્યા ત્યારે બહુજ થાક લાગ્યો ત્યારે ની
ચુ માથુ કરીને વીચાર કરવા લાગ્યો જે શા અપરાધથી
ઠાકોરજી આરોગતા નથી ને ચોકી ઉપરથી નાંખી દેછે તે
થી દીનતા બહુજ કરવા લાગ્યા ત્યારે શ્રીઠાકોરજીએ એ
વાત બતાવી જે તું થાળ અભડાવાની બીક બહુ રાખેછે
તો તું ફરી ફરી અમારા મોં આગળ શું કરવા મુકે છે

એટલુ સાંભળતાંજ જોશી ચોંકી ઉઠયા. ઉઠીને લાંપ સા પે નાક ધરીને દંડવત કરવા લાગ્યા પછી શ્રીઠાકોરજીની બહુજ મનવેર કરીને કહ્યું કે માહારાજ હું કશુ જાણતો નથો તેથી માહારો અપરાધ ક્ષમા કરો ત્યાર ઠાકોરજી આ રોગ્યા એવા સરળ ભાવવાળા હતા.

વળી શ્રી ઠાકોરજીને ભોગ સમરપતા ત્યારે ખીર બહુ જ ઊંની રાખતા તેવી પણ શ્રીઠાકોરજીને આરોગવી પડ તી. પછી કેટલાક દાહાડા પછી શ્રીઆચારજી ગુજરાત પ ધારયા ત જોશીને ઘેર ઉતરયા ત્યા ઠાકોરજીનાં દરશન કરીને જુવે તો શ્રીઠાકોરજીના હોઠ ને જીભ રાતી થઈ ગ ઈ છે તેથી તેમણે પુછયું જે આ હોઠ ને જીભ રાતી કે- મ થઈ ગઈ છે ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે જગનનાથ જોશી ઊંની ખીર સમરપે છે ત હું લેઉછું તેથી રાતી થઈ ગઈ છે ત્યારે શ્રીઆચારજીએ જોશીને પુછયું કે તું ઊની ખીર કેમ સમરપે છે ત્યારે જોશીએ કહ્યું કે અમે શું જાણીએ જે આવી વાત છે અમે તો જાણીએ જે ઊનું આરોગાવીએ તો સારૂ. ત્યારે શ્રીઆચારજીએ કહ્યું કે બીજી વસ્તુ ઊની હોય તો ભલે પણ ખીર તથા દુધ તો આપણી આંગળીએ સેહેવાપે ત્યારેજ ભોગ ધરીએ ત વાત સાંભળી જોશી તેમ કરવા લાગ્યા.

પછી એક દીવસ જોશી શ્રીઆચારજીનાં દરશન સા રૂ અડેલ જવા લાગ્યા ત્યારે મારગમાં અનકુટ (દીવાળી નો બીજો દીવસ) નો દાહાડો આવ્યો ત્યારે સાથે શેવક હતા તેમને કહ્યું જે આજે ચોખા દાળ વીગરે સારી સા

રી સામગ્રી લાવ. ત્યારે શેવકાએ ગામમા જઈને જોયું જે અહીંયા કાંઈ મળે છે પણ કાંઈ મળાયું નહી ત્યારે પાછા આવીને કહ્યું કે અહીંતો કાંઈ મળતું નથી આ ગામતો નાહાનું છે માટે ફકત જાર મળે છે ત્યારે જોશીએ કહ્યું કે ભલે જાર લાવો તે જાર ખાંડીને લેઈ આવ્યા પછી જોશીએ તેનો ઠોમર બનાવ્યો ને શેવકને કહ્યું કે જવારનો ભુકો નીકળ્યો છે તેનું ઢોકણુ કરીને હાંડી ઉપર રાખો તો એના બાફથી વેહેલું થઈ આવશે. ત્યારે તેમ કર્યું. તે જ્યારે ખદ ખદવા લાગ્યું ત્યારે તે ઢોકળાં તે હાંડીમાં પડી ગયાં તેથી તે બધુ એકઠું મળી ગયું. ત્યારે મનમાં બહુ ખેદ પામ્યા. ત્યારે કહ્યું કે ભગવદી ઈચ્છા, પછી ભોગ સમરપ્યો પછી પ્રસાદ લીધો પછી રાત્રીએ શ્રીઠાકોરજીએ કહું જે માહારા પેટમાં દુખે છે ત્યારે જોશીએ સુંઠ, અજમો સમરપ્યો ને મનમાં પસ્તાવો થયો. પછી શ્રીઠાકોરજીએ કહું જે હવે માહારા પેટમાં સુખ થયું.

વળી એક સમયે ત્રીજે પોહોરે પોતાના સેવ્ય શ્રીઠાકોરજીનાં દરશન થતાં હતા તે વખત જોશી પાસે ઉભા ઉભા મોરછલ કરતા હતા ને વઈશ્નવો દરશન કરતા હતા તે સમે એક રજપુત ગરાશીઓ આવીને ઉભો રહ્યો તે સમે એક ડોસીએ શ્રીઠાકોરજીના ઉપર એક ફુલની માળા વેગળેથી નાંખી તેથી જોશીને રીસ ચડી તથા તે માળા લેઈને વેશ્ણવ ઉપર નાંખી તે વેશ્નવના ગળામાં જઈને પડી ત્યારે એ રજપુતને રીસ ચડી ને મનમાં વી

ચારયું જે જોશીએ માળા મને ન અપી તો ભલે. પણ હું રજપુતં પ્યરો કે જોશીને ઠેર મારૂ ત્યારે તે રજપુત મારવાને તકાવતો ફરે પણ કાંઇ દાવ આવે નહી ત્યારે એક દીવસ જોશી બહારથી આવતા હતા તેવામાં પછવાડેથી તે રજપુતે જોશી ઉપર તરવાર ઉગામી ત્યારે શ્રીઠાકોરજીએ પછવાડેથી તરવાર ઝાલી રાખી અને કહ્યું કે એને માર નહી ત્યારે એ રજપુત મારતો રહી ગયો પછી જોશીએ પછવાડે જોયું તો શ્રી ઠાકોરજીને થાક લાગી ગયોછે ત્યારે જોશીએ રજપુતને કહ્યું જે ફટ પાપી આ શું કરયું ત્યારે પેલો તરવાર નાખી દેઇને જોશીને પગે પડવા આવ્યા ને કહેવા લાગ્યો કે માહારા ઉપર કૃપા કરો એવી હઠ કરી તારે જોશીએ એને નામ સમરપણ કરયું તેથી તે ભલો વૈશ્નવ થયો પછી જોશીએ શ્રીગોસાઇજી પાસે એને નામ નીવેદન કરાવ્યું. તેથી એ શ્રીગોસાઇજીનો ભલો દઇઅવ થયો એ જોશી શ્રીઆચારજીના એવા કૃપાપાત્ર ભગવદી હતા તેથી એમની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૬૬ મી.

શ્રીઆચારજીના સેવક જગનનાથ જોશીની માની વારતા.

એમને બે દીકરા હતા મોહોટા નરહર ને નાહાના જગનનાથ જોશી ખેરાળુના વાસી તે બંનેને તેમની માતાજીએ કહ્યું કે તમે શ્રીઆચારજીની પાસેથી નામ પામી

આવો ને આ એક મોહોર ભેટ લેતા ગયો તે મોહોર લાકડીમા મેલીને બે ભાઈ અઢેલ ચાલ્યા. શ્રીઆચારજી તો પુરૂષોતમક્ષેત્ર એટલે જગનનાથ રાઅજીના દરશનને પધારયા છે. પછે બંને ભાઈઓએ વીચાર કરયો જે આ પણે પાછા જઈશુ તો મા બાપ ખીજશે ને કહેશે કે તમે નામ પામ્યા વીના કેમ આવ્યા તેથી આપણે પણ પુરૂષોતમ ક્ષેત્ર જઈએ એવો વીચાર કરીને ચાલ્યા તે થોડા દાહાડામાં ત્યાં જઈ પોહોચ્યા તે પુરૂષોતમક્ષેત્રને દરવાજે જઈને પુછ યું જે શ્રીઆચારજી ક્યાં રહે છે. તારે એક વૈશ્નવે ઘર બતાવી દીધુ પછી તીહાં ગયા ને શ્રીઆચારજીને દંડવરત કરયા. આચારજીએ પુછ્યુ કે તમારી મા સારાં છે ત્યારે એમને આશ્ચર્ય લાગ્યું જે અમને તો એ ઓળખેછે અને અમેતો એમને કાંઈ જોયા નથી. ફરી પુછ્યું કે શ્રીઠાકોરજી નાં દરશન કરી આવ્યા પછી તે દરશન કરવાને ગયા તે ન થયા તેથી કહું કે નથી થયાં તારે આપે આગ્ના કરી કે જઈને દરશન કરી આવો પછી પાછા દરશનને ગયા તીહાં જુવે તો જગનનાથ રાયજીની પાસે શ્રીઆચારજી બેઠા છે તેથી એમને આશ્ચર્ય લાગ્યું જે આ શું હમણાં તો ઘર માં બેઠેલા જેઈને આવ્યા છીએ ને આ શું તારે ફરી મનમાં આવ્યુ જે આ કાંઈક બીજી વાત છે તીહાંથી આવીને તો નહી બેઠ હોય એ વાતનો મનમાં સંદેહ રહ્યો. હવે દરશન કરીને પાછા આવ્યા ને જુવે તો શ્રી.આચારજી ઘ રમાં બેઠા છે તાંહાં આવીને દંડવરત કરીને બેઠા પણ બંને ભાઈ વૈરાગ્ય થઈ ગયા. આચારજીએ પુછયું જે ત

મે દરશન કરી આવ્યા તારે એમણે કહ્યું કે હા મહારાજ દરશન તો કરી આવ્યા પછી આચારજીએ કહ્યું કે હવે ત મારા મનનો સંદેહ નીવૃત થયો તારે એમને કહ્યું કે માહારાજ સંદેહ નીવૃત થયો તારે કહ્યું જે તમારી પાસે મોહોર છે તે લાવો. પછી બંને ભાઈઓએ લાકડીમાંથી મોહોર કાહાડીને શ્રીઆચારજીના આગળ મુકી દંડવત કરયો પછી નામ પામી નીવેદન કરી આગ્ના માગી પાછા પોતાને દેશ આવ્યા થોડા દાહાડામાં ખેરાળુ આવ્યા ને માતાને સમાચાર કહ્યા તે ભલા ભગવદી થયા. એમની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૬૭ મી

શ્રીઆચારજીના શેવક ખેરાળુના વાશી જગંનાથ જોશી તથા નરહર જોશીની વાર્ત્તા.

તે એક સમે જગનનાથરાયજીનાં દરશનને સારૂ જતા હતા તે રસ્તામાં પટણા ગામથી આગળ ચાલ્યા તે મજલ જઈને ઉતરયા. ત્યાં સ્નાન કરી રસોઈ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમરપ્યો પછી ત્યાં જુવે તો એક બાળક વરસ દશેકનો એક ઝાડથી ઉતરી આવીને આગળ ઉભો રહ્યો તેને જોઈને જોશીને આશ્ચર્ય લાગ્યું કે અહીયાં આ બાળક કયાંથી. પછી તે બાળકે જોશીના પાસે આવીને હાથ ધરયો ત્યારે જોશીએ મનમાં જાણ્યું જે આ સુંદર બાળકે આવીને માહારા આગળ હાથ શા વાસ્તે ધરયો પછી જો

શીએ તે બાળકના હાથમાં ચોપડેલી રોટલીઓ ને દાળ આપી તે લેઈને એ બાળક આંબલીના ઝાડ ઉપર ચડી ગયો. ને જોશીએ પાછુ વાળી જોયું તો એ બાળકને દીઠો નહી. પછી બીજી મજલે જઈને ઉતરયા. ત્યાં સ્નાન કરી અંગારબી કરી ભોગ સમરપ્યો ત્યારે એવોજ બાળક ફરી વૃક્ષ ઉપરથી ઉતરી આવીને તેમજ છાનો રહીને હાથ ધરયો ત્યારે જોશીને સંદેહ થયો જે રખેને આ બાળક મને કાંઈ છેતરવા આવ્યો હોય માટે તેને કપમ આપુ. ને કદાચીત ભગવત સ્વરૂપ લેઈને આવ્યો હોય તો તેને પ્રસાદી કેમ અપાય. એવો સંદેહ પડવાથી એને કાંઇ આપ્યું નહી. પછી જોશી પ્રસાદ લેઈને સુઈ રહ્યા. પછી શ્રીઠાકોરજીએ જગનનાથ જોશીને સ્વપ્નામાં કહ્યુ જે આજ હું નરહર જોશી પાસે ગયો હતો ત્યાં મેં હાથ ધરીને માગ્યું પણ મને કાંઈ આપ્યું નહી ત્યારે જગનનાથ જોશીએ તે દાહાડો તે વરસ અને મહીનો બરોબર લખી રાખ્યો એ વાત જોશી આવશે ત્યારે કહીને સંભળાવીશું. પછી કેટલાએક દાહાડે જોશી પોતાને ઘેર આવ્યા ને માતાજી તથા ભાઈને મળ્યા, પછી તે બે ભાઈ શેરીમાં ગયા ત્યારે જગનનાથ જોશીએ નરહર જોશીને શ્રીઆચારજીના સમાચાર પુછયાં ને માધવ મીશ્ર તથા સમસ્ત વૈશ્નવના સમાચાર પુછયા પછી જગનનાથ જોશીએ મોહોટા ભાઈને પુછયું કે તમે જાતરાએ ગયા તે વરસમાં ફલાણા મહીનામાં ફલાણે દીવસે પરણાથા આગળ ચાલ્યા ત્યારે રસ્તામાં મજલ ઉતરયા હતાં ત્યાંહાં ભોગ સમરપતી વેળા તે

સમયે હાથ ધરવા કોઈ બાળક દીઠો હતો ત્યારે નરહર જોશીએ કહ્યું કે હા હા દીઠો તોતો ખરો. પણ મેં સારૂ બાળક દીઠું તેથી રોટલી ચોપડીને તેને આપી હતી ને બી જે દાહાડે તો મને સંદેહ થયો તેથી ના આપી. ત્યારે જગનનાથ જોશીએ કહ્યું જે ના આપી એ તમે બહુજ ખોટુ કરયું. એતો સાક્ષાત પ્રભુ હતા. આપણે બે ભાઈ જયારે શ્રીઆચારજીની પાસે ગયા હતા ત્યારે માતાએ મા-હારા હાથમાં ભેટ મોકલી હતી તે મેં સંદેહ રાખીને પાસે રાખી હતી તે શ્રીઆચારજીએ પોતે પાછી માગી લીધી તેથી આપણા ઠાકોરજીનું તથા શ્રીઆચારજી વના મનમાં કોઈનો સંદેહ કરવો નહી. આપણે એમના વીના બીજુ કોઇ નથી તેથી એવું મનમાં નિશ્ચય કરી સંદેહ કશો લાવવો નહી.

વળી એક સમે નરહર જોશીના અલીણા ગામમાં ક્ષત્રી જજમાન હતો તેનું નામ મહીધર હતુ. ને બેહેન નું નામ ફુલબાઈ હતું તેને નરહર જોશીએ કહ્યું જે તમે શ્રીગોસાઈજી પાસે નામ પામો ને વઇષ્ણવ થાઓ. ત્યારે તેણે કહ્યું કે હવે અવશ્ય શ્રીગોસાઈજીને પધરાવીએ. પછી જોશી આગળ આવીને શ્રીગો સાઈજીને અલીણા ગામમાં પધરાવી લાવ્યા. પછી મહીધર તથા ફુલબાઈને જોસીએ કહ્યુ જે શ્રીગોસાઈજી પધારયા ત્યારે બંને ભાઈ બેહેન સારી રીતે પ્રસન થયાં. પછી જોશીને મહીધરે કહ્યું જે હું શ્રીગોસાઈજીને શો મ નોરથ કરીને પધરાવુ? પછી તેણ રૂપીયા તથા મોહોરો ભે

ગાં કરી મુઠીએ મુઠીએ ભરીને શ્રીગોસાંઈજી ઉપર ઓવા
રણાં કરી કરીને આપી. એ રીતે પધરાવ્યા. પછી શ્રીગો
સાંઈજીએ ભાઈ બહેનને તથા તેમના સરવ કુટંબને નામ
સમરપણ કરાવ્યુ. તાર પછી તેમણે શ્રીગોસાંઈજીની ભલી
રીતે શેવા કરી ત્યાર પછી શ્રીગોસાંઈજી દ્વારકાં પધારયા.
અને જોશી ગામ ખેરાળુ આવ્યા પછી થોડાક દીવશ કેડે
અલોણા ગામમાં આગ લાગી. તે દીવશે નરહર જોસી
ખેરાળુમાં તળાવ ઉપરથી નીત્યક્રમ કરી તુળશી, ફુલ,
વિગરે હાથમાં લેઈ ઘેર આવતા હતા તે સમે જોશીના મ
નમાં એમ આવ્યું જે અલીણામાં આગ લાગી છે તે
થી જોશી રસ્તામાં ઉભા રહી તુળસીદળ મુકીને ઝારીમાંથી
જળ લેઈ અંજળી વતે તુળશીદળની આસપાસ કુંડાળુ ક
કરયું. એટલામાં અલીણામાં અગની સમાઈ ગઈ. મહી
ની હવેલી તથા ઘર સઘળાં બચી ગયાં. તે પછી કેટલેક
દીવશે નરહર જોસી તે ગામમાં આવ્યા ત્યારે ફુલબાઈએ
જોશીને કહ્યું જે અહીયાં તો અગ્નિનો ઉપદ્રવ બહુ થયો હતો
પણ શ્રીગોસાંઈજીની કૃપાથી કલ્યાણ થયુ. ત્યારે જોસીએ
કહ્યું કે પ્રભુની કૃપાથી સદાકાળ કલ્યાણજ હોય. એટલું
કહીને જોશી ઘેર આવ્યા ને પ્રસાદ લીધો પછી બે ભા-
ઈ એકાંત બેઠા તારે નરહર જોશીએ જગનનાથ જોશીને વાર
તા કહી જે હું એક દીવશ નીત્યક્રમ કરીને તળાવથી આવ
તો હતો ત્યારે માહારા મનમાં એમ આવ્યુ જે આ વખ
તે અલીણામાં આગ લાગી છે તેથી મેં રસ્તામાં ઉભો
રહીને તુળશીદળ હેઠાં મુકી શ્રીઆચારજીનું નામ સ્મરણ

કરીને પાણીનું કુંડાળુ આસપાસ કરયું. એટલામાં ત્યાંહાં અગ્નિ સમાઈ ગઈ ને મહીધરનું ઘર તથા હવેલી સઘળુ બચ્યું ત્યારે નાહાનાભાઈએ કહ્યું જે આપણે પ્રભુની સંગાથે એટલી હઠ ન કરવી ત્યારે નરહર જોશીએ કહ્યું જે મેં શ્રીઠાકોરજીને શ્રમ કરાવ્યા નથી મારા મનમાં એવું આવ્યુ જે હમણાંજ વૈશ્નવ થયા છે તેથી તે એમ કહેતા જે વૈશ્નવ થયા તો ઘરમાં આગ લાગી માટે એમ કરવું પડ્યુ પછી બે ભાઈ હશીને પરસ્પર છાના રહી ગયા. એ પ્રભુનું પરમ કૌતક છે એમની ઈચ્છાથી બધુજ થાય. પણ આપણે હઠ ન કરવી. શ્રીવલ્લભરાજકુમારની અદ્ભુત લીલા છે જે શરણે આવે તેને અત્યંત કલ્યાણ છે. તે નરહર જોશી શ્રીઆચારજીના એવા કૃપાપાત્ર હતા એમની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૯૮ મી.

શ્રીઆચારજીના સેવક રાણાવ્યાસની વારતા.

જગન્નાથ જોશી પ્રથમ રાણા વ્યાસ પાસેથી નામ પામ્યા હતા ને ફરીથી શ્રીઆચારજી પાસે નામ પામ્યા. જોશી રાણાવ્યાસ પાસે આગળ બહુ રેહેતા હતા તેવામાં એકવાર રાણાવ્યાસે ગોધરાના દેસાઈની સ્ત્રીની સાથે ભગવત ઈચ્છાથી મેળાપ કરયો હતો તે વાત રાજદ્વારમાં સાંભળી ત્યાં હાકેમના માણસો રાણા વ્યાસને લેવા આવ્યા ત્યારે જોશીએ રાણાવ્યાસને તથા દેસાઈની સ્ત્રીને

બીજે ગામ નસાડી દીધાં. પછી દેશાઈની સ્ત્રી પોતાને ગામ આવી ત્યારે જોશીએ આદમીને કહ્યું જે રાણાવ્યાસ તો અહીંયાં નથી માટે ચાલો હું આવીને ઉત્તર દેઈશ. પછી જોશીને લેઈ જઈ હાકેમની પાસે ઉભા કરયા. ત્યારે હાકેમે કહ્યુંકે રાણાવ્યાસને લેઈ આવો એમણે પરસ્ત્રી સાથે અન્યાય કરયો છે માટે એમને લેઈ આવો હું જોશીને તો સારા જાણું છું. જોશી જેનું નામ હોય તેતો અન્યાય કરેજ નહી પણ રાણાવ્યાસે અન્યાય કરયો છે. ત્યારે જોશીએ કહ્યું જે રાણાવ્યાસે અન્યાય કરયો નથી ત્યારે હાકેમે કહ્યું જે એમ કેમ જાણીએ. ત્યારે જોશીએ કહ્યું જે આપ કોહો તો એમને બદલે અમને જે કહો તે અમે કરીએ. પછી એક ગાંઠના પઈસાનો ગોળો મંગાવીને તે અગનીમાં ઉનો કરીને જ્યારે લાલ થયો ત્યારે સ્નાન કરી આવ્યા ને કહ્યું જે રાણાવ્યાસે અન્યાય કરયો હોય તો મને આ અગની બાળજો. નહીતો તાહારો થઈ જજો. પછી તે ગોળો અગનીમાંથી કાહાડી બે હાથે પતી ગળા ઉપર મુકયો તે ઘડી એક રાખ્યો ત્યારે બધા બોલ્યા જે જોશી કાહાડી નાંખ કાહાડી નાંખ. ત્યારે જોશીએ કહ્યું જે હવે આ કોના ગળામાં નાખું એમ કહી તેને પૃથ્વી ઉપર નાખી દીધો તેથી પૃથ્વી બળી ગઈ. ત્યારે બધાય કહેવા લાગ્યા જે જોશી તુને ધન્ય ધન્ય તું સાચો છુ તમારે તમારા ધણી સાથે આવી સાચી પ્રતીછે એવું કહીને પાછો હાકેમ મનમાં સમાધાન કરીને જોશીને કહ્યું જે તું માગ માગ તાહારા ઉપર હું પ્રસન થયોછું ત્યારે જોશીએ

કહ્યું કે હું એટલું માગુ છું કે જેણે ચાડી કરી હોય તેને તમારે કશું કહેવું નહી ત્યારે બધા બહુજ પ્રસન થયા ત્યાર પછી જોશીને વીદાય કરયા તે ઘેર આવ્યા ને પછી રાણાવ્યાસ પણ પોતાને ઘેર આવ્યા. એ એવા ભગવદી કૃપાપાત્ર હતા.

વારતા ૬૯ મી

શ્રીઆચારજીના શેવક રામદાસ સાચોરા બ્રાહ્મણ રાજનગરમાં રહેતા હતા તેની વારતા.

રામદાસને માથે નટુવા ગોપાળજીનું સ્વરૂપ ને શ્રીઆચારજીની પાદકા શેવા કરવા સોંપી છે તે રામદાસ વીવાહ કરીને પૃથ્વી પરાક્રમવાને ચાલ્યા. તે પૃથ્વી પરીક્રમા કરી આવ્યા તારે રામદાસનો સસરો પોતાની છોડીને લેઇ આવીને જોરાવરી સોંપી ગયો. પણ રામદાસ એને અંગીકાર કરે નહી. પછી બે ચાર દાહાડા રહીને પોતે શ્રીદ્વારકાં ચાલ્યા તારે સ્ત્રી સાથે ચાલી પણ એને નજીક આવવા દે નહી ઇટથી મારે તોપણ વેગળી વેગળી ચાલી જાય ને પતરાળામાં એઠું પડી રહે તો આપ નહી તો છાની માની પડી રહે. પછી રણછોડજીએ એક દીવશ રામદાસને કહ્યું જે તું સ્ત્રીને અંગીકાર કેમ નથી કરતો ને ત્યાગ કેમ કરે છે ત્યારે તેણે કહ્યું કે હું વેરાગી છું માહારે સ્ત્રીનું શું પ્રયોજન છે તારે શ્રીરણછોડજીએ કહ્યું જે તારે તાહારે વીવાહનું શું કામ હતું. તું શ્રીઆચારજીનો શેવક છે તો

આટલું કઠોરતાપણું ન જોઈએ તું એવું ન કર. હું તને શ્રીઆચારજીનો શેવક જાણીને કાંઈ કરતા નથી માટે તું હવે સ્ત્રીને અંગીકાર કર. તારે રામદાસે સ્ત્રીને કહ્યું જે તુ માહારી સાથે સાથે ચાલી આવ તારે તે નજીક ચાલવા લાગી પછી મજલ જઈને ઉતરયાં ત્યારે સ્ત્રીને કહ્યુ જે તું આ માનની રખવાળી કર, હું છાંણાં વીણી લાવુ. ત્યારે સ્ત્રીએ કહ્યું કે મને આગ્ના દો તો હું વીણી લાવું. ત્યારે રામદાસે કહ્યું કે એ સ્ત્રીનું કામ નથી પછી પોતે લાવ્યા ને રસોઈ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમરપ્યો ત્યારે પ્રસાદ લીધો અને સ્ત્રીને પણ આપ્યો. એમ કરતાં કેટલાક દીવશ આવ્યા ગયા ત્યારે એક દીવશ શ્રીરણછોડજીએ રામદાસને આગ્ના આપી જે તું સ્ત્રી પાસે રસોઈ કરાવ્ય ત્યારે રામદાસે કહ્યું કે એણે નામ પામ્યું નથી ત્યારે શ્રીરણછોડજીએ કહ્યું કે તું નામ દે ત્યારે એણે કહ્યું કે હું નામ દઉં મારાથી દેવાય ત્યારે શ્રીરણછોડજીએ કહ્યું કે માહારી આગ્ના છે તેથી તું નામ દે પછી શ્રીઆચારજીનું નામ દેઈને તેણે સ્ત્રીને નામ આપ્યુ. પછી સ્ત્રીને હાથે પ્રસાદ લેવા માંડ્યો. એમ કરતાં કેટલાક દીવસ વીત્યા પછી ઘેર આવ્યાં ને શ્રીઆચારજીનાં દરશન કરયાં ત્યારે રામદાસે કહ્યું કે માહારાજ સ્ત્રીને નામ સમરપણ આપો ત્યારે તેમણે કહ્યું કે નામતો આપ્યું છે. ત્યારે રામદાસે કહ્યું જે શ્રીરણછોડજીની આગ્નાથી નામ આપ્યું છે પછી શ્રીઆચારજીની પાસે નામ દેવરાવ્યુ તેથી તેમણે નામ સમરપણ આપ્યું. પછી ઘેર આવી ગ્રહસ્થાશ્રમ કરવા લાગ્યા એ રા

મહાસ વૈષ્નવ એવા કૃપાપાત્ર ભગવદી હતા એમની વાર-તા કયાં સુધી લખીએ.

વારતા ૧૦ મી.

श्रीआचारजीना सेवक गोवींददवे साचोरा ब्राह्मण वृजमाळीना वासी तेनी वारता.

શ્રી ઠાકોરજીની શેવા કરતાંમાં તેનું મન ઉદાશ રે હે તેથી તણે એક વિનંતીનો પત્ર શ્રીઆચારજીને મોકલ્યો જે માહારાજ માહારૂ મન ઉદાશ રહે છે તે હું શું કરૂ તારે શ્રીઆચારજીએ નવરત્ન ગ્રંથ લખીને મોકલ્યો ને લખ્યું જે આનો પાઠ કરજે એટલે ચીંતા મટી જશે. તારે કેટલાક દીન પછી દવે મીરાંબાઈને ઘેર ગયા હતા તાંહાં એમની સંગાથે વાતો કરતાં કોઈ દાહાડો અટકયા તે વાત શ્રીગોસાંઈજીએ સાંભળી કે દવે મીરાંબાઈને ઘેર અટકયા છે તેથી એક શ્લોક લખીને મોકલ્યો તે શ્લોક.

श्लोक.

जगवन पक्ष्यरागेशु युशो नही युक्त तरं:
तरासेरं गजराज गतो नहि रासन मप्यु पराक्रतः १

એ શ્લોક લખીને કોઈ વ્રજવાશીની સાથે મોકલ્યો તે સમે દવે તળાવ ઉપર સંધ્યા વંદન કરતા હતા તે દવેના હાથમાં વ્રજવાશીએ આવીને પત્ર આપ્યો તે વાંચીને તાંહાંથી ઉઠીને ચાલ્યા, તે મીરાંબાઈને જે બેઠએ તે

ત મોકલે પણ તાંહાં રેહે નહી.

એક સમે શ્રીઆચારજી દ્વારકાં પધારયા તારે ગોવિંદ દવે તથા જગનનાથ જોશી વિગરે બીજા વૈશ્નવ પણ પાંચ સાત પાસે હતા તે પણ દ્વારકામાં પધારયા. પછી ગોવિંદદવે એ શ્રીઆચારજીને કહ્યું કે માહારાજ કોઇ કથા કહો ત્યારે તમણે કહ્યું કે હમણાં માહારે અવકાશ નથી ત્યારે દવે કહે કે માહારાજ થોડી પણ કહો. ત્યારે શ્રીઆચારજીએ કથા કહેવાને પોથી ખોલી એટલામાં ગોવિંદદવેની સાથે શ્રીરણછોડજી વાત કરવા લાગ્યા તારે શ્રીઆચારજીએ કહું કે પોથી ખોલાવીને હવે વાત કોની સાથે કરોછો. પછી શ્રીઆચારજીએ ફરી સામુ જોયું તો શ્રીરણછોડજી વાત કરેછે તેથી આપે પોથી બાંધી. બીજા વૈશ્નવ શ્રીઆચારજીના થાળમાંથી પ્રસાદ લેતા તે દાહાડે શ્રીઆચારજીએ ખવાસને કીધુ જે આજથી એમને થાળમાંથી પ્રસાદ ન આપીશ ત્યારે બીજે દાહાડે પેલા વઇશ્નવોને થાળમાંથી પ્રસાદ ન આપ્યો ખવાસે થાળને ગડી ધોઇને મુકયો તે દીવશ પેલા વૈશ્નવોએ અપવાસ કરયો, તેજ દીવસે શ્રી રણછોડજીએ શ્રીઆચારજીને કહું કે તમે એ વૈશ્નવોને થાળનો પ્રસાદ આપતા. તેમજ આપો બીજે દાહાડે શ્રીઆચારજીએ જોશીને પુછયું કે તમે કાલે પ્રસાદ કેમ ન લીધો તારે એમણે કહું કે માહારાજ કાલે થાળનો પ્રસાદ ન મળ્યો તેથી ન લીધો તારે શ્રીઆચારજીએ કહું કે તમને થાળનો પ્રસાદ તો ન આપત પણ તમારી સીપારસ મોહોટે ઠેકાણેથી થઇછે તેથી આપવો, પછી નિત પ્રસાદ આપતા તેમજ

આપવા માંડયો એવી કૃપા થઈ એ એવા ભગવદી કૃપાપાત્ર હતા. તેની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૭૧ મી.

श्री आचारजीना शेवक राजादेवे ने माधवदेवे बे भाइ साचोरा ब्राह्मण मानकु गामना वासी तेनी वारता,

તે ગામમાં બે ભાઈ સાચોરા બ્રાહ્મણ રેહેતા ને બીજા પણ રેહેતા તેમાં એક ભાઈ ભણ્યો હતો તે ગામમાં પટેલની આગળ બેશીને કથા કેહેતો હતો ને બીજો મુરખ હતો તે ખેતી કરતો ને હળ હાંકતો એટલામાં મોહોટો ભાઈ કાંઈક ગયો તે દીવશથી કથા રહી પછી એક દીવસ વરસાદની વૃષ્ટી બહુ થઈ તેથી નાહાનો ભાઈ ખેતરમાંથી પલળતો આવ્યો તારે તેની ભાભીએ કહું જે રોટલા જમો તારે તેણે કહું કે મને બહુ ટાઢ વાયછે તેથી કાંઈ ઊનું કરી આપો તો ખાઉ તારે ભોજાઈએ કહું કે આ ખાઓ તો ખાઓ નહીતો હુંતો જઈને સુઈ રહુ છું તમે શું ગામમાં ચોતરે બેશીને પટેલને કથા સંભળાવશો તે તમને ઉનું કરીને આપુ જેવું છે તેવુ ખાઓ હવેતો માહારાથી થાય નહી તાહારી નજરમાં આવે તે કર. તારે દીયરને બહુ દુઃખ લાગ્યું તેથી મનમાં વીચાર્યું જે હું દેહત્યાગ કરૂ કે કયાંઈ નીકળી જાઉ, પછી તે ઘરમાંથી ની

કળીને વીચાર કરવા લાગ્યો કે રાજાદેવે ને માધવદેવે એ ભાઈ મોહોટા માહાપુરૂશ છે તેથી એમને નમસ્કાર કરીને જાઉ પછી તાંહાં તે આવ્યો ને બને નમશ્કાર કરીને રોવા લાગ્યો. તારે દેવેએ પુછયું જે તું કોણ છું પછી જોયો તારે ઓળખ્યો તારે તેને કહ્યું કે તું ફલાણાનો છોકરો છે તું તો અમારી નાતનો છે તને દુઃખ શું છે? ત્યારે એણે કહ્યું કે માહારે દુખનો પાર નથી ત્યારે દેવેએ કહ્યું કે તું તો હારૂ દુખ કહે ત્યારે તેણે કહ્યું કે તમેતો મોહોટાછો તે માહારૂ દુખ દુર કરો તો કહું ત્યારે દેવેએ કહ્યું કે શ્રીઠાકોરજી સારૂજ કરશે. પછી એનું સમાધાન કરીને પ્રસાદ લેવરાવ્યો પછી રાત્રે તે ત્યાંજ સુઈ રહ્યો. તે પ્રાતઃકાળે દેવે ઉઠયા ત્યારે તેને પણ ઊઠાડયો ને કહ્યું જે તુ જઈ ને સ્નાન સંધ્યા કરી આવ. તારે એ જઈને સ્નાન સં-ધ્યા કરી આવ્યો પછી માધવદેવેએ રાજાને કહ્યું જે હવે શું કરીએ ત્યારે રાજાદેવેએ કહ્યું કે તમે જાણો તમારી જીભ ચાલી છે તે કાંઈ કરયા વિના છુટશે કેમ. ત્યારે માધવદેવેએ કોહ્યું કે હવે તો એ તમારે સરણ આવ્યોછે. ને તમે શ્રી આચારજીના સેવક છો. તેથી એમનું કામ કરેજ સીધી છે પછી તે છોકરાનું માંથુ મુડાવરાવ્યું ને નવરાવ્યો. પછી તેને મંદીરના બારણા આગળ બેસારયો. પછી માધવદેવેએ રાજાદેવેને કહ્યું કે એને કશું કેહેવું હોય તે કહો. ત્યારે રાજાદેવેએ કહ્યું કે એ માહારૂ કામ નથી એતો તમારૂં કામ છે તે તમે કરો ત્યારે મા ધવદેવેએ કહ્યું કે તમે મોહોટાછો તેથી તમે કહો

ત્યારે રાજાદેવે કહ્યું કે માહારી આજ્ઞા છે તેથી તમે કહો. ત્યારે માધવદેવે એને ઉપદેશ આપ્યો. અક્ષર કાનમાં કહ્યો પછી એકસોને આઠવાર જપ કરાવ્યો ત્યારે એ સંસ્કૃત બોલવા લાગ્યો. ત્યારે માધવદેવે રાજાદેવને હસીને કહ્યું જે હવે આને ફરીથી આજ્ઞા આપો તો બીજીવાર જપ કરાવું ત્યારે શ્રીભાગવતપુરાણમાં ગમ્ય થઇ ત્યારે માધવદેવે હસીને કહ્યું જે હવે એકવાર આજ્ઞા હોય તો ફરીથી કરાવું ત્યારે રાજાદેવે કહ્યું કે હવે નહી એ એટલુજ પાત્ર છે. અધીક માંહી માય નહી પછી રાજાદેવે માધવદેવને કહ્યું જે તમે મનમાં કાંઇ એમ ન લાવશો જે અમારાથી કાંઇ થયું છે જે થયું તે શ્રી આચારજીની કૃપાથી થયું છે. અમારૂ તમારૂ સ્વરૂપ તો તમે જાણોજછો પછી તે બ્રાહ્મણ પોતાને ઘેર ગયો. પછી તે જઇને પટેલના ચોતરા ઉપર બેશીને કથા કહેવા લાગ્યો. પેહેલાં એનો મોટો ભાઇ કથા કહેતા તે મોટો ભાઇ પ્રગણામા ગયો છે એમ જાણીને કોઇ ચોતરા ઉપર આવતું નહી તેવામાં એક દાહાડો એ ગામમાંથી એક શેવક ત્યાંહાં આવ્યો તેણે નાહાનાભાઇને કથા કહેતા જોયો ત્યારે પટેલને જઇને કહ્યું જે તમે કથા સાંભળવાને કેમ નથી ગયા. ભટજી તો કથા કહે છે ત્યારે પટેલ તથા બીજા લોકોએ આવીને કથા સાંભળી તેથી બધાએ પ્રસન્ન થયા ત્યારે પટેલે કહ્યું જે તમે આટલા દાહાડા કથા કેમ ના કહી ત્યારે ભટે કહ્યું જે માહારો મોહોટો ભાઇ આવતો તેથી હું ન આવતો પ

ણ હવે એ ગામ ગયો છે તથી હું અવુંછું. એ સારી રીત કથા કહેવા લાગ્યો તથી એ સઘળા બહુજ પ્રસન થ યા ને કહું જે અમારૂં મોહોટુ ભાગ્ય તે અમોને આવો બ્રાહ્માણ મળ્યો. પછી બધાએ મળીને ભટની પુજા કરી ને કહું જે હવે તમેજ નીત્યે કથા કહેજો. પછી એ બ્રા હ્માણ માધવદેવેની પાસે ગયો ને ત્યાં વીનંતી કરી કે માહારાજ તમારી કૃપાથી કથા કહી માટે આ માહારૂ દ્ર વ્ય છે તે તમે લો તમે માહારા ગુરૂછો ત્યારે માધવદેવેએ ને રાજાદેવેએ કહું કે અમારે ને તમારે ગુરૂ શ્રીઆ- ચારજી છે તથી એ દ્રવ્ય એમનું છે. એમાં અમારૂં કાંઈ નથી પછી તે દ્રવ્ય શ્રી આચારજીને અડેલ પોંહોચાડયું જગનનાથ જોશી અને રામદાસ વૈશ્નવ શ્રીઆચારજીના દરશનને સારૂં અડેલ જતા હતા તેમની સાથે મોકલી દીધું. પછી એનો મોહોટો ભાઈ ગામથી આવ્યો ત્યારે તે રાજાદેવેને માધવદેવેની પાસે ગયો અને કહ્યું કે આજ્ઞા આપો તો માંહારા બાપની વ્રતી ગઈ છે તે પાછી લાવું ત્યારે દેવેએ કહ્યું કે એમાં શો સંદેહ છે જા તાહારૂ કાર્ય સીધ થશે. ત્યારે પેલો ભટ ગામ ચાલ્યો તે ત્યાંહાં જઈ પોહોચ્યો ને તે ગામના રજપુતને મળ્યો ને આશીરવાદ દીધો. તે જોઈને પેલો પ્રસન થયો ને કહ્યું કે અમારૂ ભા ગ્ય તેથી કૃપા કરીને તમે આવ્યા. પછી તેમને ઉતારો આપ્યો ને રસોઈની સામગ્રી પોહોચાડી. પછી ભટ પાસે બધા લોક આવીને બેઠા. ત્યારે ભટે એક શ્લોકનું વ્યાખ્યાન કરયું, તે સાંભળી સઘળા પ્રસન થયા અને ભટને કહ્યું કે

તમે પાંચ રાતો અહીયાંજ રહો અમે તમને બહુ રીત વીદાય કરીએ ત્યારે જજો એવું કહીને એ લોક તો પોત પોતાને ઘેર ગયા. પછી બીજે દાહાડે એકઠા થઇને વીચાર કરવા લાગ્યા કે ભટજી ઘણે દાહાડે આવ્યા છે માટે એમની વીદાયગીરી કરીએ. ત્યારે એમાં એક ઘરડો હતો તેણે કહ્યું કે સો મણ અનાજ હું આપીશ ને સો રૂપીયા આપીશ. પછી કહ્યું જે એના બાપની ભોંય ગરાસ વીધા સો છે તે પાછી લખી આપીશ. ને હું બ્રાહ્મણથી છુટીશ ત્યારે બધાએ કહ્યું કે ઘણી સારી વાતછે. પછી બધાએ મળીને એને કાગળ લખી આપ્યો અને કહ્યુ કે અનાજ તૈયાર છે તે લેઈ જાઓ. ત્યાર ભટજીએ કહ્યુ કે એ અનાજ માહારે ઘેર શી રીત પોહોચે. ત્યારે બધાએ મળીને પેહેરવાનાં વસ્ત્ર, તથા એક ગાય, એક ભેંશ, એક વીંટી, ને એક સો રૂપીઆ રોકડા એ બે ગાડાંમાં અન ભરીને વીદાય કરયા. અને કહ્યું જે માહારાજ વરસેને વરશે દાહાડે આટલું લેઈ જજો. ત્યાંથી ભટજી ચાલ્યા તે પોતાને ઘેર આવી પોહોચ્યા. ત્યારે બારણે રહીને પોકારયું કે ભાભી કમાડ ઉઘાડો મેં પટેલને ચોતરે બેશીને કથા કહી. અને બાપનો ગરાસ ગએલો પાછો લાવ્યો છું માટે હવે તો કમાડ ઉઘાડો. ત્યારે તેણે કમાડ ઉઘાડયાં ને જોયું તો કહે છે તેજ પ્રમાણે ઉભેલો દીઠો એટલે ઘરમાંથી મોહોટો ભાઇ ઉઠીને આવ્યો ને તે જુવે તો ભાઇના મો હોડા ઉપર ભગવત તેજ જણાય છે. તેથી ડરવા લાગ્યો ને જાણ્યું જે રખેને માહારા વિશે એના મનમાં કાંઇક

અભાવ થાય. પછી તેણે કહ્યું કે ભાઈ ઉઠો સ્નાન કરો,
પ્રસાદ લો, ત્યારે એણે કહ્યું જે દવેને નમસ્કાર કરયા વી
ના તો જળપાન પણ નહી કરૂં. ત્યારે મોહોટા ભાઇએ
કહ્યું કે એવું શું છે જે જળપાન નહી કરૂં. ત્યારે એણે
કહ્યું કે જે થયું તે એમની કૃપાથીજ થયું છે. મને તો
તમે જાણતાજ હતા. ત્યારે મોહોટા ભાઇએ કહ્યું કે હું
સાથે આવું. ત્યારે કહે ચાલો. પછી તે બે ભાઈ સાથે
જઇ દવેજીને નમસ્કાર કરયા ત્યારે માધવદવેએ રાજા
દવેને હસીને કહ્યું જે તમારો શેવક આવ્યો છે ત્યારે રાજા
દવેએ માધવદવેને કહ્યું કે આ પ્રસંગ બીજા કોઇને કહેવો
નહી પછી દવેજીએ બંને ભાઈને કહ્યું કે આવો બેસો.
પછી નાહાનાભાઈએ દવેજીને બધી વાત વીસ્તારીને કહી
ત્યારે દવેએ કહ્યું કે તાહારે માથે શ્રીઆચારજી છે તો
એવું કેમ ન થાય. પછી મોહોટા ભાઈએ કહ્યું કે અમે
તો આચારજી દીઠાએ નથી, હવે મને કૃપા કરો ત્યારે
એને પણ કૃપા કરીને નામ આપ્યું પછી બંને પ્રસાદ લે
વરાવ્યો ત્યારે નાહાના ભાઈએ કહ્યું જે આજ્ઞા હોય તો
અંન તથા રૂપીઆ તમારે ઘેર આવે ત્યારે દવેજીએ કહ્યું
કે તમે જાણોજ છો કે એ દ્રવ્યના ધણી શ્રીઆચારજી છે.
પછી એમની આજ્ઞા પ્રમાણે અનને વેચીને દ્રવ્ય કરયું
અને બીજુ જે રોકડું હતું તે બધું એકઠું કરીને રાખ્યું.
પછી થોડા દીવશે શ્રીઆચારજી દ્વારકાં પધારયા ત્યારે
સીધપુરમાં રાણાબ્યાસને ઘેર ઉતરયા હતા. ત્યારે રાજાદવે
ને માધવદવે બે ભાઇને લેઇને તથા બીજુ દ્રવ્ય બધું સાથે

લેઈને શ્રીઆચારજીના દરશન કરયાં. પછી એ બ્રાહ્મણને નામનિવેદન કરાવ્યાં. ને બીજું દ્રવ્ય હતું તે ભેટ કરાવ્યું પછી દીવશ બે કેડે શ્રીઆચારજી દ્વારકાં પધારયા ત્યારે એ બ્રાહ્મણ સાચા વૈશ્નવ થયા. એવા એ રાજાદવે તથા માધવદવે ભગવદી હતા. તેમની વારતા કયાંહાં સુધી લખીએ.

વારતા ૭૧ મી.

श्री आचारजीनी शेवक एक क्षत्राणीनी वारता.

એ ક્ષત્રાણી પોતે રેંટીઓ કાતીને જે સુતરના પઈશા બે ત્રણ આવતા તેની સામગ્રી લાવીને તેની રસોઈ બાળભોગ શ્રીઠાકોરજીને સમરપતી ને નીરવાહ કરતી. પછી તે દાહાડે દાહાડે વધારે સુતર કાતે તે એકઠું કરતી જાય ને તે ટકા દસબારનું સુતર એકઠું થયું ત્યારે તે વેચી ને તેના પઈશાનું ખાંડ અને ઘીઈ લાવી અને પછી ઘેર આવીને મેંદા ચાળ્યો. પછી બીજે દાહાડે શેવના લાડુ તૈયાર કરયા. મનમાં વિચારયું જે દસબાર દીવશની સામગ્રી તો થઈ છે તેથી દસબાર દીવશની તો નીરાંત થઈ પછી તે દીવશે શ્રીઠાકોરજીને આરોગાવ્યા ને બાજી સામગ્રી એક હાંડામાં ભાલીને ઢાંકી રાખી ને તે મંદીરમાં મુકી છાંડી. પછી શ્રીઠાકોરજીને ભોગ સરાવીને આરતી કરી અનુસર કરયા. પછી પોતે માહાપ્રસાદ લીધો પછી રેંટીઓ કાતવા બેઠી ત્યારે શ્રીઠાકોરજી શ્રીબાળકૃષ્ણજી આપ સીહાસ

નથી ઉઠીને સામગ્રીની હાંડી જ્યાં મુકી હતી ત્યાંથી હાંડી લેઈને સીંહાસન ઉપર આવીને બેઠા ત્યાં તે હાંડી ઉઘાડીને તેમાંથી લાડવા લેઈને આરોગવા લાગ્યા તારે મંદીરમાં હાંડી ખખડવા લાગી તેનો શબ્દ થવા માંડયો તે ક્ષત્રાણીએ સાંભળયું ત્યારે મનમાં કહ્યું જે મંદીરમાં હાંડી ખખડેછે તે શું. રખેને ઊંદરડો હોય તો બગાડે. પછી તે ક્ષત્રાણી કાતતી હતી ત્યાંથી ઉઠીને મંદીરમાં જોવા ગઈ ને તેનાં કમાડ ઉઘાડીને જોયું તો શ્રીઠાકોરજી આપ હાંડી લેઈને શીંહાસન ઉપર બેઠા છે, ને તેમાંથી લઈ લેઈને આરોગતા જાય છે. ત્યારે એ ક્ષત્રાણી જોઈને છાતી કુટવા લાગી અને કહ્યું જે આ સામગ્રી તમારે માટે દસગાર દાહાડાની કરી રાખી હતી. ને તમે આ શું કરયું. આજને આજ બધી આરોગ્યા. ત્યારે શ્રીઠાકોરજીએ કહ્યું કે તેં આળસને લીધે દસબાર દાહાડાની એકઠી કેમ કરી રાખી. નીત નવી થતી નહોતી. ત્યારે ક્ષત્રાણી બોલી જે માહારાજ મારો અપરાધ ક્ષમા કરો. હવેથી દરરોજ નવી નવી સમરપીશ. શ્રીઠાકોરજીએ આપે લઇને આરોગી. શાથી કે એ દસ દાહાડાની નીરાંત કરીને બેઠી તેથી એને કંઈ ફીકર રહી નહી ને જો નીત્ય નવી સામગ્રી કરે તો એને ચીવટ રહે. ને મનમાં એમ રહે કે શ્રીઠાકોરજીની સામગ્રા કરવાની છે તેને લીધે શ્રીઠાકોરજીએ એમ કરયુ. તેથી શ્રીઠાકોરજીની સામગ્રી બેચાર દાહાડાની પણ વધતી કરી મુકવી નહી ને ક્ષત્રાણીએ છાતી કુટી તે શ્રીઠાકોરજી આરોગ્યા તેને લીધે નથી કુટી પણ

શ્રીઠાકોરજી આરોગ્યા તેથી પ્રસન થઈને છાતી કુટી. વળી બીજુ છાતી કુટવાનું કારણ એ કે શ્રીઆચારજીના મારગની મરીયાદા છોડીને શ્રીઠાકોરજી સામગ્રી આરોગ્યા શ્રીઆચારજીના મારગની મરીયદા તો છે જે ભોગ ધરે તેટલી સામગ્રી આરોગે વેગળી મુકી છાંડી હોય તો તે ન આરોગે શ્રીઠાકોરજીએ મારગની મરીયાદા છોડીને માહારે કાજે પોતે ઉઠીને લીધી તેને લીધે હરખથી છાતી કુટી. ત્યારે શ્રીઠાકોરજીએ કહું કે તું મેળ કાહાડીને નવરી થવાને કરી નીત્ય નવી ન કરાય ત્યારે એનો નિશ્ચય થયો કે મારગની મરીયાદા તો શ્રીઠાકોરજીએ ન છોડી. હું દસબાર દાહાડાની નીરાંત કરીને બેઠી તેને લીધે શ્રીઠાકોરજીએ આરોગી. તેથી એ ક્ષત્રાણી એવી કૃપાપાત્ર હતી. જેને ઠાકોરજી સેવાથી નીરાંત બેસવા ન દેતા. સેવામાં મન રહે એવું કરયું. એ ક્ષત્રાણીની સાથે શ્રીઠાકોરજી એવો સાનુભાવ જણાવતા. જેમ છોકરો ગાડાઈ કરીને માગે તેમ તે માગતા.

—∘—

વારતા ૭૨ મી.

श्रीआचारजीनी सेवक कृश्नदासी खवासणीनी वारता.

તે કૃશ્નદાસી અડેલમાં રૂખમણી વહુજીની ખવાસી કરતી એક સમે રૂખમણી વહુજીને ગર્ભ રહ્યો ત્યારે કૃશ્નદાસીએ કહ્યું જે તમારે દીકરો પ્રગટ થશે તો તેનું નામ ગોકુળનાથજી પાડીશ. જ્યારે ગર્ભના દાહાડા સંપુર્ણ

થયા ત્યારે શ્રી રૂખમાણી વહુજી ॥ પેટમાં દુખવા લાગ્યું ત્યારે કૃષ્ણદાસીએ જઈને જોશીને પુછયું જે હમાણાં મુહુર ત કેવું છે ત્યારે જોશીએ કહું કે આજે દાહાડો સારા નથી ત્યારે કૃષ્ણદાસીએ આવીને રૂખમાણી વહુના પેટ ઉપર હાથ ફેરવ્યો ને કહું જે માહારાજ આજ ના પધારશો આજનો દાહાડો સારો નથી. ત્યરે પેટની પીડા મટી ગઈ. પછી દાહાડા બે ચાર વિત્યા ત્યારે કૃષ્ણદાસીએ વિચારયું જે હવે પુછીએ દાહાડો કેવો છે. ફરીથી જોશીને જઈને પુછયું ત્યારે જોશીએ કહું કે આજનો દાહાડો સારો છે કૃષ્ણદાસીએ જઇને વહુજી માહારાજને કહું કે માહારાજ આજ આપ પોહોડી જાગો કેમકે આજ પ્રગટ થાય તો સારૂ છે. ત્યારે વહુજી માહારાજ પોહોડયાં ને કૃષ્ણદાસીએ તેમના પેટ ઉપર હથ ફેરવ્યો ને કહું કે માહારાજ પધારો ત્યારે તે વખતેજ પેટમાં દુખવા માડયું ને બાળકનો જનમ થયો. તે સમે શ્રીગોસાઈજી શ્રીનાથજીદ્વાર હતા. તેથી કૃષ્ણદાસીએ તે સમે શ્રી ગોકુળનાથજી એવું નામ પાડયું. પછી ગોસાઇજીને વધામણાંઓ મોકલ્યો તે પછી શ્રીગોસાઈજી અડેલ પધારયા. ત્યરે નામ કરણ કરયુ ત્યારે શ્રીવલ્લભ એવુ નામ પાડયું. પણ કૃષ્ણદાસીના મરજાદથી શ્રીગોકુળનાથજી નામ રાખ્યું એવા કૃપાપાત્ર દાસી હતી કે જેના કહેવાથી બે નામ પ્રશીધ રાખ્યાં.

પછી શ્રીઘનશ્યામજી ॥ જન્મ થયો ત્યારે નામનો વીચાર કરવા લાગ્યા ત્યારે શ્રી વલ્લભે કહું જે શ્રીગોકુળનાથજી નામ પાડો તે સાંભળી શ્રીગોસાઇજીએ કહ્યુ કે એ ના

મ તો તમારૂ છે તોપણ બનાં એકજ નામ પ્રસીધ રાખ્યાં તેમને ગોકુળમાં શ્રીવલ્લભ નામ કહે ને બાજુ જગત પ્રસીધ શ્રીગોકુળનાથજી નામ થયું. ને જન્મપત્રમાં ક્રશ્ન નામછે તે છાનુ રાખ્યુ તેથી શ્રીગોસાઈજીએ કહું કે એ નામ તો છાનુંજ રાખ્યું. એ ક્રમદાસી શ્રીઆચારજી ની શેવક એવી કૃપાપાત્ર હતી. કે જેને હાથ ફેરવે વ લ્લભજી માહારાજને પેટની પીડા બંધ થઈ તે જ્યારે પધા રો કહું તારે બાળકનો જન્મ થશે તો તેની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૭૩ મી

શ્રી આચારજીના શેવક મીરબાઇના ગોર રામદાસની વારતા.

એક દીવસ મીરાંબાઈને ઘેર રામદાસજી શ્રીઠાકોરજી ના આગળ કીરતન કરતા હતા ને રામદાસજી શ્રીઆચા રજીનાં પદ ગાતા હતા ત્યારે મીરાંબાઈ બોલી જે શ્રીઠાકો રજીનાં પદ ગાઓને ત્યારે રામદાસજીએ કહું જે ગાંડી રાંડ આ કોનાં પદ છે જા હવે તાહારૂ મોં મારે ન જો વું પછી પોતાનું કુટંબ લેઈને રામદાસ ત્યાંથી ચાલીની કલ્યા. તે વખતે મીરાંબાઈએ બહુ રોકવા માંડયા પણ રામદાસ રહ્યા નહી ને ફરીથી એનું મોં પણ ન જોયું. એવા માહાપ્રભુજી સંગાથે પ્રીતી વાળા હતા. એ રામદાસ એવા કૃપાપાત્ર હતા.

વારતા ૭૪ મી.

श्रीआचारजीना सेवक रामदास चोहाण रजपु तनी वारता,

એ રામદાસ શ્રીગોરધનની ગફામાં રેહેતા તે પ્રથમ શ્રીઆચારજી નાથજીદ્વાર પધાર્યા ત્યારે શ્રીનાથજીને પાટ બે સારયા ત્યારે રામદાસ ગફામાંથી નીકળી બાહાર આવ્યા ત્યારે શ્રીઆચારજીની પાસે આવી નામ પામ્યા. પછી શ્રી આચારજીએ રામદાસને કહ્યું જે તું શ્રીનાથજીની શેવા માં સાવધાન રેહેજે. ત્યારે રામદાસે ઈટાનું એક નાહાનું સરખુ મંદીર કરાવરાવ્યું ત્યારે શ્રીઆચારજીએ શ્રીનાથ જીને મંદીરમાં પધરાવ્યા. પેહેલાં શ્રીનાથજીને પરવત ઉ પર પધરાવેલા હતા ત્યાં છાણની ઓટલી કરેલી હતી તે ઉપર બેસારતા અને જ્યારે કોઈ દાહાડો દુધ દહી સમ રપતા તારે દેવદમન નામ કહેતા, શ્રીગોપાળજી કહેતા તે શ્રીઆચારજીએ મંદીરમાં પધરાવ્યા તારથી શ્રીનાથજી એવું નામ પાડ્યું. તેથી શ્રીનાથજી એવું નામ કહેવા લાગ્યા શ્રી આચારજીના શેવક રામદાસ એવા કૃપાપાત્ર હતા કે જેને શ્રીનાથજીની શેવા આપી.

વારતા ૭૪ મી.

श्री आचारजीना शेवक थानेस्वरना रेहेनार रामानंद पंडीत सारस्वत ब्राह्मणनी वारता.

એક સમે શ્રીઆચારજી થાનેશ્વર પધારયા ત્યાં રામાનંદને ઘેર ઉતરયા ત્યાં રાત્રીએ શ્રીઆચારજી પોહોડયા તે પાછલી રાત થઈ તારે રામાનંદ ઉઠયો ને પોતાની સ્ત્રીને કહું કે વેહેલી વેહેલી ઊઠ ને છાણ છે તે ઠેકાણે કર નહી તો વૈશ્નવ ઊઠશે તો બધુ છાણ લેઈ જશે. એ વાત શ્રીઆચારજીએ સાંભળી તે સમે શ્રીઆચારજી હથ પગ ધોઈને ઊઠયા હતા તે એવી વાત સાંભળીને અત્યંત ક્રોધાયમાન થયા ને રામાનંદને બોલાવીને આપ લોટામાંથી જળ લેઈને રામાનંદ પંડીતના હાથમાં વેદ મંત્ર ભણીને એ જળ એના ઉપર છાંટયું ને શ્રીમુખથી કહું જે તાહારો ત્યાગ કર્યો તેં માહારા શેવકને કહું જે છાણ લેઈ જશે તો તું સવારે રસોઈનો સામાન કયાંથી કરીશ. એમ કહીને શ્રીઆચારજી તતક્ષણ ઉઠીને ચાલ્યા તે થાનેશ્વરથી ત્રણ ગાઉ ઉપર એક અમી નામનું તીરથ છે ત્યાં આવીને સ્નાન કરયું જ્યારે શ્રીઆચારજી રામાનંદને ઘેરથી ઉઠીને ચાલવા લાગ્યા તારે ત્યાંના વઈશ્નવોએ બહુ વીનંતી કરી પણ શ્રીઆચારજી ત્યાં રહ્યા નહી ને કહું જે હું આ ઠેકાણે રહીને તો જળપાન સરખુ પણ ન કરૂં તે પછી રામાનંદ પાસે જે કોઇ નામ પામે તેને શ્રીગોસાંઈજી

ગંગોજ કહેતા. પછી રામાનંદની અવસ્થા ખરાબ થઈ ને એને દેહનું ભાન રહ્યું નહી બજારમાં જે વસ્તુ દેખે તે ખાય. કાંઈ મરજાદ રહી નહી. પણ એટલું કરે કે જે ખાય તે સમરપીને ખાતો ને કહે કે શ્રીગોરધનનાથજી તમે આરોગજો. એમ કહીને પોતે મોંમાં મુકે.

એક દાહાડો તે બજારમાં થઈને ચાલ્યો જતો હતો ત્યાં એક હલવાઈને ઘેર જલેબી સારી થતી હતી તે દીઠી તથો તે વેચાથી લીધી ને ઘેર આવીને શ્રીનાથજીને સમરપીને કહું કે આપ આરોગજો એવુ કહીને પછી પોતે ખાધી તે સમે શ્રી આચારજી મંદીરમાં શ્રીનાથજીને ભોગ સમર પતા હતા ત્યારે શ્રીઆચારજીને શ્રીનાથજીએ કહું જે અમે આજ જલેબી સારી આરોગીએ છીએ ત્યાર શ્રીઆચારજીએ પુછ્યું જે કોણે સમરપી છે ત્યારે તેમણે કહું કે રામાનંદ પંડીત સમરપી હતી તારે શ્રી આચારજીએ કહું જે મેં તો એને વેગળો કરી રાખ્યો છે ને તમે એને ઘેર કેમ આરોગોછો તારે શ્રીનાથજીએ કહું કે તમે મને સોંપ્યો હતો તમારી મરજાદથી મેં તો એને અંગીકાર કરી રાખ્યો છે તમે અમને સોંપોછો તેને હું ત્યાગ કરતોજ નથી તમે ત્યાગ કરોછો પણ હું તો છોડતો નથી. તારે શ્રી આચારજી ચુપ થઈને રહ્યા. પછી એ વાત શ્રીઆચારજીએ દામોદર હરસાણીને કહી તારે દામોદર હરસાણીએ વીનતી કરી કે માહારાજ હવે એને અંગીકાર કયારે કરશો તારે શ્રીઆચારજીએ કહું જે કોઈ વૈશ્નવનો અપરાધ પડે તો લાખ જન્મે પણ અંગીકાર કરીશું, શ્રીનાથજીએ અંગી-

કાર કરયો તોએ એટલો અંતરાય પડયો તેથી વૈશ્નવને બોલવું તે વિચાર કરીને બોલવું. એવા એ રામાનંદ પંડીત હતા તેની વારતા કયાં લગી લખીએ.

વારતા ૭૬ મી.

શ્રીઆચારજીના શેવક વીશ્નુદાસ છીપાની વારતા.

વીશ્નુદાસ વ્રધ થયા પછી શ્રીગોકુળમાં શ્રીગોસાંઈજીની બેઠકના બારણા આગળ ચોકી કરતાને જે કોઈ પંડીત દેશ દેશથી શ્રીગોસાંઈજીની સાથે વાદ કરવા આવતા તેને વીશ્નુદાસ પુછતા જે તમે કેમ આવ્યાછો ત્યારે એ પંડીત કહે કે અમે વાદ કરવાને આવ્યા છીએ ત્યારે વીશ્નુદાસ એ પંડીતની સાથે વાદ કરીને તેને નીરૂત્તર કરતા એ પંડીત પોતાના મનનું સમાધાન કરીને ત્યાંથીજ પાછા વળતા ને બધાએ પંડીત મનમાં કહેતા જે જેનો ચોકીદાર આવો પંડીત છે તો તેના ધણીની તો શી વાત હશે. શ્રીગોસાંઈજીની પાસે કોઈ પંડીતને જવા ન દે બારણેથીજ બધાને ઉત્તર દેઈને પાછા વાળે ત્યારે એક દાહાડો શ્રીગોસાંઈજીએ પુછયું. જે હવે કોઈ પંડીત વાદ કરવા કેમ નથી આવતા. ત્યારે વઈશ્નવે કહ્યું કે માહારાજ એ પંડીતને તો વીશ્નુદાસ નીરૂત્તર કરીને પાછા કાહાડે છે તેથી એ પંડીત પોતાના મનનું સમાધાન કરીને બારણેથીજ પાછા જતા રહે છે ત્યારે શ્રીગોસાંઈજીએ વીશ્નુદાસને બોલાવા મોકલ્યું. તે આવ્યા ત્યારે પોતે

ગોસાઈજીએ શ્રીમુખથી કહ્યું જે તમને તો શ્રીઆચારજી ની કૃપાથી સામર્થ છે તેથી તમે પંડીતને નીરૂત્તર કરો છો પણ બ્રાહ્મણને તો અવળુ થાય છે તેથી પંડીત વાદ કરવાને આવે તો અમારી પાસે આવવા દેજો. ત્યારે ત દાહાડાથી પંડીતને શ્રીગોસાઈજીની પાસે જવા દેતો.

વળી એક ભટ હતો ત શ્રીગોસાઈજીને નીત્યે કેહેતો કે હું તમારા શેવકને જમાડું ત શ્રીગોસાઈજીના સસરા ધનસ્યામનો સગો હતો. ત ભટે એક દાહાડો શ્રીગોસાઈજીને નોતરયા તારે શ્રીગોસાઈજી એમને ઘેર ભોજનને પધારયા. ત્યાં વીશ્નુદાસ જળપાનનો ઘડો લેઈને સાથે ગયો. જ્યારે શ્રીગોસાઈજી ભોજન કરીને ઉઠયા ત્યારે શુધ આચમન કરાવ્યું. પછી શ્રીગોસાઈજી પોતાને મંદીર પધારયા ત્યારે વીશ્નુદાસને આજ્ઞા કરી કે તું પ્રસાદ લેઈને આવજે. ત્યારે વીશ્નુદાસે શ્રીગોસાઈજીએ ભોજન કરયું હતું તે થાળમાંથી માહાપ્રસાદ પોતાની થાળમાં મુકયો પછી થાળ ધોઈ નાખીને વેગળી મુકી. પછી પોતે પ્રસાદ લેવા બેઠા ત્યારે ભટે કહ્યું જે બીજી સામગ્રી લાવું ત્યારે વીશ્નુદાસે કહ્યું કે માહારે તો જોઈતી નથી ત્યારે ભટે કહ્યું જે આ એઠી સામગ્રી શું કરવાને લો છો સારી સામગ્રી લો. ત્યારે વીશ્નુદાસે કહ્યું જે માહારી થાળમાં તો ન નાખશો જો નાખશો તો થાળ અભડાઈ જશે. ત્યારે ભટજીને અતી રીસ ચડી. પછી એ ભટે શ્રીગોસાઈજીને આવીને કહ્યું જે તમારા શુદ્રે મને એહવું કહ્યું કે માહારી થાળમાં સામગ્રી ના

ખશો તો માહારી થાળ અભડાઈ જશે તારે શ્રીગોસાઈજી ચુપ કરીને રહ્યા, પછે શ્રીગોસાઈજીએ હશીને ભટને કહ્યું જે તમે અમારા શેવકને જમાડવુચાહાતા હતા પણ એક ક્ષુદ્રનેજ જમાડી ન શકયા તો બીજાને શી રીતે જમાડી શકો. તારે ભટ હશીને ચુપ કરી રહ્યા. તે વીશ્નુદાસ શ્રી આચારજીના એવા કૃપાપાત્ર ભગવદી હતા એમની વાત કયાંહાં લગી લખીએ.

વારતા ૭૭ મી

श्रीआचरजीना सेवक जीवणदास क्षत्री कपुर सीहानंदना तेनी वारता.

એક સમે સીહાનંદના વૈશ્નવ શ્રીઆચારજીના દરશનને સારૂં અડેલ આવતા હતા તે એક દાહાડો મારગમાં મજલ ઉતરયા. ત્યાંહાં સઘળા વૈશ્નવ પેત પોતાની રસોઈ કરવાની જગ્યા સુધારીને ત્યાંહાં રસોઈ કરતા હતા તે વખત વરસાદ ચડી આવ્યો ત્યારે વઈશ્નવે કહ્યુ જે વરસાદ આવ્યો તેથી આપણું કામ બગડશે ત્યાર જીવણદાસ બોલ્યા જે ચિંતા ન કરો. પછી જીવણદાસે શ્રી આચારજીની આણ દીધી ને કહ્યુ જે તું વરસે તો તને શ્રી આચારજીની આણ છે ત્યારે વરસાદ રહી ગયો. પછી સઘળા વઈશ્નવ અડેલ આવ્યા ત્યાં શ્રીઆચારજીનાં દરશન કરયાં. પછી વઈશ્નવે શ્રીઆચારજીને કહ્યું જે મ-

હારાજ એક દીવશ મારગમાં રસોઈ કરતા હતા તે સમે વરસાદ ચડી આવ્યો ત્યારે જીવણદાસે આપની આણ દેઇને રાખ્યો. ત્યારે શ્રીઆચારજીએ જીવણદાસને કહ્યું જે તેં અમારી આણ દેઈને વરસાદ રાખ્યો ને કદાચીત વરસાદ આવત તો તું શું કરત. ત્યારે જીવણદાસે કહ્યું કે મહારાજ એવો કોણ છે તે આપની આણ લોપે વરસે. એ વાત સાંભળીને શ્રીઆચારજી હસીને ચુપ થઈ રહ્યા. જીવણદાસ શ્રીઆચારજીના એવા કૃપાપાત્ર હતા કે જેને આચારજી સાક્ષાત પુરૂષોતમ છે એવો દ્રઢ વિશ્વાસ હતો.

વારતા ૭૮ મી.

શ્રીઆચારજીના શેવક ભગવાનદાસ સારસ્વત બ્રાહ્મણ પટણાની પાસે હાજીપુરમાં રહેતા તેની વારતા.

એક સમે ભગવાનદાસે શ્રીઆચારજીની શેવા સારી રીત કરી ત્યારે શ્રીઆચારજી ભગવાનદાસ ઉપર બહુ પ્રસન થયા ત્યારે શ્રીઆચારજી આપ કૃપા કરીને ભગવાનદાસને આપના પાદકાજી (પાવડી) ની સેવા કરવા આપી ને ભગવાનદાસને આજ્ઞા આપી જે તું આની શેવા સારી રીતે કરજે ત્યારે ભગવાનદાસ શ્રીપાદકાજીને પોતાને ઘેર પધરાવા લેઈ ગયો. ને તેની એવી રીત શેવા કરવા લાગ્યો જે શ્રીઠાકોરજી સાનુભાવતા જણાવવા લાગ્યા ને વાતો કરતા

એક સમે શ્રીઆચારજી ભગવાનદાસને ઘેર પધરાણા પધારયા ત્યારે જે ઠેકાણે શ્રીઆચારજી બીરાજ્યા હતા તે ઠેકાણે નીત્ય સવારે ઉઠીને ભગવાનદાસ દંડવત કરતા. ની ત્ય એ ઠેકાણે લીંપતા એ ઠેકાણે પગ ન મુકતા. એવા એમનો ભાવ હતો તેથી ભગવાનદાસની ઉપર પ્રીતી જ ણાવાથી શેવા કરવાને અરથે પોતાની પાદકાજી આપી એ એવા ભગવદી હતા.

વારતા ૭૯ મી.

શ્રીઆચારજીના શેવક શ્રીનાથજીના ભીતરીઆ ભગવાનદાસની વારતા.

એક સમે શ્રીનાથજીના બાળભોગની સામગ્રી કરતાં ભગવાનદાસથી કાંઈ વસ્તુ બગડી ગઈ ત્યારે શ્રી ગોસાંઈજી ભગવાનદાસ ઉપર બહું ખીજ્યા ને સેવાથી ભ ગવાનદાસને જુદા કરયા. પછી શ્રીગોસાંઈજી શ્રીનાથજીને ભોગ સમરપીને પોતે ગોવિંદકુંડ ઉપર સ્નાનને પધારયા ને ભગવાનદાસ તો ગીરીરાજના પાછલા ભાગમાં અચ્યુત દાસ હતા ત્યાં આવીને સમાચાર કહીને ભગવાનદાસ ત્યા બેઠા પછી શ્રીગોસાંઈજી ગોવિંદકુંડ સ્નાન કરીને આવતા હ તા તેમને આવતા જોઈને અચ્યુતદાસની આંખમાંથી આં સુનો પ્રવાહ ચાલ્યો તે દેખીને શ્રીગોસાંઈજીએ પુછયું જે અચ્યુતદાસ તમને આજ આટલું બધુ શું દુખ છે? ત્યારે અચ્યુ તદાસે શ્રીગોસાંઈજીને કહ્યું કે, મહારાજ શ્રીઆચારજીને

શ્રીનાથજીએ આજ્ઞા આપી છે જે તમે જીવને બ્રહ્મ સંબંધ કરાવો તે આઠ લાખ જીવ તમારી દ્વારાએ અંગીકાર કરવાના છે ને શ્રીઆચારજીએ તો તમને સોંપ્યા છે ને તમે તો જીવનો અપરાધ જોવા લાગ્યા ને જીવતો સદા દોષ ભરેલોછે ને જીવને અંગીકાર કરવાનો તો તમારે હાથ છે. ત્યારે તે જીવ અંગીકાર શી રીતે થસે એવી વાત સાંભળીને શ્રીગોસાઇજી ત્યાંથી ભગવાનદાસનો હાથ પકડીને ગોરધન પરવત ઉપર લેઇ ચડ્યા જેવી પેહેલી સેવા કરતા હતા તે રીતે કરવાની આજ્ઞા આપી ત્યારે ભગવાનદાસે તે સમે શ્રીગોસાઇજીના આગળ એક પદ કહી સંભળાવ્યું તે પદ સાંભળીને શ્રીગોસાઇજી બહુ પ્રસન થયા. પછી ભગવાનદાસ સાવધાનથી શેવા કરવા લાગ્યા. શ્રીઆચારજીના શેવક ભગવાનદાસ એવા કૃપાપાત્ર હતા.

વારતા ૮૦ મી

શ્રીઆચારજીના શેવક સનોડીઆ બ્રાહ્મણ અચ્યુતદાસની વારતા.

એ અચ્યુતદાસ માનશીગંગા ઉપર એક તીરથ છે ત્યાં રેહેતા હતા ને નીત્ય શણગારના સમે શ્રીનાથજીનાં દરશન કરીને પોતાને ઠેકાણે જતા તે અચ્યુતદાસ શ્રીગોરધનની પરીક્રમા ત્રણવાર દંડવત કરીને કરી. ત્યારે શ્રીગોસાઇજી બહુ પ્રસન્ન થયા, ને પોતાને શ્રીમુખથી કહ્યું જે

અચ્યુતદાસ મોહોટા ભગવદી છે તેથી અચ્યુતદાસ શ્રીઆચારજીના એવા કૃપાપાત્ર હતા.

વારતા ૮૧ મી

શ્રીઆચારજીના શેવક અચ્યુતદાસ ગૌડ બ્રાહ્મણ ની વારતા.

એ અચ્યુતદાસ મોહોટા ભગવદી હતા ને શ્રીઆચારજીએ એમને ઘેર શ્રીમદનમોહનજી પાટ બેસારયા હતા તે અચ્યુતદાસ મદનમોહનજીની સેવા બહુ સારી રીતે કરતા. મદનમોહનજી અચ્યુતદાસની સંગાથે સાનુભાવથી વારતા કરતા તે જે જોઈએ તે માગી લેતા. અચ્યુતદાસ ઉપર શ્રીઠાકોરજી એવા કૃપા કરતા હતા અચ્યુતદાસ શ્રીનાથજીના દરશનને આવ્યા હતા ત્યારે શ્રીગોવરધનની એક પરીક્રમા દંડવતી કરી એવા ભગવદી હતા. જ્યારે શ્રીગોસાઈજી પાસ અચ્યુતદાસ આવતા ત્યાર શ્રીગોસાઈજી અચ્યુતદાસને દંડવત ન કરવા દેતા ને કેહેતા જે એતો શ્રીઆચારજીના મોહોટા કૃપાપાત્ર સેવક છે. પછે જ્યારે શ્રીઆચારજીએ લૌકીકલીલા આસુર વીમોહલીલા દેખાડી ત્યારે અચ્યુતદાસે શ્રીમદનમોહનજીનો શેવા શ્રીઆચારજીને ઘેર પધરાવી. પછી ઉઠીને શ્રીબદ્રીનાથજીના દરશનને ગયા. ત્યાં જઈને અંનનો ત્યાગ કરયો ને પોતાની દેહ છોડી પછે શ્રીમદનમોહનજીને શ્રીનાથજીની પાસે બેસાર્યા. એ અચ્યુતદાસ એવા ભગવદી હ

તા કે જેણે શ્રીઆચારજીનું સ્વરૂપ પુરશોતમ કરીને જાણ્યું ને જેને શ્રીઆચારજી ઉપર મોહોટી આશકતી જે પરોક્ષ થઈને વીરહ કરી દેહ ત્યાગ કરયો. ભકતીમાર્ગનું સ્વરૂપ કેવળ વીરહાત્મક છે. એ અચ્યુતદાસ શ્રીઠાકોરજીના એવા કૃપાપાત્ર ભગવદી હતા.

વારતા ૮૨ મી.

श्री आचारजीना शेवक अच्युतदास गौमकमामां रेहेता तेनी वारता.

એ અચ્યુતદાસ શ્રીઆચારજીની સંગાથે પૃથ્વી પરીક્રમા કરી એ આચારજીના શેવક અત્યંત કૃપાપાત્ર હતા જેને શ્રીઆચારજીએ પોતાનીપાદકા આપી તેને અચ્યુતદાસે અતી ઉત્તમ શેવા કરી, પછી શ્રીઆચારજી અચ્યુતદાસને નીત્યે દરશન આપતા. શ્રીઆચારજીએ સન્યાસ ગ્રહણ કરયો તે વીરહના અનુભવને અરથેજ કરયો ત્યારે એક વૈશ્નવ કોટીઉ (નાવડુ) કરીને લાવ્યો તે ઉપર ચડીને શ્રીઆચારજી આપ બનારસ પધારયા. ને ત્યાંહાં સન્યાશ દોઢ મહીના લગી રાખ્યો ત્યારે એ વૈશ્નવ શ્રીઆચારજીની સાથે ગયો હતો તે કાશીથી કડામાં આવ્યો ત્યારે સઘળા વૈશ્નવોને કહ્યું જે શ્રીઆચારજીએ સન્યાસ ગ્રહણ કરયો, ફરી કાશીએ પધારયા ને ત્યાંહાં દોઢ મહીના લગી રહ્યા. પછી આસુરવ્યામોહલીલા દેખાડી ત્યારે અચ્યુતદાસે એ વૈશ્નવને કહ્યું કે તને બ્રહ્મણા થઈ હશે, ત્યારે વૈશ્નવે કહ્યું કે હું શ્રીઆચારજીની સાથેજ હતો, ને

કાશીથી જોઈને આવું છું ત્યારે અચ્યુતદાસે કહ્યું કે એ પ્રભુ એવું કાંઈ દાહાડો ન કરે; જીવને વ્યામોહ દેખાડે છે ત્યારે અચ્યુતદાસે મંદીરનાં કમાડ ઉઘાડીને શ્રીઆચારજીની પાઠકાનાં દરશન કરાવ્યાં; ત્યારે જુવે તો શ્રીઆચારજી પોતે બેઠા છે; પોથી ઉઘાડી છે ને તે જુવે છે; ત્યારે એ વૈશ્નવે ઉઠીને દંડવત કરયો ત્યારે શ્રીઆચારજી માહાપ્રભુજીએ એને કહ્યું કે તું મનમાં સંદેહ ન કરીશ. આ પ્રગટ લોકીક રીતે દેહ ધરવાની લીલા છે ને સીંહાસન બેશીને અલૌકીક લીલા તો નીત્ય છે તેથી આ લીલા નીત્ય છે તેથી આ લીલા અવતાર દશા પ્રગટ થતીજ આવી છે તેથી સંદેહ ન કરવો. આસુરવ્યામોહ લીલા છે. શ્રીગોસાંઈજીએ સરવોતમમાં લખ્યું છે જે પ્રાકૃત દેહ ધરે તે લીલા છે ને શ્રીઆચારજી તો સાક્ષાત પુરશોતમ છે. એ અચ્યુતદાસ એવા સ્વરૂપ નૈષ્ટીક શ્રીઆચારજીના કૃપાપાત્ર હતા ને મોહોટા ભગવદી હતા તેમની વારતા કયાંહાં લગી કરીએ.

વારતા ૮૩ મી

શ્રીઆચારજીના શેવક અંબાલયના નારણદાસ ની વારતા.

એ નારણદાસ દેશાધીપતીના ચાકર હતા. તેને રાજદ્વારનાં કામ બહુ હતાં તેથી શ્રીઆચારજીનાં દરશનને સારૂ આવી ન શકતા પણ અંતઃકરણમાં શ્રીઆચારજીનાં દરશનની બહુ આતુરતા ને જાણે જે શ્રીઆચારજીના દ-

રશનને કયારે ભઉ પણ આવી ન શકતા તેથી નારણદાસે એક ચાકર રાખ્યો તેને મહીનો ૨૪) નો કરયો ને એને કહી રાખ્યું જે તાહારે આટલું કામ જે મને ઘડી ઘડીમાં એવું કહેવું જે ભાઈ હવે શ્રીઆચારજીનાં દરશન કરવા કયારે જઈશું. એટલું કહીને સંભળાવવું. જેથી અમને શ્રીઆચારજીનાં દરશનની સુચના રેહે. પછી તે ચાકર દર રોજ એ પ્રમાણેજ કરે. જયારે નારણદાસ પોતાના કામમાં બેસે ત્યારે આગળ આવીને ઉભા રેહે ને ઘડીએ ઘડીએ કહે જે ભાઈ શ્રીઆચારજીના દરશને કયારે ચાલીશું એવું દરરોજ કહે ને નારણદાસ શ્રીઆચારજીને વરશોને વરશી દાહાડે ભેટ મોકલતા. એ નારણદાસ એવા ભગવદી હતા. એ ચીત સદા આચારજીના ચરણારવિંદમાં રાખતા. શ્રી આચારજી સદા એમના ઉપર પ્રસન રહેતા તેથી એમની વારતા કયાં સુધી લખીએ.

વારતા ૮૪ મી.

श्रीआचारजीना शेवक नारणदास जाट मथुरामां रहेता तेनी वारता,

એ નારણદાસને શ્રીમદનમોહનજીએ આગ્ના આપી જે હું વ્રંદાવનમાં ફલાણી જગ્યાએ છું. તું ત્યાંથી ખોદીને મને બાહાર પધરાવ. ત્યારે નારણદાસ વરંદાવનમા જઈને એ ઠેકાણે ખોદીને શ્રીમદનમોહનજીને બાહાર પધરાવ્યા પછી જયારે શ્રીગોપીનાથજી વરંદાવન પધારયા ત્યારે

શ્રીગોપીનાથજીએ મદનમોહનજીને સીંહાસન પાટ બેસારયા. પછી કેટલાક દાહાડા નારણદાસે શેવા કરી એમની પછવાડે કોઈ નોહોતું તેથી બંગાળી ગોડીયા શેવા કરતા હતા. ગોપીનાથજીએ પાટ બેસારયા છે તેથી ગોસાઈના બાળક તથા સઘળા વઈશ્નવ લોક દરશનને જાય છે એ નારણદાસ શ્રીઆચારજીના એવા કૃપાપાત્ર ભગવદી હતા જેને શ્રીમદનમોહનજી આપ કૃપા કરીને શ્રીવરદાવનમાંથી પધરાવ્યા શ્રીમદનમોહનજીએ શ્રીઆચારજીના શેવક જાણી નારણદાસ ઉપર એવી કૃપા કરી તેથી એની વારતા કયાં લગી લખીએ.

સમાપ્ત.

પરચુરણ વારતાઓ.

श्रीआचारजीना शेवक गडुस्वामी व्रंदावनमां रहेता तेनी वारता.

એ ગડુસ્વામી આપ પેહેલા સ્વામી હતા તે પેહેલાં શેવક હતા એ સમે શ્રીઆચારજી વરંદાવનમાં પધારયા હતા તે ગડુસ્વામીને પેહેલે દાહાડે ભગવદ આગ્ના થઈ જે સવારે શ્રીઆચારજી પધારશે ને તું એનો શેવક થઈ જજે. પછી સવારે શ્રીઆચારજી પધારયા ત્યારે ગડુસ્વામી સ્નાન કરીને શ્રીઆચારજી જ્યાં ઉતરયા હતા ત્યાં આવીને દંડવત કરીને કહ્યું કે મહારાજ મને શરણ લેજો ત્યારે શ્રીઆચારજીએ હશીને કહ્યું કે સ્વામી તમે છો ને તમને શેવક કેમ કરીએ ત્યારે ગડુસ્વામીએ કહ્યું કે માહારાજ મને ભગવદ આગ્ના થઈ છે જે તું શ્રીઆચારજીને શરણ જજે તેથી મહારાજ મને શરણ લ્યો ત્યારે શ્રીઆચારજીએ ગડુસ્વામીને નામ નીવેદન કરાવ્યું પછે ગડુસ્વામીએ જે શેવક હતા તે સઘળાને શ્રીઆચારજી પાસે [illegible] સેવરાવ્યું. પછે શ્રીઆચારજી ગડુસ્વામી ઉપર બહુ પ્રસન રેહેતા હતા તે ગડુસ્વામી એવા કૃપાપાત્ર ભગવદી થયા.

श्रीआचारजीना शेवक कनाइआ साळहत्रीनी वारता.

એ કનઈયા સાળ ઉપર શ્રીઆચારજી બહુ કૃપા કરતા શ્રીઆચારજીએ કૃપા કરીને પોતાના ગ્રંથ કનઈઆ

સાળને ભણાવ્યા તે ગ્રંથ શ્રીગોસાઈજી પોતે કનઈયાસાળ પાસે ભણ્યા એ કનઈયાસાળ શ્રીઆચારજીના એવા કૃપાપાત્ર ભગવદી હતા તેના ઉપર શ્રીગોસાઈજી સદા પ્રસન રેહેતા.

श्री आचारजीना शेवक नरहरदास गोमीयानी वारता.

શ્રીઆચારજીએ નરહરદાસને ઘેર શ્રીમદનમોહનજી પાટ બેસારયા હતા. તે નરહરદાસ શ્રીમદનમોહનજીની શેવા સારી રીતે કરતા હતા શ્રીઠાકોરજી સાનુભાવ હતા, શ્રી નરહરદાસે બહુ દીવસ લગી શેવા કરી. પછી શરીર થાકયું ત્યારે શેવા ન થઈ તેથી શ્રીઠાકોરજીને શ્રીગોસાઈજીને ઘેર પધરાવ્યા તે શ્રીગોસાઈજીએ શ્રીરૂગનાથજીને આપ્યા શ્રીગોકુળચંદ્રમાજીની પાસે જુદા સીહાસન ઉપર બીરાજતા હતા એ નરહરદાસ એવા કૃપાપાત્ર હતા.

श्री आचारजीना शेवक नरहर सन्यासीनी वारता.

વેણા કોઠારી પ્રથમ નરહર સન્યાસી પાસે નામ પામ્યા. એક સમે શ્રીઆચારજી દ્વારકા પધારયા ત્યારે નરહર સન્યાસીને વેણા કોઠારી તેમની સાથે હતા. તે શ્રીદ્વારકા ગયા. પછે શ્રીઆચારજી નરહર સન્યાસી ઉપર બહુ પ્રસન થયા ત્યારે નરહર સન્યાસીએ શ્રીઆચારજીને વીનંતી કરી કે માહારાજ માહારા ઉપર કૃપા કરી છે તો

હું એક પ્રાર્થના કરૂંછું. ત્યારે શ્રીઆચારજીએ હસીને કહ્યું કે શી પ્રાથના કરવી છે. ત્યારે તેણે કહ્યું કે માહારાજ વેણા કોઠારીને શરણ લેજો ત્યારે વેણા કોઠારીને શ્રીઆચારજીએ નામ સંભળાવ્યુ, નીવેદ કરાવ્યું. પછે વેણા કોઠારી મોહોટા ભગવદી થયા એ શ્રીઆચારજીના એવા કૃપા પાત્ર ભગવદી હતા.

श्रीआचारजीना शेवक गोपालदास इटोलांनी वारता.

એ ગોપાલદાસના કરેલા છંદ ઘણુ છે. તેની આશકતી શ્રીઆચારજી ઉપર ઘણુ હતી. એક સમે ગોપાલદાસ અડેલ આવ્યા ત્યારે બીજે દાહાડે શ્રીઆચારજીનો જનમ ઓચ્છવ હતો જ્યારે શ્રીઆચારજી મારકંડે પુજા કરવા બેઠા તે સમે ગોપાલદાસે છંદ ગાયો તે છંદ.

॥ માધો માસે ભરી વેશાકે શ્રીવલવહરી જનમ લીઆ, ॥ એ છંદ ગાયો તે સાંભળીને શ્રીઆચારજી ગોપાલદાસ ઉપર ઘણુ પ્રસન થયા. પછે એ ગોપાલદાસે ઘણુ છંદ પદ કરયાં. એ શ્રીઆચારજીના એવા કૃપાપાત્ર શેવક હતા.

श्रीआचारजीना सेवक जनार्दनदास चोपडा क्षत्री तेनी वारता.

એક સમે શ્રીઆચારજી નાથજીદ્વાર પધારયા હતા

તે શ્રીગોકુળમાં આવ્યા તે જનારદનદાસ પણ શ્રીગોકુળ માં આવ્યા હતા ત્યાં શ્રીઆચારજીનાં દરશન કરયાં તે દર શન કરતાં ગાત્રમાંજ જનારદનદાસને એવું ભાસ્યું જે એતા સાક્ષાત પુરશોતમ છે ત્યારે સ્નાન કરીને શ્રીઆચા રજીની પાસે આવ્યા. આવીને દંડવરત કરીને કહ્યું કે મા હારાજ મને સરણ લો. ત્યારે શ્રીઆચારજીએ નામ સંભ ળાવ્યું પછે શ્રીનાથજીદ્વાર પધારયા ત્યારે જનારદનદાસ સા થે આવ્યા પછે શ્રીનાથજીનાં સાનપદાન શ્રીઆચારજીએ જનારદનદાસને સમરપણ કરાવરાવ્યું. પછે જનારદનદાસ મોહોટા ભગવદી થયા. શ્રીઆચારજી જનારદનદાસ ઉપર બ હુ કૃપા કરતા એ એવા ભગવદી કૃપાપાત્ર હતા.

श्री आचारजीना शेवक लघु पुरशोतमदास कत्री कवेश्वरनी वारता.

એ લઘુ પુરશોતમદાસ શ્રીનાથજીના તથા શ્રીઆચા રજીનાં કવીત એકઠાં કરતા શ્રીઆચારજીને સાક્ષાત પુર શોતમ જાણતા. લઘુ પુરશોતમદાસને શ્રીઆચારજીના સ્વરૂપ ની ઘણી આશકતી હતી તેથી શ્રીઆચારજીના લઘુપુરશો તમદાસ ઉપર બહુ પ્રેમ હતા એ લઘુ પુરશોતમદાસ શ્રી આચારજીના એવા કૃપાપાત્ર શેવક હતા.

સમાપ્ત.